Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાપાંજલિ

निवापांजलि

[વ્યક્તિઓના અવસાન પ્રસંગે અર્પેલી શ્રદ્ધાંજલિઓ]

લેખક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
સંપાદક
ગોપાળદાસ પટેલ
મુકુલભાઈ કલાર્થી

४३ग
६८

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નિવાપાંજલિ — મગનભાઈ પ્ર૦ દેસાઈ

maj Foundation Ch
n. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મગનભાઈ દેસાઈની બે દસકાથી સતત ચાલતી આવેલી લેખનપ્રવૃત્તિને લીધે તેમનાં લખાણોનો વિપુલ સંગ્રહ થયો છે. તે બધાં લખાણોની ગુજરાતનાં વિવિધ ક્ષેત્રો ઉપર એક ઊંડી અસર પડી છે.

એ લખાણોમાંથી તારવણી કરીને જુદા જુદા વિભાગવાર સંગ્રહો કર્યા હોય, તો સામયિકોમાં છૂટીછવાઈ પડેલી એ સામગ્રી સુસંબદ્ધ વિચારનિરૂપણ તરીકે વાચકવર્ગને સુલભ થાય; એટલું જ નહિ પણ જ્યારે હજી આપણું રાષ્ટ્ર-ઘડતરનું કામ વિશેષ પુરુષાર્થ માગી રહ્યું છે, ત્યારે ચાલુ પેઢીને તે વિચારો સહાયરૂપ થાય.

આ દૃષ્ટિથી પ્રેરિત થઈ, તે લખાણો-માંથી વિષયવાર સંગ્રહો તૈયાર કરવાનું કામ ઉપાડવામાં આવ્યું છે. પ્રથમ આ સંગ્રહ ‘ નિવાપાંજલિ ’ તૈયાર કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३३,४२२
३-१०-४७

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

४३ग
८२

CHECKED 1973
Initial.......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૧૧૨

નિવાપાંજલિ

[વ્યક્તિઓના અવસાન પ્રસંગે અર્પેલી શ્રદ્ધાંજલિઓ]

લેખક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

સંપાદક
ગોપાળદાસ પટેલ
મુકુલભાઈ કલાર્થી

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

© સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે, ૧૯૫૯

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૦૦૦

ऋते ज्ञानान्न मुक्तिः

पुस्तक सं० ४३ग

आगत

ता० ३२,४२८

गुरुकुल ग्रन्थालय काँगड़ी.

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪

કિં૦ ત્રણ રૂપિયા

જુલાઈ, ૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકીય

શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ 'શિક્ષણ અને સાહિત્ય'ના તંત્રીપદે ઑક્ટોબર ૧૯૩૯ થી આવ્યા. ત્યારથી માંડીને ૧૯૪૨માં આઝાદીના જંગ દરમ્યાન થોડો વખત પ્રેસ વગેરે જપ્ત થયાં એ ગાળો બાદ કરતાં, આજ લગભગ ૧૮ વર્ષથી, તે એ અંગે વિવિધ લેખન-પ્રવૃત્તિ કરતા આવ્યા છે. તદુપરાંત, ઈ. સ. ૧૯૫૧માં 'હરિજનબંધુ' પત્રના સહતંત્રી, અને ત્યાર બાદ તા. ૨૦–૯–'૫રથી માંડીને ઈ. સ. ૧૯૫૬માં 'હરિજન' પત્રો બંધ થયાં ત્યાં સુધી તે તેના તંત્રી બન્યા, અને વિપુલ લેખનપ્રવૃત્તિ કરતા રહ્યા. વળી, ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર પદે તે ઈ. સ. ૧૯૩૭માં આવ્યા ત્યારથી માંડીને આજ લગી તે સંસ્થાનાં પ્રકાશનો અંગે પણ તે સતત લેખનકાર્ય કરી રહ્યા છે.

આ પ્રમાણે, તેમનાં લખાણોનો એક વિપુલ સંગ્રહ થયો છે. તેમનાં લખાણોની ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોમાં એક ઊંડી અસર પડી છે. તેની સમગ્ર રીતે મુલવણી યોગ્ય કાળે કરવાની થશે જ; પરંતુ દરમ્યાન તેમનાં લખાણોમાંથી જુદા જુદા વિભાગવાર તારવણી કરીને સંગ્રહો કર્યા હોય, તો સામયિકોમાં છૂટીછવાઈ પડેલી એ સામગ્રી સુસંબદ્ધ વિચારનિરૂપણ તરીકે વાચકવર્ગને સુલભ થાય; એટલું જ નહિ પણ જ્યારે હજુ આપણું રાષ્ટ્રઘડતરનું કામ વિશેષ પુરુષાર્થ માગી રહ્યું છે, ત્યારે ચાલુ પેઢીને તે વિચારો સહાયરૂપ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દૃષ્ટિથી પ્રેરિત થઈ, તે લખાણોમાંથી વિષયવાર સંગ્રહો તૈયાર કરવાનું કામ ઉપાડવામાં આવ્યું છે. પ્રથમ આ સંગ્રહ 'નિવાપાંજલિ' તૈયાર કર્યો છે. તેમાં જુદી જુદી વ્યક્તિઓના અવસાન પ્રસંગે નિવાપાંજલિ રૂપે કરેલાં લખાણો એકત્ર કરવામાં આવ્યાં છે. એ લખાણોમાં ગુજરાત તથા હિંદના ગઈ પેઢીના પુરુષાર્થનો એક આબેહૂબ નકશો આપણી સમક્ષ રજૂ થાય છે. પોતાના પ્રતાપી પૂર્વજોને યાદ કરવા એ કોઈ પણ નવઘડતર પામતી પ્રજા માટે આવશ્યક ગણાય. આમેય વિભૂતિપૂજા એ કોઈ પણ પ્રજાની સંસ્કારિતાની કેળવણી માટે જરૂરી વસ્તુ છે. આ સંગ્રહમાં એ રીતે આપણા દેશની તેમ જ પરદેશની અનેક વિભૂતિઓ અને વ્યક્તિઓનો પરિચય મળી રહે છે. તેમાંની કેટલીક વ્યક્તિઓનો પરિચય તો આપણી નવી પેઢીને આ સંગ્રહ દ્વારા કદાચ પહેલી વાર જ થાય, એમ પણ બને.

આ બધી વ્યક્તિઓને તેમની અવસાન-નોંધ લખાયાના ક્રમે ગોઠવવી હોય તો ગોઠવી શકાય; પરંતુ વાચનની દૃષ્ટિએ તે કદાચ રસપ્રદ કે ઉપયોગી ન થાય. તેથી જુદી જુદી વ્યક્તિઓના મુખ્ય જીવનકાર્યને લક્ષમાં લઈ, તેમને અમુક ક્રમમાં ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે; એમ કરવાથી વાચનમાં અમુક સુગમતા થશે એમ માન્યું છે.

વાચક જોશે કે, શરૂઆતમાં રાષ્ટ્રવિભૂતિ ગણી શકાય એવી વ્યક્તિઓ આવે છે. પછી રાજકીય ક્ષેત્રમાં મુખ્યત્વે જેમનું જીવનકાર્ય રહ્યું હતું, તેઓ આવે છે. ત્યાર બાદ, દેશનાં વિવિધ સેવાક્ષેત્રોમાં જેમણે પોતાની સેવા આપી છે, તેઓને લીધા છે. એ જ ક્રમમાં વિવિધ સામાજિક ક્ષેત્રોમાં જેમનો પુરુષાર્થ મુખ્યત્વે પ્રગટયો છે, તેઓ આવે છે. ત્યાર બાદ, જેમની પ્રતિભા મુખ્યત્વે લેખનપ્રવૃત્તિ, સંશોધન વગેરેમાં પ્રગટી છે, તેવા વિદ્વાનો અને સાક્ષરોને મૂકયા છે. ત્યાર બાદ કેટલીક વિદેશી વ્યક્તિઓ વિષેની નોંધ આવે છે. અને અંતમાં, કેટલાક યુગપ્રવર્તક મહાપુરુષોની જયંતી અંગેનાં લખાણો આવે છે. આ બધા વિભાગો નિશ્ચિત કે સ્પષ્ટ ન હોઈ શકે; કેટલીક વ્યક્તિઓની પ્રતિભા સર્વતોમુખી હોઈ, એમ બનવું સ્વાભાવિક જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. દેશ કે જાતિગત વિભાગોનું પણ તેમ જ છે. કેટલાય પરદેશીઓ આપણને આપણા પોતાના જ વધુ લાગે છે.

આ વ્યક્તિઓનો જીવનકાળ પુસ્તકને અંતે, મળી શકયો તે પ્રમાણમાં કક્કાવારીને ક્રમે આપ્યો છે. તે ઉપરથી વાચકને જુદી જુદી વ્યક્તિઓના સમયનો ખ્યાલ મળી રહેશે.

આ ઉપરાંત કેટલીક જીવંત વ્યક્તિઓ અંગે પણ અવારનવાર જન્મ-જયંતી વગેરે પ્રસંગોએ કરેલાં અભિનંદન વગેરેનાં લખાણો બાકી રહે છે. તેમનો એક અલગ સંગ્રહ વિચાર્યો છે.

આશા છે કે, આ સંગ્રહ ગુજરાતી વાચકવર્ગને આવકાર્ય થઈ પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

સંપાદકીય	૨
૧. રાષ્ટ્રપિતાનું નિર્વાણ (૧-૨)	૩
૨. બાપુ-તર્પણ (૧-૪)	૧૨
૩. ગાંધીજીનું વિભૂતિદર્શન (૧-૨)	૨૨
૪. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર	૩૧
૫. શ્રી રમણ મહર્ષિ	૩૩
૬. પાંડીચેરીના યોગીરાજ	૩૪
૭. લોકમાન્યનું તર્પણ	૩૯
૮. ગુજરાતના શિરછત્ર	૪૪
૯. સર ફીરોઝશાહ મહેતા શતાબ્દી	૫૨
૧૦. દેશબંધુ શ્રી. ચિત્તરંજન દાસ	૫૩
૧૧. માલવીયજી અમર છે	૫૯
૧૨. નામ૦ શ્રીનિવાસ શાસ્ત્રિયાર (૧-૨)	૬૧
૧૩. સ્વ૦ શ્રી. ભૂલાભાઈ જીવણજી દેસાઈ	૭૧
૧૪. બે બુજરગો [શ્રી. નટેસન, સર તેજબહાદુર સપ્રુ]	૭૮
૧૫. શ્રી. કામાક્ષી નટરાજન	૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. સર સી૰ વાય૰ ચિંતામણિ ૮૪
૧૭. શ્રી. સુભાષ બાબુ ૮૭
૧૮. કાયદે-આઝમ ઝીણા ૮૮
૧૯. ડૉ. ખાનસાહેબ ૯૪
૨૦. મૌલાના સાહેબ ૯૬
૨૧. ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી ૧૦૦
૨૨. આચાર્ય નરેન્દ્રદેવજી ૧૦૨
૨૩. સર ચિમનલાલ સેતલવાડ ૧૦૩
૨૪. વીર નરીમાન ૧૦૫
૨૫. ભાઈ મહેરઅલી ૧૦૬
૨૬. શ્રી. બાળાસાહેબ ખેર ૧૦૭
૨૭. માનવેન્દ્રનાથ રૉય ૧૦૮
૨૮. શ્રી. રફી અહમદ કિડવાઈ ૧૦૯
૨૯. શ્રી. લિયાકત અલીખાનનું ખૂન ૧૧૧
૩૦. શ્રી. મિરઝા ઇસ્માઈલ ૧૧૨
૩૧. શ્રી. એન. એમ. જોષી ૧૧૪
૩૨. બૅરિસ્ટર જયકર ૧૧૫

૩૩. દીનબંધુ ઍન્ડ્રૂઝ ૧૧૯
૩૪. શ્રી. ઠક્કરબાપા ૧૨૧
૩૫. મહામના શ્રી. કિશોરલાલભાઈ [૧-૨] ૧૨૨
૩૬. શ્રી. નરહરિભાઈ પરીખ ૧૩૮
૩૭. શેઠશ્રી જમનાલાલજી ૧૪૨
૩૮. સાધુચરિત જાજૂજી ૧૪૪
૩૯. સ્વ૰ જ્યૉર્જ એરુન્ડેલ ૧૪૮
૪૦. શ્રી. હૉર્નિમૅન ગયા ૧૫૦
૪૧. શ્રી. બ્રેલ્વી સાહેબ ૧૫૨
૪૨. શ્રીમતી પેરીનબહેન કૅપ્ટન ૧૫૩

૪૩. સ્વ૰ નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ ૧૫૪
૪૪. ડૉ. હરિપ્રસાદ દેસાઈ ૧૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫. બે સેવકો ગયા
[ભિક્ષુ અખંડાનંદજી, શ્રી. દયાળજીભાઈ] ૧૬૧
૪૬. શ્રી. છોટુભાઈ પુરાણી ૧૬૨
૪૭. શ્રી. ત્રિવેદીસાહેબ ૧૬૩
૪૮. શ્રી. ચંદ્રશંકર શુક્લ ૧૬૫
૪૯. શ્રી. કે. ટી. શાહ ૧૬૭
૫૦. શ્રી. દીવાનસાહેબ ૧૬૮
૫૧. શ્રી. સાને ગુરુજી ૧૬૯
૫૨. મરીને અમર થયા
[રજબઅલી લાખાણી, વસંતરાવ હેગિષ્ટે] ૧૭૦
૫૩. સ્વ૦ આચાર્ય રામદેવજી ૧૭૩
૫૪. જૂના જોગીઓને નિવાપાંજલિ
[શ્રી. છોટાલાલ વ્યાસ, શ્રી. ગોપબંધુ ચોધરી] ૧૭૪
૫૫. બાબા રાઘવદાસજી ૧૭૫
૫૬. ડૉ. સત્યપાલ ૧૭૬
૫૭. શ્રી. રામુભાઈ ૧૭૭
૫૮. ભાઈ ચમનલાલ વૈષ્ણવ ૧૭૮
૫૯. સ્વ૦ જીવરામભાઈ કોઠારી ૧૭૯
૬૦. શ્રી. વેણીલાલ બૂચ અને શ્રી. ઈશ્વરલાલ વ્યાસ ૧૮૨
૬૧. શ્રી. જમનાદાસ ગાંધી ૧૮૪
૬૨. શ્રી. લક્ષ્મીશંકરભાઈ પાઠક ૧૮૫
૬૩. શ્રી. શિવાનંદજીની શહીદી ૧૮૮
૬૪. શેઠશ્રી વાલચંદ હીરાચંદ ૧૮૯
૬૫. સદ્‌ગત ઈશ્વરલાલ માસ્તર ૧૯૧
૬૬. સ્વ૦ દેસાઈભાઈ પટેલ ૧૯૫
૬૭. સદ્‌ગત શ્રી. અમૃતલાલ શેઠ ૧૯૬
૬૮. શ્રી. રામદાસ ગુલાટી ૧૯૭
૬૯. સ્વ૦ મોરારભાઈ પટેલ ૧૯૮
૭૦. સ્વ૦ દુર્ગાબહેન ૧૯૯
૭૧. સદ્‌ગત શ્રી. કાશીબહેન ગાંધી ૨૦૧
૭૨. શ્રી. સંતોકબહેન ગાંધી ૨૦૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૩. શ્રી. વિદ્યાબહેન નીલકંઠ ૨૦૪
૭૪. શ્રી. વેલાંબહેન આસર ૨૦૪
૭૫. મજૂર વર્ગના વકીલ
[શ્રી. સોમનાથ દવે] ૨૦૫
૭૬. ભાઈ જેવા ભાઈ
[શ્રી. રાવજીભાઈ ના૦ પટેલ] ૨૦૭
૭૭. શ્રી. જગદીશચંદ્ર બોઝ ૨૧૨
૭૮. જ્ઞાનયજ્ઞના અધ્વર્યુ
[આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ] ૨૧૬
૭૯. બે સાક્ષરો
[શ્રી. મણિભાઈ દ્વિવેદી, શ્રી. બાળાશંકર] ૨૨૦
૮૦. શ્રી. બ૦ ક૦ ઠા૦ ૨૨૧
૮૧. શ્રી. પાઠકસાહેબ ૨૨૨
૮૨. સ્વ૦ જાવડેકર ૨૨૫
૮૩. શ્રી. જદુનાથ સરકાર ૨૨૬
૮૪. મ૦ પ્ર૦ તિ૦ આચાર્ય ૨૨૭
૮૫. સ્વામીનારાયણ સાહેબ ૨૩૦
૮૬. સ્વ૦ અંબાલાલ બુ૦ જાની ૨૩૧
૮૭. સ્વ૦ મણિલાલ ઇચ્છારામ દેસાઈ ૨૩૨
૮૮. ભાઈ હરજીવન સોમૈયા ૨૩૩
૮૯. સાક્ષરશ્રી રમણલાલ દેસાઈ ૨૩૪
૯૦. સ્વ૦ રત્નમણિરાવ ૨૩૫
૯૧. સ્વ૦ સાકરલાલ દવે ૨૩૬
૯૨. મોલવી શ્રી. નદવી સાહેબ ૨૩૭

૯૩. હૃદયશક્તિના ચમત્કાર
[બૂકર ટી. વૅાશિંગ્ટન] ૨૩૮
૯૪. પ્રો. હેરોલ્ડ લાસ્કી ૨૪૦
૯૫. જગતના મહાન વિદૂષક
[જ્યૉર્જ બર્નાર્ડ શૅા] ૨૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૬. ખેત-મજૂરની પ્રતિભા [અર્નેસ્ટ બેવિન]	૨૪૫
૯૭. મૅડમ મૉન્ટેસોરી	૨૪૭
૯૮. આઇન્સ્ટાઈન	૨૪૯
૯૯. રાજા જ્યૉર્જ	૨૫૪
૧૦૦. સર મૉરિસ ગ્વાયર	૨૫૫
૧૦૧. 'સૂમી સુકુહીરો'	૨૫૬
૧૦૨. ઈમર નાઝનો દેહાંત-દંડ	૨૫૭
૧૦૩. સર જ્યૉર્જ ગ્રિયર્સન	૨૬૧
૧૦૪. બુદ્ધજયંતી	૨૬૩
૧૦૫. ગુરુ નાનક જયંતી	૨૬૬
૧૦૬. હિંદની સંજીવની [શ્રી રામકૃષ્ણ પરમહંસ]	૨૬૮
પરિશિષ્ટ	૨૭૧
વિશેષનામોની સૂચિ	૨૭૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાપાંજલિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧
રાષ્ટ્રપિતાનું નિર્વાણ

૧
૩૦મી જાનેવારી

(૧)

તે દિવસે (૩૦-૧-'૪૮) સાંજે છએક વાગ્યે સ્કૂલ-બોર્ડની સભાનું કામ પરવારીને 'નવજીવન કાર્યાલય'માં જવા નીકળ્યો. રસ્તે કાંઈ જ અસાધારણ ન લાગ્યું. બધું હમેશ જેમ જ ચાલતું હતું. અમદાવાદને તે વખતે ખબર પડી નહોતી.

'નવજીવન કાર્યાલય'માં પહોંચ્યો, ત્યાં પહેલી નવી વાત જોઈ. બેચારેક કામ કરનારાઓ સંસ્થાને બારણે બહાર ઊભા હતા. આમ પહેલાં કદી કોઈ જોવા નહોતા મળતા; તેમનું બહાર ઊભા રહેવું અસાધારણ હતું. ચહેરા ઉપર કાંઈક ઓચિંતા બનાવનો ભાવ જોયો. માન્યું કે, પ્રેસમાં કોઈને યંત્રથી કાંઈ વાગ્યું કર્યું હશે કે શું? બારણાનાં પગથિયાં ચડતાં જ વચ્ચે ઊભેલા ધીરુભાઈને પૂછ્યું, "કેમ, શું છે?"

ખૂબ દબાયેલા — સાશંક પણ લાગે એવા અવાજથી, છતાં સાફ શબ્દોમાં તેમણે કહ્યું, "બાપુ ગુજરી ગયા!"

"કોણ? બાપુજી? શું થયું?"

"કોકે ગોળીથી ખૂન કર્યાની વાત હમણાં થોડી જ મિનિટ પર આવી છે."

તોય ખાતરી ન થઈ. બાપુનું કોઈ ખૂન કરે? કોણ કરે? શું કામ? ઝટ અંદર જઈ જીવણજી પાસે પહોંચ્યો. વાત સાચી હતી. તોય ફરી એ.પી.-વાળાને પૂછ્યું. કદાચને ખોટી નીકળે તો એ કેવડો મોટો ફરક? પણ એ.પી.-વાળો કહે, 'વાત સાચી છે. હમણાં રેડિયો પર પણ જાહેર થયું છે. ખૂની પક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાયો છે.' હિંદના બાપુ ગયા જ. હવે શંકાને સ્થાન રાખ્યે શું વળે? નવજીવન કાર્યાલયના બધા માણસો ભેગા થયા. બેએક મિનિટ બધા મળ્યા. તેમને ખબર આપવામાં આવ્યા કે, "બાપુજીને કોકે ત્રણેક ગોળીઓ મારી પ્રાર્થનામાં જતાં જ વીંધી નાંખ્યા; ને તે દેવલોક પામ્યા છે. વધારે ખબરો કશી મળી નથી. આપણે એમનું કામ પૂરું કરીને ઘેર જઈશું. 'હરિજન' છાપનારા અને કાલે શનિવારે તેને રવાના કરનારા કામ ચાલુ રાખે; બાકીના બધા જાય."

ચૂપચાપ સૌ વિખેરાઈ ગયા. બધાના ચહેરાનું વર્ણન નથી કરતો. બારણામાંથી નીકળતાં પાસેના ઘરમાં રહેતો એક છોકરો ખૂબ દબાયેલ ધીમે અવાજે મને પૂછે, "હેં, શું છે? ગાંધીજીનું કાંઈ છે? હેં!"

કામકાજ પરવારીને રાતે આઠ વાગ્યે રસ્તેથી ઘેર જતાં બધું બંધ હતું. રસ્તે ને દુકાનોમાં જ્યાં હમેશ ઝગમગાટ ને લોકોનો ખિલખિલાટ હોય, ત્યાં રસ્તાની મ્યુનિસિપલ રોશની જ માત્ર બળતી હતી. તેથી અંધારું વધારે વિચિત્ર લાગતું હતું. વચ્ચે વચ્ચે પોળોનાં મોં આગળ લોકો એકઠા વળીને ઊભા હતા. તેમનાં મોં ઉપર જાણે ભાવો ઊડી ગયા હોય તેમ માત્ર અભાવ જ અંકાયો હતો! સૌ એકમેકને કેવળ મળવા અને મૂંગા મૂંગા પણ સાથે ઊભા રહી કાંઈક તે શૂન્યતામાં ભાવ પૂરવા માગતા લાગતા હતા. એમાંથી જાણે એમને હૂંફ મળતી હતી!

આગળ જતાં એક ટોળું મળ્યું. એકમેકના હાથ ઝાલી તે ધસતું હતું અને પોકારતું જતું હતું—

"ગાંધીજીની જય, ગાંધીજીની જય."

તે સાંભળી ઘણું રોકવા મથતાં છતાં મારી આંખ ભીની થઈ ગઈ. પહેલાં જોયેલાં શૂન્ય ટોળાંથી આ બીજો ભાવ મનને મોકળાશ આપતો હતો; વિષાદના શૂન્યત્વને હિસાબે તેમાં જીવનની ધબક હતી.

આગળ વધતાં રસ્તે એક મુસલમાન ગલીનું નાકું આવ્યું. કેટલાક જણ નાકે ઊભા હતા; પેલાં ટોળાંની તરફ તેઓ જોતા હતા. એમનો ભાવ જુદો લાગ્યો. તેય ડઘાઈ ગયા તો લાગતા હતા. પરંતુ 'હવે શું થશે!'—એ ચિંતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના પર સવાર થયેલી લાગતી હતી. તેઓ શૂન્યતાના શોકાગાર કરતાં પોતાને માટે ચિંતા અને ભયથી ગ્રસ્ત હોય, એ સમજાય એવું હતું.

ઘેર પહોંચતાં અમે મિત્રો વિચારતા હતા, "બાપુએ જવાનો વખત પણ કેવો સુખશાંતિમાં મદદરૂપ પસંદ કર્યો! રાતના લોક ઘેર જઈને કાંઈકે જંપશે: કાંઈકેય સમયનું ઓસડ એમને મળશે. દિવસ હોત તો શું થાત?"

તે વખતે અમને ખબર નહોતી કે ખૂની કોણ હતો. રેડિયો સાંભળ્યો ત્યારે ખબર પડી કે, એ એક હિંદુ અને બ્રાહ્મણ છે. એક રીતે મનને થયું કે, મુસલમાન નથી એ સારું થયું; નિર્વાસિત નથી એય સારું થયું. કોકે પણ ગાંધીનો ખૂની થવાનું સરજાયું હતું તો તે ઉપલા બે વર્ગમાંનો ન હોય, તેમાંય અત્યારની સ્થિતિમાં તો ચોખ્ખી પ્રભુની દયા છે જ.

રાત નિરાંતે પસાર થઈ ગઈ. બીજે દિવસે અમદાવાદ જાગ્યું. લોક ખૂનીના પક્ષના માણસો પર ચિડાયા હતા. સમજાય એવી વાત છે; પરંતુ એમાં યોજનાબદ્ધ આવેશ નહોતો લાગતો. ક્ષમ્ય ક્રોધ હતો; તેને પોલીસ તથા સમજાણા લોકોએ મળીને ઝીલી લીધો; અને પેલો ક્રોધ તોફાને ચડી ન શક્યો. જેના ખૂનની ખબરથી લોકો ગાંડા થઈ કોણ જાણે કેવીય કત્લે-આમ પર ચડી જાય, એવા પુરુષનું ખૂન અણધારી શાંતિથી આમ પસાર થઈ ગયું, તે એ પુણ્યાત્માના પ્રતાપ છે—પરમેશ્વરની મહેર છે.

પણ ખૂનીએ શું ધાર્યું હશે? એણે એ ગોઝારા કૃત્યથી શું મળવાની—મેળવવાની આશા રાખી હશે? એને શું કામ આવાનું ખૂન કરવાનું મન થયું? એ પાગલ માણસ છે એ ખરું; પણ એ શાથી પાગલ બન્યો હશે? આવું કામ કરવાને માટે કાળજું ચાલે એવી પાગલતા પણ નાનીસૂની તો કેમ હોઈ શકે? હિંદના ઈતિહાસના સૈકાંજૂના બાઝી ગયેલા થરોના થરોને ધણધણાવી મૂકીને તરાડોમાંથી હિંદની અસલ ધરતી દેખાડનારને એના યુગકાર્યમાંથી વિદાય કરનારની પાગલતા પણ એવી જ પ્રતિશક્તિની પ્રતીક હોય એમ કેમ ન બને? ગાંધીજી જેવી ઈતિહાસમૂર્તિઓ એ વગર પડી શકતી નથી; તેવાઓને પાડવાનું કોઈને સૂઝતું પણ નથી. ગોડસે હિંદુ સમાજમાં જન્મેલી એ પાગલતાની શક્તિને જોરે ઘા કરી શક્યો છે. હિંદમાં સ્વતંત્રતા આવવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જીવનદ્રોહી શક્તિ પણ આઝાદ બની અને એને રોકવા — એની કારમી હયાતીની આપણ સૌને જાણ કરવા, પરમેશ્વરે બાપુને યોગ્ય પાત્ર માન્યા. તેથી એ તો ધન્ય થઈ ગયા; અને જે સમજાવવાને માટે એ જીવ્યા અને ઝૂઝ્યા તે છેવટે જાન આપીનેય સમજવાનું કહેતા ગયા.

કહેવાય છે કે, આ દુ:ખ — આ ખોટને વર્ણવવા માટે શબ્દો નથી. પણ ખરું જોતાં તો એ દુ:ખ અને એ ખોટે આજે આપણી જડતાને એવો તો ધક્કો માર્યો છે કે, આપણે જડતાની ઊંઘમાંથી જાગ્યા છીએ અને શબ્દોનો ધોધ વરસાવી રહ્યા છીએ. શું કામ? એ સમજવાને માટે કે, આ શું થયું! આપણે માનવીઓ સામાન્યપણે એવા જડ ઊંઘણશી છીએ કે, કોઠે પડી ગયેલી ટેવો — રિવાજો — સંસ્કારો — ભાવો — ગમા-અણગમામાં જખ મારીને ફેરફાર કરવો પડે એવી માથામાર પરિસ્થિતિ કે ઘટના ન બને, ત્યાં લગી જાગતા કે કશું જોતા — વિચારતા જ નથી. સ્વતંત્રતા આવ્યા બાદ લોકને લાગતું હતું કે, તે લાવી આપનાર નેતાઓએ અને ગાંધીજીએ જ દેશનાં દુ:ખો જાણે આણ્યાં હોય. તેમને ભાન નહોતું કે, રાષ્ટ્રીય દુ:ખો રાષ્ટ્રની પ્રજાનાં કરમનાં જ ફળ હોય છે — એટલે કે, તે તે પ્રજાના જ સ્વભાવ અને ઈતિહાસમાંથી પેદા થયેલાં અટળ પરિણામો હોય છે. પણ ગુલામીમાં સરકારને જ તેનો દોષ આપવાને કુટેવાયેલા આપણે લોક જ્યારે સ્વતંત્ર બન્યા, ત્યારેય તેમ જ કરતા રહ્યા! — જાણે તે સરકાર પોતાનાથી જુદા હોય એમ! અરે, આપણે એટલે સુધી પહોંચ્યા કે, ગાંધીજીની નીતિ હવેના હિંદને આગળ લેવાને માટે કામ નહિ આવે એમ છૂટથી છાંટતા થઈ ગયા. અજાણ્યે પણ આ જ અંધાપાના જડ બળનું પ્રતીક ગોડસે હતો. એ પાગલતાનાં પાપ આપણી ઉપર ફરી વળ્યાં; એમાંથી સતેજ થઈએ તો બાપુનું બલિદાન લેખે લાગ્યું ગણાશે. નહિ તો? — એનો જવાબ તો શેતાન અને ઈતિહાસ મળીને આપી શકે.

[૮–૨–'૪૮]

(૨)

ઘણાં વર્ષો પર — ૧૯૨૧-૨૨ના જમાનામાં સાંભળેલો' એક દુહો હમેશ મારા કાનમાં ગુંજ્યા કર્યો છે. તે વખતે સાંભળેલો તે સાંભળેલો; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારથી આજ સુધી જ્યારે જ્યારે બાપુનો વિચાર મને આવ્યો છે, ત્યારે ત્યારે હમેશ એ દુહો સ્મૃતિમાં તાજો થયો છે. એ યાદગાર દુહો, ભાઈ ચૂનીલાલ બારોટને મુખે સાંભળેલી નીચેની દુહાવલીનો પહેલો છે. તેમણે મને એ વિષે નોંધ સાથે એનો પાઠ લખી આપ્યો, તે નીચે ઉતારું છું:

ગાવા ગુણ ગોવિંદના દૃઢ પ્રતિજ્ઞા માહરી;
પણ તારા ગુણથી મોહના, ટેક મુકાવી આજ તેં ! ૧
જાણે ઊગ્યો ભાણ, એમ મોહન કર્મે પ્રકાશતો;
તે જીવ્યું તારું પરમાણ, બીજા જીવે મૂઆની આળસે ! ૨
કબા, તું ભલે રે દીવાન સુદામાપુરીને પાદરે;
પણ તારા સપૂતની આણ, માણસને મન મન વસે ! ૩
મોટાં કરવા કામ, કંઈક મુખે બકતા દીઠા;
પણ કરી બતાવે કામ, એ તો આ એક મોહન વાણિયો ! ૪
ઠકરાણાં તુજ કિંમત લાખ, જે દૂધમાં જ પાતી વીરતા;
પણ આ તો લાખથી સવા લાખ, જે વાણિયણે મોહન જણ્યો ! ૫
જીવ્યો મારો સોરઠ દેશ, જે દેશમાં મોહન અવતર્યો;
જેનાં દેશ અને પરદેશ, કીરત કેરાં કોટડાં ! ૬
જણજે કાઠિયાવાડ, જણજે તું આવાં રતન;
તેં જેમ પથ્થર માટે પહાડ, ગિરનાર જેવા બહુ ભર્યા.* ૭

બાપુએ સાચે જ અનેકોની એવી ટેક મુકાવી છે. અને તે આ દેશના જ લોકો પાસે નહિ, પણ દુનિયાભરના કેટલાય લોક પાસે. એમનો વિચાર કરતી વખતે સૌને ઈશુ, બુદ્ધ અને સૉક્રેટીસ વગેરે યાદ આવે છે, એ એનું પ્રમાણ છે.

---

* 'ભટ્ટભાસ્કર', ઑગસ્ટ, ૧૯૨૦, માંથી ઉતારો. મને યાદ છે ત્યાં સુધી, જે બ્રહ્મભટ્ટ કવિએ મને આ દુહા પ્રસિદ્ધિ અર્થે આપેલા, તેના કહેવા મુજબ, આ દુહા સૌથી પ્રથમ જ્યારે મહાત્માજી આફ્રિકાથી હિંદમાં આવેલા ત્યારે એમના કોઈ સન્માનસમારંભમાં ગવાયેલા. છઠ્ઠા દુહામાં 'સોરઠ'ને બદલે હવે 'ભારત' શબ્દ મૂકવો વધારે ઉચિત થશે. —ચૂં૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ૦ મહાદેવભાઈએ ગીતાનો નીચેનો શ્લોક ટાંકી કહેલું કે, આ શ્લોક કોઈને જો ઉત્તમોત્તમ લાગુ પાડી શકાય એમ હોય તો બાપુને :—

यस्मात् नोद्विजते लोकः
लोकात् नोद्विजते च यः । ૧૨–૧૫

ધર્મરાજ યુધિષ્ઠિર પેઠે બાપુ ખરેખર અજાતશત્રુ હતા.

પણ આજે કોઈ પૂછશે, તેમનો ખૂની (અને તે હિંદી જ નહિ હિંદુ અને બ્રાહ્મણ!) પાકયો તોય એ સાચું? હા. ધર્મરાજને પણ કૌરવોએ શત્રુ જ ગણેલા ને? પ્રેમ- અને દયા - મૂર્તિ ઈશુ ખ્રિસ્તને પણ શત્રુ ગણનારા પાકયા હતા ને? કાંઈ પણ સત્તા કે ગર્વ યા આવેશ નહિ ધારનાર એવા એક સાદા સીધા સામાન્ય જન સૉક્રેટીસને પણ તેના દેશજનોએ ઝેરની જ ભેટ છેવટે આપી હતી ને? છતાં તે બધા અજાતશત્રુ ન હતા એમ માન-વાને મન સાફ ના પાડે છે. અજાતશત્રુનો અર્થ બરોબર સમજવો જોઈએ, એટલું જ.

આવાઓની શત્રુતા લોકમાં જાગે છે. તે મારા તમારા જેવાની બાબતમાં બને છે એવી રીતની નથી હોતી. એમાં એવા પુરુષોના કોઈ સ્થૂલ કે સાંકડા સ્વાર્થનો કે દુન્યવીપણાનો અંશ કારણ નથી બનતો. સામો માણસ શત્રુતા રાખે એના પ્રતિકારમાં કે એના અવશ કે અચૂક પ્રત્યાઘાતરૂપે સામી શત્રુતા-કટુતા-દ્વેષ-ઝેર વગેરે જાગે છે, એવો દુનિયામાં સામાન્ય શત્રુતાનો કાયદો છે. પરંતુ એ કાયદો આવા લોકોની શત્રુતા આગળ ખોટો પડે છે, અને એમાં એમની લોકોત્તર વિલક્ષણતા છે; એ અર્થમાં એ અજાતશત્રુ છે, કેમ કે એમનામાં સામેથી શત્રુભાવ જન્મી શકતો નથી. કેવળ દયાસ્વરૂપ પ્રભુની પેઠે તેઓ જાગ્રત રૂપે અને સદાકાળ દયા, કરુણા, ન્યાય અને સત્ય જ જુએ છે, જાણે છે, અને વર્તવા મથે છે. બાકી એમનેય શત્રુ તો હોય છે. પરંતુ તે સામેથી શત્રુ નથી બનતા.

આ સંબંધે વિચારતાં ભગવાન ઈશુનું પેલું વાકય યાદ આવે છે— (તેનો સાર આ કહું છું:) 'જોજો માનતા કે હું આ લોકમાં તમે સમજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો એવી શાંતિ લઈને આવ્યો છું. હું તો ધર્મની તલવાર લઈને અવતર્યો છું. એથી કરીને ભાઈ ભાઈ, બાપ બેટો, પતિ પત્ની — સૌ વચ્ચે બખેડા જાગશે.'

ઈશુ જેવા લોકોત્તર બધા જ પુરુષોને આ વાક્ય લાગુ પડે છે. કોઈ સારું કહો કે નઠારું, નિંદો કે સ્તવન કરો, માનો કે ન માનો, તેવા લોકો અમુક કાર્ય કર્યે જ જાય છે. એ કોઈ ગેબી અવાજ સાંભળતા હોય છે અને એના નાદમાં ચાલે છે. એમાં રાગદ્વેષ, શત્રુમિત્ર, ઈ૦ જેવાં દ્વંદ્વોનો સવાલ નથી હોતો. તેઓ બસ જે લાગે છે તે કરે જ છે — એમાં કોઈ બીજાનું સાંભળતા નથી. કારણ કે, પોતાના બેલીનો નાદ મળ્યા પછી બીજા કોનું તે સાંભળે? શું કામ સાંભળે? અરે, બીજું આ જગમાં છે શું કે જે એમને સંભળાવી શકે? — જેને એ સાંભળવા માટે ધારે તોય સાંભળી શકે?

આ અવાજને જ બાપુ અંતર્નાદ, અંતરાત્માનો અવાજ, ઈશ્વરનો કોલ કહેતા. એ પણ એવો કોલ લઈને આવેલા માણસ હતા. એવાં માણસોના માનસને માટે અર્વાચીન માનસશાસ્ત્રે એક શબ્દ યોજ્યો છે — 'ક્રાઈસ્ટ કૉમ્પ્લેક્સ' — (કુરબાન-ગ્રંથી). એવા અવાજને વફાદાર રહેવા માટે કુરબાન પણ થઈ જવાની ઊંડી તમન્ના તેઓને હોય છે. "કરેંગે યા મરેંગે" એમનું જીવનસૂત્ર હોય છે. ખરું જોતાં આ ગુણ મનુષ્યમાત્રમાં હોય છે: પેગંબરોમાં તે પરમ માત્રાએ પહોંચે છે એટલું જ. એટલે સુધી કે, મનુષ્યો તેમને દેવ જ બનાવી દઈ તેમની અલગ જાત જ કરી દે છે. એથી જ આઈન્સ્ટીને બાપુને વાસ્તે કહ્યું હતું —

> "પેઢીઓ બાદ લોકોને એમ માનવું પણ મુશ્કેલ પડશે કે, ગાંધી જેવો માણસ ખરેખર આ ભૂમિ પર વિચરતો હતો."

કદાચ આને કોઈ સાચું ન માને તો તે પૂર્વના પેગંબરો, સંત મહાત્માઓ વિષેના પોતાના ખ્યાલ યાદ કરે. દુનિયા લોકોત્તરતાની દંતકથા કે દિવ્યકથા જ કરી મૂકે છે. અને પછી એ જ દંતકથાની ને દિવ્યકથાની ગૂઢતામાં સમજને ગૂંગળાવી મારે છે.

આઈન્સ્ટીન કહે છે તેનાથી ઊલટું પણ વિચારવા જેવું છે: — પેઢીઓ ઉપર થઈ ગયેલા આવા પુરુષો ખરેખર આપણા જેવા માણસ હતા, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીને જોઈને આપણે એમના સમકાલીનો નથી સમજ્યા? બાપુએ પોતાના જીવનથી આપણને પૂર્વના અવતારો કે પેગંબરોનાં જીવન અને ઈતિહાસ સમજવામાં અને ગૂઢતામાં ઢંકાઈ ગયેલી તેની હકીકતો પકડવામાં મદદ નથી કરી? લોકોત્તર જીવન અને કાર્યને લોકોત્તરતા વડે જ સમજી શકાય છે. બાપુએ એ લોકોત્તરતા આપણ એમનાં સમકાલીનોને આપી; તેથી જ આપણે ઊંચાં ચડયાં. એ મહાપુરુષે માટીમાંથી માનવી ઘડયાં, ગુલામીમાંથી આઝાદી જન્માવી, અપમાનમાંથી સ્વમાન શીખવ્યું, નિર્વીર્ય નિષ્ક્રિય ક્રોધ-માંથી સત્યાગ્રહી વીરતાનો ચટકો લગાડયો, રીંછ વાનર જેવાં નબળાં વાટે રાવણ જેવા સામ્રાજ્યને માત કર્યું, — આ બધાનો મર્મ પણ એ લોકોત્તર પદાર્થ-પાઠ આપણે જોયો તેમાં સંતાયેલો છે. ધર્મ, શ્રદ્ધા, સદાચાર, સાધુતા, સત્યનિષ્ઠા ઈ૦ સંતવિભૂતિને કેવળ દૂરથી દર્શન અને સંકીર્તન યોગ્ય માનનારને તેમણે દેખાડયું કે, તે આચરી શકાય છે અને તેમાંથી ઇચ્છિત ઐહિક ફળ પણ મળે છે.

આ વસ્તુ બાપુનું યુગકાર્ય છે. આવા યુગકાર્યને જન્માવવાની પ્રક્રિયા લોકજીવનમાં સદાય ચાલે છે; તેથી જ આ લોક રહેવા જેવો બને છે અને સદાકાળ ટકે છે. જગતના સનાતન ઈતિહાસનો આ કાયદો જ છે. એને જ ગીતાકારે ઈશ્વરનાં 'દિવ્ય જન્મ અને દિવ્ય કર્મ' (૪-૯) કહ્યાં છે અને જણાવ્યું છે કે. એનું તત્ત્વ પામનાર માણસ આ ભવસાગર તરી જાય છે.

બાપુજીએ, આપણા યુગમાં કયું દિવ્ય કાર્ય કરવાનું છે અને તેને શી રીતે જન્માવવું, એ ખોળીને આપણા દેશને આપ્યું. સૈકાંની ગુલામીથી હિંદીઓનું જીવન ધર્મ, અર્થ ઈ૦ બધાં ક્ષેત્રોમાં ઊતરી ગયું હતું. તે વગર ગુલામી ટકે પણ શી રીતે? એટલે એમ પડેલું જીવન જો પાછું ઊઠે, તો જ ગુલામી નાબૂદ થાય. એક પેઢીમાં બાપુએ એ જીવન ઉઠાવ્યું. તેથી હિંદમાં એવી સ્થિતિ જન્મી કે ગુલામી રહી ન શકે.

એની રીત એ હતી કે, શત્રુતાને સાધુતાથી પડકારવી. ટિળક મહારાજ અને બાપુ વચ્ચે જો મોટો ફરક હોય તો આ વાતનો હતો. ગાંધીજી शठं प्रत्यपि सत्यम्ने જીવનમંત્ર માનનારા હતા. એમ કહો કે, એ પ્રવર્તાવવા એ જીવ્યા; અને હવે કહી શકાય કે, તેને ખાતર શહીદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા. આવા ઉગ્ર પ્રયત્ન છતાં 'રાજકારણમાં સાધુતા ન ચાલે' એ માન્યતા એક યા બીજે રૂપે ચાલુ જ રહી; અને છેવટનું ગાંધીજીનું બલિદાન એમની આ સત્યાગ્રહ-પદ્ધતિને ખાતરનું બલિદાન ગણાવું જોઈએ. શત્રુ સામે શત્રુ-તાથી વર્તવાથી સારાંશે શત્રુતા જ વધશે અને કોઈ કાળે શાંતિ નહિ જન્મી શકે, એ સનાતન તત્ત્વ પર મદાર બાંધી, તે અત્યારના આપણા દેશના દુ:ખ-યુગમાંથી પણ માર્ગ શોધી આપવા માગતા હતા.

એ રીત કાંઈ નવી નહોતી; એ જ રીતે કામ કરીને તે વર્તતા આવ્યા હતા; અને એમને સિદ્ધ કરવું હતું કે, એ જ રીત આ નવી પરિસ્થિતિમાં પણ કામ દેશે. એમની કુરબાની આને લેખે હતી. ભૂતમાત્રના તે અદ્વેષ્ટા હતા, મિત્ર હતા, કરુણામય હતા. એક સુભાષિત ક્યાંક જોયેલું ટાંકી રાખ્યું છે તે છેવટે યાદ આવે છે—

प्राणा यथात्मनोऽभीष्टाः भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतेषु दयां कुर्वन्ति साधवः ।।

'મને જેમ મારો પ્રાણ વહાલો છે, તેમ જ બધાં પ્રાણીઓને પણ વહાલો હોય છે. આમ સૌનો જીવ સરખો સમજીને સાધુ પુરુષો પ્રાણીઓ પર દયા ધારણ કરે છે.'

નીતિ અને ધર્મ માત્રના પાયારૂપી આ દર્શન બાપુ આપણને અમૂલ્ય વારસારૂપે આપી ગયા છે. હિંદ આખાની સમૃદ્ધિ તો એમણે વારસામાં સોંપી જ; પણ એથી મોટો અને ખરો વારસો તો,—અને એમને આપવો ગમે એવો—આ નૈતિક સમૃદ્ધિનો જ છે.

[૧૬-૨-'૪૮]

૨

"મૃત્યુ મરી ગયું રે લોલ"

કવિએ તો કાવ્ય કર્યું અને કહ્યું કે, મૃત્યુ મરી ગયું, નહિ કે મરનાર. પરંતુ બાપુએ આપણને એ પ્રત્યક્ષ દેખાડ્યું: અહિંસામૂર્તિ બાપુને મારવા આવનાર મૃત્યુ પોતે જ મરી ગયું: જીવનનો ઘાત તે ન કરી શક્યું; તેને બદલે જીવન જ સામેથી બાપુએ નિર્માણ કર્યું: કેમ કે એમની ભસ્મમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાર જીવન, શાંતિ અને ઉદાત્તતા જન્મતાં આપણે આંખ આગળ જોઈએ છીએ.

પર્વત સમા ધર્મધુરંધરોની જીવનસરિતા એ ઉદાહરણ પૂરું પાડે છે, અને ધરતીને રસાળ કર્યા કરે છે. અને જ્યારે તેઓ દેહથી જાય છે, ત્યારે પોતાનું સર્વસ્વ એ જ ધરતી સારુ લૂંટાવતા જાય છે. એવાઓને પછી મૃત્યુ શું? મૃત્યુ વિષેની કવિઓની કલ્પના બાપુ સાક્ષાત્ દેખાડીને ગયા. શાસ્ત્રોના શબ્દમાં બંધાઈ રહી કેદ થઈ રહેલાં કે કેવળ કલ્પનામાં ઊડયા કરનારાં કેટલાંય જીવન-સત્યોને તે સજીવન કરી ગયા. મૃત્યુના સ્પર્શથી જો એવી જીવન-લહાણી જગત આખાને મળી, તો કોણ મર્યું! બાપુએ મૃત્યોર્મા અમૃતં ગમય — એ આર્ષ પ્રાર્થનામાં શ્રદ્ધા જગવી મૃત્યુને મારવાનો મંત્ર બતાવ્યો.

[૨૦-૨-'૪૮]

૨

બાપુ-તર્પણ

૧

આ દિવસની પ્રેરણા

ઈ. સ. ૧૯૪૮ની ૩૦મી જાનેવારી પછી એક ઋતુચક્ર પૂરું થયું. કહેવત છે કે, સમય સૌ વાતનું ઓસડ છે. ગાંધીજી ગયાના પ્રજાવ્યાપી શોકનું કલ્પાંત આજ ઓસરી ગયું છે. અરે, એમનો સ્મારક ફાળો ભરાવવામાં વખત ખોવો પડે છે, અને જે કામ પ્રજા સહેજે હાથોહાથ ઉકેલી લઈ શકત, તેમાં વખા પડાવે છે. ભાવનો ઉદ્રેક કેવું જબરું બળ છે, અને તેની જ સાથોસાથ, લાંબે ગાળે જોતાં, તે કેવો લૂલો ટેકો છે, તે આ પરથી સમજી લેવા જેવું છે. રામ-યુગની પ્રજા પણ એવી જ ન હતી?

આ ઉપરથી એક બીજો પાઠ પણ લેવા જેવો છે અને તે એ કે, વ્યકિતઓ ગમે તેવડી મોટી હોય, ગમે તેવડાં મહાન સેવાકાર્યો કરી જાય, છતાં છેવટનો સ્થાયી ભાવ તો પ્રજાનું સ્થિર છતાં ચિર-પ્રવાહી જીવન જ છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જેની અંદર આ વ્યકિતઓ પોતાની અંજલિ આપતી જાય છે. કદાચ માનવ જીવનના આ સાગરમાં ભરતીઓટ ભલે આવ્યા કરે, પણ તેની સામાન્ય સપાટી ભાગ્યે એવી ખાસ ઊંચી આવતી હશે. આ સમજીને સુધારકોએ, સેવકોએ અને મહાન વ્યકિતઓએ પણ નમ્રતા અને ધીરજ શીખવાં જોઈએ. ગમે તેવી વ્યકિત કરતાં રાષ્ટ્ર કે પ્રજાકીય વ્યક્તિ મહાન છે; અને ગમે તેવી મોટી વ્યકિત પણ તેના જમાનાથી ઝાઝી આગળ જઈ શકતી નથી, એ સૂત્રોનો મર્મ પણ, પૂરા થતા એક વર્ષના આપણા અનુભવ પરથી, સાફ સમજાય છે.

કૉંગ્રેસે જાહેર કર્યું છે કે, ૩૦મી જાનેવારીનો દિવસ ગાંધીજીએ જગતને શીખવેલા સર્વોદયના સિદ્ધાંતના મનનને અર્થે, सर्वोदय दिन તરીકે ઊજવવો. અને તે દિવસે મનન કરવાનો મજકૂર એક ઠરાવ* રૂપે તેણે બહાર પાડ્યો છે.

આ દિનનું રહસ્ય સમજવા એક જુદી બાજુએથી પણ જોવાની જરૂર છે. આ દિવસની જીવતી જાગતી પ્રેરણા શી છે? મને, તમને, દરેક હિંદીને એક વર્ષ પર બનેલી આ મહા-ઘટનાનો વિચાર કરતાં મનમાં શો ભાવ જાગે છે? આ દિવસે દરેક હિંદીએ ગયા વર્ષનો એ દિવસ અને તે દિવસે રાતે તથા પછી કેટલાય દિવસો સુધી એને થયેલું દુ:ખ અને શોક — આ બધું સ્મૃતિમાંથી તાજું કરી તેનું ધ્યાન ધરવું જોઈએ. એ સ્મૃતિ હર વરસે તાજી કરી, તે દિવસના પવિત્ર અને પાવક શોકજળથી, કાળબળે કરીને તેના પર વળતાં પડને ધોઈને સાફ કરીએ. કાંઈ નહિ તો એટલું તો કરીએ જ કે, આ સ્મૃતિ-દિવસે એના ચિહ્ન રૂપે ગાંધીસ્મારક ફાળામાં પોતાની ફૂલપાંખડી પહોંચાડીએ. ઉઘરાતદારો આવવાની વાટ શું કામ જોવી? દેવું ચૂકવવામાં તગાદા શું કામ કરાવવા?

આ દિવસે આપણે સૌએ સમજવું અને યાદ કરવું જોઈએ કે, આ દિવસ આપણા પ્રાયશ્ચિત્તનો છે — પશ્ચાત્તાપ કરવા માટેનો છે. નિર્દોષનું ખૂન એ सामाजिक પાપ હોય છે. સમાજની ઊણપ, બેદરકારી, બેજવાબદારી કે તેવા દોષે કરીને એ ખૂન સંભવે છે. અને તેમાંયે નિર્દોષ વ્યકિત જ્યારે ગાંધીજી જેવો યુગપુરુષ હોય છે, ત્યારે તો આ પાપ રાષ્ટ્રીય કે પ્રજાકીય બને છે. આપણે

---

* 'શિક્ષણ અને સાહિત્ય' જાન્યુ૦ ૧૯૪૯ અંકના પૂંઠા ઉપર એ ઠરાવ ઉતાર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વસ્તુ હૃદયમાં ઊંડે ઊતરીને જોવાની છે. ૩૦મી જાનેવારી આ ચિંતન, આ મનન, આ પાપના પ્રાયશ્ચિત્તને માટે છે. ૧૯૪૮ની આ તારીખે આપણને કેવળ સ્મશાનવૈરાગ્ય જ આવી ગયો હતો એવું ઈતિહાસમાં ન કહેવાય, એ પણ ત્યારે જ બની શકશે. સૈકાંઓ પછી સ્વતંત્ર બનતા આપણા દેશના ઉદય-કાળ સાથે જોડાયેલો આ પ્રસંગ છે, એ ભૂલવું ન જોઈએ. હવે પછીના આપણા ઈતિહાસના સર્જનને માટે કેવળ લાલબત્તી રૂપે જ નહિ, પણ સાચી દિશા બતાવનાર ધ્રુવતારા રૂપે આ દિવસ છે. એ તરીકે એ દિવસ આપણા પ્રજા-કીય પંચાંગમાં વણાવો જોઈએ અને પેઢી દર પેઢી વસવો જોઈએ.

ગાંધીજીના જીવન અને મરણ વિષે તો શું કહેવું અને શું ન કહેવું — એવી વાત છે. પણ એક વાત છે કે જે ખાસ મને લાગી છે. તે એ કે, આ માણસે લોકોત્તર એવા જગતના મહાપુરુષોનાં, પેગંબરોનાં જીવનને અને કાર્યને સમજવાને માટે આંખ આપી. આવા મહાપુરુષોનાં જીવન રામા-યણ, મહાભારત, બાઈબલ, કુરાન, હદીસ, વગેરે જેવામાંથી જોવા મળે છે. પણ તે પરથી તેની પ્રક્રિયા ચર્મચક્ષુથી તો દેખાતી નથી. ગાંધીજીના પ્રત્યક્ષ જોવા મળતા જીવનથી આ પ્રક્રિયા સમજાઈ શકે એવી બની છે.

આ પ્રક્રિયા વિષે કેવળ વાંચ્યે કેમ તે નથી સમજાતી? એનું કારણ એ લાગે છે કે, એના મૂળ ચાલક બળ તરીકે મનુષ્યમાં રહેલી વિરલ એવી ઈશ્વરી વિભૂતિ — પેગંબરી શકિત કામ કરતી હોય છે. આ વિભૂતિ સૌ પાસે હોતી નથી; તેથી એ વિભૂતિની કામ કરવાની રીત પણ લગભગ અજાણી અને તેથી વિલક્ષણ લાગે છે; એટલે પછી તેને કેવળ શ્રદ્ધાથી લોક માને છે. અને શ્રદ્ધાની કેળવણી, સામાન્યપણે વિચારપૂત પદ્ધતિઓથી નહિ, પણ કામ દે એવી જાડી રીતોથી'પણ કરવામાં આવે છે. અને એ કાંઈ આપણા દેશમાં જ નહિ, દુનિયાભરની પ્રજાઓમાં આમ જ થાય છે. છતાં એ યાદ રાખવું જોઈએ કે, પ્રજાઓના નિર્માણ અને સંગઠનમાં પાયારૂપે આ જ બળ કામ દે છે.

કોઈ પણ રાષ્ટ્રના પ્રજાજનો પોતે એક વિશિષ્ટ સમૂહ છે, એવી જે ભાવના હોય છે, તેનું મૂળ આ પ્રકારની આધ્યાત્મિક ભાવના હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુરાનમાં કહ્યું છે કે, 'પરમેશ્વર દરેક પ્રજાને તેનો પેગંબર પહોંચાડે છે; એટલે કોઈ કોઈની સાથે ઝઘડે નહિ, પણ પોતાને મળેલા પેગામને જીવનમાં ઉતારવા મથે; જે એમાંથી ચળશે તેમને પ્રભુ પૂછશે, તમે કોઈ કોઈના કાજી ન થશો.' —આ કથનમાંથી પણ આ જ ઐતિહાસિક સત્ય તરી આવે છે કે, સ્વતંત્ર પ્રજાનો ઉદય એક પેગામ, અમુક ચોક્કસ આધ્યાત્મિક ભાવ—એના આધારે થાય છે. તે તે પ્રજાની સંસ્કૃતિ, તેનો વિકાસ આ મૂળ મંત્રને જોરે થયા કરે છે. તેથી જ કરીને, દેશેદેશમાં તેના રાષ્ટ્રપિતા, પ્રજાવિધાયક પુરુષો, પેગંબર જેવા પુરુષો હોય છે. ઇતિહાસની આ ઢબે સમીક્ષા સામાન્ય રીતે થતી નથી, તે ખરું,* છતાં ઇતિહાસનું ગૂઢ બળ આ છે એ તો ઉઘાડું છે.

એવી જ ગૂઢ રીતે આ બળ પોતાનું કામ પણ કરે છે. એ બળ ધરાવનાર પુરુષ એક પેગામ લઈને આવ્યો હોય છે. 'એકલો જા' એ એને સહજ હોય છે. દુનિયામાં કોઈ નવું સર્જન કરવા —સ્વર્ગ ઉતારવાની મહાશા ને મહાકાંક્ષા તેના આખા વ્યકિતત્વમાં તરવરતી હોય છે. તેના નાદ સુણતો તે આ જગત પર વિચરે છે, છતાં તેની દુનિયા તે જ સર્જે છે ને તેમાં મચ્યો રહે છે. આ બળ પેગંબરીનું—અવતારનું બળ કહી શકાય.

જે સમાજમાં જે વખતે આ બળ અવતરે—કામ કરવા લાગે, તે સમાજમાં તે વખતે તરત સામેનાં પ્રતિબળ પણ કામે લાગે છે. તેથી જ પેગંબરી કામ શાંતિ અને સુલેહ-સંપનું હોવા છતાં ઘમસાણ અને આંધી મચાવતું લાગે છે. જેમ કે, ઈશુ ખ્રિસ્ત કહેતા કે, હું તો જગતમાં તલવાર લઈને આવ્યો છું, તેનો મર્મ આ છે. જોકે તેમણે તલવાર તો કદી વાપરી નહોતી.

આ બળ સામે પેગંબર ઝૂઝે છે, અને ઝૂઝવામાં આખર કરી શહીદી પણ વહોરે છે. આમ પેગંબરીની સાથે શહીદી લગભગ જડાયેલી હોય છે. શહીદીનું રસાયણ એવું છે કે, તેનો આશરો લઈને પણ પેગંબરો પોતાનું કામ કરે છે. એટલે, પેગંબરીની કાર્યપદ્ધતિ શહીદીનો માર્ગ હોય છે.

---

* કાર્લાઇલે તેના 'વીર અને વીરપૂજા' ગ્રંથમાં આ ન્યાયથી ઇતિહાસ તપાસ્યો છે, એ અહીં નોંધવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં પેગંબર માટે જૂનો શબ્દ ઋષિ છે. પ્રાચીન ઋષિઓએ પોતાના દર્શન વડે આપણી સંસ્કૃતિને ઘડી છે. પરંતુ એક વસ્તુ ખાસ નોંધવા જેવી છે તે એ કે, આપણે ત્યાં ઋષિ કે સંતસાધુઓને શહીદી સુધી જવું પડતું નહોતું. આપણા દેશમાં વિકસેલાં ધર્મજીવન અને સંસ્કૃતિની આ એક વિશેષ વાત હતી.

સેમેટિક પ્રજાના દેશોમાં જુઓ તો ત્યાં એમ નથી જોવા મળતું. પેગંબરી જોડે શહીદી ત્યાં રહેલી છે. જુઓ અષો જરથુષ્ટ્ર, ઈશુ ખ્રિસ્ત વગેરેના દાખલા.

આપણે ત્યાં કદાચ વસિષ્ઠ – વિશ્વામિત્રનો દાખલો એક એવો છે કે જેમાં વિશ્વામિત્ર વસિષ્ઠને મારવા જાય છે. પરંતુ નિરભિમાન, નમ્ર અને સૌમ્ય બ્રાહ્મણત્વને લઈને વિશ્વામિત્ર શમી જાય છે, એમ તે આખ્યાયિકા કહે છે.

આ સંસ્કૃતિમાં પહેલો ફરક ગાંધીજીને અંગેનો આપણા વર્તનમાં પડે છે. એ શહીદ થઈને ગયા; એમને આપણું પરિવર્તન કરવાને માટે એટલે સુધી ઝૂઝવું પડ્યું. આ શહીદીનો દિવસ પણ ૩૦મી જાનેવારી છે, એ આપણે ભૂલવું ન જોઈએ. શહીદીની શક્તિ વિલક્ષણ હોય છે. તે ઘોરમાંથી જાગીને કામ દે છે. શહીદોને જગતમાંથી મૃતરૂપે વિદાય કરાવનારા લોકો માને છે કે, હવે તેઓનું કાર્ય મટી જશે. પરંતુ બને છે એથી ઊલટું જ: તેઓ અવ-નવી રીતે અને નહીં ધારેલાં એવાં પાત્રોમાં અને કાર્યો દ્વારા પુનર્જીવન પામે છે; અને પોતાનું ઐતિહાસિક કાર્ય આગળ લે છે. સમાજ તેને ભૂલી નથી શકતો. ગાંધીજીનું પ્રયાણ ઈતિહાસની આ પ્રક્રિયાનું નિશાન છે.

આ પ્રક્રિયામાં એક બીજી બાબત પણ જોવા જેવી છે. તે એ કે, પેગંબરી પક્ષ જીવન અને ધર્મ વચ્ચે વિચ્છેદ કે વાડાબંધીમાં નથી માનતો હોતો; ખરું પૂછો તો, આ વાડાબંધી પ્રજાઘાતક હદ સુધી વધી પડે છે, ત્યારે તેને તોડીને પાછો ધર્મને જીવનનાં બધાં ક્ષેત્રોમાં સ્થાપવાનું કાર્ય જ તે કરે છે. સામેનો પક્ષ આ વિચ્છેદનો લગભગ પ્રતિનિધિ હોય છે. તે પક્ષ ધર્મ અને જીવન વચ્ચે અમુક વાડ કે અલગતા રહેલી માનીને ચાલે છે. તેમાં એને પોતાની સુરક્ષિતતા અને સ્થિરતા લાગે છે. જેમ કે, હિંદમાં જોઈએ તો, સૌ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કહેતા કે, ધર્મને રાજકારણમાં તથા વેપારમાં સ્થાન ન હોય. ગાંધીજી હંમેશ કહેતા કે, ધર્મને આજે ત્યાં સ્થાન નથી માટે જ આપણે દુઃખી અને પરતંત્ર છીએ; તેથી કરીને ધર્મને રાજકારણમાં અને વેપારમાં લાવવો એ મારું કામ છે.

આમ કરવાથી સ્થાપિત હિતદૃષ્ટિઓ તથા સંકુચિત જીવનપદ્ધતિઓ ખળભળી ઊઠે છે. અને તે સમજાય એવું છે. એ જ ક્રાંતિની પ્રક્રિયા છે. પણ તેમાં જીવ લેવા સુધીનું અસહિષ્ણુ ઝનૂન હિંદમાં પૂર્વે નહોતું, તે છેલ્લાં થોડાં સૈકામાં હિંદુઓ શીખ્યા ગણાય. આ શીખ હિંદુધર્મના સ્વરૂપને અને તેના મૂળ સત્યને ઘાતક છે. એમાં એ ધર્મના મૂળ મંત્રનું અજ્ઞાન રહેલું છે. આ યાદ કરવાનો દિવસ પણ આ જ છે.

ત્રણ મોટા યુગમાં આપણો ઈતિહાસ ટૂંકમાં બતાવી શકાય :—

૧. પ્રાચીન યુગ, જ્યારે ઋષિ મુનિ અને બુદ્ધ મહાવીર તથા રામ કૃષ્ણની આર્ય જીવનદૃષ્ટિ એક સ્વરૂપે સ્થિર થઈ. સાથે તેમાં પછી ઊંચનીચતાનું અભિમાન ને અસ્પૃશ્યતા પણ જન્મ્યાં.

૨. ઈસ્લામનો યુગ, જેણે એકેશ્વરવાદ સાથે ધર્મઝનૂન પણ આણ્યું.

૩. અંગ્રેજ યુગ, જેણે નાસ્તિક બુદ્ધિવાદ સાથે સંગઠનબળ, યંત્ર-વિજ્ઞાનબળ, અને કેન્દ્રિત જીવનવ્યવહાર આણ્યાં.

બીજા યુગે ધર્મઝનૂની શક્તિ અને ત્રીજા યુગે વેપારરોજગારમાં અને વ્યવહારમાં સ્વાર્થ તથા નાસ્તિકતાનાં ફળ ચખાડયાં. એ બેઉની અસર આપણા આજના જીવન પર છે. તેમને જો મૂળના આપણા સાચા સંસ્કારોમાં પચાવીશું નહિ, તો તે રોગની રસી પેઠે ફૂટી નીકળશે. ગાંધીજીની પેગંબરી, આપણા ઈતિહાસે સમાજશરીરમાં સીંચેલાં આ બે રસાયણોને હજમ કરીને, આગળ વધ-વાનો મંત્ર શીખવનારી છે. હિંદની ગ્રામસંસ્કૃતિનું એમનું દર્શન તથા એમના ધર્મ-જીવનનો દાખલો, આપણા ઈતિહાસયુગના છેલ્લા બે ઉમેરાને અપ-નાવવા માટેના ઉકેલ રૂપે છે. એમની શહીદી સદાને માટે હિંદીઓને એ યાદ આપશે. તો જ હિંદ સ્વતંત્ર રહી શકશે, અને તો પછી જગતને પણ ધડારૂપ બની શકશે.

[૨૩-૧-'૪૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

બે વૃત્તિઓ

બાપુના જવાથી બે પ્રકારની વૃત્તિઓ પેદા થયેલી જોવા મળે છે: એક બાજુ જ્યાં ત્યાંથી સાંભળવાનું મળે છે કે, એમનાં અધૂરાં રહેલાં કામો, એમનાં રચનાકાર્યો આગળ ચલાવવામાં આવે, તે એમનું સાચું સ્મારક છે. કાર્યવાહક સમિતિએ એને માટે ઠરાવ પણ કર્યો છે અને જબરું સ્મારક-ફંડ કરવામાં આવશે. બીજી બાજુથી રચનાત્મક કાર્યકર્તાઓમાંથી સાંભળવા મળે છે, અને લોકોમાં પણ એ જોવા મળે છે કે, હવે ખાદીનું શું થશે? હવે હિંદુસ્તાનીનું શું થશે? વગેરે.

બંને વૃત્તિઓ પ્રમાણિકપણે નીપજે છે, કેમ કે એ બેઉ ભાવો આપણા હૃદયમાંથી ઊઠે છે. બાપુનો પ્રેમ એવો જબરો છે કે, એમને પ્રિય કામો કરવા માટે કોણ ન તૈયાર થાય? પરંતુ એમના જીવતાં એ કામો કરવામાં કે આગળ લેવામાં જે મુશ્કેલીઓ હતી, તે ઓછી જ દૂર થઈ ગઈ છે! એ કામો કરવા-ન-કરવા અંગે જે વાંધાવચકા કે પ્રશ્નો હતા અથવા મનની રુચિ-અરુચિઓ હતી, તે આ મહામૃત્યુ આગળ દબાઈ ગયાં છે. ખરેખર, જો એ દૂર થઈ ગયાં હોય, તો કાર્યકર્તાઓમાં નિરાશા જેવું ન જન્મી શકે.

આ દશાની સામે જાગ્રતભાવે લડવું જોઈએ; તો જ આપણે આગળ વધીશું. બાપુના પ્રેમની વરાળને બાવલાં—પૂતળાં અને ઈંટમાટીનાં સ્મારકોમાં જો છટકી જવા દઈએ, તો આપણે ખોટો વેપાર કર્યો કહેવાય. સામાન્ય લાગણીઓ ધરાવતા માણસો આપણે છીએ અને સમાજને અમુક રૂપે સ્મારકો પણ જોઈએ કે જેથી ઊછરતી ને નવી આવતી પેઢીઓને પ્રત્યક્ષ પ્રેરણાબળ મળી શકે. આથી કરીને કાંઈક કરવા જેવું તો જરૂર કરાશે. ખરી જરૂર છે તેમાં મર્યાદા રાખવાની. અને બીજી બાજુએ બાપુની પ્રીત્યર્થે તેમનાં કામોને કરવાના નિયમ લેવાની. જેમ કે ખાદી, હિંદુસ્તાની-પ્રચાર, કોમી એકતા, હરિજન-સેવા, વગેરે. દરેક જણ આ કામો અંગે પોતે શું કરી શકે તે વિચારી લે અને કરવા લાગે, તો એની મેળે ઉપરની બંને વૃત્તિનો મેળ સધાઈને આપણે આગળ વધી શકીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણે જો આપણે વર્તવા માંડીએ, તો શ્રી. નારણદાસભાઈ ગાંધીએ દેશને ગાંધીજીના સાચા તર્પણનો માર્ગ સૂચવ્યો તે આપણે તરત ઉપાડી લઈએ. તેમણે તરત દેશ આગળ જે સૂચના રજૂ કરી છે તેનો જો અમલ કરીએ, તો એ ભારે પલટો કરી દે એવી છે. તેમણે આ સૂચના કરી :–

"દેશે પૂ૦ બાના સ્મારકમાં એક કરોડ રૂપિયા આપેલ. પૂ૦ બાપુજીના સ્મારકમાં એક કરોડ કાંતનારા આપો."

આજે દેશમાં કરોડો લોકો બાપુના જવાથી ખરેખર દુ:ખી થયા છે. તેઓ પોતાનું દુ:ખ આ સક્રિય રીતે હળવું કરી શકશે: તેઓ નિયમિત કાંતનારા બને તો બાપુની પ્રેરક સ્મૃતિની ભાવના કરી શકશે અને દેશનાં દુ:ખોને દૂર કરવાને માટે જે શોધ બાપુએ કરી આપી છે, તે પાળીને દેશનું પણ સાચું કામ છે તે કરશે. જરૂર છે ચૂપચાપ કામે વળગવાની અને પુણ્યશ્લોક બાપુની પવિત્ર આહુતિનો પાઠ સમજી લઈને તેમનાં રચનાકાર્યોની સર્વતોભદ્ર દૃષ્ટિ અને સમજ અપનાવવાની.

આ કામ ગઈ કાલ સુધી ભલે પ્રજાએ અમુક મર્યાદિત વર્ગનું માન્યું. સ્વરાજ આવતાં અને બાપુ જતાં હવે એની જવાબદારી દરેકની બને છે.

[૧૯-૨-'૪૮]

૩

૩૦મી જાનેવારી

સ્વતંત્ર ભારતની ૨૬મી જાનેવારી તારીખ પછી ચાર દિવસે એટલી જ યાદગાર બનેલી બીજી તારીખ આવે છે તે ૩૦મી જાનેવારી. આ તારીખ તો એના કરતાં વધારે યાદગાર અને પ્રેરક બનશે. કેમ કે ૨૬મી જો સ્વતંત્ર બંધારણના કલેવરનો જન્મદિવસ છે, તો ૩૦મી તે કલેવરના આત્મતત્ત્વનો યાદગાર દિન બને છે. જે શકિતએ ભારતની આઝાદી પાછી લાવી આપવામાં સૌથી મોટો ફાળો આપ્યો, તેની સર્વોત્તમ કક્ષા તે દિવસે જગતને તાદૃશ જોવા મળી: ભાવી ભારતનો આદર્શ શો છેં તે ગાંધીજીએ પોતાની વાણીથી તો વર્ણવ્યો જ હતો; આ દિવસે તેને પૂર્ણ સ્વરૂપે આચરી બતાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો આદર્શ સર્વોદય છે: અને તેનો ઉપાય અંત્યમાં અંત્ય જે હોય તેને પ્રથમ સંભાળવાથી મળી રહે છે. પાકિસ્તાનમાં હિંદુ તેમ હિંદમાં મુસલમાન આ વખતે અંત્ય હતો: સ્વતંત્ર ભારત તેને ભૂલી ન શકે. એ યાદ આપવા ગાંધીજી કુરબાન થયા. ભારતના આદર્શને સેક્યુલર બિન-મજહબી રાજ્ય, એ શબ્દોમાં આજે મુકાય છે, એનો અર્થ આ કુરબાની બતાવે છે.

હિંદુ મહાસભા અને તેના વિચારના બીજા કેટલાક જીર્ણોદયવાદી લોકો કહે છે, આ તો નાસ્તિક રાજ્ય થઈ ગયું; તેમને હિંદુ રાજ્ય ખપે. અને જીર્ણોદય-વાદી હિંદુ રાજકારણીઓ વિશેષમાં કહે છે કે, ભારતમાં હિંદુઓની બહુમતી છે એટલે હિંદુરાજ જ હોવું જોઈએ. આવા લોકો હજી રજપૂતોના અને મરાઠા-ઓના કાળના સાંકડા હિંદુધર્મમાંથી જ પ્રેરણા લેતા લાગે છે. ઈતિહાસે બતાવ્યું છે કે, હિંદુધર્મની એ જીવનદૃષ્ટિએ છેવટે ગુલામી આણી; એ દૃષ્ટિ એકતાપ્રેરક કે પ્રગતિશીલ નથી નીવડી. અને ત્યાર પછી હિંદુધર્મનાં નવ-સંસ્કરણનો અર્વાચીન યુગ શરૂ થયો, જેના પરમૈકપુરુષ ગાંધીજી હતા. તેમણે હિંદુધર્મની પુરાણપવિત્ર પ્રાચીન વિશાળતાને પાછી જીવંત કરી; હિંદુધર્મ એક સનાતન શક્તિ છે એ પ્રત્યક્ષ જીવનવહેવારમાં દેખાડી આપ્યું. આવો હિંદુધર્મ કોઈ સંપ્રદાય કે મજહબ નથી; કોઈ અમુક જ કલમો, કિતાબ કે પ્રવર્તક વ્યક્તિવાળો મર્યાદિત ધર્મ નથી. જીવનધર્મનું આ દર્શન પરમ માનવ-ધર્મ દર્શન છે.

આ મહાન વસ્તુ સદા કાળ યાદ રાખીએ તે સારુ ગાંધીજીએ પોતાની કુરબાનીથી ભારતને વારસારૂપે આપી છે. એટલે ર૬મી તારીખ અને ૩૦મી તારીખ બંને મળીને સ્વતંત્ર ભારતનું સ્વરૂપ બતાવે છે. સર્વોદય-રાજ એ જ સાચું હિંદુરાજ છે; એ જ સાચું સેક્યુલર પણ છે. હિંદુધર્મ અને હિંદુ સમાજ પોતાના પાપે ક્ષીણતેજ બન્યો હતો; આજે જ્યાં ત્યાં ફૂટી નીકળતો હિંદુ જીર્ણોદયવાદ આ યુગના "મહાન હિંદુ"ના જીવન અને મરણમાંથી સમજે કે, આપણા ધર્મનો નવયુગ શરૂ થાય છે, કરવાનો છે અને તે તેનું જગતવ્યાપી તેજ પ્રગટ કરવાનો યુગ છે; એનો દ્રોહ આત્મદ્રોહ છે.

[૨૪-૧૨-'૪૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૪ ૩ ૬ ૧૪૨
૭૮
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

રાષ્ટ્રપિતાનો શ્રાદ્ધદિન

રાષ્ટ્રપિતાને આ લોકમાંથી ગયે ૧૧ વર્ષ થયાં; ૧૨મું વર્ષ શરૂ થાય છે. વરસ જતાં વાર પણ નથી લાગતી!

આ વર્ષો દરમ્યાન દેશની નદીઓમાં કેટલાંય નીર વહી ગયાં. સ્વરાજ લાવવાનો યુગ પૂરો થઈને તેને સ્થિર કરવાના યુગમાં ઝડપભેર ગતિ કરી રહ્યા છીએ.

આ ગતિનો વેગ અત્યારે બરોબર નથી દેખાતો. અને તેના આટાપાટા અને તડાકા-ધડાકામાં નજર બરાબર જોઈ શકતી નથી. છતાં એક વાત તેમાંથી અચળ તરીકે ઉપર આવે છે અને તે એ છે કે, ગાંધીજીના ગમે તે શિષ્યો કે વારસો ગણાય, રાષ્ટ્રપિતાની ખોટ તે વડે ભાગે એમ નથી. આપણી સ્વરાજયાત્રાનો રામણદીવો એ જ છે; તેને હાથમાં લઈને ચાહે તે આ યાત્રામાં ભલે આગળ થાય; દીવો તો એ જ છે.

સ્વરાજ આ સમાજવાદી ઢબનું હો કે તે ઢબનું હો, તેને સર્વોદય કહો કે ન કહો; એક બે વાત પાકે પાયે હવે દેખાય છે કે, અન્ન અને વસ્ત્રની બાબતમાં રાષ્ટ્રની પ્રજા સ્વાયત્ત ન થાય, તો કોઈ પણ ઢબનું ઢબ થઈ જશે; અને ગમે તેવું આયોજન નભી શકે એમ નથી. અને એવી પ્રજાકીય સ્વાયત્તતાની સાધના જો બરાબર કરાય, તો બેકારી નહિ રહે અને ગામડાંની પ્રજા પાછી પગભર થઈને પોતાનું ગ્રામસ્વરાજ રચવાને પંથે પળશે.

આ કરવું હોય તો સ્વાધીન સરકાર જોઈએ. તે હવે આવી છે અને ૧૦ વર્ષના ગાળામાં ઉપરની વાતને તે કળી ગઈ છે, એમ લાગે છે.

સવાલ હવે રહે છે, તેનો અમલ કરવાને માટે શાં પગલાં લેવાં તે નક્કી કરવાનો. ગાંધીજી હમેશ કહેતા હતા કે, આ પગલાં ગામડાંના પ્રશ્નોના ઉકેલ તરફ સીધાં માંડવાં જોઈએ. એમ ન થાય તો જે મુકામે પહોંચવું છે તેને બદલે બીજે જઈને ઊભા રહેવાય, એ ઉઘાડી વાત છે.

ગાંધીજીના શ્રાદ્ધદિને, એ પગલાની દિશા બરોબર છે કે કેમ, તે દરેકે અને સરકારે અંતર્મુખ થઈને તપાસવું જોઈએ. સામસામે દોષાદોષીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યા વગર, પોતે પોતાનો રાહ દુરસ્ત કરવા રૂપે આત્મશુદ્ધિ અંગીકાર કરવી, એ રાષ્ટ્રપિતાનું ખરું શ્રાદ્ધ છે.

[૪-૨-'૫૯]

તા૦ ક૦ આ લખ્યા બાદ ખબર મળી કે, રાષ્ટ્રપિતાના એક આદિ-સાથી અને એમના અપાર પ્રેમપાત્ર મિત્ર શ્રી. હેન્રી પોલાક થોડા દિવસ ઉપર વિલાયતમાં ગુજરી ગયા. શ્રી. પોલાક હિંદના એક ગુણજ્ઞ મિત્ર હતા. એમને આપણે આપણી કૃતાંજલિ આપીએ.

[૧૦-૨-'૫૯]

૩

ગાંધીજીનું વિભૂતિદર્શન

૧

ગાંધીજીનું અધ્યાત્મ

ગાંધીજી માટે મુખ્યત્વે 'મહાત્મા' પદ આપણે લખીએ છીએ. કોઈ કદાચ 'કર્મવીર' 'કર્મયોગી' કહે, પણ તે રૂઢ નથી. આ લેખમાં મેં એક નવું જ પદ 'પૂર્ણયોગી' વાપર્યું છે. તે શી દૃષ્ટિથી, તે બતાવવાનો આ લેખમાં મારો ઈરાદો છે. આ શબ્દ મને શ્રી અરવિંદના 'પૂર્ણયોગ' શબ્દપ્રયોગ પરથી સૂઝયો છે.

(૧)

જાણીતા અમેરિકન પત્રકાર લૂઈ ફિશર થોડા દિવસ ઉપર અમદાવાદ આવ્યા હતા. એ ગાંધીજીનું જીવન-ચરિત લખવા માગે છે; તેની સામગ્રી ભેગી કરવી હતી, તેને માટે તે નવજીવન કાર્યાલયમાં આવ્યા હતા. ત્યાં મને અણધાર્યો મળવાનો પ્રસંગ મળી ગયો. મેં તેમને પૂછ્યું, "તમને ગાંધીજીનું જીવનચરિત લખવાનો વિચાર ક્યાંથી આવ્યો?" તે આ સવાલ સાંભળી જરાક ગંભીર બન્યા અને મને તેમણે લંબાણથી ઉત્તર આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે કહ્યું, "તમારા દેશમાં અત્યારે જો લોકને પહેરવાનું અને પેટ પૂરતું ખાવાનું મળે, તો તો તમે લોકો રાજી થઈ જાઓ; તમને એટલું મળે તો સંતોષ થાય. અમારા દેશની—અમેરિકાની વાત જુદી છે. અમે કેટલા બધા પૈસાદાર છીએ એની તમને કલ્પના આવી શકે એમ નથી. મનમાન્યાં અન્ન અને વસ્ત્ર જ નહિ, આરામ તથા ઉપભોગને માટે અમને શું શું મળી શકે છે, એ તમે નથી જાણતા. આ બધું છતાં અમે લોક અસંતુષ્ટ છીએ; અમને ચેન નથી. કશીક ભૂખની ભૂખ જ રહે છે. આ ભૂખ ફેડવી એ અમારો પ્રશ્ન છે. ગાંધીજી ગુજરી ગયા તે સાંભળતાં અમારો દેશ રડી ઊઠ્યો; સામાન્ય અમેરિકનને એમ લાગ્યું કે, જાણે ક્રાઈસ્ટ ગયો! અમેરિકાને એમ હતું કે, એની ઊંડી આંતર ભૂખને ભાગે એવો બીજો ક્રાઈસ્ટ એ હતો; તે ગયો."

આમ લંબાણથી ફિશરે અમેરિકાની આ વાત કરીને કહ્યું, "મને ગાંધી ક્રાઈસ્ટ કરતાં પણ વિશેષ લાગે છે. અને તે એ પુરુષની 'સોશિયલ પરપઝ' વિષેની દૃષ્ટિને લીધે. આથી મને થયું કે, મારે આ મારો વિચાર અંગ્રેજી વાચક આગળ મૂકવો જોઈએ."

ગાંધીજીના અધ્યાત્મ વિષે લખતાં આ લાંબી પ્રસ્તાવના કરી છે; છતાં એ જરૂરની છે. ગાંધીજીનું અર્થશાસ્ત્ર, ગાંધીજીનું રાજકારણ, ગાંધીજીનું સમાજકારણ ઇત્યાદિ અનેક બાબતો આપણે વિચારીએ છીએ; તેમના અધ્યાત્મ વિષે આપણે એટલો બધો ખ્યાલ કે તપાસ કર્યાં નથી. મને લાગે છે કે, એનું કારણ અધ્યાત્મ વિષેનો આપણો કાંઈક બંધાઈ ગયેલો ખ્યાલ કે સમજ હોય. પરંતુ એ વળી બીજી વાત. ફિશર જેવો પરદેશી તેની સ્વતંત્ર નજરે ગાંધીજીનું જીવન અને કાર્ય જોતાં કહે છે તે કેવળ ઔપચારિક ભભકભરી ભાષા જ નથી; ગાંધીજીનું અધ્યાત્મ ખરેખર જગતમાં એક નવું બિંદુ રજૂ કરે છે. અથવા, એમ જો કહો કે નવું તો કાંઈ નથી હોતું, તો એમ કહેવું જોઈએ કે, અધ્યાત્મની એક અતિ મહત્ત્વની બાજુ ગાંધીજીએ આપણી આગળ સૈકાંઓ બાદ છતી કરી છે. આ કઈ તે ટૂંકમાં ચીંધવાનો આ પ્રયત્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

ફિશરે કહ્યું કે, ગાંધીજીની સામાજિક જીવન વિષેની દૃષ્ટિ એવું લક્ષણ છે કે એનાથી તે ક્રાઈસ્ટ કરતાંય મહાન છે. આ દૃષ્ટિ અને તે પ્રમાણેનું એમનું જીવન એ અધ્યાત્મ ક્ષેત્રમાં એક અનેરી વસ્તુ છે, એ સાવ સાચું છે.

સામાન્ય રીતે જોઈએ તો સંન્યાસ એ વસ્તુ અધ્યાત્મ-જીવનની સાથે હોય જ એવો આછોપાતળો ખ્યાલ બંધાયો છે: અધ્યાત્મજીવનમાં પ્રવેશ કરવા માટે દુનિયાદારીનાં કામોનો ત્યાગ કરવો જોઈએ, એવો ખ્યાલ શ્રમણ-સંસ્કૃતિ-કાળથી તો સાફ જોવામાં આવે છે. એ જ વિચાર ઈશુ ખ્રિસ્તે પણ ફેલાવ્યો; અને રોમન કૅથલિક સંપ્રદાયમાં સંન્યાસાશ્રમ હજી પણ મોજૂદ છે. બુદ્ધ પાસે જઈ કોઈએ મૅજિસ્ટ્રેટના ધર્માધર્મ વિષે પૂછ્યું. તેના જવાબમાં બુદ્ધે લગભગ ઈશુ પેઠે જ જવાબ આપ્યો.

ઈશુએ આપેલા જવાબનો બાઈબલમાં આવતો પ્રસંગ જાહેર છે. કોઈએ એમને રોમન સિક્કો બતાવીને રાજ્યધર્મને અંગે પૂછ્યું, તેના જવાબમાં તેમણે કહ્યું, 'રાજાને ઘટતું રાજા પ્રત્યે વર્તો ને ઈશ્વરને ઘટતું ઈશ્વર પ્રત્યે.' જાહેર રાજકાજ અને સમાજકાર્ય તથા અધ્યાત્મજીવન વિષે અમુક મૌલિક વિસંગતતા રહેલી છે, એમ બતાવતી આ વાર્તા છે. એ કે એના અર્થ વિષે કોઈ પુરાતત્ત્વવિદ કદાચ બીજો વાદ કરે; પરંતુ આપણા લોકોની સામાન્ય સમજ એવી જ બંધાયેલી છે, એ તો ઉઘાડું છે. જગત અને ભગત બે ભેગાં ન હોય, એમ કહેવાય છે. આમ બે જીવન-અંગો વિષે આવો વિચ્છેદ શું હોવો જોઈએ?

(૩)

આપણે અધ્યાત્મનો વિચાર જ્ઞાન, ભક્તિ અને કર્મ એવા ત્રણ ભાગમાં વિચારીએ છીએ. જ્ઞાન પર ભાર મૂકનારો પક્ષ સંન્યાસ અને તર્કબુદ્ધિ પર ભાર આપે છે. ભક્તિ પર ભાર મૂકનારો પક્ષ મરજાદ અને પૂજાપાઠ ને મૂર્તિ ઈત્યાદિની કાવ્યકળા ઉપર ભાર મૂકે છે; વેવલાપણું પણ ભક્તિમાં ખપી શકે છે. કર્મ પર ભાર મૂકનારો પક્ષ બાહ્ય આચાર અને એનું કડક પાલન એને જ ઈતિ માનીને ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા આવા અતિરેકો કે અતિવાદ અધ્યાત્મ-વિદ્યાના ઈતિહાસમાં સારી પેઠે જોવામાં આવે છે. સાચું અધ્યાત્મ એમાં સપડાતું નથી એ ખરું; પરંતુ દેશકાળ પ્રમાણે અમુક અમુક આવા અતિવાદ સામાન્ય બનેલા જોવામાં આવે છે. જેમ કે, બુદ્ધકાળમાં સંન્યાસ. તે કાળે જાત જાતની સાધનાઓના એકાંગી પંથો ચાલતા હતા. બુદ્ધે તે બધામાંથી પસાર થઈ સાચો અને નવો માર્ગ કાઢ્યો, કારણ તે કોઈ અતિવાદમાં બંધાઈ કોકડું ન થઈ શકે એવા જાગ્રત અધ્યાત્મ-જીવનવાળા હતા. ઉપવાસો કરવા એવો એક તપવાદ તે વખતે હતો. તેમાં એમણે ખૂબ કરી, જેથી કેટલાય લોક એમના શિષ્ય થયા. પણ આગળ જતાં એમાં એકાંગિતા રહી છે તે જોઈ, એ વાદ તેમણે છોડ્યો. આથી કેટલાય તેમના શિષ્યોએ માન્યું કે, સિદ્ધાર્થ પડ્યો! પણ બુદ્ધ એથી ન અટક્યા ને પોતાના આંતર-દીવાને જોરે આગળ ચાલ્યા. તે જમાનામાંનાં અધ્યાત્મ-જાળાં સાફ કરવાને માટે એમણે પ્રખર પ્રજ્ઞાબળ બતાવ્યું; અને બૌદ્ધ સાધનનો ઉદય થયો.

કહેવાની મતલબ એ છે કે, અમુક અમુક વખતે પ્રજાના જીવનમાં આવા રૂઢિજડતાના સમય આવે છે; ત્યારે મહાપુરુષો તેમાંથી પાર પડીને માર્ગ કરે છે. હિંદમાં આવો કાળ અંગ્રેજોના આવ્યા પછી જે અવદશા આવી તે હતો. તેને લીધે લોકોનું અધ્યાત્મજીવન સમાજવ્યાપી બોજા તળે જ જાણે આવી ગયું. ગુલામીથી પ્રજાનો આત્મા અજાણ્યે રૂંધાયો. આમાંથી કેટલાક સંન્યાસની છટકબારી લઈ મોકળા થતા ને પછી પોતાનાં પૂજાપાઠ ને ધ્યાન-સમાધિ કરતા, સમાજથી વેગળા ચાલ્યા જતા. તો બીજા વળી કેટલાક જીવનમાં ભાગલા પાડીને પોતાનું ગાડું ગબડાવતા.

પણ અધ્યાત્મજીવન અંગે મોટી દિશા સંન્યાસની હતી. ટિળક મહારાજે આને પોતાના ગીતા-રહસ્ય દ્વારા પડકારી અને કહ્યું કે, જીવનવિકાસને માટે કર્મ મુખ્ય સાધન છે. જીવન-સંગ્રામથી ભાગવું એ યોગ નથી કે કર્મ પણ નથી. અને એવું જીવન તેમણે બેધડક ગુજારવા માંડ્યું. જેલને પણ તેથી જ તે વિકાસ અને પ્રગતિના પગલા તરીકે માની શક્યા, અને તે તેમણે હર્ષથી સ્વીકારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી અરવિંદે પણ ગીતા પર મનનીય વિચારો આપ્યા. ગીતાના ઉપદેશને એમણે પૂર્ણયોગ કહ્યો; અને એનું હાર્દ પ્રપત્તિયોગ દર્શાવ્યું. તેમનું જીવન જોઈએ તો, ધર્મબુદ્ધિથી પ્રેરાઈને ઉગ્રરૂપે જાહેર જીવનમાં આગળ જતાં જ્યાં કારાવાસ અને એવા પ્રસંગો આવ્યા, ત્યાં એ પાંડીચેરીના એકાંત અને સંન્યાસ જીવનમાં ચાલ્યા ગયા. અધ્યાત્મજીવનના ઉત્કર્ષને માટે એમણે ધ્યાન અને સંન્યાસ-યોગનો આશરો લીધો. સામાજિક ધર્મની અને જીવનની બાજુને અધ્યાત્મ-જીવનથી જુદી રાખીને એ આગળ વધ્યા. એમણે એ જીવનના પ્રશ્નો વિષે મનન કર્યું હશે, કોઈને માર્ગદર્શન પણ આપતા રહ્યા હશે; પરંતુ પોતે તેના એક કાર્યકર્તા તરીકે મટી ગયા; અને જ્ઞાનયોગ તથા સંન્યાસયોગ ધારણ કર્યા.

ટિળક મહારાજે કર્મક્ષેત્રમાં બરોબર ઝંપલાવ્યું. અને તેની સાથે જ્ઞાન સેવતા રહ્યા. પણ એમણે એક બીજો વિચ્છેદ બતાવ્યો. તે કહે કે, રાજકાજનાં કામોમાં 'જૈસેકો તૈસા' એ ન્યાયે વર્તવું જોઈએ; એમાં સંન્યાસીને છાજે એવા ધર્મ ન ચાલે. આ વાકય એક કેવળ રાજકારણી પુરુષ માટે ઠીક હોય; પણ જેને અધ્યાત્મ-જીવન જીવવું છે તે આમ બે-ભથ્થું વર્તી ન શકે, એ ઉઘાડું છે. બહેતર છે કે, તેવા લોક રાજકાજ છોડી દે; પણ આમ વર્તવામાં અધ્યાત્મ-જીવન તો ન જ વિકસે.

(૪)

હવે ગાંધીજીનું જીવન જુઓ. તેમણે આ વિચ્છેદ ખોટો માન્યો. કેવળ આધ્યાત્મિક દૃષ્ટિથી નહિ, પણ રાજકારણ માટે પણ. તેમણે તપ જોયું તો તે સમાજ અને રાજકાજનાં કામો માટે ઘસાવામાં અને વેઠવામાં; ભકિત અને પૂજાપાઠ જોયાં તો તે પોતાની સાદી સમૂહ-પ્રાર્થનામાં અને ચોવીસે કલાકના એકાગ્ર સેવાયોગમાં. આમાં જ એમણે ક્રિયાયોગ અને સંયમ જોયા. પરંપરીણ પાંચ યમોને દેશકાળ મુજબ વધારીને દશ વ્રતો વૈયકિતક તેમ જ સામુદાયિક જરૂરનાં હોઈ, સૌને સરખાં ખપનાં બતાવ્યાં.

આવી આવી અનેક બાબતો આ પુરુષના જીવનમાંથી બતાવી શકાય એમ છે. અધ્યાત્મ-જીવન સમગ્ર જીવન મારફતે સાધી શકાય. સમાજના ઉત્કર્ષને માટે જે જે જરૂરનું છે તે બધા વાટે એ વ્યક્ત થવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જીવન એકાંગી નથી; જીવનમાત્રની પરિપૂર્ણતા એમાં રહેલી છે. તેથી જીવનનાં બધાં અંગોમાં ને તેમના વ્યવહારોમાં પરમ અધ્યાત્મ-જીવનની દૃષ્ટિએ વિવેક કરીને વર્તવું જોઈએ. જે અપકર્મ છે, અપજીવન છે, એનો ત્યાગ હોય; સમાજના ધારણ માટે — લોકસંગ્રહ સારુ, જે સામાન્ય જીવન લોકો જીવે છે તેના જરૂરી પ્રશ્નોનો વિવેક કરી, તે મુજબ જીવન જીવવાનો ત્યાગ ન હોઈ શકે. અધ્યાત્મનું તેજ એમાં પ્રગટ થવું જોઈએ. તેને સારુ જીવનમાં સમતા અને અનાસક્તિ મેળવવી જોઈએ. તેને માટે નમ્રતા કે ભક્તિ અને શ્રદ્ધાબુદ્ધિ ધરીએ અને સત્યને ન ચૂકીએ. આ સાધવાનો માર્ગ ટૂંકમાં કહીએ તો અહિંસા કે પ્રેમધર્મ છે.

આવી સાદી સમજ ગાંધીજીની હતી. એમાં જે જીવનની પૂર્ણતા રહેલી છે, એ વિરલ છે. એ સમજથી તેમણે હિંદનું રાજકારણ ખેડ્યું. એથી એમણે તો પોતાનો આધ્યાત્મિક વિકાસ જ સાધ્યો. પણ એમનો માર્ગ પૂર્ણજીવન-યોગ હતો, તેથી સમાજના આખા જીવન ઉપર તેની અસર થઈ. ગીતાનું પૂર્ણયોગજીવન એમનું હતું. જેમ કૃષ્ણ એમના કાળના સમાજ તથા રાજકાજના જીવનમાં વિલસ્યા, તેમ જ ગાંધીજી વર્ત્યા. આ ગાંધીજીનું અધ્યાત્મ છે. એમાં જે વિશાળતા રહેલી છે, તે જગતભરમાં આકર્ષક બને છે. જીવનનો વ્યક્તિ અને સમાજ વચ્ચે વિચ્છેદ ન હોઈ શકે; જો વ્યક્તિ સાંગોપાંગ સત્ય ને અહિંસાથી અનુસરે, તો તેણે એકે ક્ષેત્રમાં અભાવાત્મક વલણ ન લેવું જોઈએ.

આ પ્રકારની ગાંધીજીની દૃષ્ટિ દુનિયાના મહાન પુરુષોમાં પણ વિરલ થોડામાં જ જોવા મળે છે. હજારો વર્ષ બાદ હિંદુધર્મ એમના જીવનથી આર્ષ પૂર્ણ જીવનનો નમૂનો જોવા પામે છે. એ અધ્યાત્મને ગીતાકારે પરમયોગ કહ્યો છે. તેમાં જપ, તપ, ધ્યાન, સમાધિ, અને ત્યાગ બધું એની મેળે, અને જેવી જેટલી માત્રામાં ઘટે તે પ્રમાણે, આવી જાય છે. તેથી જ ગાંધીજીનામાં આપણે એ બધી ચીજો ભરપૂર જોઈએ છીએ. બુદ્ધ ઈશુ પેઠે તેમાં રાજકારણી જીવનનો ઇનકાર નથી. રાજકાજમાં પણ ધર્મથી ચાલવું જોઈએ; ત્યાં પણ શાંતિથી કામ લેવાનો માર્ગ છે; — આ શોધ પણ તેથી જ ગાંધીજી કરી શક્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શોધ જગતને માટે નવી છે; કેમ કે અત્યાર સુધી જગત એમ જ માનીને ચાલ્યું છે કે, યુદ્ધ અને કૂડકપટ ઈત્યાદિ સામ-દામ-ભેદ-દંડની નીતિ રાજકાજમાં તો જોઈએ. ગાંધીજી એ માનતા નહોતા; બલકે સામેથી માનતા કે, આ ગેરસમજથી જ આજ સુધી માનવસમાજ દુ:ખી થયા કર્યો છે. મનુષ્યો જો ગાંધીજીનો પૂર્ણજીવનયોગ અપનાવે, તો જ તેમનું આ કહેવું સમજશે.

ગાંધીજીની કલ્પનાનો માનવ સમાજ વ્યક્તિના આવા જીવન માટેના પ્રયત્ન વગર સંભવે એમ નથી. અને એવો પ્રયત્ન કર્યા વગર હવે માનવ-સમાજમાં શાંતિ દેખાતી નથી. જગત નાનું બનીને એક-દેશ જેવું બન્યું છે, તો તેનો અર્થ એ છે કે, તે એક માનવ-કુટુંબ પેઠે વર્તે. તેનું અધ્યાત્મશાસ્ત્ર ગાંધીજીએ પોતાના જીવન અને કાર્ય દ્વારા જગતને ભેટ આપ્યું છે. નવી દુનિયા રચવાને માટેની ફિલસૂફી એ છે, એમાં શંકા નથી. એ આજે એમની જયંતીના પર્વે યાદ કરીએ.

[૨૭-૯-'૪૮]

૨

એક શિક્ષણશાસ્ત્રી તરીકે

ગાંધીજીની વિભૂતિ અનેકવિધ હતી. મૂળે જોતાં તે જીવનવીર હતા, જિજ્ઞાસુ હતા, સાધક હતા. "સંસારશું સરસા રહીને" સેવા દ્વારા સાચી જીવનસાધના થઈ શકે એમ છે, એમ એ માનતા હતા.

જીવન વિષે આ પ્રકારે જેની પાસે અમુક આમૂલાગ્ર દૃષ્ટિ, નિષ્ઠા અને તત્ત્વપરાયણતા હોય, તેની પાસે કેળવણી વિષે અચૂક અમુક દર્શન હોય જ. એટલે હું તો એમ કહું કે, ગાંધીજી ખરું જોતાં પ્રકૃતિસિદ્ધ કેળવણીકાર હતા. તેથી જ આપણને જોવા મળે છે કે, આખી જિંદગી તેમણે વ્યાપકમાં વ્યાપક અર્થમાં લોકની કેળવણીનું ખૂબ જ કામ કર્યું હતું, અને તે ભવ્ય નીવડ્યું છે.

ગાંધીજી મહાન લોકશિક્ષક હતા. હિંદી રાષ્ટ્રને પૂરી એક પેઢી એમણે તાલીમ આપી જાગૃત કર્યો. એ તાલીમ પણ અનોખી હતી. તે રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાની સાથે માનવતાવાદી હતી. આ તાલીમને પ્રતાપે, હિંદના બધા પ્રકારના પછાત વર્ગો તથા સ્ત્રી-જાતિ, મજૂર વર્ગ, વિદ્યાર્થી, વગેરે સહિત હિંદની આખી પ્રજા અપૂર્વ લોકશિક્ષણ પામી, કે જેને લીધે આજે આપણે દુનિયાની એક આગલી હરોળની સ્વતંત્ર લોકશાહી પ્રજા બન્યા છીએ.

કેળવણીના રૂઢ અર્થમાં પણ ગાંધીજી કેળવણીકાર હતા. એ વસ્તુ એમનાં કંઈ નહીં તો એ બે કાર્યો તો બતાવે છે કે, (૧) ૧૯૨૦ના ઑક્ટોબરમાં ગૂજરાત વિદ્યાપીઠની તેમણે સ્થાપના કરી અને (૨) ૧૯૩૭માં દેશને પાયાની કેળવણીના વિચારની અપૂર્વ ભેટ આપી.

આ બીજી વસ્તુને અંગે તેમણે કહ્યું છે કે, હિંદને એ મારી મોટામાં મોટી ભેટ છે.

હિંદમાં ૧૯૩૭-૩૮માં સ્વરાજનો ઉદય પ્રાંતોથી થયો. તેની સાથે સ્વતંત્ર હિંદ અને તેનું સ્વરાજ કેવું ઘડવું જોઈએ, એ વિચાર આપોઆપ આપણી સામે આવ્યો. ત્યારે ગાંધીજીએ પાયાની કેળવણી દ્વારા એનો જવાબ આપ્યો કે—

દેશની સમગ્ર જનતાને હવે કેળવવી જોઈએ. તેનો રસ્તો સ્વાવલંબી શોધ્યે જ છૂટકો. તે રસ્તો ઉદ્યોગ દ્વારા કેળવણીનો છે. તેમાં દેશની આંતરભાષા હિંદી એક ફરજિયાત વિષય તરીકે હોવી જોઈએ. બધું શિક્ષણ સ્વભાષાના માધ્યમથી જ થાય એ રીતે કામ કરતાં ૭-૮ વર્ષોમાં મૅટ્રિક જેટલા ભણતરમાંથી અંગ્રેજી ભાષા બાદ કરતાં સામાન્યપણે રહે એટલું જ્ઞાન દરેક બાળકને સહેજે આપી શકાશે.

સમર્થ કેળવણીકારો કહે છે, "અમને રાષ્ટ્રનાં બાળકો સોંપો, તો ગમે તે રાષ્ટ્રની શિકલ ફેરવી આપીએ." ડેન્માર્કની "ફોક હાઈસ્કૂલ"ના યોજનાકાર ગ્રુન્ડવિકે એની યોજના દ્વારા એ કામ કરી બતાવ્યું છે. હિંદમાં ગાંધીજીએ રજૂ કરેલી કેળવણીની કલ્પના પણ આપણા દેશ માટે આ પ્રકારની લાયકાત—તાકાત ધરાવે છે.

એ કલ્પનામાં શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ પણ અમુક નવદર્શન રહેલું છે. બર્ટ્રાન્ડ રસેલ, મોન્ટેસોરી, વગેરે પશ્ચિમના કેળવણીકારોના બાળકના વ્યક્તિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાતંત્ર્ય પર અતિભાર મૂકતા સિદ્ધાંતોએ યુરોપમાં અમુક ઢબની તાલીમ કે "ન્યૂ એજ્યુકેશન"ને જન્મ આપ્યો. બીજા વિશ્વયુદ્ધે આ પ્રયાણમાં એક ગંભીર ભૂલ બતાવી કે, બાળક સમાજમાં રહે છે એ અંશ પણ શિક્ષકોએ યાદ રાખવો જોઈએ; પ્રજાનું રાષ્ટ્રીય શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા પણ છે.

ગાંધીજીના કેળવણીદર્શનમાં આ વિચાર સહજપણે વણાયો છે. એ વિચારને અમલમાં મૂકવાને માટે જ તેમણે જીવનને માટે અનિવાર્ય એવાં ઉદ્યમ કે કારીગરીને કેળવણીનું માધ્યમ કરો, એમ કહ્યું. તો તે રસ્તે આપણે બાળકોનો સહેજે સર્વાંગીણ વિકાસ સાધવાની સાથોસાથ તેમને સમાજ-જીવન સાથે પણ વણી લઈ શકીશું.

ગાંધીજીનું આ ભવ્ય શિક્ષણ-દર્શન હિંદની કેળવણીમાં ઉતારવાનું ઊભું છે, એ એમની જયંતી નિમિત્તે યાદ કરીને તેને માટે તૈયાર થઈએ.

[૩૦-૯-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર

ગુરુદેવે પોતાનાં ૮૦ વર્ષની પૂર્ણાહુતિનું નિવેદન* 'સંકટગ્રસ્ત સંસ્કૃતિ' એ નામે પ્રસિદ્ધ કર્યું, ત્યારે કલ્પનાયે નહોતી કે, આવતે મહિને જ તે આ જગત છોડી જશે.

ગુરુદેવ જેવા મહાપુરુષ સમાધિ લે, તેનો શોક ન હોય. આપણે તો ઈશ્વરનો ધન્યવાદ ગાઈએ કે, તેણે આટલાં વર્ષ સુધી ગુરુદેવની પ્રસાદી આપણને આપી અને તેમની દ્વારા પોતાનો પેગામ પહોંચાડ્યો.

જગત-દરબારમાં ગુરુદેવ ગુલામ હિંદની મુખકાંતિ હતા. એમની શોભાએ હિંદ દેશપરદેશમાં—કાવ્ય, કળા અને દર્શન તથા સંસ્કૃતિ અને સાહિત્યના જગત-દરબારમાં —દરજ્જો પામ્યો. હિંદ-આકાશમાં ગુલામી, ગરીબાઈ અને અપમાન, અવદશાનાં વાદળો આવો અને જાઓ; એના અખંડ આત્માનું તેજ તો યથાવત્, પૂર્વનું જેવું હતું તેવું ને તેવું જ ઝળહળે છે, પતિત પૂર્વ હજી ગુરુપદે જ છે,—આ પ્રતીતિ જગતને તેમણે કરાવી.

એ રાજવી હતા. પણ હિંદના દુ:ખે દુ:ખી થયા; તેના અપમાનમાં પોતાનું અપમાન જોયું; અને આર્ષ દૃષ્ટિથી જગતને સંબોધ્યું કે, દુ:ખ અને અપમાન આપનારની આંતર અધમતા વધારે ભયાનક છે, કેમ કે એમાં માણસાઈનો હ્રાસ છે, પ્રભુની પ્રસાદીરૂપ માનવ-જીવનનું અપમાન છે. ૧૯૧૯-માં હિંદને અમૃતસરનો ઘા કરનાર સરકારે કવિહૃદયને ઘા કર્યો તેનું એને ભાન નહોતું. તેથી જ 'સર'નો ખિતાબ પાછો લેતાં તેને શરમ આવી: જગત આગળ સરકારને ઉઘાડી પાડવામાં એ કાર્યે મોટો ફાળો આપ્યો છે.

૧૮૫૭ના કાળ પછી હિંદ-સ્વરાજની સાધના વ્યાપક બની છે. અગાઉ તે માત્ર લશ્કરી હતી, એ મટી તે સાંસ્કૃતિક અને ધાર્મિક બની. ફરજિયાત

* જુઓ 'શિક્ષણ અને સાહિત્ય' ઑગસ્ટ ૧૯૪૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિ:શસ્ત્ર બનેલા હિંદે પોતાનાં સંસ્કૃતિ-બળ, પ્રજા-શકિત, અને શાંત સંગઠનબળે કરીને અંગ્રેજોના લશ્કરી કબજાને હીન અને અશકય ઠરાવી રદ કરવો જોઈએ. એવી સાધનાને સારુ ધર્મ, સાહિત્ય, સંગીત, કળા અને માનવતાનું તથા રાષ્ટ્રદેવનું અખંડ દર્શન જોઈએ. રાજદ્વારી બળો એ બધાને જોરે જ ગતિ અને શકિત પામે. આ જે પ્રચંડ શાંતિ-વિજયની સાધના, તેના એક અપૂર્વ સેનાની રવીન્દ્રનાથ હતા. એમનું યુદ્ધક્ષેત્ર માનવહૃદય હતું; અને જગતભરનાં માનવહૃદયોમાં એ ઝૂઝયા.

આવા જંગોનાં સ્થૂલ દર્શન ન હોય; એમને હિંસ્ર દારુણતા પણ ન હોય; એના વિજયો અજ્ઞાત અને સર્વતોભદ્ર હોય. એમાંથી વેરઝેર કે હતાશાની અધીરતા ન પડઘાય; એમાં જીતનાર અને હારનાર સરખા જ વિજયમત્ત બને.

આવા વિજયો સામાન્ય તવારીખમાં પણ નથી ચડી શકતા; યુગહૃદય પર તે અંકિત હોય છે. રવીન્દ્રનાથ એના આંકનાર હતા. હિંદનાં કેટકેટલાંય ક્ષેત્રોમાં કામ કરી રહેલા કર્મવીરોનાં હૃદયસિંચન એમણે પોતાનાં ગાન, કવન, લેખન, ભાષણ અને નવલકથનથી કર્યાં હશે, એનું વસ્તીપત્રક છે? આજે એ ગયા છે ત્યારે એ આપોઆપ દેખાય છે—હિંદમાં અને પરદેશોમાં સૌને એમની ખોટ જણાય છે.

પણ એ ખોટ કરતાં તો એમણે જે આપ્યું એની પૂર્ણતા ચડે છે. એને માટે પ્રભુને ધન્યવાદ આપીએ. અને નહિ કે એમની અપૂર ખોટ માટે રડીને આપણું પાજીપણું બતાવીએ.

[સપ્ટેમ્બર ૧૯૪૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

શ્રી રમણ મહર્ષિ

આજના નાસ્તિક અને વિજ્ઞાનજડ યુગમાં પણ, હિંદની ધાર્મિક અને આધ્યાત્મિક વિશેષતાનો આખા જગતને પરચો આપી શકે, એવી આજની ત્રણ વિભૂતિઓ એક પાશ્ચાત્યે જ ગણાવી હતી: ૧. શ્રી. અરવિંદ ઘોષ, ૨. શ્રી. રમણ મહર્ષિ, ને ૩. શ્રી. ગાંધીજી.

તેમાંથી ગાંધીજી પછી હવે એક બીજી વિભૂતિ નિર્વાણ પામે છે. એવાના જવાનો શોક કરવો શોભે નહિ. જોકે બુદ્ધના શિષ્યો પેઠે, શ્રી રમણ મહર્ષિનો પાર્થિવ દેહ જવાથી, તેમના શિષ્યો પણ દુ:ખ તો કરતા હશે.

શ્રી રમણ મહર્ષિ એક સાદા માણસ હતા; આજની ભણતરની કલ્પનાને હિસાબે ભાગ્યે જ તેમને ભણેલા પણ કહેવાય. પરંતુ ધર્મ અને અધ્યાત્મ-જીવન ભણતરનો વિષય નથી. નાની વયે તે સાધના કેડે નીકળી પડ્યા હતા અને ઉત્કટ પ્રેમભકિતથી તેમણે શાંતિ અને સ્વરૂપસ્થતા મેળવ્યાં હતાં, એમ એમના અનેક દર્શનાર્થીઓ અને ભક્તો પર છાપ પડી છે.

દક્ષિણમાં આશ્રમ સ્થાપી ત્યાં તે સ્થિર રૂપે રહેતા. તે બહુ પ્રવાસયાત્રા કરતા હોય એમ જાણ્યું નથી. આશ્રમમાં જઈ હરકોઈ એમનાં દર્શન કરી શકતા હતા. સૌ સાથે તે વાતો કરતા અને બધા જોડે એક પંગતે જમતા. ગો-સેવા એમનો એક શોખ હતો એમ સાંભળ્યું છે. સાદું નામસ્મરણ અને પ્રભુભજન એવો સંતોને લાધેલો સાદો આમ-માર્ગ તે ઉપદેશતા હતા. તેઓ ભજનો, સ્તોત્રો પણ રચતા.

આવા પુરુષો પાછળ રહેનારા લોકો તેમના આધારે સંપ્રદાય રચે એ એક આપણી જૂની ટેવ છે. આજનો જમાનો એ જાતની ભકિતને પોષવા જેવો નથી. શ્રી મહર્ષિના શિષ્યોએ આ સંભાળવું જોઈએ.

[૨૦-૪-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

પાંડીચેરીના યોગીરાજ

શ્રી અરવિંદ ઘોષ વિષે એક છાપાવાળાએ સાચું લખ્યું છે કે, એમના દેહાન્તની વાત માટે લોકની માનસિક તૈયારી નહોતી. સામાન્ય કારણ તો ઉઘાડું છે : અગાઉથી એમના માંદાસાજાની કશી ખબર જ નહોતી. પરંતુ એક બીજું કારણ પણ લાગે છે.

શ્રી અરવિંદનું જીવન અને તેનો પ્રવાહ વરસોથી એવો ચાલતો હતો કે, આવી ખબરની મનમાં અપેક્ષા ન ઊગે. અવારનવાર દર્શનના ખબરો છાપાંમાંથી મળે; છેલ્લાં કેટલાંક વરસોથી તે ઉપરાંત કોઈ કોઈ વાર અમુક અમુક બાબતો પર એમનો અભિપ્રાય આવી જતો.

પરંતુ તેમાંથીય લોકને એવી આશા ન બંધાતી કે, શ્રી અરવિંદ પાસેથી મહત્ત્વની બાબતો પર હવે કાંઈક તેમનું મન જાણવા મળી શકશે. મતલબ કે, તેઓ આ સૈકાની પહેલી વીશીમાં પાંડીચેરીમાં જઈ નિવૃત્તિમાં ડૂબી ગયા, ત્યાર પછી તેમને વિષે કાંઈક ગૂઢવાદી કે અગમનિગમની વાતોની અપેક્ષા રખાતી; અને આવા અનુબંધમાં મરણ કરતાં ચમત્કાર તરફની આપણા લોકો વધારે આશા રાખે છે. છેલ્લે તેઓ ગુજરી ગયા ત્યારે, ‘દેહ પ્રકાશ મારે છે, હજી તેમાં વિકાર નથી થતો,’ વગેરે વાતો આવી, તેથી કેટલાક તો એવીય ભ્રમણા સેવવા લાગ્યા કે, તે કદાચ સમાધિમાં તો ન હોય? બે દિવસ પછી ત્રીજે દિવસે દેહને ભૂમિદાહ કર્યો ત્યારે આ ગૂઢવાદજન્ય વહેમ ટળ્યો.

શ્રી અરવિંદ હિંદની ૧૯મા સૈકાની મહાન વિભૂતિઓમાંના એક હતા. આ મહા-પેઢીના બુજરગો એકે એકે વિદાય લેવા લાગ્યા છે. ગયે મહિને તેવા બે બુજરગો એક પછી એક ગયા — શ્રી અરવિંદ અને શ્રી. વલ્લભભાઈ પટેલ. સહેજે બંને વિષે ભેગો ખ્યાલ જાય છે. બેઉની મૂળ ઊર્મિ ઉત્કટ રાષ્ટ્રપ્રેમ અને તેને માટે મરી ફીટવાની તમન્ના ભરેલી હતી. પરંતુ એકે તેમાંથી યોગનું એકાંત ને નિવૃત્તિ લીધાં; બીજાએ એકનિષ્ઠ પ્રવૃત્તિ લીધી. આ પ્રવૃત્તિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી જેવા પૂર્ણયોગીની આગેવાની તળે, એક આધ્યાત્મિક ચીજ બની; તે વૈયકિતક અને સામાજિક આત્મશુદ્ધિના યજ્ઞરૂપ બની; જેની સિદ્ધિ રૂપે સ્વરાજ મળ્યું. શ્રી. વલ્લભભાઈ આ યજ્ઞના મહાન અધ્વર્યુ બન્યા. શ્રી અરવિંદ શરૂમાં બંગભંગના જમાનાના હિંસાવાદના એક તત્ત્વનિષ્ઠ નેતા બન્યા; જહાલ પક્ષને તેનાં કામો માટે તેમણે અધ્યાત્મ અને નીતિની ભૂમિકા આપી; અને તેને સફળ કરવા માટે શાંત અધ્યાપન-કાર્ય છોડી તે કાળના સ્વાતંત્ર્ય-યુદ્ધમાં કૂદી પડયા; અનેક નવજુવાનોને પ્રેરે એવાં ભાવમય કારણો હિંદના અધ્યાત્મ-શાસ્ત્રમાંથી યોજી આપ્યાં.

આમ એ યુગના રાષ્ટ્રકાર્યની ભાવનાસૃષ્ટિ પ્રેરનાર મહાચિંતકોમાં એક શ્રી અરવિંદ હતા. તેની ભૂમિકા હિંદુ તત્ત્વ-વિચાર અને પરંપરાથી વિશેષ રંગાયેલી હતી, એ સ્વાભાવિક હતું. આજે ગાંધીજીની આગેવાની તળે આવેલા અને પચાસેક ઉપરની ઉંમરના કેટલાય સેવકોએ શ્રી અરવિંદ ઘોષની આ ભાવસૃષ્ટિ અપનાવી હતી, કે જેનો કાંઈક પુનર્ભાવ ઈ. સ. ૧૯૪૨-૪૫ના યુગમાં કેટલાકની વિચારણામાંથી બહાર આવેલો જોવા મળ્યો હતો. હિંદ આજે શ્રી અરવિંદને યાદ કરે છે તેના મૂળમાં, આ સદીના પ્રથમ દસકાનું તેમનું એક કાવ્યરૂપ બની ગયેલું આ કાર્ય છે.

શ્રી અરવિંદની પ્રતિભાની આ એક બાજુ થઈ. તેની બીજી બાજુ તેમનું આંતર જીવન, કે જે એમને યોગસાધના તરફ લઈ જતું હતું. આનાં બીજ પણ તેઓ વડોદરા કૉલેજમાં અધ્યાપક હતા ત્યારનાં વવાયેલાં હતાં. ી. લેલે કરીને એક યોગાભ્યાસીનો સંસર્ગ એમને ત્યાં જ થયેલો; અને ંમાંથી એમના ચિત્તમાં યોગાભ્યાસમાં પડવાની વૃત્તિ પણ નિર્માણ થયેલી. પરંતુ જહાલ રાષ્ટ્રવાદનું પહેલું કામ અને એકાંત તથા ‘अरतिर्जनसंसदि’ ચાહતું આ બીજું કામ — એ બે વચ્ચે મેળ શોધવો કે તેમાં વિસંવાદ છે એમ માની બેમાંથી એકને વરવું, એ પ્રસંગ એમને માટે આવ્યો. ઈ. સ. ૧૯૦૮ની પ્રવૃત્તિઓને કારણે એમને રાજદ્રોહના આરોપથી પકડવામાં આવ્યા. સ્વ. શ્રી. ચિત્તરંજન દાસ જેવા સમર્થ દેશભકત વકીલે એમને બચાવવાનું બીડું ઝડપ્યું, અને તેમાં તે સફળ થયા. શ્રી અરવિંદના આ કાળનાં મનોમંથનો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી એવું નીતર્યું કે, તેથી રાષ્ટ્રવાદના કામની પ્રવૃત્તિ છોડીને તે ચંદ્રનગર ચાલ્યા ગયા અને ત્યાંથી પાંડીચેરી પહોંચ્યા, ને ત્યાં યોગાભ્યાસમાં એકરત થઈ છેવટ સુધી રહ્યા.

૧૯૨૦-૨૧ના યુગમાં અને ત્યાર બાદ વચ્ચે અમુક વખત, અને બાદ હમણાં સ્વરાજ આવવાનું થયું ત્યારે, એવી વાત સંભળાતી કે, શ્રી અરવિંદ પાછા કર્મભૂમિ પર ઊતરી આવે એમ બને. પરંતુ એ કેવળ લોકોની અપેક્ષા કે આશા જ બતાવનારી વાત ઠરી. તેઓ પાંડીચેરી જ રહ્યા, અને તેમણે ઈ. સ. ૧૯૨૬ પછી તો દર્શનના અમુક દિવસ બાદ કરતાં કોઈને મળવાનું પણ બંધ કર્યું. આ મંથનકાળમાં એમનાં ધર્મપત્ની મૃણાલિની દેવીને લખેલા પત્રો જોતાં જણાય છે કે, ગીતાકાર જેને ધ્યાનયોગ કે જ્ઞાનની ઉપાસનાનો યોગ* કહે છે, તે તરફ એ વળ્યા હતા. તે મહા વિદ્વાન અને સૂક્ષ્મવિચારક તત્ત્વજ્ઞાનીનું વલણ એ બાજુનું થાય, એ સહેજે સમજી શકાય એવું છે. મહત્ત્વની વસ્તુ એ છે કે, તે ક્ષેત્રને તેમણે શોભાવ્યું અને એમની પ્રતિભા તેમાં પણ સોળે કળાએ પ્રગટી.

આ જ પ્રકારનો પ્રશ્ન જીવનમાં ટિળક તથા ગાંધીજીને માટે પણ હતો. બંને પુરુષોની ઊર્મિ પણ મોક્ષ- અને ધર્મ-સાધનાની સાથે રાષ્ટ્રસેવા અને સ્વાતંત્ર્યની હતી. શ્રી. ટિળકે તો શ્રી અરવિંદના યુગમાં સાથે જ કામ કર્યું. ગાંધીજી તે વખતે આફ્રિકામાં કામ કરતા હતા. બંને સામે જેલયાત્રા અને પ્રવૃત્તિમય જીવનની કઠોર તપસ્યા આવ્યાં. તેમણે તેને પોતાની સાધનાના અંગમાં ગણી લઈ મેળ સાધ્યો. આ મેળનું સ્પષ્ટ ચિત્ર આપણને ગાંધીજીની જીવનયાત્રામાં મળે છે. એમનો વિવિક્તદેશ કે એકાંત — એમનો 'હિમાલય'

---

* જુઓ :

विविक्तदेशसेवित्वम् अरतिर्जनसंसदि ।
अध्यात्मज्ञाननित्यत्वम्, तत्त्वज्ञानार्थदर्शनम् ।।
ગીતા ૧૩, ૧૦-૧૧

विविक्तसेवी लघ्वाशी. . . .
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ।।
ગીતા ૧૮, ૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોમાં અને તેમની વચ્ચે રહી એકાગ્ર બની ‘ કરવું કે મરવું ’ એ રાહે ગોઠવાયો. પ્રવૃત્તિમાં નિવૃત્તિ એમણે જોઈ, અને એમ કરીને દેશમાં એક મહા મોટી વ્યાપક આત્મશુદ્ધિની સાધના આદરી. આવો કર્મયોગ શ્રી અરવિંદે છોડ્યો. તે નિવૃત્તિપરાયણ સાધનાને પંથે પળ્યા. તેમાં એમને અનેક અનુયાયી મળ્યા ને તેમાંથી એમની આશ્રમ-સંસ્થા ફૂલીફાલી. અને એની આસપાસ એક અમુક અધ્યાત્મદૃષ્ટિની ફિલસૂફી પણ ઊભી થઈ.

આ ફિલસૂફી તેમણે ‘ आर्य ’ પત્ર દ્વારા જગતને આપી. તેમાં એમણે જે લેખમાળાઓ લખી, તે પછીથી ગ્રંથો રૂપે બહાર પડી છે. એ એમની મહામૂલી ભેટ માટે અધ્યાત્મ-જગત એમને હમેશ યાદ કરશે. આ ગ્રંથોએ અને એમાં પડેલાં અધ્યાત્મ-અનુભવ-બિંદુઓએ જગતના અનેક સાધકનાં ધ્યાન ખેંચ્યાં. એમ હિંદની નામના જગતમાં થઈ. તેથી પણ જગતની નજરે હિંદ ઊંચું આવ્યું. આ શ્રી અરવિંદની સેવા નાનીસૂની ન ગણાય.

એમનું અધ્યાત્મદર્શન યોગના વિજ્ઞાનવાદ તરફની વધુ ઝીણવટભર્યું હતું. ધ્યાનયોગી ચિત્ત-વિજ્ઞાનને સહેજે પામી જાય છે. ચિત્તનાં જુદાં જુદાં અંગો અને તેના સંશોધનની પાયરીઓનું એક શાસ્ત્ર જ જાણે એ નિર્માણ કરે છે. એ બધાથી પર રહેલા એવા આત્મતત્ત્વની શક્તિ તેની નીચલી પાયરીઓમાં ઉતારવી, જેથી જગતમાં દિવ્ય જીવનનો અપૂર્વ સંચાર થાય, એમ શ્રી અરવિંદની યોગસાધનાની નેમ હતી. એમ એ સંચાર થાય તો તો જગત એકદમ પલટો ખાય, એમ એની પાછળ કલ્પના હતી.

આમાંથી કાંઈક ગૂઢ અધ્યાત્મશક્તિ-સંચારવાદનો ચમત્કારી સિદ્ધાંત તેમના કેટલાક અનુયાયીઓમાં સમજાયેલો જોવા મળે છે. થિયૉસૉફીમાં એક આવા ગૂઢ સંચારનું તત્ત્વ જોવા મળે છે, તેવું કાંઈક શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાન અંગે પણ જન્મેલું જણાય છે. આ શું હશે, એ તો તેમાં પડેલા જાણે. પરંતુ ગૂઢવાદના ઓઠા તળે અનેક આધ્યાત્મિક વહેમ તથા ભ્રમણામાં પડવાની ટેવવાળા આપણે લોકોએ એ સામે સાવધ રહેવું ઘટે. શ્રી અરવિંદ પાછળ અમુક ગુરુવાદ ઊભો થયો છે, તેથી આ પ્રકારની સાવધાનીની ખાસ જરૂર ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતારી પુરુષો જગતમાં આવે જ છે. દરેક પુરુષમાં અવતારતત્ત્વ આમ તો રહેલું જ છે. પણ જ્યાં કાંઈ વિશેષ વિભૂતિ, શ્રીમત્તા, ઊર્જિતતા (જુઓ ગીતા ૧૦-૪૧) પ્રગટેલી જણાય છે, ત્યાં હિંદુ માનસ વિશેષ અવતારભાવ માને છે અને ત્યાં ઈશ્વરભાવ અર્પે છે. પરંતુ આ આત્મલક્ષી ભાવ છે, વસ્તુલક્ષી ભાવ નથી, એ જો યાદ ન રહે, તો અવતારવાદ અને પંથો જાગી અધ્યાત્મને ઢાંકે છે, એ આપણા ધર્મના ઇતિહાસમાંથી જણાય છે. શ્રી અરવિંદ આથી પર ગણાય, પરંતુ એમના અનુયાયીઓએ આ નજરમાં રાખવાનું રહે છે. અસ્તુ.

આજે હિંદ સ્વતંત્ર થયું છે. શ્રી અરવિંદની મૂળ ભાવના આજે અંશત: સિદ્ધ થઈ છે. કોઈ પણ ઉન્નતિના પહેલા પગથિયારૂપ જે સ્વતંત્રતા, તે હિંદે આજે હાંસલ કરી છે. તેમાં પોતાની પ્રતિભાથી પૂરો ફાળો આપીને નિર્વાણ પામેલા આપણા મહાન દેશવાસી અને પરમ સાધક શ્રી અરવિંદને આપણી ભાવભરી અંજલિ અર્પીએ. તેમનું તેજ, તેમનો અક્ષર-દેહ હિંદની અધ્યાત્મ-મૂડીને વધારવામાં મદદ કરો. એવા પુરુષોનું તેજ હમેશ આપણા અંતરને અજવાળો.

[૨૨-૧૨-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY HARIDWAR

૭

લોકમાન્યનું તર્પણ

(૧)

હિંદની સ્વતંત્ર રાષ્ટ્રીયતાનું દર્શન કરાવનારના તર્પણનો દિવસ ઑગસ્ટ પહેલીનો છે. જે જમાનામાં મહાસભાની દૃષ્ટિ જવાબદાર રાજતંત્રથી પાર નહોતી ગઈ, અને હિંદ-બ્રિટનને ઈશ્વરે એકસાથે આણ્યાં છે એ જ આદર્શ-વાદ હતો, તે જમાનામાં હિંદી સંસ્કૃતિના આ અભિમાની પુરુષે હિંદને પોતાનો આદર્શ બતાવ્યો.

હિંદ સ્વતંત્ર રાષ્ટ્ર છે એ દર્શન પ્રથમ મહાસભાને આપનાર આ પુરુષ પોતે ભલે રાષ્ટ્રપતિ ન થયા; પરંતુ આઝાદ હિંદ એમને હંમેશ યાદ કરવાનું છે કે, રાષ્ટ્રને પોતાનું સ્વત્વ અને સ્વાભિમાન દર્શાવી તેના ગૌરવ પર પહોંચવાનો આદર્શ આ રાષ્ટ્રપુરુષે આપ્યો છે.

એ આદર્શ જોયા પછી જ આપણી મહાસભા એના જૂના ચીલામાંથી બહાર આવી. એ આદર્શની સિદ્ધિ હજી બાકી છે એ યાદ કરીએ, ને તેને માટેનો સંકલ્પ કરી કમર કસીએ, એ જ આજના દિવસનો તર્પણવિધિ છે.

[ઑગસ્ટ ૧૯૪૦]

(૨)

લોકમાન્યની પુણ્યસ્મૃતિને પવિત્ર દિવસે એમને યાદ કરીએ. એમની મહત્તા એમને યાદ કરતી આવી નોંધો કે મુલવણી ઉપર નથી અવલંબતી; બલ્કે એમને યાદ કરીને આપણે શોભીએ છીએ.

અને આજના વિષમ કાળમાં એ આપણને શો માર્ગ સૂચવે, એનાં લાંબાં ટૂંકાં અનુમાનોના ઘોડા દોડાવવા પણ વ્યર્થ છે. આજના જમાનાના આપણા નેતાઓએ પણ નહિ કલ્પેલા એવા પ્રશ્નો અને એવી આંટીઘૂંટીઓ હિંદના તેમ જ જગતના આ વિષમ કાળે ઉપસ્થિત થયાં છે, અને જતે દહાડે તેમાં વધારો જ થતો જાય છે. લોકમાન્યને ગુજર્યે ૨૨ વર્ષ થયાં. તે આ પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિમાં શું વિચારે, એ આકાશના ગ્રહો ગણનારા જોષી કરતાંય અધ્ધરિયું થાય.

પરંતુ, એક બાબતમાં તેમનો સ્થિર ઉપદેશ છે અને તે આપણને અચૂક માર્ગ ચીંધે છે. સ્વરાજ હજી મળ્યું નથી,—આપણો જન્મસિદ્ધ હક હોવા છતાં. જે કાંઈ કરીએ તે એ જન્મસિદ્ધ હકને અર્થે કરીએ. અને આજને પુણ્યપર્વે યાદ કરીએ કે, સ્વરાજ લેવું છે; પણ તેને માટે આપણે, આપણી પરિસ્થિતિ સમજીને, જે કરવું ઘટે તે કરીએ છીએ? પ્રામાણિકપણે અને હિંદ આખાની આઝાદી યાદ રાખીને વર્તીએ, એ જ આજે લોકમાન્યનું સાચું તર્પણ હોઈ શકે.

[ઑગસ્ટ ૧૯૪૧]

(૩)

આવતા મહિનાની બે તારીખો ખાસ યાદ કરવી જોઈએ : ઑગસ્ટ ૧લી અને ૧૫મી. ૧લી તારીખે લોકમાન્યની જયંતી છે; ૧૫મી તારીખે શ્રી. મહાદેવ દેસાઈની જયંતીની સાથે હિંદ સ્વતંત્ર બને છે તેની તારીખ પડે છે. આ બંને દિવસો આ વરસે ભારે ધામધૂમથી ઊજવાશે. કેમ કે હિંદના વરસોના પુરુષાર્થની ઈતિ આ તારીખે જોવા મળે છે. આથી કરીને, ચોમેર ગૂંચ-ગોટાળો અને સંકુચિતતાના ઝઘડાઓ દેખાતાં છતાં, હિંદની પ્રજા માટે આ તારીખ જરૂર આનંદની છે. તે તારીખથી હિંદ છેવટે પોતાના ઈતિહાસનું એક પાનું ફેરવી નવું જ શરૂ કરે છે.

હિંદમાં અંગ્રેજી રાજ્ય નિરાંતે હવે તપશે; અને એમાં ઈશ્વરી સંકેત રહેલો છે અને તે શુભ છે;—એવી માન્યતાવાળા આ સૈકાના પ્રારંભકાળે ધરમૂળથી તે મનોદશામાં ફેરફાર માગતી ઘોષણા લોકમાન્યે કરી. તેમણે કહ્યું કે, અંગ્રેજી રાજ્ય તો હિંદ જેવા પ્રાચીન ગૌરવશાળી દેશને માટે પરરાજ્ય છે; તે તેની સંસ્કૃતિને ઘાતક છે અને તેની પ્રજાનું સ્વમાન હણી તેજોવધ કરનારું છે; માટે આપણે તો સ્વરાજ જોઈએ અને તે આપણો રાષ્ટ્રીય આદર્શ હોઈ શકે.

આવો ક્રાંતિમય મંત્ર લોકમાન્યે જીવનભર જપ્યો અને તે એવો તો પ્રજાના માનસને પ્રિય પડી ગયો કે, હિંદી પ્રજાએ તેને તરતોતરત અપનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધો. એ મંત્રને સિદ્ધ કરવામાં આજે આપણે સફળ થયા છીએ, કેમ કે હિંદ હવે સ્વરાજ—રાજદ્વારી સ્વતંત્રતા મેળવે છે. લોકમાન્ય ઈ. સ. ૧૯૨૦ના ઑગસ્ટની ૧લીએ અહીંથી વિદાય થયા. તે વખતે રાષ્ટ્રે ગાંધીજીની આગેવાની તળે ઠરાવ કર્યો કે, સ્વરાજ-મંત્રના ઋષિ સમા આ મહાપુરુષનું સ્મારક એક જ હોઈ શકે અને તે એ કે, આપણે સ્વરાજ લેવું. આજ ૨૭ વર્ષે એ સંકલ્પ પૂરો થાય છે. તેથી લોકમાન્યની આ વર્ષની જયંતી ખાસ ધ્યાન-પાત્ર બને છે.

પરંતુ પૂછનાર પૂછે છે, શું સ્વરાજ મળી ગયું? સવાલ સાચો છે; તે વિચારવો જોઈએ.

એક એવું પણ બને છે કે, ઇચ્છિત વસ્તુ એવી તો મોટી અને વિરલ હોય કે ખરેખર તે મળે ત્યારેય મનને શંકા જ રહે કે, હેં, મળી જ હશે! ઉપરનો સવાલ આવી મનોભૂમિમાંથી નથી.

અને આવી ઇષ્ટ વસ્તુ મળે તો સહેજે બધે આનંદ અને ઉત્સવ હોય; તે કેમ નથી? મુસ્લિમ લીગમાં આજે વિજયનો ગર્વ અને આનંદ છે; તેવો કૉંગ્રેસી જનતામાં છે? ના, તો કેમ નથી? આથી પણ શંકા જાય કે, સ્વરાજ મળ્યું કે નહિ!

અને લોક તો તેમની રોજની જરૂરો કેવી રીતે સંતોષાય છે તે પરથી જ સ્વરાજ કે પરરાજનો કયાસ કરે. તેમને એ બાબતમાં આજે ફેર પડયો લાગે છે?

અને આવી બીજી અનેક રીતે સવાલ ઉઠાવી શકાય છે.

આ સવાલ એવડો મોટો છે કે તેનો જવાબ બરોબર વિચારવો હોય, તો એક પુસ્તક જ લખવું જોઈએ. એ તો હવે પછી ઇતિહાસકારો લખશે. અહીં ટૂંકમાં પતાવવું જોઈએ:

જવાબ એ છે કે, સ્વરાજ માટે જે ક્રાંતિ લોકમાન્યે શરૂ કરી, તે ક્રાંતિ જરૂર આજે પૂરી થવા આવી છે. દરેક ક્રાંતિની સફળતાનો પહેલો ભાગ સત્તાપલટો હોય છે. તે ભાગ આજે હિંદમાં પૂરો થતો આપણે જોઈએ છીએ. એ પલટો કરવાનું છેલ્લું સાધન લોકોની આઝાદ બંધારણ-સભા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે એવી સભા હિંદમાં કામ કરે છે અને તેને માટે વચગાળાની સરકાર સત્તા પર આવી છે.

એક બાજુથી આમ આશા અને જોર આપનારી આવી વસ્તુઓની સાથે તેની બીજી બાજુ પણ હોય છે, કે જે એથી ઊલટી જ અસર કરે. કેમ કે ક્રાંતિનો આવો સમય હમેશ ભારે અવ્યવસ્થા અને ભીતિથી ભરેલો હોય છે: કાલે સવારે શું થશે એ સવાલ પ્રજાને રહ્યા કરે છે. આવા ભયમાનસથી લોકમાં સંકુચિત સ્વાર્થ અને તકસાધુ વૃત્તિની નઠોરતા ઉપર આવે છે. તેને વશ થઈને લોકો ન કરવાનાં કામોય કરી બેસે છે. આથી એક વાર તો એમ લાગે છે, કે, ક્રાંતિકાળનું ઉદાત્ત ભાવનાબળ કોણ જાણે ક્યાં ગયું!

આવી પરિસ્થિતિને લઈને લોકોમાં સ્વરાજ આવ્યા વિષે શંકા જાગે છે અને સામાન્ય લોકને પોતાની રોજિંદી જરૂરિયાતોમાં જે વખા પડે છે તે પડતા હોય છે;—નહિ કે સ્વરાજ નથી આવ્યું માટે. સ્વરાજનો ઉદયકાળ આવા અંધારા પછી હોય છે. તે અંધારાનો લાભ લઈ ક્રાંતિનાં પ્રતિબળો પણ પોતપોતાનું સ્થાન જમાવવા મથે છે. આથી જ ક્રાંતિ સફળ થવા આવે તે જ ટાંકણે પ્રતિક્રાંતિનું બળ માથું ઊંચકે છે. આ બળ ક્રાંતિના મૂળ જોરને આધારે છતાં તેની નબળાઈ પર જીવે છે. જેમ કે પાકિસ્તાનની પ્રતિક્રાંતિ ૧૯૩૭-૩૮ના પ્રથમ ટૂંકજીવી સફળતાના કાળે જન્મી, અને દસ વરસમાં કૉંગ્રેસના જોરની જોડાજોડ ફૂલીફાલી.

આવા ખરા કસોટીકાળે હિંદની કૉંગ્રેસ સંસ્થા વધારેપડતી કોમી નીવડી. તે નબળાઈ પર પાકિસ્તાની પ્રતિક્રાંતિ ચડી વાગી શકી. અંગ્રેજ પ્રજાને એમાં વાંધો નહોતો, કેમ કે સ્વતંત્ર ભારત જેટલું નબળું અને પરાવલંબી જન્મે તેટલું એને પોતાના હિતમાં લાગે છે. ચર્ચિલ, ઍટલી ઇ. મુત્સદ્દીઓએ ગાંધીજીને પૂરા પૂરા ગાંઠવું ન જોઈએ; નહિ તો સ્વતંત્ર અખંડ હિંદને જોરે ગાંધીજી આજના જગતના આગેવાન ન થઈ બેસે? ગોરાના ગુરુભારમાનસને એ કદી સદે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપણે ગાંધીજીની ક્રાંતિની નીતિને નબળાઈથી જ સ્વીકારીને તે રીતે જ ખીલવી. પરિણામ જે આવ્યું તે આવ્યું છે. એક ઈતિહાસકારે ૧૯૦૫-૬ બાદ હિંદમાં જાગેલા રાષ્ટ્રવાદને હિંદુ રાષ્ટ્રવાદનો ઉદય કહ્યો છે. એમાં કેટલું તથ્ય છે તે આજે ઈતિહાસ જ બતાવે છે. એ રાષ્ટ્રવાદ આપણે સમજીબૂજીને કાંઈ કોમી કરેલો નહોતો; સમજ અને સંકલ્પ તો તેને ખરેખર કોમી એકતાવાળો એકરાષ્ટ્રીય વાદ કરવાનાં હતાં. પરંતુ એ આપણે સફળ ન કરી શકયા; તેથી ક્રાંતિની સફળતા તે પ્રમાણે આવી રહી છે. કર્મનો કાયદો એવો અચૂક અટળ હોય છે.

હવે ઑગસ્ટની ૧૫ મીથી આ ક્રાંતિનો બીજો તબકકો શરૂ થશે. તેનું મુખ્ય લક્ષણ એ છે કે, પહેલા તબકકામાં જેવી સર્વાધીશ સત્તાને માટે આપણે લડયા, તેવી તે પ્રમાણે આપણને મળે છે. હવે પછી તેનો ઉપયોગ કરીને આપણે આપણા દેશનું ભવિષ્ય ઘડવાને કામે ચડી શકીશું. પરરાજ્યની ધૂંસરીથી આ કામ થઈ શકતું નહોતું; એટલું જ નહિ, ગુલામીની સામાજિક અને માનસિક અવક્રિયાની માઠી અસર થતી હતી. એ બધું હવે અટકે છે. સાથે સાથે એ પણ ત્યારે યાદ રાખવું જોઈએ કે, એ અવક્રિયા આજે આઝાદીના જોરે ઉપર આવે છે. એમ આપણું રાષ્ટ્રીય માનસજળ સફળ ક્રાંતિને જોરે જરૂર ડહોળાયેલું છે; તેથી રખે આપણે તેને મૂળે જ ગંદું માની બેસીએ. ખામોશી અને ધીરજથી તેને નીતરવા દેવું જોઈશે; તેનો કચરો કિનારે આવે તેને દૂર કરવો જોઈશે; એ વગર આઝાદીની ગંગા નિર્મળ નહિ વહે. આ કામનો બીજો તબકકો શરૂ થાય છે, અને એમાં લોકમાન્યનું સાચું તર્પણ રહેલું છે.

[૧૮-૭-'૪૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ગુજરાતના શિરછત્ર

(૧)

તા. ૧૫-૧૨-'૫૦ના રોજ સવારે ૯ ઉપર ૩૭ મિનિટે સરદારશ્રી વલ્લભભાઈ પટેલે મુંબઈમાં દેહ છોડી. દોઢ જ મહિના પર દેશભરમાં તેમની ૭૬મી વરસગાંઠ ઊજવાઈ; ગુજરાતે તે પ્રસંગે મહોત્સવ માણ્યો. ગમે તેવી ઢીલી તબિયત છતાં, તે કારણે સરદારે સૌને મળવાનો લોભ જતો ન કર્યો ને આવ્યા. અને સારું થયું કે આવ્યા. ગુજરાતને તેમનાં દર્શન થયાં; જતા પહેલાં પોતે પણ આંખ ભરીને પોતાની મૂળ કર્મભૂમિ અને ત્યાંના પોતાના બધા જૂના સાથીઓને જોઈ શકયા. સ્થાપનાથી માંડીને આજ સુધી એકધારો રસ લઈ જે સંસ્થાઓનું સંવર્ધન અને પ્રગતિ સાધવા સતત મથ્યા, તેવી નવજીવન અને વિદ્યાપીઠ સંસ્થાઓના ઉત્સવ ઊજવ્યા. ગાંધીજીની પ્રેરણાથી નવજીવન ટ્રસ્ટે વરસોથી મનમાં સેવેલો સંકલ્પ પૂરો કર્યો; અને કુલપતિ તરીકે વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ શરૂ કરતા ગયા અને તેનું કામકાજ જોઈ જાણીને સંતોષ મેળવ્યો.

આ બધું એમને માટે, શાંતિથી જવાની તૈયારીમાં પ્રભુએ સંકેત્યું હતું, એ ત્યારે કોને ખબર હતી? એમને પોતાને ઊંડે ઊંડે એમ હતું ખરું કે, ફરી ન પણ મળીએ; એટલે એ તો મનમાં સૌની વિદાય લઈને જ અમદાવાદથી ગયા ત્યારે ગયા હશે.

ગુજરાતની 'ફૂલપાંખડી' સ્વીકારીને અમદાવાદથી દિલ્હી ગયા, ત્યારે તેમને મનમાં એમ હતું ખરું કે, હજી ગુજરાતના બીજા ભાગોમાં જવાનું બાકી છે, તે ફરી જાનેવારીમાં પૂરું કરીશ. એમ બે હપતે ગુજરાતનાં સૌ ભાઈબહેનો અને કાર્યકર્તાઓને મળવાનો ખ્યાલ હતો. પરંતુ દિલ્હી ગયા પછી તબિયતે પાછો ઊથલો ખાધો; અને તેમને મુંબઈ આણવામાં આવ્યા. આવીને બે દિવસ તો ઘણું સારું લાગ્યું. સૌને થયું કે, મુંબઈની હવા હવે ઠીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારો કરી આપશે. પણ એ તો ઓલવાતા દીવાનો છેલ્લો ઝબકારો જ હતો; ગુરુવારે રાત પછી તબિયત કથળી અને શુક્રવારે સવારે દેહ છૂટી ગયો.

દેશને માટે આ ઓચિંતી ખબર હતી. માંદા હતા, પણ આટલી જલદી લીલા સંકેલાશે, એમ નહોતું લાગતું. તેથી ખબર મળતાં દેશ ડઘાઈ ગયો. ૧૯૪૭થી દેશનું જે ઘડતર થઈ રહ્યું હતું, તેનો મોટો સ્તંભ તૂટી પડયો; ગુજરાતનું શિરછત્ર ગયું; ગુજરાતમાં ૧૯૧૫થી શરૂ થયેલો એક યુગ આથમ્યો, અને નવા યુગની મથામણ શરૂ થઈ.

ઈ. સ. ૧૯૧૫માં ગાંધીજી દેશમાં પધાર્યા, ત્યારે સરદારને અમદાવાદમાં ગોઠવાયે ત્રણ વરસ થવા આવ્યાં હતાં. ઘણા વકીલો કરતા આવ્યા છે એમ તે ગુજરાત કલબમાં પોતાનો ફાજલ વખત ટોળટપ્પા અને પત્તાં-ટીચણીમાં ગાળતા. પણ એમના હૃદયમાં ઊંડી આગ હતી. તે ટિળક મહારાજના ભક્ત હતા. સ્વરાજ માટે બળબળતા દેશભક્ત હતા. પણ કરવું શું? ત્રાસવાદીને રસ્તે જતાં શું વળે? અને બોલ બોલ કરવાથી કે તીખા તીખા ઠરાવો કરવા-માત્રથી પણ શું વળે? એ બધાની વ્યર્થતા સાફ જણાતી હતી. તો પછી રસ્તો શો?

પહેલેથી તે ઓછાબોલા અને ઝાઝા-કરવૈયા હતા. કેવળ શબ્દોના બખાળા કાઢવા ને તે રીતે અંતરની આગની બળતરા કાઢવી, એ એમનો માર્ગ નહોતો. દેશના સેવકોમાંથી ગાંધીજીમાં એમણે પહેલવહેલું એ દૈવત જોયું, કે જેમાં કરી દેખાડવાનો પૂરો અવકાશ મળે અને હથેળીમાં માથું લઈને કામ કરવા મળ્યું એવી ટાઢક બળબળતા દિલને મળી શકે. ગાંધીજી વિષેના વલ્લભભાઈના આ દર્શને એમને વટલાવ્યા; જે ખોટના માર્યા પોતાના અંતરની આગને પત્તાં ટીચીને ઢાંકતા, તે ખોટ પુરાઈ; અને તેની સાથે એમના જીવનનો નકશો દોરાઈ ગયો.

વલ્લભભાઈને પોતાના દિલનું કામ મળ્યું; અને વધારેમાં તો એ કે, તેને કરવાને માટે પોતાની સ્વભાવસિદ્ધ રીતને માટે ક્ષેત્ર મળ્યું. વલ્લભભાઈએ આખી જિંદગી જે કાંઈ કર્યું તેની પાછળ ગાંધીજીની કાર્યપદ્ધતિએ તેમના જીવનમાં કરેલો આ જાદુ મૂળમાં રહેલો છે. અને તેથી જ કરીને ગાંધીજીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહને કારગત કરવા માટેની પદ્ધતિ સરદારસાહેબ યોજી શક્યા. ગુરુને ચેલો મળ્યો એટલું જ નહીં, ચેલાને ગુરુ પણ મળ્યા. અને ચેલાએ ગુરુમંત્રની શકિત પ્રકટ કરી બતાવી.

સ્વરાજ લાવવાને માટે કરવું શું? લડવું કેવી રીતે? પ્રજાને તે વિષે તાલીમ શી રીતે આપવી? આ સવાલ કેવળ સરદારનો જ નહોતો. ૧૯૧૫ પછી તે સવાલ કૉંગ્રેસ અને આખા દેશનો હતો. તેથી જ એનો જવાબ મળતાં ગાંધીજી અને તેમની સાથે સરદાર એકદમ અખિલ હિંદની ભૂમિકામાં પહોંચી ગયા. સરદારે ગુજરાતનું કામ સંભાળી લઈ ગાંધીજીને દેશના વ્યાપક ક્ષેત્રને માટે નવરાશ કરી આપી. ગાંધીજીનાં ગુજરાતનાં બધાં કામોને સંભાળવાં ને જાળવવાં, એ સરદારનું સહજ કાર્ય બની ગયું.

આ કામોમાં પડેલાં નાનાં મોટાં બધાં ભાઈબહેનોના બહોળા કુટુંબના તે એક આપ્તજન બન્યા. આ કામ કરવાને માટે તેમણે ગુજરાત પ્રાંતિક સમિતિને વાળી અને એની સાથે તે સમિતિ પણ વધી અને ગુજરાતની પ્રમુખ પ્રજાકીય સંસ્થા બની. નાનાં મોટાં બધાં સેવાકાર્યો આ સંસ્થાની પાંખ તળે રહી હૂંફ મેળવતાં થયાં. આથી ગુજરાતમાં એક સર્વસમન્વિત ઢબે સમગ્ર રચનાકાર્યક્રમ કરવા માટેનું તંત્ર ઊભું થઈ શક્યું. રચનાકાર્યો મારફત પ્રજાશરીરની તાકાત બાંધી શકાય અને તેનું હીર પ્રગટ કરી શકાય, એ પ્રકારની ખાતરી ગુજરાત દેશને આપી શક્યું, તે શ્રી. વલ્લભભાઈની આ સંગઠન-શકિત અને કુટુંબભાવથી કામ કરવાની રીતને આભારી છે. આથી કરીને, જેમ કામ થયું તેમ જ તે કરનારા પણ જાગતા ગયા, અને ઉપરની પદ્ધતિને પ્રતાપે તેઓ જામ્યા અને સહેજે એકજૂથ બન્યા.

પણ આ બધામાં એક મોટી શરત હતી. તેને જે ન સમજે, તે સરદારને નહીં સમજી શકે. એ હતી સ્વરાજની. રચનાત્મક કાર્યક્રમનાં બધાં કામો કરવા જેવાં છે; તેમાં ભારોભાર દરિદ્રનારાયણની સેવા રહેલી છે, દયા રહેલી છે, રાષ્ટ્રપ્રેમ રહેલો છે. પરંતુ તેની પાછળની દૃષ્ટિ રામકૃષ્ણ મિશન જેવી કેવળ આધ્યાત્મિક, કે ભારત સેવક સમાજ જેવી કેવળ સામાજિક સુધારણાની નહીં, પરંતુ સ્વરાજ મેળવવાને માટે આત્મશુદ્ધિ કરીને પ્રજાને સ્વાવલંબી ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળવાન કરવાની હતી. જે કાર્ય કે તેને કરનાર વ્યક્તિ કે સંસ્થા ગાંધીજીના મૂળ મંત્રના આ કીલકને ન સમજે, અથવા તો તેને સંભાળીને પોતાનું કામ ન કરે, તેને સરદારની નજરમાં સ્થાન ન મળી શકે.

સરકાર પોતાની નથી; તે છતાં આપબળે પ્રજા પોતાનાં કામો કરી શકે;—આ વસ્તુ સરદારે રચનાકાર્ય દ્વારા કરી બતાવી. તેમ કરવા માટે ગુજરાતને માટે બધી જોગવાઈ રાખવામાં તેમણે મણા ન રાખી, કે જેથી કાર્ય કરનારાઓને વિમાસણ વેઠવી ન પડે. નાનાંમોટાં રચનાકાર્યોમાં પરોવાઈ જઈને મંડયે રહેનારા કેટલાક કાર્યકર્તાઓ સરદારની આ મૂળ દૃષ્ટિ જોઈએ તેટલી પામી નહોતા ગયા. આથી કેટલાક એમેય માનતા કે, સરદારને ગાંધીજીનાં રચના-કામો ગમતાં નથી. છેલ્લે છેલ્લે દેશમાં કેટલાકે તો એટલે સુધી કહેવા માંડયું કે, સરદાર તો હવે ગાંધીજીનાં કામો સામે જોતા નથી!

આ ખ્યાલો સરદારનો મૂળ સંકલ્પ ન સમજાવાથી પેદા થયા છે પ્રત્યક્ષ જે કાંઈ જરૂર હોય તેને મોજૂદાં સાધનો વડે પહોંચી વળીને પણ પ્રજાના સ્વરાજની તાકાત વધારવી, તો સૌ વાનાં સારાં થશે, એ એમની મૂળની સાદી સમજ છે. અને સામાન્ય ગુજરાતીની પણ વહેવાર માટે એ જ સમજ હોય છે. તેથી જ સરદારને ગુજરાતના બધા વર્ગો પોતાના કરી શકતા હતા.

આ વહેવારુ સમજમાં સરદારે એક વસ્તુ ઉમેરી લીધી તે એ કે, આ સમજ ગાંધીજીના આદર્શ ખાતે અર્પણ કરવી. તેથી જ કરીને સરદાર લોકશાહી વિચારણાને હંમેશ ચાહતા અને તે એમને પ્રિય હતી. એટલું જ નહીં, લોકશાહી ઢબ એટલે કેવળ પોચકાપણું નહીં; તેમાં પણ શિસ્તબદ્ધ કાર્યપ્રવરતા રહેલી છે, એ વસ્તુ તે ગુજરાતને દેખાડી શકયા.

૧૯૪૭ પછી—એટલે કે, દેશની રાજદ્વારી લગામ દેશવાસીઓના હાથમાં આવ્યા પછી સરદારે પોતાની મૂળ વસ્તુને જ આગળ ચલાવી. નવા સંજોગોનો તેમાં ઉપયોગ કર્યો ને તદનુરૂપ કામો ઉપાડયાં એટલું જ. એમને મન મૂળ વાત એક જ હતી—દેશની શક્તિ વધારવી અને તેના કલ્યાણનાં કામો કરવામાં તેને વાળવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક લોક કહે છે કે, સરદાર ૧૯૪૭ પછી બીજા જ દેખાયા; તે મોટા રાજ્યપુરુષ બન્યા. આ અર્ધું સાચું છે. પરરાજ્યમાંથી સ્વરાજ આવ્યું તેથી સરદારની મૂળ શક્તિ બીજા રૂપે જોવા મળી એ ખરું. બાકી '૪૭થી સરદારનું કામ એક જ હતું. દેશની તાકાત હવે કયાં કામો કરીને વધારવી? દેશી રાજ્યોને વ્યવસ્થિત કરી લેવાં જેથી ભારત અખંડ બને, નોકરશાહીને હાથમાં લેવી, વગેરે કામો એક પછી એક ઉપાડવા પાછળ આ નજર રહેલી હતી. આ બધાં કામો એમના લાગનાં હતાં; તેમને એની હથોટી હતી. મોટું કામ રહેતું હતું દેશની અર્થ-વ્યવસ્થા સાબૂત કરવાનું. આ કામ મોટું છે, અટપટું છે. સરદારનું લક્ષ એમાં પણ હતું. એને પહોંચી વળવા માટે દેશ એકતંત્ર બની વ્યવસ્થિત ને સંગઠિત તો રહેવો જોઈએ. એ વગર લોકશાહી પણ ન જ નભે, અને કામ તો કાંઈ જ ન થાય. આ સાદી લોક-સમજ સરદારે વ્યાપક એવા સામુદાયિક ક્ષેત્રમાં ઉતારી.

છેલ્લે છેલ્લે તે આ કામમાં હતા. તેમાં તેમને હમેશ ગાંધીજી યાદ આવતા હશે. તે હોત તો કેટલું કામ થાત! — એમ એમને છેલ્લાં ગાંધી-વિહોણાં વરસોમાં લાગ્યા કર્યું છે. પણ એથી એમને એમ થતું કે, આ કામ કરવાનું મૂકીને બાપુજી ગયા છે; તે કરવા માટે હું જો જીવું છું તો જીવું છું.

પહેલો હૃદયરોગનો પ્રસંગ બન્યો, ત્યારે શ્રી. સુશીલા નય્યર પાસે હતાં; તેમણે ચાંપતા ઉપાય યોજી તે પ્રસંગને વાળી લીધો. પણ એ તો એમ જ કહેતા કે, 'બાપુ પાસે પહોંચી જવામાં તું આડે આવી. ઠીક છે. પ્રભુ હજી બાપુનું કામ બાકી છે તે કરાવવા માગતો હશે.' અને પાછી એમણે ગાંઠ વાળી ને ગમે તેવી તબિયત છતાં કામે વળગ્યા. બે વરસ ખેંચી કાઢયાં. તેનું મોટું શ્રેય તેમનાં સુપુત્રી શ્રી. મણિબહેનને જાય છે. એમણે એમને માતાની જેમ છેલ્લાં કેટલાંય વરસોથી સંભાળ્યા છે. પાંચ દસ સેવકો મળીનેય કામ ન દઈ શકે તેવું ને તેટલું કામ એમણે કર્યું છે. બાપુને શું કયારે જોઈએ તે તેમણે કહેવા ઉપર રાખ્યું જ નહિ; જે જયારે જરૂરનું હોય તે વગર કહ્યે પૂછયે મળ્યા જ કરે, એવી સદા જાગ્રત સેવા કરી. આને માટે દેશે એમનો આભાર માનવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છેવટે કદાચ એમના મનમાં ઊંડે ઊંડે અમુક ઉદાસભાવ આવ્યો કે શું? નહિ તો આમ ઓચિંતો દેહ ન પડી જાત. તેમનું કાઠું હજી બે-ચાર વરસ કાઢત. પણ એમ ઈશ્વરને ન રુચ્યું. એણે એમને લઈ લીધા. અને કોને ક્યારે લેવા એની વેળા તો એ જ જાણે છે ને? સરદાર એણે નિર્મેલી ઘડીએ જ ગયા. તેમાં જ સૌએ સારું માનીને આગળ ચાલવું જોઈએ. સરદારનો મોટામાં મોટો જીવન-બોધ હોય તો એ છે.

ગુજરાતના શિરછત્ર એ હતા. એમણે ગુજરાતને એક બની કામ કરવાનો પાઠ શીખવ્યો છે; અને આ કામ સ્વરાજને વફાદાર હોવું જ જોઈએ. એમાં આંધળો પ્રાંતવાદ કે પાગલ કોમવાદ ન હોઈ શકે, એ પણ સરદારની જ શીખ હતી. અને જેઓ એમને પ્રાંતવાદી કે કોમવાદી માનતા હશે, તેઓ સરદારને ઓળખતા નથી. તેવા એ હોત તો જે કામ તેમણે કર્યું અને જે પદે પહોંચ્યા, તે સંભવી જ ન શકત.

તે વીરકર્મી હતા; વાસ્તવિક પ્રત્યક્ષતાને સમજવામાં બાહોશ હતા; માનવીની પરખ તો ગાંધીજી કરતાંય કદાચ એમની પાસે વધારે હશે; અને તે ભક્તહૃદયવાળા હતા. જીવનભર દેશની ભલાઈનાં કામોમાં તે ખડે પગે રહ્યા, અને તે કરતાં કરતાં અંતિમ આરામને માટે સૂતા.

તે ક્ષત્રિય હતા. ગીતાકારે કહેલાં ક્ષાત્રકર્મો એમની પ્રકૃતિમાં જડાયેલાં હતાં —

शौर्यं तेजो धृतिर्दाक्ष्यम् युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ।।

એમના જેવા પુરુષોની જ્યારે ખૂબ જરૂર છે, ત્યારે તે ગયા. પણ ટિળક મહારાજ પેઠે એમને ખાતરી હતી કે, હિંદમાતાની કૂખેથી જોઈતા નરવીરો મળ્યા જ કરશે. એવા આપણે સૌ બનવા મથીને આ વીર દેશ-ભક્તનું તર્પણ કરી શકીએ. તેઓ તો અત્યારે એમના મહાદેવ અને બા-બાપુની પાસે, જેમ જેલમાં જોડે હતા તેમ, અનંતતાની કેદમાં પહોંચી ગયા હશે. અને ત્યાં રહ્યા એમેય કદાચ તે પૂછતા હોય, 'કેદમાં તમે દુનિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર રહેલા છો કે અમે?' એમનો જીવન-પાઠ યાદ કરીએ તો સરદાર સદાય આપણી પાસે જ છે. એ પાઠ આપીને સરદાર અમર થયા છે.

[૨૯-૧૨-'૫૦]

(૨)

ગયા માસની ૧૫મી તારીખે દેશે સરદાશ્રીની પહેલી જયંતી ઊજવી. એ વખતે સરદાશ્રીનું દેશ પર કેટલું ઋણ છે તે, આજના સંજોગોની ભૂમિકામાં, વિશેપ સમજાય છે. દેશનો હવાલો અંગ્રેજોએ કૉંગ્રેસને સોંપ્યો. કૉંગ્રેસે સર્વ પક્ષોમાંથી લાયક વ્યકિતઓને મદદમાં લઈ, દેશનું બંધારણ ઘડવા સભા રચી. અને પ્રજાના વતી જે સુપરત તેને મળી હતી, તેને બંધારણીય સ્વરૂપ આપવાનું કામ શરૂ કર્યું. આ કામ કરવા માટેની પૂર્વતૈયારી કરવાનું મહા-ભારત કામ સરદારને શિરે આવ્યું.

પાકિસ્તાન હિંદુસ્તાન વચ્ચે હિંદની વહેંચણી કરવાનું કામ વરસો ખાય એવું ગણાય, તે સરદારે એમની અજબ વ્યવહાર-દક્ષતા અને તોડ કાઢવાની કુશાગ્ર કાર્યશકિતથી થોડા માસમાં ઉકેલ્યું. એ એક કામનો કેટલો બધો હૈયાબળાપો અને અજંપો આજ હોત? તે એમણે ખરે વખતે પરવારી લઈને દૂર કર્યો. એ કામને માટે આજે વાતાવરણ નથી.

તેવું જ બીજું કામ સિવિલ સર્વિસ વિષે ઉકેલનું છે. ગોરાઓ વિદાય થયા. તેની સાથે દેશને જવાબદાર સિવિલ સર્વિસ ઊભી કરી એટલું જ નહીં, કસાયેલા જૂના હજારો નોકરો જવા છતાં તંત્રને તૂટવા ન દીધું અને નવાને ગોઠવી દીધા. આ કામનાં મીઠાં ફળ અજાણપણે પણ દેશે સારી રીતે ચાખ્યાં છે.

તેવું જ કામ લઘુમતીઓ અને દેશી રાજાઓનું હતું. અંગ્રેજી રાજ્યે આ સવાલની મારફતે દેશને ગૂંચવ્યો હતો અને કબજે રાખ્યો હતો. એ સવાલનો સમૂળગો છેદ ઉડાડી એકચક્રે દેશનું સંગઠન કરી આપવાનો આખો યશ સરદારશ્રીને જાય છે. તે વખતે આ ઉકેલને માટે યોગ્ય વાતાવરણ હતું. તેનો એ કાબેલ પુરુષે પૂરો લાભ લીધો, અને પોતાની અદ્વિતીય પ્રતિભાથી એનો ઉકેલ યોજી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદનું બંધારણ ઘડવામાં આ પાયાનાં સંગઠનકાર્યોએ મદદ આપી. તે ન મળી હોત, તો એ કામ જેવું સારી રીતે ઊકલ્યું તેવું ન બનત. ભાષાવાર પ્રાંતરચનાનો એક મુદ્દો આપણે પરવારીને ઊંચો ન મૂકી શક્યા, તે અહીં યાદ આવે છે. એમાં પણ સરદારશ્રીએ પ્રયત્ન તો સારી પેઠે કર્યો. પરંતુ એ ગાંઠ આપણાં પ્રાંતિક મનમાં હોઈ, તેને માટે જરૂરી વાતાવરણ નહોતું. આથી એ વિષે આગળ કેવી રીતે કામ કરવું એટલું જ કહીને બંધારણને અટકવું પડયું. પણ એવાં ગંઠાયેલાં મનથી દેશનું કામ ચૂંથાઈ ન જાય, એ તો સંભાળવાનું હતું જ. સરદારે એ કામ કર્યું, એ પણ એમની નાનીસૂની તારીફ નથી.

ગાંધીજી સ્વરાજ લાવ્યા એમ કહીએ, તો સરદારે તેને સંગઠિત કરી આપ્યું, એમ ઇતિહાસ જરૂર કહી શકે.

[૨૧-૧૨-'૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

સર ફીરોઝશાહ મહેતા શતાબ્દી

આ માસની ૪થી તારીખે સર ફીરોઝશાહની ૧૦૦મી જયંતી દેશમાં, ને ખાસ કરીને મુંબઈમાં, ઊજવાઈ. આપણે ત્યાંનું શિક્ષણ અને જાહેરજીવન એવું દબાયેલું અને એક-ઢાળિયું છે કે, સર ફીરોઝશાહ જેવા હિંદના એક અઠંગ લોકનાયકની શતાબ્દી સહેજે યાદ નથી આવતી. આપણો અર્વાચીન ઈતિહાસ ઘડનાર આ એક પુરુષ-સિંહ વિષે આમ-પ્રજામાં જે સ્વાભાવિક જાણ અને તજ્જન્ય આદર અને ઉમળકો હોવાં જોઈએ, તે દેખાતાં નથી. નહિ કે તેનું કારણ આ મહાપુરુષની મહત્તા કમ છે કે આપણી પ્રજા નગુણી છે; એનું કારણ આપણા દેશના આધુનિક ઈતિહાસનું ને તેના ઘડવૈયાઓનું પ્રજાવ્યાપી અજ્ઞાન છે.

જે જ્વલંત ઈતિહાસ આપણી પ્રજાએ ૧૮૫૭ બાદ ઘડયો છે, તેના વીર આદ્યનેતાઓમાંના એક સર ફીરોઝશાહ હતા. લૉર્ડ કર્ઝન જેવા તુમાખી-ભર્યા ગવર્નર-જનરલનેય ન ગાંઠનાર ને ઊંચે માથે તેની સામે દેશના હિતાર્થે ઝૂઝનાર એ હતા. મુંબઈ શહેર અને યુનિવર્સિટી તેમની સેવાઓ ભૂલી ન શકે એવી ચિરંજીવી તે છે.

સર એચ. પી. મોદી સર ફીરોઝશાહની તેમણે લખેલી જીવનકથામાં અંતે લખે છે: "સત્તાવાળાઓ તેમ જ સંગીન ને પદ્ધતિસર થતી પ્રગતિના શત્રુઓ, બેઉ તેમનાથી બીતા ને બેઉને તે ગમતા નહિ: ખરેખર, આપણા રાજદ્વારી તથા શહેરી જીવનના હિતાર્થે, તે એક મહાન પ્રભાવમૂર્તિ હતા."

એવા એ મુંબઈના 'બેતાજ બાદશાહ'નાં વીરતા અને દેશપ્રેમ આજ પણ આપણે માટે પાઠ લેવા જેવા ગુણો છે. ફીરોઝશાહનો જીવનકાળ એટલે (૧૮૪૫-૧૯૨૫) આપણી પ્રજાકીય ઉન્નતિનો ઈતિહાસ-કાળ. આ ઈતિહાસ હવે પ્રજામાં સામાન્યપણે પહોંચતો કરવો, એ આ મહાપુરુષોનું સાચું તર્પણ છે.

[ઑગસ્ટ, ૧૯૪૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

દેશબંધુ શ્રી. ચિત્તરંજન દાસ

આ સદીના પ્રારંભથી હિંદની સ્વતંત્રતા માટે આજીવન લડનાર મહાન હિંદીઓમાં બંગાળાના દેશભકત શ્રી. ચિત્તરંજન દાસ એક મુખ્ય હતા. દેશે પ્રેમથી તેમને 'દેશબંધુ'નું વહાલસોયું ઉપનામ આપ્યું હતું. એમનો જન્મ ૫ મી નવેમ્બર ૧૮૭૦ની સાલમાં કલકત્તામાં થયો હતો.

દાસ કુટુંબ ઉદાર સખાવત માટે પ્રસિદ્ધ હતું. લાખો રૂપિયાની કમાઈ થતી હતી અને લાખો રૂપિયા છૂટે હાથે વપરાઈ જતા હતા. શ્રી. ચિત્તરંજન દાસના પિતા શ્રી. ભુબનમોહન દાસ કલકત્તાની વડી અદાલતમાં ઍટર્ની હતા. તે જેટલું કમાતા હતા તેથી વધારે અતિથિસત્કાર વગેરેમાં ખરચતા. એમનું આતિથ્ય બંગાળામાં ઉદાહરણરૂપ ગણાતું હતું. તે અર્થે ખર્ચ કરવામાં તે પાછું વાળીને જોતા પણ નહીં. પરિણામે તેમને હજારો રૂપિયાનું દેવું થયું હતું અને છેવટે તેમને ૧૯૦૬માં નાદારી નોંધાવવી પડી હતી. પિતાના આવા દોલા જીવના સંસ્કાર દેશબંધુમાં પણ ઊતર્યા હતા.

શ્રી. ચિત્તરંજનના શિક્ષણનો પ્રારંભ ભવાનીપુરની મિશન સ્કૂલમાં થયો હતો. ૧૮૮૬માં ૧૬ વર્ષની વયે મેટ્રિક થઈ તે પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા. ૧૮૯૦માં ગ્રૅજ્યુએટ થઈને તે આઈ. સી. એસ.ની પરીક્ષા આપવા માટે વિલાયત ગયા.

૧૮૯૨માં બ્રિટિશ પાર્લમેન્ટની ચૂંટણી હતી. તેમાં શ્રી. દાદાભાઈ નવરોજી આમની સભામાં ઊભા રહ્યા હતા. દાસબાબુએ એમાં પ્રચાર અર્થે ઝંપલાવ્યું અને ખૂબ ઉત્સાહથી કામ કર્યું.

ચૂંટણી-જંગના એક ભાષણમાં પાર્લમેન્ટના એક સભ્ય મિ. મૅકલિને એમ કહ્યું કે, "અમે હિંદુસ્તાનને તલવારને બળે જીત્યું છે અને તલવારને બળે જ એને કાબૂમાં રાખીશું." દાસબાબુથી આ સાંખ્યું ગયું નહીં. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉદ્‌ગારો સામે સખત આંદોલન જગાવ્યું અને ભાષણો તથા લેખો દ્વારા મિ. મૅકલિનના ભાષણને ખૂબ વખોડી કાઢ્યું.

આવા મિજાજનો માણસ સનંદી નોકરીમાં શી રીતે પાસ થઈ શકે? દાસબાબુ સરકારની આઈ. સી. એસ. માંથી નીકળી ગયા અને દેશની 'આઈ. એન. એસ.'—રાષ્ટ્રસેવામાં જોડાવા મોકળા થયા. પછી તેમણે બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરી અને ૧૮૯૩માં તે હિંદ પાછા ફર્યા તથા કલકત્તાની સદર અદાલતમાં બૅરિસ્ટર તરીકે જોડાયા.

બાદ ૧૮૯૭માં તેમનાં લગ્ન શ્રીમતી વાસંતીદેવી સાથે થયાં. શરૂઆતમાં બૅરિસ્ટરના ધંધામાં દાસબાબુને જોઈએ એવી સફળતા મળી ન હતી, તેથી તે જરા નાસીપાસ થયા હતા. પરંતુ શ્રી. વાસંતીદેવીએ પોતાના પ્રેમાળ સ્વભાવથી તેમને પ્રોત્સાહન આપ્યું હતું, અને તેમની નિરાશા દૂર કરી હતી.

તેમના બૅરિસ્ટરના ધંધાને ફટકો લાગે એવો ભારે બનાવ તેમના પિતાએ ૧૯૦૬માં નાદારી નોંધાવી હતી એ હતો. આર્થિક ભીંસ અને પ્રતિષ્ઠા પર ઘા,—આ બે કારણોને લીધે દાસબાબુ ખૂબ મુશ્કેલીમાં આવી પડ્યા. પરંતુ તે હિંમત હાર્યા નહીં. ખૂબ ધીરજથી તેમણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું અને મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે, કોઈ પણ હિસાબે, કુટુંબને લાગેલું આ કલંક મારે ભૂંસી નાખવું.

આ અરસામાં ૧૯૦૫ની સાલમાં તે વખતના વાઈસરૉય લૉર્ડ કર્ઝને બંગાળાના ભાગલાની નીતિ અખત્યાર કરી. આ સામે બંગાળામાં ભારે ઊહાપોહ જાગ્યો. શ્રી. રવીન્દ્રનાથ ઠાકુર, શ્રી. આનંદમોહન બોઝ, શ્રી. સુરેન્દ્રનાથ બૅનરજી વગેરે અગ્રગણ્ય વ્યકિતઓએ ભાગલા સામે પોતાનો વિરોધ જાહેર કર્યો અને પરિણામે સ્વદેશીની હિલચાલ શરૂ થઈ.

બંગભંગ સામેની આ ચળવળ દિવસે દિવસે ઉગ્ર સ્વરૂપ પકડતી ગઈ. તે વખતે શ્રી. અરવિંદ ઘોષ વડોદરા રાજ્યના કેળવણી ખાતામાં મોટા હોદ્દા ઉપર હતા. તેમણે ત્યાંથી રાજીનામું આપીને બંગાળામાં રાષ્ટ્રીય શિક્ષણ અને રાજકીય પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું. તેમણે 'વંદે માતરમ્' નામનું પત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શરૂ કર્યું. સરકારે તેમની આ બધી પ્રવૃત્તિઓ રોકવા માટે તેમની ધરપકડ કરી અને એમની ઉપર રાજદ્રોહનો આરોપ મૂકયો. દાસબાબુને પોતાનું ખમીર બતાવવાની સુંદર તક મળી. તેમને સરકારનું આ પગલું અન્યાયી લાગતું હતું. હિંમતભેર તે અરવિંદબાબુના બચાવમાં વકીલ બન્યા. આથી એમની નામના એકદમ વધી. એક દેશભકત અને કુશળ વકીલ તરીકે તે બધે પંકાયા.

આ પ્રસિદ્ધ મુકદ્દમો એક વર્ષ સુધી ચાલ્યો. દાસબાબુએ ખૂબ કુશળતાથી સરકારી વકીલ અને બૅરિસ્ટરોને હંફાવ્યા. કેસમાં તેમની જીત થઈ. દાસબાબુએ આ કાર્ય કશા બદલાની અપેક્ષા રાખ્યા વિના શુદ્ધ સેવા-ભાવથી કર્યું હતું. તેથી લોકોને તેમની શકિતનું દર્શન થયું એટલું જ નહીં, પરંતુ તેમનો પ્રેમ પણ તેમણે સંપાદન કર્યો.

આમ વધતી જતી ખ્યાતિએ તેમના ધંધાને પણ સારો વેગ આપ્યો. તેમની કમાણી વધી. એટલે તેમણે પિતાજીની નાદારી રદ કરાવવા વિચાર્યું. તેથી તેમણે વડી અદાલતમાં જઈને પિતાજીનું દેવું પાઈએ પાઈ ચૂકવી દઈને નાદારી રદ કરાવી. વડી અદાલતના ન્યાયાધીશોએ તેમની મુક્તકંઠે પ્રશંસા કરી. તેમના એક ઓળખીતાએ આ વખતે તેમને એવી પણ સલાહ આપી કે, "ખરી રીતે જોઈએ તો કાયદા મુજબ તમારે માથે કશું દેવું ન નીકળે." ત્યારે દાસબાબુએ જવાબ આપ્યો : "કાયદા કરતાં મને પ્રામાણિકતાની નીતિ વધારે પસંદ છે."

હવે પછી દાસબાબુએ રાજકારણમાં પણ રસ લેવા માંડયો. ૧૯૧૭માં તે બંગાળ પ્રાંતિક પરિષદના પ્રમુખ તરીકે નિમાયા. તે વખતે દાસબાબુએ જે કુશળતા બતાવી, એ ઉપરથી જાહેર તથા રાજકીય ક્ષેત્રમાં પણ તે કેટલા કાબેલ છે એનો ખ્યાલ સૌને આવ્યો. તેમણે હિંદનાં ગામડાંઓમાં વસતી કંગાળ પ્રજા માટે ચળવળ શરૂ કરી. એ અરસામાં ડૉ. ઍની બૅસંટ સાથે પણ તેમનો સંપર્ક થયો.

પહેલા વિશ્વયુદ્ધનો આ સમય હતો. અંગ્રેજ પાર્લમેન્ટમાં મૉન્ટફર્ડ સુધારા સંબંધી યોજનાઓની વિચારણાઓ થઈ રહી હતી. આ સુધારા બહુ ગમે તેવા નહોતા. દાસબાબુએ એમનો સખત રીતે વિરોધ જાહેર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તેને સાવ ઢાંકી દે એવું બીજું જ પ્રકરણ દેશ આગળ આવી પડ્યું અને તે રૉલેટના કાળા કાયદાનું. ૧૯૧૯માં સરકારે પ્રજામતની અવગણના કરીને ૧૮મી માર્ચને દિને રૉલેટ બિલ પસાર કરાવ્યું. મહાત્મા ગાંધીજીએ એની વિરુદ્ધ આંદોલનો જગાવ્યાં અને દેશવ્યાપી હિલચાલની આગેવાની લીધી. દાસબાબુ ગાંધીજીની અપૂર્વ શક્તિ તરત પારખી ગયા હતા. એટલે તે એમની પડખે ઊભા રહ્યા અને ખૂબ ઉત્સાહથી મોખરે રહી ઝઝૂમ્યા.

પ્રજાના આવા ખુલ્લા વિરોધથી મગજ ખોઈ બેસીને અમૃતસર અને લાહોરમાં જનરલ ડાયર અને લેફ. કર્નલ ફ્રેન્ક જૉનસને કાળો કેર વરતાવ્યો. જલિયાનવાલાની ભયાનક કતલ થઈ. આ બધા અમાનુષી સરકારી વર્તાવની તપાસ કરવા માટે મહાસભાએ પોતાની એક તપાસ-કમિટી નીમી. આ કમિટીમાં દાસબાબુ સભ્ય તરીકે હતા. આ વખતે તે ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યા.

આ જ અરસામાં અંગ્રેજ સરકારે બીજી ભૂલ કરી, તે ખિલાફતના પ્રશ્ન અંગે. આથી કરીને હિંદના મુસલમાનોને ખૂબ લાગ્યું. તેના વિરોધમાં ગાંધીજીની દોરવણી હેઠળ અહિંસક અસહકારની લડત શરૂ કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. અને એમ હિંદમાં સત્યાગ્રહની લડતનાં મંડાણ થયાં.

૧૯૨૦ના સપ્ટેમ્બરમાં લાલા લજપતરાયના પ્રમુખપદે કલકત્તામાં મહાસભાની ખાસ બેઠક મળી. આ બેઠકમાં શ્રી. ચિત્તરંજન દાસ અને તેમના બીજા કેટલાક બંગાળી મિત્રોએ મહાસભાના અસહકારના ઠરાવ સામે પોતાનો વિરોધ જાહેર કર્યો અને તેઓ બેઠક છોડીને ચાલ્યા જવા તૈયાર થયા. પરંતુ શ્રી. અશ્વિનકુમાર દત્તે તેમને સમજાવ્યા અને આવી કટોકટીની ઘડીએ ફાટફૂટ ન પાડવા વિનંતી કરી. છેવટે એ સૌ શાંત પડ્યા.

હવે ખૂબીની વાત એ છે કે, એ જ વર્ષમાં જ્યારે નાગપુરમાં ડિસેમ્બર માસમાં મહાસભાની વાર્ષિક બેઠક મળી, ત્યારે દાસબાબુએ પોતે જ અસહકારનો ઠરાવ મૂકયો! અને તેમણે વકીલાતનો ધંધો છોડી દીધો, એટલું જ નહીં, આત્મશુદ્ધિ તરકે બીડી દારૂ ઇ. વ્યસનો પણ છોડ્યાં અને અસહકારની લડતનો ભેખ લઈને બંગાળમાં ગામડે ગામડે તે ઘૂમવા લાગ્યા. તેમણે મહાસભાનો સંદેશ બધે ફેલાવ્યો અને પ્રજામાં જાગૃતિ આણી. તેમના આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેખધારી જીવનથી લોકો તેમને ચાહવા લાગ્યા અને ત્યારથી તે સાચા અર્થમાં દેશબંધુ બન્યા.

ઈ. સ. ૧૯૨૧ની સાલમાં ઇંગ્લંડના પાટવી રાજકુંવર હિંદમાં આવ્યા. તે વખતે અસહકારનો પવન દેશમાં જોરથી ફૂંકાતો હતો. ઠેર ઠેર રાજકુંવરના વિરોધમાં દેખાવો થતા હતા. આવી ચળવળને દબાવી દેવા માટે સરકારે પંડિત મોતીલાલ નેહરુ, જવાહરલાલ નેહરુ, લાલા લજપતરાય વગેરે અનેક અગ્રગણ્ય નેતાઓની સાથે દાસબાબુ તથા તેમના આખા કુટુંબની પણ ગિરફતારી કરી.

એ જ વરસમાં ડિસેમ્બર માસમાં અમદાવાદમાં મહાસભાની છત્રીસમી બેઠક મળવાની હતી. તેના પ્રમુખસ્થાન માટે દેશબંધુની પસંદગી કરવામાં આવી હતી. પરંતુ કોંગ્રેસ મળે તે અગાઉ જ સરકારે ૧૦મી ડિસેમ્બરે તેમની ફરીથી ધરપકડ કરી અને તેમને છ માસની સજા ફરમાવી. દેશબંધુએ પોતાનું ભાષણ મોકલી આપ્યું હતું, એમાં તેમણે જણાવ્યું હતું કે, "પરતંત્રતા જો પાપ હોય, તો જે સાધનો વડે એ મજબૂત થતી જતી હોય, તે બધાંની સાથે અસહકાર કરવો એ આપણો ધર્મ છે."

૧૯૨૨ના જૂન માસમાં દેશબંધુ કેદમાંથી છૂટયા અને તેમણે પાછું દેશના કાર્યમાં ઝંપલાવ્યું. એ વરસમાં ડિસેમ્બર માસમાં ગયા મુકામે ભરાયેલી મહાસભાના અધિવેશનના તે પ્રમુખ ચૂંટાયા. આ વખતે ગાંધીજી જેલમાં હતા. અસહકાર અંગે ધારાસભાઓનો ત્યાગ કરવામાં આવ્યો હતો. પણ, અસહકારની હિલચાલનાં વળતાં પાણી જેવું લાગતાં, એક પક્ષ એવો જાગ્યો કે જે પાછું ધારાસભામાં જવું એમ માનતો થયો. શ્રી. દેશબંધુ, પં. મોતીલાલ, શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ વગેરે દેશનેતાઓ આ પક્ષમાં માનતા હતા. શ્રી. રાજાજી, સરદાર વલ્લભભાઈ આદિ મોટો સમુદાય તેની સામે હતો. તેઓ એમ માનતા હતા કે, ગાંધીજીએ બતાવેલા રચનાત્મક કાર્યક્રમમાં લાગી રહેવું અને અસહકાર ચાલુ રાખવો, એ જ યોગ્ય નીતિ છે. આમ કાંઈ ફેરફાર ન કરવાના મતના આ નાફેરવાદી સમુદાયની કોંગ્રેસમાં જીત થઈ. એટલે દેશબંધુએ મહાસભાના પ્રમુખ તરીકે ન રહેતાં રાજીનામું આપી દીધું અને મોતીલાલ વગેરેની સહાયથી 'સ્વરાજ્ય-પક્ષ'ની સ્થાપના કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશબંધુએ સ્વરાજ્ય-પક્ષનો પ્રચાર કરી તેને મજબૂત કરવા માટે દેશમાં પ્રવાસ શરૂ કર્યો અને 'ફૉરવર્ડ' નામનું અંગ્રેજી દૈનિક પત્ર પણ પ્રસિદ્ધ કરવા માંડ્યું.

ઈ. સ. ૧૯૨૪માં ગાંધીજી જેલમાંથી બહાર આવ્યા. તેમણે બે પક્ષો વચ્ચે સમાધાન કરાવ્યું અને સ્વરાજપક્ષને પોતાની માન્યતા મુજબ કામ કરવા દેવા છૂટ આપી. તે સાલની કૉંગ્રેસનું પ્રમુખપદ ગાંધીજીને સોંપાયું અને બેલગામમાં આ સમાધાન પર કૉંગ્રેસે પોતાની મહોર મારી. અને ત્યાં જ તેણે ચરખા સંઘની સ્થાપના પણ કરી. આમ હિંદના કૉંગ્રેસી રાજકારણમાં બે અંગ પેદા થયાં — ૧. રચનાત્મક કાર્યક્રમ; ૨. ધારાસભા ઈ. નું પાર્લમેન્ટરી કામકાજ.

દેશબંધુ બીજા કામમાં જોરથી લાગ્યા. પરંતુ તે કામનો ૧૯૨૮માં છેવટે શો અંત આવ્યો, તે જોવા તે રહ્યા નહીં. તેમની તબિયત લથડવા લાગી હતી. એટલે આરામ અને હવાફેર કરવા માટે તે દાર્જિલિંગ ગયા. પરંતુ તે ફરીને બેઠા થઈ શક્યા નહીં અને ૧૬મી જૂન, ૧૯૨૫ ને રોજ તેમનું ત્યાં અવસાન થયું.

દેશબંધુ માત્ર રાજકારણી પુરુષ ન હતા. તે કવિ પણ હતા. સાહિત્યના પણ ઊંડા અભ્યાસી હતા. 'માલંચ', 'માલા' વગેરે એમના કાવ્યસંગ્રહો જાણીતા છે.

દેશબંધુના જવાથી ગાંધીજીને મોટો આઘાત થયો હતો. એમને અંજલિ આપતાં ગાંધીજીએ કહ્યું હતું કે, "આપણે તેમના સ્મારક સારુ શું કરીશું? આંસુ પાડવાં તો સહેલ છે. પણ એ આંસુ તેમનાં સગાંવહાલાંને કંઈ મદદ કરવાનાં નથી. આપણે હિંદુઓ, મુસલમાનો, પારસીઓ અને ખ્રિસ્તીઓ — આપણે બધા જ હિંદીઓ — દેશબંધુ જાતે જે કાર્યક્ષેત્રમાં જીવ્યા અને ઝૂઝ્યા તે કાર્યક્ષેત્રમાં કાંઈ કરીશું, તો જ આપણે દેશબંધુની સ્મૃતિ તરીકે કંઈ કર્યું કહેવાશે."

આજે આપણે મુક્ત બન્યા છીએ, તે દેશબંધુ જેવા અનેકની સમર્પિત સેવા અને કુરબાનીઓને લઈને. તે વખતે એ હુતાત્માઓને આપણે કૃતજ્ઞતાપૂર્વક યાદ કરી પવિત્ર થઈને અને દેશનું જે કામ અત્યારે આપણી સામે છે તે અદા કરવાને તેમની પાસેથી પ્રેરણા મેળવીએ.

[તા. ૨-૧૧-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

માલવીયજી અમર છે

ભારતભૂષણ પં. મદનમોહન માલવીયજી ૮૫ વર્ષની વયે તા. ૧૩-૧૧-'૪૬ના રોજ કૈલાસવાસી થયા. છેલ્લાં થોડાંક વર્ષોથી એમનું શરીર નરમ તો રહેતું જ હતું. નોઆખલીના અમાનવીપણાએ એના પર કારી ઘા કર્યો. જિંદગીભર જેની ભક્તિ કરી તે ભગવાન અને ભારતમાતાનું સ્મરણ કરતાં કરતાં એમણે જીવ છોડયો.

૨૫ વર્ષની વયે એમણે જાહેરજીવન શરૂ કર્યું. ઈ. સ. ૧૮૮૬માં (જન્મ. ૧૮૬૧) તે પહેલવહેલા કૉંગ્રેસમાં ગયા, અને ત્યારથી આજ સુધી એ સંસ્થાને એકસરખી નિષ્ઠાથી વર્યા રહ્યા. કાંકરે કાંકરે કરીને આ સંસ્થાએ પરદેશી રાજ્યની ખુવારીનાં પૂર સામે પાળ બાંધી છે. એ કરવામાં માલવીયજી એક વિરલ અગ્રણી હતા.

આ કામને માટે જે ધીરજ, જે દીર્ઘદૃષ્ટિ, વિશાળ ઉદારતા, અને સતત ઝૂઝયા કરવાની તાકાત જોઈએ, એ ગુણો પંડિતજીના ગુણભંડારમાં પૂરતા હતા. કાયદેસર અને બંધારણીય રીતે કામ કરવાના કૉંગ્રેસના આદિકાળમાં એ કેળવાયા હતા. ન્યાય અને સત્ય પરની એવી શ્રદ્ધા હિંદના આદિ નેતાઓમાં સહજ હતી. પણ અંગ્રેજી રાજ્યે એને ટકવા ન દીધી, અને અમલી ઉપાયો શોધવાના થયા, ત્યારે પણ વયોવૃદ્ધ પંડિતજી એમાં જોડાયા.

૧૯૩૦ થી '૩૪માં બે વાર એ ગેરકાયદેસર કૉંગ્રેસના પ્રમુખ થયા. અને મુંબઈમાં કલાકો સુધી રસ્તા પર બેઠા રહી સરઘસ-હક માટે લડયા, એ તો ન ભુલાય એવો બનાવ છે. નાગરિક સ્વાતંત્ર્ય પર આ પ્રકારની તરાપ તે સહી શકતા જ નહિ; તેથી જ કાયદાભંગના નવા જમાનામાં તે બીજા અનેક બુજરગો પેઠે અલગ ન પડયા અને દેશની મહાન સંસ્થાને પડખે ઠેઠ સુધી ઊભા રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું કાર્ય મૂળે એમના ઉદાત્ત ધર્મપરાયણ ચારિત્ર્યનું સહજ ફળ હતું. એ પરમ ભાગવત હતા. સનાતન ધર્મ પર એ પૂરા શ્રદ્ધાળુ હતા. એના પાલન માટે જે નિશ્ચય-બળ, સંયમ તથા સહજ-પ્રેમ જોઈએ, એ એમનો સ્વભાવ જ જાણે હતો. ખાનપાન અને ચોકાના નિયમો પણ તે જીવનના સામાન્ય નિત્ય-નિયમ પ્રમાણે પાળતા. એમને માટે એ નિયમો, કોઈ સગવડિયા દંભ દેખાવ કે ચોખલિયાવેડા નહોતા. એ બાબતો પણ એમના ધર્મભાવમાં સહજભાવે વણાયેલી હતી. તેથી જ એમના દેશકાર્યમાં એ કોઈ આડે આવી શકતી નહિ.

એ અને એમના નાના ભાઈનું સ્થાન પસંદ કરનાર ગાંધીજી, આ બે પુરુષોમાં હિંદુ ધર્મ, જીવન તથા ફિલસૂફી અને તેની સનાતન શક્તિ આજના જમાનામાંય પરમ કક્ષાએ પ્રગટ થયાં છે. ધર્મબળ ખરું જોતાં પરમ જીવનબળ જ છે, એ માલવીયજીનો વિચાર કરતાં સાફ જણાય છે.

એમની કાર્યશક્તિ, મીઠો સ્વભાવ, નિર્મળ પ્રેમાળ વાણી, ધીર-ગંભીર મુદ્રા, કાર્યપરાયણતા, વગેરે એમનામાં એકરસ રહેલા વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાં જેવી બાબતો હતી. એ બધું ચારિત્ર્યધન એમણે દેશની સેવામાં ખરચ્યું.

જીવનની શરૂઆત શિક્ષક બનીને તેમણે કરી હતી. બાદ વર્તમાનપત્રમાં ને વકીલાતમાં તે થોડો વખત ગયા. પરંતુ દેશની નવી પેઢીનું ઘડતર કરવું એ જ એમની મૂળ ધગશ; તે જ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના રૂપે પ્રગટી. ૧૯૧૬માં તે સ્થાપી ત્યારથી અંતઘડી સુધી એ કામ એમણે પાળ્યુંપોષ્યું, અને દેશને પોતાની મોટામાં મોટી સેવા-ભેટ તરીકે આપતા ગયા. એ એમનું જેવું સ્મારક છે, તેવું તો દેશ પોતેય ન કરી શકે.

હિંદીઓ આ પોતાના બુજરગ નેતાને પેઢી દર પેઢી યાદ રાખશે. એમની વિદ્યા, એમની ધીરતા, એમનો દેશપ્રેમ, એમની સેવાશક્તિ અને એમનું ધર્મપરાયણ ચારિત્ર્ય — આ વારસો હિંદની ભાવી પેઢીઓને સદાને માટે ઘડારૂપ છે. એ રૂપે પંડિતજી આપણા રાષ્ટ્રમાં અમર થઈને રહેશે.

[નવેમ્બર ૧૯૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

નામ૦ શ્રીનિવાસ શાસ્ત્રિયાર

૧

દીક્ષિત સેવાજીવન

મરણ કોઈને મૂકતું નથી. છતાં જ્યારે દેશના સુલક્ષણા સેવકો જાય છે, ત્યારે સ્વાભાવિક રીતે મન પર અસર થાય છે. થોડા જ માસના ગાળામાં આપણા સૌથી આગળની હરોળના બે રાષ્ટ્રસેવકો ગયા—શ્રી. ભૂલાભાઈ અને નામ૦ શ્રીનિવાસ શાસ્ત્રી. બેઉના રાહ જુદા હતા. શરૂમાં શ્રી. ભૂલાભાઈ શિક્ષક થયા, પણ તે છોડી વકીલ બન્યા ને જીવનના અંત સુધી વકીલ રહ્યા. શાસ્ત્રીજી પણ શિક્ષક હતા. તે છોડી તે 'હિંદ સેવક સમાજ'ના સભ્ય બન્યા, ને થોડાં વર્ષ પર નિવૃત્ત થયા ત્યાં સુધી જિંદગીભર રાજદ્વારી મુત્સદ્દીનું કામ કર્યું. બેઉ અંગ્રેજીના ભારે વકતા હતા. એકે એ શકિત કૉંગ્રેસના જહાલ રાજકારણ અને સ્વરાજની લડત ખાતે આપી; શાસ્ત્રીજીએ તેમની રીતે સ્વરાજ માટે તે વાપરી, પરંતુ અંગ્રેજી સામ્રાજ્યનાં યશોગાન કરવામાં પણ તે વાપરી.

આ બે પુરુષોનાં મરણ થોડા સમયમાં જ સાથે થવાથી, દેશે તેમને જે અંજલિ આપી, તેનો ફરક સહેજે ધ્યાન પર આવે. એક મિત્રે કહ્યું, ભૂલાભાઈને દેશે શાસ્ત્રી કરતાંય ભારે માન આપ્યું એ ફેર આ બે વ્યકિતઓના વ્યકિતત્વ અને જીવનદીક્ષાના કરતાં તેમણે દેશસેવાને માટે પસંદ કરેલી રીતને વધારે આભારી હતો. શ્રી. શાસ્ત્રીજી જૂના 'લિબરલ' પક્ષના થોડા ચુનંદા રહેલા રાષ્ટ્રસેવકોમાંના એક હતા; શ્રી. ભૂલાભાઈ ોંગ્રેસના હતા. એ બે પક્ષો વચ્ચે જે ફરક લોકમાનસ પર છે, તેનું જ પ્રતિબિંબ આ બે વ્યક્તિઓને લોકોએ આપેલી અંજલિમાં પણ છે.

શાસ્ત્રીજી સ્વ. ગોખલેના પટ્ટશિષ્ય, ને તેમની બાદ 'હિંદ સેવક સમાજ'ના પ્રમુખ હતા. આ સમાજનું ખાસ લક્ષણ તેના સંસ્થાપકોએ એવું કલ્પેલું કે, તેના સભ્યો સેવાને દીક્ષા તરીકે સ્વીકારે અને ધર્મ તથા રાજકારણ અલગ વાડા છે એમ માનીને ન ચાલે. એ જ દૃષ્ટિએ ગાંધીજીએ પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સમાજના હકીકતે નહિ તોય આત્મિક દૃષ્ટિએ સભ્ય માન્યા છે. અને તેથી શાસ્ત્રીજીને તે જાહેરજીવનમાં પોતાના ગુરુભાઈ જેવા માનીને આદરમાન કરતા; અને હિંદ સેવક સમાજનાં સુખદુઃખમાં હમેશ પોતાથી બને તેટલો સાથ આપતા આવ્યા છે.

પરંતુ, હિંદ સેવક સમાજની દૃષ્ટિ તેવી ન કહી શકાય. તે સમાજે ગાંધીજીને તેમની સત્યાગ્રહની કાર્યપદ્ધતિને કારણે પોતાનામાં ન સંઘર્યા. અને કેટલાંય વરસો સુધી એ સમાજ કૉંગ્રેસની અને ગાંધીજીની એ પદ્ધતિની સામે રહ્યો છે. આ ભેદ શાસ્ત્રીજીનો પણ ગાંધીજી સાથે હતો. શરૂ શરૂમાં તો કદાચ અનેક લિબરલો પેઠે શાસ્ત્રીજી આ નવી પદ્ધતિ સામે ભારે ખિજવાતા, અને એનો જુસ્સો કોક કોક વાર જાહેરમાં પણ ઊછળી આવતો. પરંતુ વરસો જતાં, એ બાબત શાસ્ત્રીજીમાં ફરક પડતો ગયો હોય એમ લાગે છે. તેનું કારણ ગાંધીજીનો ને તેમનો અનુપમ મીઠો સંબંધ છે.

૧૯૨૩માં ગાંધીજીને પૂનામાં એપેન્ડિસાઈટિસનું ઓપરેશન કર્યું, ત્યારે પથારી પરથી મળવા તેમણે બે જણને બોલાવ્યા તેમાં એક શાસ્ત્રીજી હતા. તે ભવ્ય પ્રસંગનું પોતાના મન પર અંકાયેલું ચિત્ર શાસ્ત્રીજીએ અમર કર્યું છે. એમાં એમણે ગાંધીજીની જે તારીફ કરી છે; તેવી ઓછાએ કરી હશે. અને તે વખતે તો લિબરલ પક્ષ ગાંધીજી પર સારી પેઠે છંછેડાયેલો હતો. ત્યાર પછી તો એમનો ગાંધીજી પરનો પ્રેમ અને એમનાં કાર્ય તથા શક્તિ વિષેની સમજ ક્યાંય આગળ વધી ગયાં છે. છેલ્લા યુદ્ધથી અને તેમાં જે અનુભવ શાસ્ત્રીજીને થયા તેણે તો આ સમજને વધારે ઊંડી અને સચોટ બનાવી છે.

આ વર્ષમાં લિબરલ પક્ષ જોઈ ગયો કે, કૉંગ્રેસનું રાજકારણ તેઓએ ૧૯૧૯માં તેમનાથી જુદા પડતી વખતે જેવું હસી કે ધુત્કારી કાઢેલું તેવું નથી. એ એક પ્રજાકીય અવાજનું પ્રતીક છે; તેની સામે થવું એ દેશના ખરા હિત સામે થવા બરોબર છે. એટલે મૂળ નીતિ-રીતિનો તાત્ત્વિક વિરોધ હોવા છતાં, છેવટનાં વર્ષમાં શાસ્ત્રીજી ગાંધીજીના કાર્યને ને કૉંગ્રેસની લડતને વધારે સમજ્યા હતા, એમ લાગે છે. અને એ તે પુરુષની મોટાઈ અને ન્યાયપ્રિયતા તથા વિવેક બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે કામ કરનાર કે રહેનારને તો સૌ કોઈ ન્યાય આપે. જે સામા પક્ષને ન્યાય આપી શકે, તે ખરો છે. આ ગુણ વિરલ છે. જેઓ જાહેર-જીવનને ધર્મમય કરવામાં માને છે, તેવામાં એ ગુણ ખીલી શકે. શાસ્ત્રીજી એ સિદ્ધાંત પર સ્થપાયેલા સેવક સમાજના મુખ્ય સેવક હતા. તે ભારે વિદ્વાન હતા. હિંદની સંસ્કૃતિના ઊંડા અભ્યાસી હતા. સંસ્કૃત સાહિત્યના પ્રેમી હતા. વ્યાપક રાજકારણ અને સમાજકારણ એ તો એમના કામને અંગે પણ વિસ્તૃત અભ્યાસનો એમનો વિષય હતો.

હિંદ સેવક સમાજમાંથી નિવૃત્ત થયા પછી તે મદ્રાસ બેંગલોરમાં રહેતા. થોડો વખત ચિદંબરમ વિદ્યાપીઠના કુલનાયક તરીકે પણ કામ કર્યું હતું. શિક્ષણ એ તો એમનું પ્રથમ પ્રેમપાત્ર કામ ગણાય. બાદ નરમ તબિયતને લઈને તે આરામ જ કરતા. પરંતુ દેશમાં શું ચાલે છે એ નિહાળતા રહ્યા વગર કેમ રહેવાય? કેમ કોઈ રહી શકે? નિવૃત્તિનો અર્થ એમ નથી સૂચવતો. આથી નિવૃત્તિમાં પણ તેમને મહત્ત્વની લાગે તેવી બાબતો ઉપર તે જાહેરમાં લખતા અને પ્રસંગોપાત્ત બોલતા પણ. અને દેશનો સમજણો વર્ગ એમની એ અનુભવ- અને અભ્યાસ- પૂત સલાહશિખામણ, તેને ઘટતા માનપૂર્વક ઝીલતો.

એમના જેવી સિદ્ધિના પુરુષો દરેક રાષ્ટ્રને હમેશ જરૂરના હોય છે. હા, ક્રાંતિના કે ગુલામ રાષ્ટ્રોના સ્વરાજ માટે લડવાના કાળમાં, સહેજે લિબરલ નીતિ અળખામણી અને બેકાર લાગે છે. પરંતુ શાંતિથી સ્વરાજ ચલાવવા માટે એ નીતિ કામની અને કદાચ સારી પણ ગણાય. એટલે શાસ્ત્રીજીનો જીવનપાઠ હવે પછીનાં આપણાં કામ માટે ખૂબ ખપનો છે. એમની અથાક શ્રમ લેવાની અને ઊંડો અભ્યાસ કરી વસ્તુને આમૂલાગ્ર વિચારવાની ટેવ આપણા યુવકોએ ધડો લેવા જેવી છે. અને તેમનું દીક્ષિત જીવન તો હરેક કાળ માટે સૌને બોધરૂપ છે. એ ઝીલીએ તો, અહીંથી ગયા છતાં, આપણામાં એમને અમર કરી શકીએ.

[૧૪-૫-'૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ગાંધીજીના ગુરુભાઈ

નેક નામદાર વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રિયારની આજે* ૮૮મી જયંતી છે. સ્વતંત્ર હિંદને ઘડનારા આપણા પૂર્વજોમાં એ એક હતા. તેમને યાદ કરીને આપણે પવિત્ર થઈએ એવી વિરલતા એમનામાં હતી. સ્વતંત્ર ભારતની ચાલુ પેઢીએ તેની ગઈ પેઢીના આવા પૂર્વજને કૃતજ્ઞતાપૂર્વક પોતાની શ્રદ્ધાંજલિ આપવી જોઈએ.

નામદાર શાસ્ત્રિયારનો જન્મ ઈ.સ. ૧૮૬૯ના સપ્ટેમ્બરની ૨૨મીએ થયો હતો. એટલે કે, ગાંધીજીથી ૧૦ દિવસ પહેલાં તે જન્મ્યા હતા. એક દક્ષિણ હિંદમાં અને એક પશ્ચિમ હિંદમાં જન્મ્યા હતા. બંનેની વિભૂતિ તથા વિચારણા જોઈએ તોપણ આવો જ ફેર હતો. આમ છતાં આગળ પરના રાષ્ટ્રસેવાના તેમના જીવનમાં બંને જણ, એવી જુદાઈ છતાં, સાથે થયા અને જિંદગીભર તેમની વચ્ચે વિરલ આદરભાવ અને નિકટ સ્નેહસંબંધ રહ્યો. હિંદના રાજકારણનો આ સંયોગ આપણે માટે આજે પણ ઘડારૂપ છે.

શાસ્ત્રિયારને ગાંધીજી પોતાના મોટાભાઈ માનતા અને એને છાજે તેવા આદરભાવથી વર્તતા. આનું કારણ કેવળ તે ઉંમરે ૧૦ દહાડા મોટા હતા એ નહીં, પણ એના કરતાં ગંભીર હતું. ગાંધીજી અને શાસ્ત્રીજી ગુરુભાઈઓ હતા. બંનેએ કહ્યું છે કે, નામદાર ગોપાળ કૃષ્ણ ગોખલે અમારા રાજદ્વારી ગુરુ છે. તેઓનું આ ગુરુપણું જાહેર સેવાક્ષેત્ર પરત્વે હતું. પરંતુ તે વસ્તુ આ બંને જણના અંગત જીવનની અંદર પણ ઊંડે જઈને અસર કરનારી બાબત હતી. આજે જ્યારે જાહેર જીવન અને અંગત જીવન વચ્ચે પાછી અલગતાની જુદાઈ પેસવા લાગી છે, તે વખતે શાસ્ત્રીજીના જીવનની આ મહામૂલી ભાવનાનું સંકીર્તન કરવા જેવું છે.

નામ૦ શાસ્ત્રીજી અને ગાંધીજી એ બંને નામ૦ ગોખલે અને લોકમાન્ય ટિળકની પછીની પેઢીના વારસદાર ગણાય. હિંદની સેવામાં આ પેઢી એ રીતે જુદી પડે છે કે, રાષ્ટ્રસેવા એ ધર્મની દીક્ષા કે વ્રત જેવી છે, તેથી રાષ્ટ્રસેવકે

* તા. ૨૨–૯–૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અર્થે જીવનદાન આપવું જોઈએ. શ્રી રામકૃષ્ણ પરમહંસે જીવનની સાધનામાં સેવાને સ્થાન છે એમ શીખવ્યું. એમના પટ્ટશિષ્ય સ્વામી વિવેકાનંદે આ મંત્રને આધ્યાત્મિક ક્ષેત્રે એ રીતે ઉતાર્યો અને રામકૃષ્ણ મિશન સ્થાપ્યું. શ્રી. ગોખલેજી સ્વામી વિવેકાનંદની જ પેઢીના ગણાય. તેમણે ઉપરના જ મંત્રને રાષ્ટ્રના સાર્વજનિક સેવાક્ષેત્રમાં ઉતારવાને માટે 'હિંદ સેવક સમાજ' સંસ્થા પૂનામાં ઈ. સ. ૧૯૦૫માં સ્થાપી, સેવાર્થે ગરીબાઈ અને સાદાઈને વરીને દેશની સેવામાં જોડાવા માટે યુવકોને આહ્વાન કર્યું. આમ જોડાનાર સેવકોએ પણ અમુક વાનપ્રસ્થને મળતો સંન્યાસ ગ્રહણ કરવો જોઈએ, એવો આ સંસ્થાનો મૂળ નિયમ છે. આપણા ઠક્કરબાપા એના આજીવન સભ્ય હતા. ગાંધીજી હિંદમાં ૧૯૧૪માં આવીને તેના સભ્ય બનવાના હતા, પણ તેવા સભ્ય તે ન બની શકયા, છતાં તેના માનસ-સભ્ય તો તે હતા જ.

નામ૦ શાસ્ત્રિયાર ઈ. સ. ૧૯૦૭માં તેના આજીવન સભ્ય બન્યા. ગોખલેજી સહિત બીજા ચાર સભ્યો બાદ જોડાયેલા તે છઠ્ઠા સભ્ય હતા. જીવનમાં એમણે આ પગલું ભર્યું તે તેમના આંતરજીવનના ઊંડાણમાંથી પ્રગટેલી એક ધાર્મિક ને આધ્યાત્મિક વસ્તુ હતી. ૧૯૨૬માં આપેલા એક વ્યાખ્યાનમાં તેમણે આનું બહુ જ માર્મિક વર્ણન કર્યું છે. તેમાં તેમણે જણાવ્યું છે :

> "વીસ વરસ ઉપર હું એક સુખી માણસ હતો. મારી તબિયત ઉત્તમ હતી. કુટુંબનાં સુખ અને પ્રેમનો મને પાર નહોતો. જે શાળામાં હું ભણાવતો હતો તેના વિદ્યાર્થીઓનો પ્રેમ મેં સંપાદન કર્યો હતો અને સાથીઓના વિશ્વાસ અને આદર મેળવવા હું સદ્ભાગી થયો હતો. પરંતુ ઈ. સ. ૧૯૦૫ની અધવચમાં મને એક નાનકડી પત્રિકા વાંચવા મળી, તેનાથી આ મારો સંતોષ ઊંચાનીચો થઈ ગયો. પત્રિકા પર 'ખાનગી' લખ્યું હતું અને મને તે જી. એ. નટેસને મોકલી હતી. તરતમાં જ શરૂ થયેલી ગોખલેજીની 'હિન્દ સેવક સમાજ' સંસ્થાની બોધપત્રિકા એ હતી. તેની ભાષા અને ભાવોની મારા પર ઊંડી અસર થઈ. તેમાં મૂકેલા આદર્શોનો પણ મારા પર ઓછો પ્રભાવ નહિ પડેલો. ઉમદા વિચારો અને ઉમદા વાણી ભેગાં મળે છે ત્યારે સાદા સીધા મગજ પર તે એવી અસર કરે છે કે, જાણે તે પોતાનાં જ ના હોય! હું મારા મનમાં વારંવાર પૂછવા લાગ્યો, 'હું આવી સ્પષ્ટતાથી કદી કહી ન શકું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં આવી જ કશીક વસ્તુની શોધમાં હું નહોતો?' તે વરસે ડિસેંબરમાં બનારસ કોંગ્રેસ અધિવેશનમાં હું ગયો ત્યારે આ પત્રિકા મેં સાથે લીધી. અને તે અધિવેશન દરમિયાન જ મેં 'હિંદ સેવક સમાજ'નો આજીવન સભ્ય થવા અરજી કરી."

શાસ્ત્રીજીના આ નિર્ણયથી તેમનાં કુટુંબીઓમાં જ નહીં, પરંતુ મિત્ર-મંડળમાં પણ ખૂબ ખળભળાટ જાગ્યો. તેમનાં માતા અને પત્નીને તો એમ જ લાગ્યું કે, આ તો સંન્યાસી થઈ જાય છે! અને શાસ્ત્રિયારે કબૂલ કર્યું કે, હા, આ "રાજકીય સંન્યાસ" છે, અમુક દીક્ષા-વ્રત જરૂર લઉં છું; પરંતુ પરંપરીણ સંન્યાસ-દીક્ષા એ નથી. અને તેની ખાતરી પડે તે સારુ, હિંદ સેવક સમાજના સભ્ય તરીકે લેવા ગોખલેજીએ હા પાડી, ત્યારે તે તેમાં જોડાવા શરૂમાં પૂના એકલા જવાના હતા, તેને બદલે પત્નીને સાથે લીધાં.

ગાંધીજીની પેઠે, એમના જીવન પર પણ માતાની બહુ ઊંડી અસર હતી. ચાર ભાઈઓમાં શાસ્ત્રીજી સૌથી મોટા હતા. પોતાના આંતર જીવન વિષે એમણે આત્મનિવેદન રૂપે, ઈ. સ. ૧૯૪૦માં એક લેખ લખ્યો છે, તેમાં તે જણાવે છે —

"તાંજોર જિલ્લામાં એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં મારો જન્મ થયો હતો. પણ સારી મગજશક્તિનો વારસો મને મળ્યો હતો. મને શાળા કૉલેજનું શિક્ષણ મળે તેને માટે મારાં માતપિતાએ ખૂબ વેઠયું હતું. મારા પિતા ગોર કે પુરોહિત હતા. પણ જજમાનીમાંથી નિયમિત મળતર નહોતું, તેથી કેવળ નિર્વાહને માટે પિતાને જ્યાં ત્યાં હવાતિયાં મારવાં પડતાં હતાં. મારી માતા પુરોહિત કુટુંબની નહીં પણ ગૃહસ્થ કુટુંબની હતી. સ્વભાવે તે સ્વમાની હતી. હું સમજણો થયો ત્યારથી માતા મને એકાંતમાં કહ્યા જ કરતી કે, પિતાજીને ધનિકો તરફથી વેઠવાં પડતાં અપમાનો અને વિટંબણાઓથી તેને કેવી માનહાનિ અને સંતાપ થયા કરતાં હતાં."

માતાની આ મનોવેદનાથી બાળ શાસ્ત્રિયારના મન પર જરૂર એ અસર તો થઈ જ હશે કે, આવી ગરીબાઈ તો જવી જ જોઈએ. એથી તે ખૂબ ચીવટથી ભણતા હશે એય ઉઘાડું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા પાસે કથાવાર્તા દ્વારા મળતો ધાર્મિક વારસો ભરપૂર હતો. તેમાંથી બાળ શાસ્ત્રીને ખૂબ મળ્યું હતું. આ વિષે શાસ્ત્રીજી કહે છે—

"નરક અને પાપની શિક્ષાનાં ચિત્રો વિષે જોઈ સાંભળીને હું કંપતો. રાતે એના ઓથારથી થરથરી જતો. આમ છતાં, તેની બીજી બાજુ પણ હતી: ખાવાનું પૂરતું ના મળવા છતાં, શરીરે મજબૂત હતો અને બહાર ખૂબ રમતો ખેલતો. આથી મારા આંતરજીવન પરથી વિષાદનો ઓથાર ઓછો થતો અને હું બાંધામાં નબળો રહ્યો છતાં તંદુરસ્ત હતો; ના અતિ ગંભીર કે ના બહુ રંગીલો, એવું સમતોલપણું મને લાધ્યું."

૧૯ વરસની ઉંમરે ઈ. સ. ૧૮૮૮માં શાસ્ત્રીજીએ સંસ્કૃત તથા અંગ્રેજીના વિષયમાં વિશેષતાની સાથે બી. એ. પરીક્ષા પાસ કરી, અને તરત જ શિક્ષકનો ધંધો અપનાવ્યો. તે માયાવરમ અને સાલેમની સ્કૂલોમાં જોડાયા અને થોડો સમય કામ કર્યા પછી મદ્રાસની હિંદુ હાઈસ્કૂલમાં જોડાયા અને થોડા જ સમયમાં તેના આચાર્યપદે પહોંચ્યા. ૧૭ વરસ સુધી ત્યાં કામ કર્યું. તે દરમિયાન તે સહકારી પ્રવૃત્તિ, શિક્ષણ, ઇ૦ ક્ષેત્રોમાં પણ રસ લેતા.

મદ્રાસમાં તે કાળમાં શ્રી. વી. કૃષ્ણસ્વામી આયર તથા શિવસ્વામી આયર ત્યાંના જાહેર જીવનક્ષેત્રના આગેવાનો હતા. તેમના સાંનિધ્યમાં શાસ્ત્રીજી આવ્યા. તેમાંથી શ્રી. શિવસ્વામી એમના જીવનભરના મિત્ર બન્યા. પરંતુ તે કાર્યમાં ગુરુપદ તો તેમણે શ્રી. ગોખલેજીને જ આપ્યું અને ૩૮ વરસની વયે તે એમની હિંદ સેવક સમાજમાં જોડાયા તે જોડાયા.

શાસ્ત્રીજીનું ઘડતર જ આવા કામને યોગ્ય થયું હતું એમ કહેવું જોઈએ. પોતાના આંતરજીવન વિષેના આત્મનિવેદનમાં શાસ્ત્રીજી આ બાબતમાં કહે છે—

"હું કિશોર અવસ્થાએ પહોંચ્યો ત્યારે મને અર્વાચીન દૃષ્ટિ લાધી, તેને લઈને મારી માતાની અસર ધોવાતી ગઈ. એકંદરે કહું તો, અંગ્રેજી કેળવણીના શરૂ શરૂના કાળનો હું એક સારો નમૂનો હતો. પરંપરીણ ધર્મવિધિઓ અને ક્રિયાકાંડમાંથી મેં શ્રદ્ધા ખોઈ હતી. . . હક્સ્લી, મિલ અને સ્પેન્સરના વાચનથી, મારા મગજમાં જે કાંઈ જરાતરા ધર્મશ્રદ્ધાનું ભાથું રહ્યુંસહ્યું હશે, તે પણ સાફ થઈ ગયું. કેટલાક નાસ્તિકવાદીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મશાંતિ મેળવે છે તેની મને અદેખાઈ થાય છે. અંતરના ઊંડાણમાં હું ઝંખું છું કે, મને એવો અનુભવ, એવો સાક્ષાત્કાર, એવું કાંઈક સત્તાવાર દર્શન થઈ જાય, જેથી ધર્મથી મળતો આત્મસંતોષ મને લાધે."

આમ પ્રકૃતિથી અને મળેલી કેળવણીને લઈને શાસ્ત્રિયાર શ્રદ્ધા અને ભાવના કરતાં માનવબુદ્ધિના પ્રામાણ્ય પર વધારે આધાર રાખતા થયા હતા. એ કહેતા કે, 'આપણને સંતોષ થાય એ રીતે જે વસ્તુ સિદ્ધ ન થાય તેમાં માનવું, એટલે તો એવું થયું કે, આપણ માનવજાતનો જે સર્વશ્રેષ્ઠ ગુણ બુદ્ધિ તેને જતો કરવો!' આથી જ શાસ્ત્રિયાર અને નહીં કે ગાંધીજી ગોખલેના અનુગામી થવા યોગ્ય ઠર્યા. ગાંધીજી પણ બુદ્ધિનું આવું પ્રામાણ્ય માનતા. પણ બુદ્ધિનો દીવો ખૂટે ત્યારે સત્યની નિષ્ઠા અને શ્રદ્ધાની જ્યોતને જોરે મનુષ્યે આગળ ચાલવું જોઈએ, એ એમની વિશેષતા હતી.

નવાઈની વાત એ છે કે, ગાંધીજી અને શાસ્ત્રિયાર વચ્ચે એવો નિષ્ઠાભેદ હોવા છતાં તેઓ હિંદની સેવામાં સાથોસાથ રહીને ચાલ્યા! એમાં રહેલું એ બે જણનું ચારિત્ર્યબળ અને ઉદાર જીવનદર્શન તો ભવ્ય છે જ. પરંતુ એમાં રહેલું એક સામાજિક કે સામુદાયિક તથ્ય એવું જ ભવ્ય હતું. તેનું ઐતિહાસિક મહત્ત્વ પણ બહુ ભારે છે.

આપણે જાણીએ છીએ કે, ગોખલે અને તિલકના નરમ દળ અને ગરમ દળ વચ્ચે ભારે આંતરકલહ ચાલતો હતો. તે આખી પેઢીનું જાહેરજીવન આ વિખવાદથી રંગાયું હતું. તેથી રાષ્ટ્રની કેટલીય શક્તિ ક્ષીણ થઈ હશે. પછીની પેઢીમાં આ વસ્તુ રહી નહિ, એ આ બે ગુરુભાઈઓના અધ્યાત્મ-જીવનને ઘણે અંશે આભારી છે.

ઈ. સ. ૧૯૧૫ના ફેબ્રુઆરી માસમાં ગોખલેજીનો સ્વર્ગવાસ થયો. તેમની સમાજનો પ્રમુખ હવે કોણ થાય એ સવાલ આવ્યો. ગોખલેજીને મનમાં એમ હતું કે, ગાંધીજી થાય. પણ ગાંધીજીના વિચારો અને કાર્યપદ્ધતિ કદાચ ગોખલેજીની સમાજથી જુદાં પડતાં હતાં, તેથી તેમને સભ્ય તરીકે જ ન લેવા એમ ઠર્યું. એટલે પ્રમુખપદ શાસ્ત્રિયારને આપવામાં આવ્યું અને તે એમણે જિંદગીભર શોભાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ વર્ષ બાદ લોકમાન્યનો સ્વર્ગવાસ થયો. તેમનો વારસ ગરમ દળનો કોઈ રાજકારણી ન થયો. હિંદના રાજકારણમાં નોંધપાત્ર વાત બની કે, આ વારસો ગોખલેના શિષ્ય ગાંધીજીએ સંભાળ્યો! ૧૯૨૦થી હિંદના ગરમ દળનું નેતૃત્વ ગાંધીજીના હાથમાં જોતજોતામાં ચાલ્યું ગયું! નરમ દળ તથા ગરમ દળના જૂના મહારથીઓનું જો ચાલત, તો તેઓ અગાઉની પેઠે કદાચ લડત. પણ ગાંધીજીએ આ બંને વાતની મૂળ વસ્તુને પોતામાં ભેગી સમાવી લીધી. અને નરમ દળમાં શાસ્ત્રિયાર જેવા નેતા મળ્યા, તે સોનામાં સુહાગ મળવા જેવો યોગ બન્યો. આથી હિંદની રાષ્ટ્રીય કૂચ એકદમ ઉચ્ચ ભૂમિકા પર પહોંચી, એ આજે ઇતિહાસ સ્પષ્ટ બતાવે છે.

૧૯૧૫ પછીનું લિબરલ રાજકારણ એટલે મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા મુજબ ધારાસભામાં જવું અને સરકારી કારભારમાં ભાગ લેવો. તેનો બીજો ભાગ કે બીજી બાજુ હતી બ્રિટિશ સામ્રાજ્યનાં કામોમાં—તેના આંતર-વ્યવહારની વિચાર-પરિષદોમાં જવું તે.

આ બીજું કામ પહેલા વિશ્વયુદ્ધને લઈને નીકળ્યું. હિંદને તેમાં સ્થાન અપાયું. એક રીતે કહી શકાય કે, તે યુગમાં આપણા દેશને માટે જે જાતનું આંતરરાષ્ટ્રીય રાજકારણ શક્ય હતું તેની શરૂઆત થઈ. ત્યારે એ પરતંત્રતાની છાયામાં રહીને ચાલ્યું એ ફરક ખરો. પણ તેમાંથી હિંદના રાજકારણ માટે દેશ બહારના કામની નવી દિશા ઊઘડી એમ તો ખરું જ.

શાસ્ત્રિયારે ઉપર કહ્યાં તે બંને ક્ષેત્રમાં અગ્રસ્થાન મેળવ્યું. દેશની ધારાસભાના ક્ષેત્રમાં તે અનેકમાં એક હતા એમ કહો, પરંતુ સામ્રાજ્યના રાજદરબારમાં તેમ ન કહી શકાય. તે નવું ક્ષેત્ર હતું. નવો ચીલો પાડવાનો હતો. તે કામ શાસ્ત્રિયારે સુંદર શોભાવ્યું. જવાહરલાલજી જેવાએ પણ એ જોઈને કહ્યું છે કે, શાસ્ત્રિયાર હિંદના લિબરલ નેતાગણમાં વધારેમાં વધારે શક્તિસંપન્ન હતા. તેમની કુશાગ્ર તથા ડહાપણભરી દલીલશક્તિ, તેને જ અનુરૂપ અંગ્રેજી ભાષાની તેમની મીઠી બાની અને મોહક વાક્છટા, વગેરે જોઈ તેમને સામ્રાજ્યમાં બધે આવકાર મળ્યો. અને એ રીતે હિંદની નામના તેમણે ખૂબ વધારી. રાષ્ટ્રસંઘમાં પણ તે હિંદ વતી હાજર રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્રાજ્યના આંતરવ્યવહારમાં ભાગ લેવામાંથી, પરદેશમાં હિંદીઓની લાચાર સ્થિતિ તેમનો ખાસ વિષય બન્યો. અને તેને માટે તેમણે ઉગ્ર અવાજ ઉઠાવ્યો. એમાંથી જ તે ૧૯૨૭માં દક્ષિણ આફ્રિકામાં હિંદી કમિશ્નર તરીકે નિમાયા. તે એ પદ લેવા ઈચ્છા નહોતા રાખતા. ગાંધીજીએ કહ્યું કે, તેમણે લેવું જોઈએ. બીજી બાજુએ જુઓ તો વાઈસરોય પણ એમ જ કહેતો હતો! ગાંધીજીના મતે શાસ્ત્રીજીને તૈયાર કર્યા. ત્યારે જતા પહેલાં તે સાબરમતી આશ્રમમાં ગાંધીજી પાસે વિદાય લેવા આવેલા. ત્યારનું તેમનું સ્વાગત અને ગોખલેજીના આ બે શિષ્યોનો પરસ્પર પ્રેમ અને નિર્વ્યાજ મિત્રભાવ મને જોવા મળ્યાં હતાં, તે એક ધન્ય અનુભવ હતો.

એવી મૈત્રી અને એવી જીવનનિષ્ઠા આજે સ્વરાજ્યયુગમાં પણ ખૂબ જરૂરની છે—કદાચ હવે વધારે જરૂરની છે. શાસ્ત્રિયારના જીવનનો આ મોટામાં મોટો અને અમર બોધ જીવનમાં અપનાવીએ, એ એમનું સાચું તર્પણ છે.

[૨૦–૯–'૫૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

સ્વ૦ શ્રી. ભૂલાભાઈ જીવણજી દેસાઈ

કહેવાય છે કે, શ્રી તથા સરસ્વતી સાથે નથી રહી શકતાં. સ્વ૦ ભૂલાભાઈ એવા નસીબદાર પુરુષ હતા કે, તે બે ઉપરાંત કીર્તિ પણ તેમને વરી હતી. અને તે કીર્તિ કેવળ શ્રી તથા સરસ્વતીની જ નહિ પણ તેમનાં દેશપ્રેમ અને રાષ્ટ્ર-સેવાની પણ. તે આપકર્મી હતા. વલસાડ પાસે ભદેલી ગામમાં એક સામાન્ય સ્થિતિના કુટુંબમાં તેમનો જન્મ (ઈ. સ. ૧૮૭૭માં) થયો હતો. તેમના પિતા જૂની ઢબના મુખતિયાર હતા. પિતાની એ શકિત પુત્રને વારસામાં સારી પેઠે મળી હતી, એ આજે જગજાહેર વસ્તુ થઈ ચૂકી છે.

હાઈસ્કૂલનું ભણતર પૂરું કરી શ્રી. ભૂલાભાઈ મુંબઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણવા આવ્યા. સામાન્ય સ્થિતિના ગરીબ પણ લાયક વિદ્યાર્થીઓને ભણવામાં મદદ કરનારી જાણીતી સંસ્થા, ગોકળદાસ તેજપાળ બોર્ડિંગમાં તે રહ્યા હતા. એમ. એ. અને ત્યાર બાદ એલ એલ. બી. થઈ, ગુજરાત કૉલેજમાં ઈતિહાસના અધ્યાપક તરીકે તે દાખલ થયા. તે વખતે સ્વ૦ આનંદશંકર ધ્રુવ ત્યાં સંસ્કૃતના અધ્યાપક હતા. સાંભળ્યું છે કે, પ્રો. ભૂલાભાઈનાં ઈતિહાસનાં વ્યાખ્યાન સાંભળવા બીજા વિદ્યાર્થીઓ પણ પોતાના વર્ગ છોડી જતા, તેથી પ્રિન્સિપાલને તેમને વારવા માટે પ્રયત્ન કરવો પડયો હતો. ભૂલાભાઈનાં વિદ્વત્તા અને વકતૃત્વ, જે આજે તો સૌ કોઈ વખાણે છે, તે એ શરૂના કાળથી જણાતાં હતાં, એમ આ પરથી દેખાય છે.

સ્વ૦ ધ્રુવ અને ભૂલાભાઈ બેઉ એમ. એ., એલએલ. બી. હતા. બેઉ અચ્છા અધ્યાપક હતા. બેઉ સામે કૉલેજ અને કોર્ટનું ક્ષેત્ર, પસંદ કરવા ઈચ્છે તો, તૈયાર હતું. સ્વ૦ ધ્રુવ કૉલેજમાં રહ્યા, ભૂલાભાઈ કોર્ટમાં ગયા; ને ઈ. સ. ૧૯૦૫માં તેમણે ઍડવોકેટની પરીક્ષા પાસ કરીને મુંબઈ હાઈકોર્ટના વકીલ તરીકે પોતાની આજે મશહૂર થઈ ચૂકેલી કારકિર્દી શરૂ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મોટા ફેરફારમાં સાદું સીધું અનુમાન એ સંભવે છે કે, કૉલેજ કરતાં કોર્ટના કામમાં કમાણી વધારે કરી શકાય, એ એક મોટું કારણ હશે. પરંતુ એક બીજો વિચાર પણ અહીં આગળ રહેલો છે, જે સમજવાથી શ્રી. ભૂલાભાઈના ત્યાર પછીના જીવનની દિશા સમજવા માટે મદદ થાય છે.

હિંદના રાજકારણનો છેલ્લાં કેટલાંક વર્ષોનો પ્રવાહ જોતાં જણાય છે કે, તેમાં કૉલેજોના અધ્યાપકો કરતાં કોર્ટના વકીલો વધારે હોય છે. બલ્કે, જોવા તો એમ મળે છે કે, ભાગ્યે જ કોઈ કૉલેજ અધ્યાપકે, તે તરીકે ચાલુ રહીને, છેલ્લાં ૨૦-૩૦ વર્ષ દરમિયાન કૉંગ્રેસ મંચ પર આગળ પડતું સ્થાન લીધું છે. હા, તેમાંથી મુક્ત થઈને બહાર આવેલા, કૃપાલાનીજી, ગિદવાણીજી જેવા દાખલા બતાવી શકાય; પરંતુ નોંધપાત્ર એ છે કે, ત્યારે તેઓને સરકારી શિક્ષણ સંઘરી પણ ન શક્યું. આ બીના સરકારી શિક્ષણને માટે સૂચક ટીકા તથા તેના મૂળ લક્ષણરૂપ છે, એમાં શંકા નથી.

સ્વ૦ ભૂલાભાઈ જો કૉલેજને વળગી રહ્યા હોત, તો પછીના જીવનમાં તેમણે દેશની અને કૉંગ્રેસની જે ઝળકતી સેવા કરી, તે ન કરી શકત, એમ માની શકાય. સરકારી કૉલેજ છોડતી વખતે તેમને તો આ વસ્તુનો ખ્યાલ નહિ હોય. આજ આટલાં વરસ પછી, આપણે આ સમાલોચના કરી શકીએ છીએ.

કૉલેજ છોડી કોર્ટમાં જતાંની સાથે ત્યાં પણ તેમની શક્તિનો પરચો તરત જોવા મળ્યો. થોડા કાળમાં તે ત્યાંના એક અગ્રગણ્ય વકીલ ગણાતા થઈ ગયા.

શ્રી. ઝીણા પણ એમની સાથેના એક વકીલ હતા. બેઉ મિત્રો હતા, અને આગળ ઉપર જુદા રાજકારણી રાહો પર ચાલતાં છતાં, બેઉ મિત્રો રહ્યા હતા. તેનો પુરાવો શ્રી. ઝીણાએ સ્વર્ગસ્થને જે ભાવભરી જાહેર અંજલિ આપી છે, તે છે.

અનેક લોકોએ શ્રી. ભૂલાભાઈનો આ મળતાવડો મૈત્રી-સ્વભાવ વખાણ્યો છે. તેઓ કહે છે કે, વિધવિધ ક્ષેત્રોમાં અને સામે કામ કરવા છતાં શ્રી. ભૂલાભાઈ સૌ સાથે મીઠાશ આને સારાસારી રાખી શકતા. એટલું જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પોતાની તળપદી ગામડિયા સાદગી પણ, મુંબઈના વૉર્ડન રોડના વાતાવરણમાં ભૂલ્યા નહોતા. તે એમની તળપદી અનાવલી બોલીમાં પોતાના નાતભાઈઓ જોડે પણ એ જ ભાવ અને સરળતાથી ભળતા. તે કહેતા, 'ભાઈ, હું તો ખેડૂત કુટુંબનો છું ને તે મારો ગુણ ભૂલી શકતો નથી.' એ મીઠાશ અને દિલની કુમાશને લીધે જ, શ્રી. ઝીણા જેવા પણ તેમને અંજલિ આપ્યા વગર રહી શક્યા નથી.

તે કાળે આપણી હાઈકોર્ટમાં એવું મનાતું કે, મોટા ને જબરા બારિસ્ટરો તો ગોરા જ. આ માન્યતા તોડવામાં શ્રી. ભૂલાભાઈનો સારો ફાળો છે, એમ તેના જાણકારો કહે છે.

આમ ધંધામાં સ્વસ્થ ગોઠવાયા બાદ, શ્રી. ભૂલાભાઈની પ્રતિભા આપોઆપ અન્ય ક્ષેત્રો તરફ વળવા લાગી. તે ધારત તો સારા ઈતિહાસકાર થઈ શકત; પરંતુ વકીલાતનાં કાગળિયાં ફેંદી કેસોના ઈતિહાસકાર થયા પછી એ તો બની ન શકે. એટલે રહ્યું રાજકારણનું ક્ષેત્ર, કે જ્યાં પ્રખ્યાત ધારાશાસ્ત્રીઓ પોતાની શક્તિ અજમાવે એવો ધારો જ પડેલો હતો. ઈ. સ. ૧૯૧૫ના કાળમાં શ્રી. ભૂલાભાઈ, જયકર તથા ઝીણા હોમરૂલ લીગમાં કામ કરતા જોવા મળે છે. તેમાં તેઓ ૧૯૧૯ સુધી રહ્યા. અને ત્યાર પછી રાજકારણનો એ યુગ પણ પૂરો થયો.

કૉલેજ અને કોર્ટ વચ્ચેનો એક ફરક આપણે ઉપર જોયો. કોર્ટમાં આવ્યા પછી પણ, અંગ્રેજી રાજ્યમાં એવી વ્યવસ્થા છે કે, ભૂલાભાઈ જેવાઓને ફંટાવું હોય તો સુખે તેમ કરી શકે. જેમ કે, બાહોશ ધારાશાસ્ત્રીને જજ બનાવાય, ગવર્નરની કાઉન્સિલનો સભ્ય બનાવી લેવાય, 'સર' બનાવીને વટલાવી લેવાય, વગેરે.

શ્રી. ભૂલાભાઈ ઈચ્છત તો આવી અનેક વાતોમાંથી મનપસંદ કોઈ પણ લઈને નિરાંત કરી શકત; અને પરરાજ્યની નામાંકિત વફાદારીની આરામી કીર્તિ મેળવી લેત. પરંતુ તેમણે એ પ્રલોભનો છોડ્યાં. એ શાથી, એનો ચિતાર તો સ્વર્ગસ્થનો કોઈ અંગત મિત્ર કે જીવન-ચરિતકાર કહે ત્યારે. પરંતુ એમણે એમાંનું કાંઈ ન કર્યું, એ તો હકીકત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૬માં તે મુંબઈના ઍડવોકેટ-જનરલ થોડો વખત થયા એટલું જ. તે પદની રૂએ, મુંબઈની ત્યારની કાઉન્સિલમાં એ સભ્ય નિમાયા હતા, એવું જાણવા મળે છે. પરંતુ, તે વખતે એવું કોઈને ભાગ્યે જ જણાયું હોય કે જેમાંથી, તેમણે આગળ ઉપર વડી ધારાસભામાં જે કામ કરી બતાવ્યું, તેની આશા પડે.

બારડોલી ખેડૂત સત્યાગ્રહે એમને પોતાની શક્તિઓ વાપરી સેવા કરવાનો રાહ દેખાડ્યો. એક રીતે જોઈએ તો, શ્રી. ભૂલાભાઈએ કૉંગ્રેસની સેવા પણ પોતાના ધારાશાસ્ત્રના જ્ઞાનની વિભૂતિ વડે જ મુખ્યત્વે કરી છે. એથી એની કિંમત ઓછી આંકવાની નથી. એમાં નોંધવાનું એ છે કે, એવી શક્તિ ધરાવનારા તો અનેક હોય છે, પણ બધા કંઈ તેને દેશને ચરણે ઓછા જ ધરે છે! એ શ્રી. ભૂલાભાઈએ ધરી, તેમાં એમનો સ્વરાજ અને સ્વાતંત્ર્ય માટેનો પ્રેમ તથા દેશભક્તિ રહેલાં છે, એ નિર્વિવાદ છે.

બારડોલી પોતાના વતનનો જિલ્લો. તેના ખેડૂતોને તે ઓળખે. તેમનો કેસ સમજવામાં તેમને સરળતા જ નહિ, અમુક પ્રકારનો ઉમળકો પણ હશે. ત્યારે તેમની મદદમાં કામ કરનારાઓ, આજે પણ, એમની વિગતો જાણી તેમને છણી કાઢીને પામી જવાની શક્તિ તથા તેમાંથી દલીલબદ્ધ કેસ તારવવાની આવડનાં અહોભાવથી વખાણ કરે છે. આ આવડ ઈતિહાસના અભ્યાસીનો ગુણ હોય છે; ને આપણે શરૂમાં જોયું કે, શ્રી. ભૂલાભાઈ તે હતા.

પછી ૧૯૩૦-૩૪ના કાળમાં તે સીધી લડતમાં પડ્યા ને જેલ ગયા. ત્યાર બાદ વડી ધારાસભાના કૉંગ્રેસ પક્ષની આગેવાની તેમણે લીધી તે લગભગ મરણ પર્યંત શોભાવી. વચ્ચે ૧૯૪૦ના સત્યાગ્રહમાં પણ તેમણે ભાગ લીધો. અને આ કાળમાં તે કાર્યવાહક સમિતિના પણ એક સભ્ય બનવાનું વિરલ માન પામ્યા. આ કાળમાં તે કૉંગ્રેસના બન્યા હતા અને તેની લડતોમાં આગેવાનીભર્યો ભાગ લેતા થઈ ગયા હતા. મુંબઈની પ્રાંતિક સમિતિનું પ્રમુખપદ પણ આ ગાળામાં તેમણે સ્વીકાર્યું હતું અને યશસ્વી કર્યું હતું.

ઈ. સ. ૧૯૪૨નો કાળ એક રીતે કૉંગ્રેસના ઈતિહાસમાં નવું જ પ્રકરણ હતો. લડાઈનો કાળ પણ તેને નવું રૂપ અને નવો ઓપ આપતો હતો. તે કાળમાં શ્રી. રાજાજી જેવા, ગાંધીયુગના જૂના જોગી પણ, જુદી નજરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતા થયા હતા. સાંભળ્યું છે કે, શ્રી. ભૂલાભાઈને પણ ૧૯૪૨ની એ આખી નવી ભૂમિકા સાવ ગમી નહોતી. પરંતુ તેથી તે કૉંગ્રેસના ન મટી શકે. આ વખતે—૧૯૪૦-૪૧ની જેલમાંથી —તેમની તબિયત કથળતી ચાલી હતી. તેથી તેમણે કાર્યવાહક સમિતિના સભ્યપદનું રાજીનામું આપ્યું.

એ ગાળો ૧૯૪૪માં ગાંધીજી છૂટતાં વીત્યો. પોતાની નબળી તબિયત છતાં, શ્રી. ભૂલાભાઈએ વડી ધારાસભાનું કામ પાછું સંભાળી લીધું. આટલે સુધીમાં દેશનું રાજકારણ ઝપાટાભેર પાછું તેજ થતું જતું હતું. તેમાં આઝાદ હિંદ ફોજનો કેસ આવ્યો, અને ભૂલાભાઈને પોતાના જીવનનું કામ મળ્યું. કહે છે કે, ઑક્સિજન લઈને પણ તે વખતે એ કામ કરતા હતા. તે કેસમાં તેમણે અથાક મહેનત કરી. શરીર સામે પણ ન જોયું. કાયદાનો એક મોટો સિદ્ધાંત તેમાં તોળાવાનો હતો. એક ગુલામ પ્રજાને તેની ઉપર બેઠેલા પરરાજ્ય સામે ઊઠવાને હક છે કે નહિ? શ્રી. ભૂલાભાઈએ આંતરરાષ્ટ્રીય કાયદો અને પ્રજાઓની આઝાદીની લડતોનો ઇતિહાસ ફેંદી કાઢી સાબિત કર્યું કે, આ હક દરેક પ્રજાને છે જ. એટલે એમાં ગુનો તો કયાંથી જ સંભવે? બલ્કે એમાં વીરતાની શોભા રહેલી છે.

એ કેસ ચાલતો હતો ત્યારે આખા દેશની નજર દિલ્હી પર હતી, અને તેના કાન, શ્રી. ભૂલાભાઈના મોંમાંથી શા શબ્દો ઝરે છે, તેના ભણી હતા. આ કામ એમના ધારાકીય જીવનના કળશરૂપ છે. એ કામને માટે આખા રાષ્ટ્રે એમને ધન્યવાદ આપ્યા. જવાબમાં એમણે ટૂંકમાં જ કહ્યું, 'એમાં મારી મોટાઈ ન જુઓ; એ મોટાઈ કૉંગ્રેસની અને તેને મહાન જબરી તાકાત બનાવનાર હિંદની પ્રજાની છે.'

આ પોતાનું મહાન કામ કરીને તે પથારીવશ થયા તે થયા. તેમાંથી તે ઊઠ્યા નહિ અને તા. ૬-૫-૧૯૪૬ના રોજ દેવલોક પામ્યા.

ગુજરાતના કેટલાય સપૂતો આજે રાષ્ટ્રનાં વિધવિધ ક્ષેત્રો શોભાવી રહ્યા છે. શ્રી. ભૂલાભાઈ ધારાશાસ્ત્રના ક્ષેત્રમાં બિરાજતા હતા. તેને કમાઈ ખાવાનું જ ક્ષેત્ર ન ગણતાં તેમણે તેને પોતાના દેશપ્રેમથી પ્રેરાઈને દેશભકિતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બનાવ્યું, અને તે કૉંગ્રેસના રસ્તે. બારડોલીના ખેડૂતો, અમદાવાદનું મજૂર મહાજન, તથા છેવટે આઝાદ ફોજ—આ ત્રણનાં તેમણે કરેલાં કામો આના જ્વલંત દાખલાઓ છે.

જો ધારત તો તેઓ 'લિબરલ' થઈ શકત, 'નૉન-પાર્ટી' થઈ શકત, 'ઇમ્પીરિયલ' રાજપુરુષ થઈ શકત. ગાદીનો એ રસ્તો છોડી તેમણે કૉંગ્રેસનો કાંટાળો રાહ પસંદ કર્યો એમાં, આપણા દેશના સાચા રાજકારણ વિષે ઊંડી સમજ એમણે બતાવી છે. પણ એવી બૌદ્ધિક સમજ તો ઘણાની હશે. તે મુજબ વર્તવા માટે હૃદયબળ જોઈએ. સ્વ. ભૂલાભાઈએ પોતાની પાછલી આયુમાં પણ એ બતાવ્યું. એમાં એમણે પોતાના દિલનો ભાવ કેવા પ્રકારનો છે એ બતાવ્યું છે. ભારે સુખસામગ્રી અને નિરાંતની વકીલી કરી ખાવાનો સંજોગ છતાં, તેને એ ભૂલી શકયા, એ એમના નાનપણના ખેડુ ને ખડતલ જીવનની મૂળ શક્તિ કહેવાય.

કૉંગ્રેસી રાજકારણ મુખ્યત્વે ધારાશાસ્ત્રીઓ અને વાચા- કે કલમ-શૂરાઓના હાથમાં રહેવાથી, શરૂમાં એનું સ્વરૂપ એક પ્રકારની વકીલી જેવું જ ચાલતું. એમાંથી ગાંધીજીએ તેને ઉગાર્યું. પરંતુ તેમાં પાવરધા થયેલા વકીલો તે સહેજે ખંખેરી કાઢી ન શકયા. સ્વ૦ દેશબંધુ, મોતીલાલજી વગેરે પેઠે શ્રી. ભૂલાભાઈએ તે ખંખેરી કાઢી, કૉંગ્રેસની લડતોમાં જોડાવા સુધીનો ભાગ લીધો હતો. છતાં, એમની તાલીમ તો પેલી જ હતી; તેથી કૉંગ્રેસનાં કાર્યોમાં લડત-વિભાગના તે આગેવાન ન થઈ શકે; એ એમની જન્મારાભરની વકીલી તાલીમની ટેવને લઈને આવેલી મર્યાદા ગણાય. આમ છતાં, લડતના પ્રસંગને પણ પોતાની ઝીણી નજરે તપાસવામાં ને ઘટતો નિર્ણય કરવામાં તે સારી પેઠે મદદ કરી શકતા હતા. એ મદદ પણ વિરલ હોય છે.

ટકાની તોલડી તેર વાનાં માગે. જીવંત સંસ્થાઓની શક્તિ વધારવા માટે અને પ્રગતિ કરવા માટે અનેક જાતના શક્તિવાન લોકો સાથે મળીને કામ કરતા જોઈએ છીએ. શ્રી. ભૂલાભાઈએ તેમાં પોતાની ધારાશાસ્ત્રીની શક્તિ આપી, વક્તૃત્વથી તેને શોભાવી, અને દેશદાઝથી તેને તેજસ્વી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસના જીવનને મર્યાદા છે, અને એક રીતે જોઈએ તો તેનો પાર નથી. છતાં, એમાં ભારે શકયતાઓ પણ ભરેલી છે. તે ખીલવવાનો રાજમાર્ગ એક છે ને તે એ કે, ઈશ્વરે આપેલી બૌદ્ધિક, આર્થિક, ઈ૦ બધી પૂંજી નર્યા સ્વાર્થમાં ન નાંખતાં તેને પરાર્થ ખાતે પણ વાળવી. તો સ્વાર્થ તો સધાય જ છે, ઉપરાંત પણ મળે છે કે જે નરી સ્વાર્થસેવાથી ખોવાઈ જાય છે. શ્રી. ભૂલાભાઈના જીવનમાંથી આ પાઠ લેવા જેવો છે.

ગુજરાત એમને હમેશ યાદ કરશે.

[૧૩–૫–'૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪
બે બુજરગો

[શ્રી. નટેસન, સર તેજબહાદુર સપ્રુ]

ગાંધીજીની પેઢીના બુજરગ દેશસેવકો ધીમે ધીમે પ્રયાણ કરતા જાય છે એવા બેની નોંધ આ મહિને લેવાની થાય છે — મદ્રાસના શ્રી. નટેસન અને યુક્ત પ્રાંતના સર તેજબહાદુર સપ્રુ. બંને ૭૫ વર્ષની પાસે પાસે પહોંચ્યા હતા. બંનેએ આખી જિંદગી પોતાને માન્ય રીતે દેશની અથાક સેવા કરી. બંને ગાંધીજીની પદ્ધતિમાં માનતા નહોતા, છતાં તેમના વ્યક્તિત્વ તથા કાર્યની ભારે કદર કરનારા અને એમના ગુણાનુરાગી મિત્રો હતા.

શ્રી. નટેસને મુખ્યત્વે કરીને પત્રકાર અને પ્રકાશક તરીકે સેવા કરી. રાજનીતિમાં તે 'લિબરલ'— ઉદારમતવાદી હતા. 'ઇંડિયન રિવ્યૂ' નામનું જાણીતું અંગ્રેજી માસિક તેમણે ૪૦ વર્ષ પર શરૂ કર્યું, તે આજ સુધી તંત્રી તરીકે રહીને ચલાવ્યું. રાષ્ટ્રીય સાહિત્ય થોકબંધ તેમણે બહાર પાડ્યું. કૉંગ્રેસ તથા તેના મહાન સેવકો અને તેના પરદેશી મિત્રો અને હિતચિંતકોનો પરિચય આપવાનું કામ આ સૈકાના શરૂના દસકાઓમાં તે જ કરતા હતા.

ગાંધીજીનાં વ્યાખ્યાનો તથા વિચારો કદાચ પહેલાં એમણે જ બહાર પાડેલાં. અને એમ જ કેટલાય આપણા દેશભકતોને અંગે તેમણે આ સેવા કરી હતી. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ થયો ત્યારથી તે ગાંધીજી વિષે આદરમાન અને મૈત્રી સેવતા થયા. તે લડતમાં તેમને સાથ અને સહાનુભૂતિ આપનાર હિંદીઓમાં શ્રી. નટેસન એક મુખ્ય હતા.

સર તેજબહાદુર ધંધે વકીલ હતા; અને અઠંગ કાયદાશાસ્ત્રી અને બાહોશ રાજકારણી તથા વિદ્વાન હતા. તેમનું રાજકારણ મુખ્યત્વે બંધારણીય પદ્ધતિનું હતું. તેમાં તેમને શ્રદ્ધા હતી; અને તેની અંદર તે કુશળ અને અનુભવી હતા. આથી તે ઘણે ભાગે 'લિબરલ' પક્ષને મળતા આવતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તે તેમાં લાંબું ન રહ્યા, પણ સ્વતંત્ર પક્ષના એક મુત્સદ્દી તરીકે પોતાનું કામ કરતા.

અંગ્રેજ રાજદરબારમાં એમને સારાં માનમરતબો હતાં. ૧૯૩૦માં ગાંધીજી જોડે સમાધાન કરાવવામાં તે વચ્ચે પડી શકયા તે આથી જ. ગાંધીજી અને તેમની વચ્ચે બહુ મીઠો સંબંધ હતો. બંને એકબીજાની શક્તિ પિછાનતા, અને તેનો પરસ્પર લાભ આપવા તત્પર રહેતા.

છેવટનાં વર્ષોમાં સપ્રુસાહેબ ગાંધીજીની બહુ નિકટ આવ્યા, એમ કહેવાય. સર્વપક્ષીય પરિષદ ભરી હિંદના રાજકારણી મતને સ્પષ્ટ કરી આપવા દ્વારા તેમણે પોતાથી બનતી મદદ કરી. તે પામી ગયા હતા કે, ગાંધીજીની નીતિ ભલે ન ગમે, પણ તે જ દેશનું સુકાન સંભાળી સ્વરાજ લાવી શકે એમ છે.

છેવટના ભાગમાં ગાંધીજી એમને હિંદુસ્તાની પ્રચારના કામમાં રસ લેવા પ્રેરતા હતા. તે કહેતા કે, 'મહાત્માજી, આપનું આ કામ પૂરેપૂરું સાચું છે અને હું એમાં માનું છું. પણ જે આપ કહો છો તે ભાષા જ ઉર્દૂ ભાષા છે અને એના ઉત્કર્ષને માટે હું મથું છું. (એ ઘણું કરીને ઉર્દૂ તરકકીના અંજુમનના એક હોદ્દેદાર હતા.) એનું ખરું નામ બદલવામાં પણ મને રુચિ નથી થતી.' તે ઉર્દૂના મોટા પંડિત હતા અને ફારસી અરબી કે સંસ્કૃત કોઈ તરફ વધારેપડતું ઢળી પડયા વગર, ભાષાની તળપદી શકિતનો વિકાસ કરવામાં માનતા.

આ બંને બુજરગો સ્વરાજ આવેલું જોઈને ગયા એ એમને માટે ભારે લહાવો ગણાય. પરંતુ તે ગાંધીજીને પહેલા જતા જોઈને ગયા એ એક દુઃખ એમને ઓછું નહીં સાલ્યું હોય. છતાં દેશનું નાવ ઠીક ગતિએ આગળ જાય છે, એ ખાતરી મેળવીને એ ગયા.

સર તેજબહાદુરનું વતન કાશ્મીર, એને થતી રંજાડથી એ ભારે દુઃખી થયા હતા. તેનો સુખદ અંત પણ એમણે જોયો. અને હવે જ્યાં દુઃખ નથી એવા મરણોત્તર લોકમાં તે ગયા. બંને બુજરગો શાંતિના હકદાર બનીને ગયા, તે તેમને પ્રભુ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારના સેવકોનો પાઠ હવે આપણે ખાસ લેવાનો છે. હવે આ રીતની આવડત અને લગની ધરાવનારા બાહોશ પત્રકાર, વકીલ, ધારાશાસ્ત્રી, રાજકારણી આપણને જોઈએ. ચળવળ અને લડતનો યુગ પૂરો થયો ને હવે સંગીન કામો કરવાનાં આવ્યાં છે. તે વખતે આવા બુજરગ ઉદારમતવાદીઓની ધૃતિ, કુશળતા, વિદ્વત્તા, કુનેહ અને શાણપણ આપણે માટે ધડારૂપ બને છે.

[૨૪–૧–'૪૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY

૧૫

શ્રી. કામાક્ષી નટરાજન

'ઇંડિયન સોશિયલ રિફૉર્મર'ના આજીવન તંત્રી શ્રી. નટરાજન, ૭૯ વર્ષની પાકી વયે દેવલોક પામ્યા છે. ધંધે એ પત્રકાર હતા, પણ આજકાલના અર્થમાં નહિ. તે પોતાના પત્ર દ્વારા એક મિશન — એક મોટું દેશકાર્ય લઈને બેઠા હતા. પોતાના પત્રને માટે તેમણે પસંદ કરેલું સુવાક્ય અહીં જોવા જેવું છે :—

> "હું સત્ય જેવો કઠોર થઈશ અને ન્યાય જેવો અણનમ રહીશ. ઊંડા અંતરમાંથી હું વાત કરું છું. હું મોઘમ વાત નહિ જ કરું, હું કોઈ બહાનાં નહિ ચલાવી લઉં; એક તસુ પણ પાછો નહિ પડું. અને મારી વાત કાને ધર્યા વિના દુનિયાનો છૂટકો થવાનો નથી."

તેમનું મિશન મુખ્યત્વે સમાજસુધારો હતું. ૧૮૮૫માં કૉંગ્રેસ સ્થપાઈ ત્યારથી તેની જોડે જોડે સમાજ-સુધારા પરિષદ પણ થતી. કૉંગ્રેસ રાજકારણ સંભાળે અને આ પરિષદ લોકમાં નવો સુધારો કરવાનું સંભાળે. એમ બે ભાગમાં દેશનું કામ ચાલતું. અને અંગ્રેજી રાજ્યમાં કેળવાઈને જાગ્રત થયેલા આગેવાન હિંદીઓ આ બે સંસ્થાઓમાં પોતાની દેશસેવાની ધગશ અને આત્મા ઠાલવતા. તેમના પત્રનું નામ જ બતાવે છે તે પ્રમાણે, શ્રી. નટરાજન સમાજ-સુધારા પરિષદના કામમાં મુખ્ય રસ લેતા, દેશના રાજકારણમાં ઓછો; અને તે મુખ્યત્વે પત્રકાર તરીકે.

પરંતુ એમના ઠરેલ વિચાર અને અભ્યાસપૂત દૃષ્ટિને લીધે, આ લખાણો અચૂક વંચાતાં. ગાંધીજી નટરાજનના પેપરમાં નજર કરવાનો પ્રસંગ મળે તો ચૂકતા નહિ. ખાસ કરીને રાજકારણના પક્ષો વચ્ચે બહુ ઝીણું કાંતીને બરોબર ન્યાય તોળીને વાત કરવાની એમની કોરી શૈલી પ્રત્યક્ષ કામમાં પડેલા લોકોને જરા વધારેપડતી 'અનાસક્ત' લાગે એવી હતી ખરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં તેમાં કાંઈકે ધ્યાનમાં લેવાનું બિંદુ હોય તો તે જોવું જોઈએ, એમ એમના વિચારો સાથે સંમત નહિ થનારને પણ લાગે.

૧૯૨૦ બાદના ગાંધીયુગમાં સમાજ-સુધારો અને રાજકારણ એવી બે અલગ વાડાબંધ વસ્તુ હિંદના જાહેર જીવનમાં રહી નહિ. ગાંધીજીની દોરવણી, ગુલામ બનેલા આખા હિંદી જીવનને સમગ્રપણે સ્પર્શીને સુધારવું જોઈએ, તો જ સ્વરાજ મળે, એ પ્રકારની હતી. તેને જ અનુરૂપ પદ્ધતિ પણ સહેજે તેમણે અખતિયાર કરી. આથી સમાજ-સુધારાની કેટલીયે બધી વાતો, તે પૂર્વેના જમાનામાં કહીને સુધારકો થાકતા ને તેને માટે જુનવાણી માનસ જોડે ઝઘડતા, તે બધી વાતો એકીસપાટે જુદી જ ભૂમિકા પર પહોંચી ગઈ અને લોકો આપોઆપ સુધારાની એ બધી વાતો, તેની સાચી ભૂમિકા દેખવાની સાથે, સમજતા ગયા. આવી અજબ બેઠી ક્રાંતિ જનમતાં સુધારા પરિષદ તો લગભગ અસ્ત જ પામી ગઈ. પરંતુ સુધારકોના જીવને પણ ઠારે એવું બુલંદ કામ તો થવા જ લાગ્યું.

રાજકારણમાં શ્રી. નટરાજન ગાંધીજીની સાથે હતા એમ ન ગણાય. તે કાંઈક જૂના પીઢ 'લિબરલ' મતના વલણના હતા. છતાં સમાજ-સુધારાની બાબતમાં તેમને ગાંધીજીના કામથી જરૂર આનંદ થયો હશે. તેમના પરિચયમાં આવેલા શ્રી. વૈકુંઠભાઈ મહેતા લખે છે,

> "જીવનની શરૂઆતથી શ્રી. નટરાજન જે સુધારાની હિમાયત કરતા આવ્યા છે, તે બધા છેલ્લાં થોડાં વરસોમાં દેશના રાષ્ટ્રધર્મમાં માન્ય થયા, એ જોઈને જવાનું સદ્‌ભાગ્ય તેમને મળ્યું. સ્ત્રી-કેળવણી, સમાજ અને કાયદાની નજરમાં સ્ત્રીપુરુષની સમાનતા — આ એમના હૃદયની અતિ નિકટની વાતો હતી. હિંદનું નવું બંધારણ સ્ત્રીને પુરુષ જેવો જ સમાન દરજ્જો આપે છે, અને હિંદુ કાયદામાં જે સુધારા હમણાં વિચારાય છે તેમાં એમણે વરસો અગાઉ કરેલી માગણીઓ આવી જાય છે. જ્ઞાતિવ્યવસ્થાના અનિષ્ટ સામેની ઝુંબેશના ભાગ તરીકે તે અસ્પૃશ્યતાનિવારણ ચાહતા. દેશમાં લગભગ બધે એને માટે કાયદા કરી તે સધાયું છે. નાતજાતો ટળે એ જોવાની તેમની ઇચ્છા હતી; તે ફળી નથી એ ખરું. છતાં તેમાં ગાબડાં પડયાં છે, અને થોડાક દશકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર એ સંસ્થા સમાજજીવનમાં જેવી જબરી વસ્તુ હતી તેવી તો તે આજે નથી રહી. દારૂનિષેધ આજે રાષ્ટ્રની નક્કી નીતિ બની છે. . . ."

જીવનના છેવટના ભાગમાં તે વાનપ્રસ્થ-સંન્યાસઆશ્રમી જીવન ગાળતા થયા હતા. જે પત્રને વરસોથી પોતાનું હૃદય રેડીને પ્રતિષ્ઠિત બનાવ્યું હતું, તેનું કામ પોતાના વારસને આપી, તે નિવૃત્ત થઈને આત્માની ઊંડી વાતો તરફ ઢળ્યા હતા. અંગ્રેજી ભાષા અને કેળવણીના એ આશક હતા. પણ એમનું અંતર હિંદુ સંસ્કારે રંગાયેલું હતું. તે પ્રાર્થનાસમાજી હતા. રાજકારણની ધમાલ છોડી રચનાકાર્યની શાંત ધગશ આખો જન્મારો એમણે સેવી, એ એમની આવી શાંત અભ્યાસી પ્રકૃતિને લઈને ગણાય.

હિંદના હવેના યુગમાં આવા માણસો અને આવા પત્રકારો બહુ જરૂરના છે. શ્રી. નટરાજન એ પ્રેરો.

[૧૬-૫-'૪૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

સર સી. વાય. ચિંતામણિ

જન્મે આંધ્રના વતની, પણ પોતાની પુખ્ત ઉંમર અલ્હાબાદમાં ગાળનાર, આપણા દેશના એક આગળપડતા પત્રકાર, સર સી. વાય. ચિંતામણિ ૬૦ વર્ષની વયે હમણાં અલ્હાબાદમાં ગુજરી ગયા. છેલ્લાં બેએક વર્ષથી તે પથારીવશ હતા, અને છેવટે હૃદય બંધ પડતાં તા. ૧–૭–'૪૧ના રોજ દેવલોક પામ્યા.

૧૮૯૮ની સાલમાં, એટલે કે પોતાની ૧૮ વર્ષની વયે, તે છાપાના કામમાં પડ્યા, અને મરણ પર્યન્ત તેમાં જ મુખ્યત્વે રહ્યા. છાપામાંથી જાણવા મળે છે કે, મૃત્યુ અગાઉ બેચાર દહાડા પર જ તેમણે પોતાના 'લીડર' પત્રમાં લેખ પ્રસિદ્ધ કર્યો હતો.

'લીડર' પત્ર અંગ્રેજીમાં છે. આપણા પ્રાંતમાં અંગ્રેજી છાપાંમાં મુંબઈનું ઍંગ્લો-ઇંડિયન પત્ર 'ટાઇમ્સ' આગેવાન છે; તે પત્ર અંગ્રેજ કંપનીને હાથ છે. પરંતુ મદ્રાસ, બંગાળ, યુ. પી. વગેરેમાં એ દશા નથી. ત્યાં દેશી લોકો અંગ્રેજી છાપાંમાં પણ આગેવાની ભોગવે છે. યુ. પી. માં શ્રી. ચિંતામણિનું 'લીડર' ત્યાંનું આગેવાન પત્ર ગણાય છે. તેની હરીફાઈમાં ત્યાંનું ઍંગ્લો-ઇન્ડિયન પત્ર ન નભી શક્યું; તે શ્રી. ચિંતામણિના શક્તિશાળી પત્રકારિત્વને આભારી મનાય.

આ પત્ર ચલાવવાનું કામ તેમણે લગભગ તેના પ્રારંભથી જ કર્યું અને આજની તેની ચડતીએ આણ્યું. એટલે લગભગ એક પેઢી જેટલું તેઓ યુ. પી.માં રહ્યા. પરંતુ હિંદી ઉર્દૂમાં તે પાવરધા ન થયા, એમ છાપાંમાંથી જાણવા મળે છે. એનું કારણ કદાચ એ હોય કે, જે જાતના રાજકારણના એ પ્રેમી હતા, એનું માધ્યમ અંગ્રેજી જ હતું, અને એને માટે પોતાની આસપાસના આમ-લોકની ભાષાની જરૂર નથી. બાકી તે કેવા શક્તિસંપન્ન હતા તે તો એક બે હકીકતો પરથી પણ જાણી શકાય છે. તે ધારત તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના વસવાટના પ્રાંતની ભાષા હાથ કરી લેત એટલું જ નહિ, તેમાં પત્ર પણ ચલાવી શકત.

એ યુનિવર્સિટીની પદવી પામ્યા નથી. કૉલેજનું એકાદ વર્ષ એમણે જોયું હતું. કામ કામને શીખવે એ ન્યાયે વર્તતાં જ તે દેશના એક આગલી હરોલના પત્રકાર બન્યા. એમની સ્મરણશક્તિનાં ભારે ગુણગાન થાય છે. પોતાના અનુભવનાં અનેક નાનાં નાનાં કથાનકો, વિગતો, અને વ્યક્તિઓ વિષેના જ્ઞાન વગેરેનો એ ભંડાર હતા; ને કોઈ બનાવનો દિવસ તારીખ ને વખત પણ કહી શકે, એવી સ્મૃતિ-શકિત એમની હતી. આ કુદરતી બક્ષિસથી તે ધારે તે ભાષા અને વિદ્યા મેળવી શકે એમ હતું. પરંતુ વિનીત રાજકારણમાં લોકભાષાનું કામ બહુ પડતું નથી, અને શ્રી. ચિંતામણિ એ દળના એક આગેવાન હતા.

નામ૦ ગોખલેને તે પોતાના રાજકીય ગુરુ મનાવતા. એમ તો ગાંધીજી પણ પોતાને ગોખલેજીના જ નમ્ર શિષ્ય તરીકે ઓળખાવે છે. પરંતુ ગોખલેના અન્ય અનેક વિનીત શિષ્યોની જેમ, શ્રી. ચિંતામણિને ગાંધીજીનું રાજકાજ જરાય ગમતું નહિ. તે તો એમ જ માનતા અને કહેતા કે, ગાંધીજીના કામથી દેશનાં વીસ વર્ષ લગભગ એળે ગયાં છે; જો વિનીત નીતિથી આ વર્ષો દેશે વાપર્યાં હોત, તો સ્વરાજ્પંથે ઘણું સાધી શકાત. કદાચ આમાં ગાંધીજીની અને ચિંતામણિની સ્વરાજની કલ્પનામાં જ ભેદ હોવા ઘણો સંભવ છે. પરંતુ સદ્ગતના જીવનની એ વાત અત્યારે અપ્રસ્તુત ગણી છોડવી જોઈએ, અને જે લગની તથા અનન્યતાથી એ પોતાની માન્યતાનું રાજકારણ આગળ વધારવા મથતા, તેનો જ પાઠ આપણે એમના વારસોએ ગ્રહણ કરવો ઘટે.

૧૯૧૯માં વિનીત દળના નેતાઓ મહાસભાથી જુદા પડ્યા, તેમ શ્રી. ચિંતામણિ પણ જુદા થયા. તે અગાઉ, બીજા બધા પોતાના વિનીત સાથીઓની પેઠે, તે પણ મહાસભામાં હતા; અને એની સેવા કરી, જે શકિત ઈ. સ. ૧૯૧૮ સુધીમાં મહાસભા ધરાવતી થઈ હતી, તે ઘડવામાં તેમણે ફાળો આપ્યો હતો. ૧૯૧૯ પછી વિનીતોએ પોતાનું નવું મંડળ કાઢ્યું, તેમાં એ જોડાયા અને એના એ પ્રમુખ બન્યા હતા; તથા ૧૯૧૯ના કાયદાની ધારાસભામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ તે યુ.પી.ના એક પ્રધાન પણ બન્યા હતા. એટલું જ નહિ, પોતાના પ્રિય સિદ્ધાંતોથી વિરુદ્ધ જઈ કાંઈ કામ કરવાનું આવતાં પ્રધાનપદનો ત્યાગ કરી તે પાછા પોતાના પત્રના કામે પહોંચ્યા હતા.

આવી નિષ્ઠા, આવો પ્રેમ, અને આવી દેશભકિત અનુકરણીય છે. શ્રી. ચિંતામણિ તે વારસો મૂકીને ગયા છે. તે જે જાતના રાજકારણને વર્યા હતા, તે ભલે આજ નિષ્ફળ કે જોર વગરનું આપણને લાગે. પરંતુ કોઈ વસ્તુ સત્ય લાગતાં તેમાં નિષ્ઠાથી પડવું એ માનવજીવનનું નૂર છે. માન્યતા અને શ્રદ્ધાના ભેદો તો માનવ સૃષ્ટિમાં સનાતન હોવાના. પોતાની માન્યતા કે શ્રદ્ધા પ્રમાણે વર્તવું, અને બીજાને વર્તવા દેવું, એ જ પછી સુઘડ કે સંસ્કારી માનવ વ્યવહારનો કાયદો બને છે. અને એ જ ગાંધીજીના સત્યાગ્રહનું બીજ છે. શ્રી. ચિંતામણિ આ વસ્તુ તો સ્વીકારતા, કેમ કે વિનીત રાજકારણમાં એ વસ્તુ તો કદાચ મૂળભૂત છે. સત્યાગ્રહમાં એથી ઉપરાંત રહેલી વસ્તુઓનો ભલે ત્યાં અસ્વીકાર હોય.

શ્રી. ચિંતામણિના જવાથી હિંદે એક ઉમદા પત્રકાર અને પીઢ દેશપ્રેમી ગુમાવ્યો છે.

[ઑગસ્ટ ૧૯૪૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

શ્રી. સુભાષ બાબુ

જાપાન રેડિયો જગતને ખબર આપે છે કે, આપણી મહાસભાના એક વખતના રાષ્ટ્રપતિ શ્રી. સુભાષચંદ્ર બોસ વિમાનના અકસ્માતથી ગુજરી ગયા છે.

આ ખબરથી આખા દેશમાં સૌ કોઈને દુ:ખ થયું છે. થાય જ. આઈ. સી. એસ.નાં માન, આરામ અને આપખુદ રાજવીપણાના ભોગ છોડી દેશની સેવામાં તન મન ને ધનથી તે લાગ્યા હતા, ભલે તેમનો રસ્તો પ્રજામતથી નિરાળો થતો ગયો હતો.

છેવટનાં કેટલાંક વર્ષોથી તો રાષ્ટ્રીય મહાસભાની નીતિ-રીતિથી જુદી રીતે તેઓ વિચાર કરતા થયા હતા. પણ એ બધું તેમના મરણથી અંત પામે છે. અને અમેરિકન ફિલસૂફ પ્રો. વિલિયમ જેમ્સે કહ્યું છે તેમ, "માણસમાં બીજી નબળાઈઓ ગમે તેવી હોય, તેનો વાંધો નથી. પણ જે સેવાક્ષેત્ર પોતે પસંદ કર્યું, તેમાં જો જીવનું જોખમ ખેડવા પણ તે તૈયાર હોય, તો તે બીના તેને હમેશને માટે પુનિત કરે છે."

શ્રી. સુભાષબાબુ આ પુનિતતા કમાઈને ગયા છે. જો પુનર્જન્મ હોય—અને હિંદુઓ તો માને જ છે,—તો સુભાષબાબુ નવે અવતારે પાછા હિંદની સેવા કરવા આવશે, એમાં શંકા નથી. મરણ આગળ માનવ રાગદ્વેષો ઓગળી જાય,—જવા જોઈએ. ચાલુ સરકારને પણ આ નિયમ લાગુ પડે છે.

પ્રભુ સદ્‌ગતને શાંતિ આપો.

[ઑગસ્ટ ૧૯૪૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયદે-આઝમ ઝીણા

સ્વરાજની પહેલી વરસગાંઠને દિવસે એક વિદ્યાર્થીસભામાં મને બોલાવ્યો હતો. તે પર્વનું વિવેચન કરતાં એક એવી વાત મેં કહી કે, એક રીતે જોતાં, પોતાની વાતમાં નિશ્ચય અને અડગતાની દૃષ્ટિએ જોઈએ તો ગાંધીજી, ચર્ચિલ, અને ઝીણા સરખા ઊતરે એવા દૃઢાગ્રહી ગણાય. સામ્રાજ્ય-સંગઠનમાં અંગ્રેજ જેવી કુશળ પ્રજા જગતમાં બીજી એકે નથી. તેની ચુંગલમાંથી હિંદને છોડવવો એ નાનુંસૂનું નિશ્ચયબળ નથી. એ બળ ગાંધીજીનું હતું, અને તે એટલું જબરું હતું કે, 'ગાંધી એટલે આંધી' એમ એક પ્રાસયુકત શબ્દપ્રયોગ જ કોકે યોજ્યો હતો. આવા પ્રચંડ વેગે જતા બળને બ્રેક મારવાને એવી જ જબરી શકિત જોઈએ. ચર્ચિલ અને ઝીણા ગાંધીજીના પ્રચંડ વેગયુક્ત કાર્યને બ્રેકરૂપ હતા. તેમાં એ બે જણની કારકિર્દીનું મહત્ત્વ આવી ગયું; તો તેની સાથે તેની ટીકા કે તારીફ પણ સમાય છે.

એ વાતને મહિનો માસ પૂરો નથી થયો, ત્યાં તા. ૧૨મી સપ્ટેમ્બરે પાકિસ્તાનથી ખબર આવે છે કે, હિંદના મુસલમાનોના કાયદે-આઝમ મહમદઅલી ઝીણા ગુજરી ગયા છે. તેની સાથે હિંદના છેલ્લા દોઢેક દસકાના ઈતિહાસનો એક મોટો અંક પૂરો થાય છે. આ અંકના છેવટ વિષે કાયદે-આઝમ પોતે શું ધારતા હશે, એ તો હવે કોયડો જ રહેવાનો.

એક એવો વિચાર આવે છે કે, ઝીણા સાહેબે અંતે શાંતિથી જીવ છોડયો હશે કે કેમ? આ પણ કહી શકાતું નથી. એમની તારીફ કરતાં કહેવામાં આવે છે કે, મોટામાં મોટા મુસ્લિમ રાજ્યનું એમણે નિર્માણ કર્યું છે. કદ તથા વસ્તીમાં પાકિસ્તાન મોટામાં મોટું હશે. અને એ ઊભું થઈ શકયું તેને માટે જો કોઈ એક વ્યકિતની જવાબદારી જોવી હોય તો તે ઝીણા સાહેબ છે, એમાં પણ ભાગ્યે શંકા કરી શકાય.

અને આવડું મોટું રાજ્ય-સંપાદન ઝીણા સાહેબે એવું ઝપાટામાં કર્યું અને તે છોડીને ગયા કે, મને એ ઉપરથી પ્રાચીન ઈતિહાસની એક વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાદ આવી. કહે છે કે, મહમદ ગઝનીએ (?) પોતાના પરાક્રમથી પારાવાર સમૃદ્ધિ અને રાજ્યશ્રી સંપાદન કરી; અંતે મરવાનું આવ્યું ત્યારે તેણે એવી સૂચના આપી હતી કે, મારા હાથ બહાર ખુલ્લા રાખીને મને દફન કરવા લઈ જવો, જેથી જગત જાણે કે છેવટે હું ખાલી હાથે જ જાઉં છું. જો કાંઈ જોડે જતું હોય તો તેનું કર્યું-કારવ્યું પાપપુણ્ય જ ગયું.* મહમદઅલી ઝીણાએ પાકિસ્તાન લીધું, પણ ખાલી હાથે જ ગયા. જે કાંઈ રહ્યું તે એમનાં કાર્યનાં ફળ લણવાનું. આ કેવાં હશે તે હવે પછીનો ઈતિહાસ કહેશે.

કહેવાય છે કે, મરનારનું માઠું ન બોલવું. વાત સાચી છે. પાકિસ્તાનનો જન્મ એક રીતે જોતાં કાંઈ ઝીણાસાહેબનું વૈયક્તિક કાર્ય નથી. ઈતિહાસમાં મોટમોટા પુરુષો પણ અમુક ભાગ ભજવે છે. આ ભાગ ભવ્ય હોય છે; મહા પ્રભાવ પાડનારો હોય છે. છતાં તે આખા ઈતિહાસ-કાર્યનો એક — ભલે મોટો માનો, છતાં — એક અંશ હોય છે. આનો કયાસ કરવો જોઈએ છે.

જા૦ ઝીણાને મેં ૧૯૧૭-૧૮ના જમાનામાં જોયા જાણ્યા છે. તેમના માનમાં ઊભો કરેલો ઝીણા-હૉલ આજેય એ દિવસોની યાદ આપે છે. એમની નીડર વકીલાત અને કુશાગ્ર બુદ્ધિ વિરલ છે. અને એમની રાજદ્વારી કુનેહ તથા આટાપાટા ખાવા તથા ખેલવાની બહાદુરી માન મુકાવે એવી વસ્તુઓ છે. તેથી શરૂમાં મેં કહેલી વિદ્યાર્થીસભામાં એમ કહેલું કે, ચર્ચિલ ઝીણા

---

* ઔરંગઝેબે પણ એવી જ ભાવના મરણકાળે બતાવી હતી.

"ઈ. સ. ૧૭૦૭માં ઔરંગઝેબ અહમદનગરમાં મૃત્યુ પામ્યો. છેવટના કાળમાં તેણે પોતાના પુત્ર આઝમશાહને લખ્યું:—

"'હું હવે વૃદ્ધ થયો છું. હું જન્મ્યો ત્યારે મારી ફરતાં કેટલાંયે માણસો હતાં. પણ આજ તો હું એકલો જાઉં છું. હું શા માટે આ દુનિયામાં આવ્યો તેની મને ખબર નથી. મારા હાથથી દેશનું કે લોકોનું કાંઈ ભલું થયું નથી. મારા હૈયામાં ખુદા વસે છે, પણ હું આંધળો તેનો પ્રકાશ જોઈ શક્યો નથી. . . . હું દુનિયામાં કાંઈ જ લેતો આવ્યો નથી, પણ અત્યારે તો પાપનો પોટલો સાથે બાંધતો જાઉં છું. ખુદા દાના છે, કૃપાળુ છે; પણ હું તો પાપી છું. . . . આમીન, આમીન, આમીન.'" ('આપણા દેશનો ઇતિહાસ' ભા. ૨. પા. ૭૪.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા શક્તિસંપન્ન પુરુષો હિંદ-સ્વરાજની સેવામાં પાકો, એવી હું તો મનથી પ્રાર્થના કરનારો માણસ છું.

એમની ભાવના ભૂલભરેલી હશે; પરંતુ એમની શક્તિ અને પોતાને પ્રિય વસ્તુ માટેની વફાદારી એ ભારે ગુણો છે. એ વાત ખરી કે, આવી શક્તિઓ બેધારી તલવાર જેવી છે. આમેય કામ દે અને તેમેય કામ દે. તેથી કરીને આ શક્તિઓની સાથે સાચા આદર્શની શુદ્ધ દૃષ્ટિ પણ જોઈએ. તે વગર જગતને હિટલર અને મુસોલિની જ મળે.

આ વસ્તુનો વિચાર કરીએ છીએ ત્યારે પાકિસ્તાન અને તેના નિર્માતાનું જીવન અને કાર્ય વ્યક્તિગત વસ્તુ મટી ઈતિહાસનું એક પ્રકરણ બને છે.

ક્યાંક વાંચ્યું છે કે, ઝીણા સાહેબના વડવા કાઠિયાવાડના લોહાણા હતા અને ત્રણેક પેઢી પરના એમના વડવા ખોજા મુસલમાન થયેલા. તેમના પિતા કરાંચીમાં વેપારી હતા અને ઠીક કમાતા હતા. ઝીણાનો જન્મ ત્યાં ઈ. સ. ૧૮૭૬માં થયો હતો. કરાંચી માટેનો તેમનો પ્રેમ આમાંથી હોય.

તેમણે ત્યાં મદરેસામાં અભ્યાસ કર્યો; અને પછી ત્યાંની મિશન સ્કૂલમાં ગયા. તે યુનિવર્સિટીમાં ગયા લાગતા નથી, પણ ૧૮૯૨માં તે વિલાયત જઈ બૅરિસ્ટર થયા હતા.

આ જ સમયમાં ગાંધીજી પણ લગભગ આ જ રીતે ભણ્યા કહેવાય. માત્ર તે પાંચ છ વર્ષ મોટા તેટલા વહેલા વિલાયતથી પસાર થઈ આવ્યા એટલું જ. વિલાયતમાં તે પણ દાદાભાઈ વગેરેને મળેલા, તેમ જ ઝીણા સાહેબે પણ ત્યાંથી દેશકામના પાઠ લીધેલા.

દેશ પાછા આવી ઝીણાસાહેબ બારિસ્ટરીમાં પડ્યા. અને બીજી બાજુથી રાજકારણમાં પણ ભાગ લેતા. તે કૉંગ્રેસમાં જોડાયા. ગોખલેજી જોડે કાઉન્સિલ બહાર અને અંદર કામ કર્યું. ટિળક મહારાજના સંપર્કમાં પણ તે આવ્યા. કદાચ એમનું રાજકારણ ઝીણાને વધુ ગમતું હોય. કાયદાબાજીનું બંધારણવાદી રાજકારણ તો એમને ફાવે અને ગમે, એ ઉઘાડું છે.

પરંતુ ૧૯૧૫ બાદ ગાંધીજી આવ્યા. તેમની નીતિરીતિ ઝીણા સાહેબને ભાગ્યે જ ગોઠી, એમ લાગે છે. હોમરૂલ લીગમાં ગાંધીજી રસ લેવા લાગ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી જ એ જણાઈ આવે છે. સવાલ એ છે કે, ઝીણાને ગાંધીજીનું કઠણ રાજકારણ શાથી ન ગમ્યું? શું એ મૉડરેટ જેવા 'આર્મ-ચૅર' રાજકારણી હતા તેથી? એમ નથી લાગતું. અનુમાન તો એવું જાય છે કે, તેમને એ પ્રકૃતિથી જ ન ગમ્યું. કદાચ એમના જેવા અતિમાની માણસને ગાંધીજીની દોરવણી સ્વીકારવાનું જ મૂળે ન રુચ્યું. કદાચ, કેટલાક કહે છે એમ, તેમને લાગ્યું કે, આમાં તો કેવળ હિંદુરાજ થઈ જશે. આ બાબતમાં કોઈ નિશ્ચય પર આવવું અઘરું છે, કેમ કે એને માટે જોઈતી સામગ્રી નથી. ઝીણા સાહેબ પોતે કે તેમનો કોઈ બૉસ્વેલ જેવો અંતેવાસી આ તો કહી શકે. અસ્તુ.

આ પછી ઝીણા સાહેબ કૉંગ્રેસથી અળગા થયા તે થયા. એ અંતર વધતું જ ગયું—વધારાતું જ ગયું. ગાંધીજી જેવા પણ એ ઓછું કરી ન શકયા. ૧૯૨૦–૩૦ સુધી જે ઝીણા રાષ્ટ્રીયતા અને કોમી એકતાના મોટા સ્તંભ મનાતા, તે આ વરસો બાદ હડહડતા અને કટ્ટર કોમવાદી બની ગયા! આ મોટો માનસફેર ઘણાને માટે એક કોયડો જ છે.

આમ થયા તો થયા, પણ તે પોતાનો ઇરાદો પાર પાડવાને માટે અંગ્રેજ રાજનીતિને મદદગાર બનવા સુધી પણ ગયા. ચર્ચિલે મુસ્લિમ લીગની આ નીતિમાં પોતાની સામ્રાજ્ય-રક્ષા જોઈ. આથી એણે આ વિખવાદને ઢાલ આપી.

આ આશ્રય નીચે મુસ્લિમ લીગે પણ પોતાની નીતિ ફેરવી. ઝીણા સાહેબે જાહેર કર્યું કે, હવે લીગ સક્રિય પગલાં લેવાની નીતિથી ચાલશે. આ સક્રિય પગલાં એટલે કોમી હુલ્લડો અને અશાંતિ, એમ જ થઈ રહ્યું. અંગ્રેજી રાજમાં હિંદના મુસલમાનોએ તેમના રાજકારણમાં હુલ્લડને એક રાજદ્વારી શસ્ત્ર-સાધનની અદાથી વાપર્યું, એવો વાદ કરનારા પણ કેટલાક છે.

આ બધા દુ:ખદ પલટાઓ અને પ્રસંગોમાં પડવાની જરૂર નથી. એમાંથી અંતે પાકિસ્તાન નીપજ્યું. આથી મુસલમાનો એક વાર તો રાજી થયા; પણ એમાંથી અત્યારે તો બધે દુ:ખ, ત્રાસ અને પીડા જ નીપજ્યાં છે. તે કોઈના ભલાને માટે નથી એમ જે કહેવાતું, તે હજી સુધી તો સાચું પડયું લાગે છે. પરંતુ આજે પાકિસ્તાન હકીકત છે. તે છે તેવું લઈને જ આગળ ચાલવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી હિંદનો કોમી પ્રશ્ન ઊકલ્યો નથી; કે તેથી પાકિસ્તાનનો કોમી પ્રશ્ન પણ ઊકલ્યો નથી. છતાં તેમાં મુસલમાનોને સમાધાન હોવું જોઈએ, કેમ કે તેમને જોઈતું મળ્યું છે. હિંદ પણ એમ માનીને ચાલે છે.

ઝીણા સાહેબની દફનક્રિયા પ્રસંગે પાકિસ્તાનના વડા મૌલાના શબ્બીર અહમદ ઉસ્માનીએ પાકિસ્તાનના આ કાર્યને ઉદ્દેશીને કહ્યું કે, "ઔરંગઝેબના જમાનાની ઇસ્લામની ઇજ્જત એમણે પાછી આણી; આ દેશના મુસલમાનોને માટે એમણે જે કર્યું છે તેને માટે તેઓ અહેસાનમંદ રહેશે."

ઝીણા સાહેબની કારકિર્દીની સરખામણી ઔરંગઝેબ જોડે કરવાનું મૌલાનાને સૂઝ્યું એ એક રીતે સૂચક છે. ઇતિહાસપટ પર નજર જતાં મને થયું કે, પાકિસ્તાનવાદનો તંતુ ઇતિહાસમાં જોવો હોય, તો ઔરંગઝેબ, સર સૈયદ અહમદ, અને ઝીણા એ ત્રણ પરાક્રમી મુસલમાનોનો સાથે વિચાર કરવા જેવો છે.

ઔરંગઝેબે હિંદની કોમી એકતાની નીતિને ઊંધી વાળી અને શરિયત-રાજ્ય સ્થાપવા તાક્યું. પરિણામ એ આવ્યું કે, હિંદમાં વિખવાદ પેદા થયો, દેશ છિન્નભિન્ન થયો; શીખો અને મરાઠાઓ તથા રહ્યાસહ્યા છૂટક નવાબો કોઈ એક હકૂમતમાં રહ્યા નહિ; ન મરાઠાઓ તે સ્થાપી શક્યા. ૧૮૫૭માં ઔરંગઝેબનો વંશજ છેવટે દિલ્હીની ગાદીએથી ગયો. અંગ્રેજો રાજા બન્યા.

અંગ્રેજોએ દેશના મુસલમાનો પર કડક નજર રાખી. તેઓને દાબવા કડક હાથે કામ લેવાયું. આ નીતિને ફેરવવા માટે, મુસલમાનો એને પાત્ર બેવફા નથી એમ બતાવવા સર સૈયદ અહમદે તનતોડ મહેનત કરી. બીજી બાજુથી નવી અંગ્રેજી કેળવણી મુસલમાનોમાં દાખલ કરવા તે મથ્યા. પણ એમણે એક ભૂલ કરી : હિંદુ-મુસલમાન એક છે એમ માનતાં છતાં, તેમણે મુસલમાનોને કૉંગ્રેસથી અલગ રાખવા પ્રયત્ન કર્યો. અને દલીલ એ કરી કે, મુસલમાનો પછાત છે તે હિંદુઓ સરખા થાય ત્યારે કૉંગ્રેસમાં જાય એ ઠીક છે. ઊલટું, કરવું તો એમ જોઈતું હતું કે, પછાત હોવાથી સાથે રહેવું, કે જેથી પછાત ને પછાત જ ન રહેવાય. પણ કદાચ એમને એમાં માનભંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યો. અથવા કદાચ આંબેડકરે હરિજનો માટે અલગતા ચાહેલી, તે જ ન્યાયે સર સૈયદ પણ ચાલ્યા હશે.

કાંઈક આવું જ ઝીણા સાહેબનેય ૧૯૨૦ બાદની કૉંગ્રેસમાં જવામાં લાગ્યું. પોતાની રાજદ્વારી કુનેહની આબાદ શક્તિથી, અને અંગ્રેજોની ગરજનો પૂરો લાગ જોઈ, તેમણે પોતાનું જુદું રાજકેન્દ્ર મુસ્લિમ લીગ ઊભું કર્યું. દેશમાં સાચી કોમી એકતાના અભાવથી આમાં તે ફાવ્યા. અને એમ તેમણે મુસલમાનોનું આગવું જ રાજ્ય મેળવી પેલી પછાત દશા દૂર થશે એમ માન્યું. એમાંથી શું થાય છે એ તો હવે ભાવી બતાવે તે ખરું.

આમ આ ત્રણે પુરુષોની ભૂલમાં એક અમુક જાતનું સરખાપણું લાગે છે. પણ લાંબી નજરે જોતાં, આ ત્રણે જણે મળીને હિંદની એકતા અને સ્વતંત્રતામાં પ્રતિગામી કામ જ કર્યું, એમ કહેવું પડે છે. હિંદના ઈતિહાસમાં ઈસ્લામનું આગમન એક બખેડાનું ઘર બન્યું હતું. તેને શમાવીને એક ઉમદા સંસ્કૃતિ જન્માવવાના પુણ્ય કામના ગણેશ બેઠા હતા. તેમાં આ પુરુષોનું કામ લોકોના મનમાં લઘુતા, દ્વેષ અને હિંસા પ્રેરનારું છેવટે બન્યું. તેથી હિંદની સંસ્કૃતિની આગેકૂચ અટકી પડી.

ગાંધીજીના નેતૃત્વની જો સાચી કિંમત હોય, તો એમાં છે કે, એ મહા-સંસ્કૃતિ-યાત્રાનો જગજૂનો તાર સાંધી આપ્યો. જ૦ ઝીણાએ એમાં બ્રેક મારીને પણ આપણને જાગ્રત કરી સાવચેત કરવા દ્વારા સેવા જ કરી છે. એમણે આપણા સમાજશરીરની નબળાઈને જોરે નામના મેળવી, એ એમની વ્યક્તિગત કીર્તિનું કામ હમેશ યાદ રહેવાનું. પણ એ મારફતે આપણને આપણી ખરી દશા પણ બતાવી. પ્રગતિ કરવા માટે બ્રેક પણ કામ દેનારી કળ છે.

ઝીણા સાહેબે મુસલમાનોને પાકિસ્તાન આપ્યું છે; તે રીતે કૃતકૃત્ય થયા. હવે મુસલમાનો એમનો વારસો શોભાવી શકે છે. તે વખતે કાયદે-આઝમ તેમને દોરનાર નથી એ ખરું. પણ હવે તેમને છેલ્લા દોઢ દાયકાનું વિશેષ રાજકારણ નથી ચલાવવાનું. તેમણે નવું પાનું શરૂ કરવાનું છે. તે તેઓ શરૂ કરે; એમાં કાયદે-આઝમના આત્માને પણ શાંતિ અને ખુશી હોઈ શકે છે. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

[૨૩-૯-'૪૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

ડૉ. ખાનસાહેબ

૧૯૧૦–૨૦ના દસકામાં ગાંધીજીને જે રાષ્ટ્રીય મુસ્લિમ મિત્રસાથીઓ મળ્યા, તેમાં મુખ્ય અલીભાઈઓ હતા. તેઓ પછી, '૩૦ થી શરૂ થતા દાયકામાં તેમને સરહદ પ્રાંતમાંથી ખાનબંધુઓ મળ્યા — શ્રી. અબ્દુલ ગફારખાન અને ડૉ. ખાનસાહેબ. બે ભાઈઓમાં ડૉ. ખાનસાહેબ મોટા. ધંધે તે દાકતર હતા. અને પોતાના પ્રાંતમાં ધંધો કરતા હતા. ૧૯૨૮ પછી હિંદનું સ્વાતંત્ર્ય-યુદ્ધ ઉગ્રતા અને ગરમી પકડવા લાગ્યું. તેમાં તવાઈને આ બે ખાન-બંધુઓ દેશને મળ્યા અને છેવટ સુધી — એટલે કે ૧૯૪૭માં પાકિસ્તાન (કે જેમાં એમનો પ્રાંત ગયો) છૂટું પડ્યું ત્યાં સુધી તેઓ દેશની સેવામાં બરોબર લાગ્યા રહ્યા.

પાકિસ્તાન થયા પછી ખાન-ભાઈઓ તે દેશની ખિદમતમાં લાગ્યા. પણ તે એમને મુસ્લિમ લીગે વસમી પાડી દીધી. બંને ભાઈઓને આ તે કારણે જેલમાં જકડવામાં આવ્યા. એમ રાષ્ટ્રસેવાની યાતના એમને માટે ત્યાં પણ ચાલુ જ રહી.

બે ભાઈઓમાં ડૉ. ખાનસાહેબ વધુ મુત્સદ્દી — રાજકારણના આટાપાટા ખેલવામાં વધુ કુશળ કહેવાય. પાકિસ્તાનનું રાજકારણ કેવું ઊથલાખોર છે, તે સૌ જાણે છે. તેમાં ખાનબંધુઓની પ્રામાણિક સેવા અને તત્ત્વનિષ્ઠા ધીમે ધીમે ઉપર આવતી ગઈ અને ડૉ. ખાનસાહેબ પશ્ચિમ પાકિસ્તાનના પ્રધાનમંડળમાં સ્થાન પામ્યા.

આ વખતે એક કરુણતા જરૂર જોવા મળી કે, આ બે ભાઈઓની બેલડીમાં તરાડ પડી. શ્રી. અબ્દુલ ગફારખાન એ મતના થયા અને છે કે, પખ્તુનિસ્તાન સ્વાયત્ત પ્રાંતરૂપે હોય, અને નહીં કે પશ્ચિમ પાકિસ્તાનનાં એક રાજકીય એકમના ભાગ જેવું. ડૉ. ખાનસાહેબ એથી જુદા પડયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના ભાઈને જેલમાં રાખનાર રાજ્યતંત્રના વહીવટદાર બનવાનો કપરો ભાગ ભજવવાનો તેમને આવ્યો. પછીથી નાનાભાઈ જેલમુક્ત તો થયા, પણ બે ભાઈઓ વચ્ચેનો આ મતભેદ ચાલુ રહ્યો.

ખાનસાહેબ માટેય પાછા વસમા દહાડા શરૂ થયા. પાકિસ્તાની રાજકારણની ઊથલપાથલમાં તે મહત્ત્વ ધરાવતા તો રહ્યા, પણ તેમને પ્રધાનપદેથી અલગ થવું પડયું. પોતે રચેલા એક નવા રાજકીય પક્ષનું કામ તે સંભાળતા હતા, તેવામાં થોડા વખત પર અચાનક એક જણે એમનું ખૂન કર્યું. અને ડૉ. ખાન-સાહેબ બેહેસ્તનશીન થયા. અલ્લા એમની ખેર કરે. ખૂન રાજકારણી હોય એમ લાગે છે. ખાકસાર નેતા અલ્લામા મશરકીનો એમાં હાથ હોય એમ પોલીસ-ખબર બહાર પડી છે.

પાકિસ્તાનના રાજકારણમાં આ અગાઉ શ્રી. લિયાકત અલીખાન ખૂનથી ગયા. તેમના ખૂનની તો કોઈએ ખાસ કશી તપાસ ન કરી, તો ચાંપતી તપાસની તો વાત કયાં રહી! ખાનસાહેબના ખૂન અંગે તપાસ થાય છે, એ ફેર છે, એ સારી વાત છે. આશા રાખીએ કે, એનાથી તે આપણા પડોશી દેશના રાજકારણમાં શુદ્ધિની અસર પહોંચે.

ડૉ. ખાનસાહેબના જવાથી આપણે આપણી સ્વતંત્રતા માટે લડનાર ભડવીર અને કોમી એકતા અને મૈત્રી બાબતમાં અઠંગ નિષ્ઠા ધરાવનાર એક રાષ્ટ્રીય મુસ્લિમ ગુમાવ્યો છે. શ્રી. અબ્દુલ ગફારખાનને તથા ડૉ. સાહેબના પરિવારને દિલસોજી પાઠવીએ છીએ.

[૯-૬-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

મૌલાના સાહેબ

મૌલાના અબુલ કલામ આઝાદ દિલ્હીમાં હૃદયરોગની બીમારીથી ગયે મહિને (ફેબ્રુઆરી ૧૯૫૮) ગુજરી ગયા. અલ્લા એમને જિન્નતની શાંતિ આપો.

આખા દેશે આને માટે ઊંડો શોક પાળ્યો. પાકિસ્તાનમાં પણ સારી સહાનુભૂતિની ભાવના પ્રગટી. સૌને લાગ્યું કે, આઝાદીની લડતના યુગના સ્તંભો ધીમે ધીમે ખરતા જાય છે.

આમ જોતાં, એ લડતના સ્તંભરૂપ અનેક ભડવીરો ૧૯૪૭ અગાઉ પણ ગયા છે. એમની વાત નથી કરતો. ૧૯૪૭નું આઝાદીના ઉદયનું શુભ ચોઘડિયું જોવાનું સદ્ભાગ્ય ધરાવતા અને સ્વરાજ-સ્થાપનામાં પણ અડીખમ ઊભા રહીને મધ્યે જ જનારા સ્તંભોની વાત કરું છું.

મૌલાના સાહેબ એવા એક સ્તંભ હતા. આ કેવળ સ્તુતિની પરિભાષા નથી; ખરેખર, તે આઝાદીની લડતના એક અતિ વિરલ સ્તંભ હતા.

હિંદમાં આઝાદીની લડતની ઈમારત ગાંધીજીએ ઊભી કરી. તેને માટે યોગ્ય સાથીઓ એમણે દેશમાંથી વીણ્યા, સંઘર્યા તથા કેળવ્યા અને એ ઈમારતને મજબૂત બનાવી.

ઈ. સ. ૧૯૧૭થી એની શરૂઆત થઈ એમ માનીએ, તો આજે તેને પૂરાં ૪૦ વરસ થયાં. એ ઈતિહાસ પરથી કાંઈક કયાસ બાંધીને વાત કરવા માટે આ મુદત ઓછી ન કહેવાય.

એ દૃષ્ટિએ ઉપર મેં કહ્યું કે, આ યુગમાંના એક સ્તંભરૂપ મૌલાના સાહેબ બન્યા હતા. અને એમાં એમની ભારે અને અનોખી તારીફ રહેલી છે.

પહેલા ગયા સરદાર સાહેબ. તે પણ એવા જ અર્થમાં સ્તંભરૂપ હતા. હવે મૌલાનાનો વારો આવ્યો. વિદાયનો વારો તો હરેક માટે નક્કી આવશે જ. પરંતુ પ્રજાના મન પર તેનો ઘસરકો પડ્યા વગર કેમ રહે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ વહેલેથી ગાંધીજીએ જોઈ લીધું હતું કે, આંતરિક ફૂટથી હિંદની પ્રજા, — છતી શકિતએ! — ગુલામ બની છે. માટે તેનો ઉપાય એકતાની સાધના છે. તેમાં કોમી એકતા મોટી બાબત છે. તેથી તે મુસલમાન સાથીઓ જાણે કે શોધ્યા જ કરતા હતા. ૧૯૧૭માં મૌલાના મહમદઅલી અને શૌકતઅલી એ બે અલીભાઈઓ અને મૌલાના આઝાદ, દેશ અને કોમને કારણે, અંગ્રેજની જેલો સેવતા હતા. તેમની આ બહાદુરીએ ગાંધીજીની નજર ખેંચી.

ઘણું કરીને, દીનબંધુ ઍન્ડ્રૂઝના નિમિત્તકારણે, દિલ્હીના બે ખાનદાન દોસ્તની યારી ગાંધીજીને લાધી — હકીમ અજમલખાન અને ડૉ. અનસારી. આ મૈત્રીને જોરે હિંદની અસહકારની લડતનો મજબૂત પાયો ગાંધીજીએ નાંખ્યો.

ખાનબંધુઓ આ દસકો પૂરો થયે, ૧૯૩૦ પછીના યુગમાં ગાંધીજીને મળ્યા.

અલીભાઈઓ થોડા વખત પછી એટલા સ્થિર ન નીવડયા. પણ મૌલાના આઝાદ ત્યારથી આજ સુધી અણનમ અડગ રહ્યા. એટલું જ નહીં, ૧૯૪૦થી ૧૯૪૭ના અતિ વસમા અને એવા જ નાજુક સમયમાં તે કૉંગ્રેસના પ્રમુખ રહ્યા અને હિંદની આઝાદીની ભારેમાં ભારે મહત્ત્વપૂર્ણ વાટાઘાટો કરવાની ઐતિહાસિક જવાબદારી અડગતાપૂર્વક ઉઠાવી.

તેમને આમાંથી ડગાવવાને માટે ઝીણાસાહેબ અને તેમની લીગે ઓછું નથી કર્યું. મૌલાના સાહેબ માટે મહેણાં અને ગાળો જાહેર રીતે વરસાવ્યે રાખ્યાં. આ કાળે ડૉ. અનસારી, હકીમ અજમલખાન જેવા સાથી તે યાતના સહવામાં ભાગ લે તેમ નહોતા. કાંઈક કરતાં જો મૌલાના ડગે તો, કૉંગ્રેસ પાસે, કોમી એકતાને જપતો એકે મુસલમાન ન રહે, અને ગાંધીજીનો હિંદ-સ્વરાજગઢ તૂટે નહીં તોય તેમાં ભારે ગાબડું પડે, — એ લીગની આખી ચાલબાજી હતી.

મૌલાનાએ જન્મભર સેવેલો રાષ્ટ્રપ્રેમ પૂરતો મજબૂત નીવડયો. ખેલદિલી અને ઉદારતાથી તેમણે લીગનાં મહેણાંટોણાં ઝીલ્યાં અને સામે જવાબ સરખો ન આપ્યો.

આ અડગતા મૌલાનાને માટે એક જીવનનિષ્ઠા હતી. બીજા અનેક મુસલમાનો એકતાને રાજકીય નીતિ માત્ર સમજયા હશે, તો તેઓ કસોટીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે પૂરતા આઘાપાછા નીવડ્યા હશે. મૌલાનાને માટે કોમી એકતા અને રાષ્ટ્રની આઝાદી જીવનસૂત્રરૂપ હતાં.

તે મહાન વિદ્વાન હતા. ઈસ્લામ ધર્મના ઊંડા અભ્યાસી હતા. પણ એમના વ્યક્તિત્વની ખાસ ખૂબી એ હતી કે, તે અતિ ઝીણી નજરથી હરેક બાબતને તપાસી શકે એવી તીક્ષ્ણ બુદ્ધિવાળા અને તેને અનુરૂપ ભાષા-શક્તિવાળા હતા. મૌલાના સાહેબ કોઈ પ્રશ્નનું બયાન કરતા હોય, તે સાંભળવું એ એક લહાવો કે લહેજત જ હતી. તમે એમની વાત માનો કે ના માનો, એ જુદી વસ્તુ છે; પણ જે કાંઈ એ રજૂ કરે, એને માટે તમારા દિલમાં આદર અને કદર તો પેદા કરે જ. એવી ભાષાશક્તિ અને એવું દલીલજોમ એમાં હોય જ. સાચું અને સારું પકડવાની તમન્ના એમની વિદ્વત્તાનું લક્ષણ હતું. તે બધી શક્તિ એમણે દેશને ચરણે—અને ગાંધીજીની આગેવાની નીચે—બક્ષિસ ધરી.

આમ કરીને તે ઓછા મુસલમાન ન ઠર્યા, પણ સાચા મુસલમાન બન્યા; એમ એમની દિલી માન્યતા હતી. તે ઈસ્લામના ઈમામ હતા. કુરાને-શરીફ પરનું એમનું ઉર્દૂ ભાષ્ય ઈસ્લામ-જગતમાં ખૂબ વખણાયું છે. અને હિંદ બહાર પણ એમની ધાર્મિક વિદ્વત્તાની સારી પેઠે તારીફ થઈ છે. આમ મૌલાના સાહેબ રાષ્ટ્રપ્રેમથી જ નહીં, ધર્મદૃષ્ટિથી પણ લીગને એકલવીરનો પડકાર આપતા હતા. આ બાબતમાં તે એકલા ચાલવાનું આવ્યું તોય ચાલ્યા અને હિંદની આઝાદીની ઈમારતને ખરે વખતે તૂટવા કે ડોલવા ન દીધી. નહીં તો ૧૯૪૦-૭ના છેલ્લા તબક્કામાં કૉંગ્રેસની લડતનું શું થાત, તે કેવળ કલ્પવું જ રહ્યું.

સ્વરાજ આવ્યા પછી તરત ગાંધીજી ગયા. મૌલાનાએ પં. જવાહરલાલને પોતાનો વજ્ર-સાથ આપવો શરૂ કર્યો. આમ તો તેમને કેળવણી ખાતું સોંપાયું; પરંતુ ખરેખર તો તે વડાપ્રધાનને માટે હરેક બાબતના સાથી, સલાહકાર અને મસલતદાર હતા. જવાહરલાલજીને એમની ભારે ઓથ હતી.

અંગત રીતે જોઈએ તો, મૌલાનાને માટે ૧૯૪૭ પહેલાં અને પછી બંને વખતે સોસવાનું નસીબ હતું, એમ કહેવાય. '૪૭ પૂર્વે તેમના ધર્મવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશબંધુઓ — મુસ્લિમ લીગ તેમને ડંખતી રહી. '૪૭ બાદ તેમના કોમવાદી હિંદુ દેશબંધુઓ ગુપ્ત રીતે છતાં ડંખવા લાગ્યા હતા, એ દુ:ખદ બીના પણ નોંધવી જોઈએ.

આ બીના, ગુલામીમાંથી આઝાદીમાં જવાના હિંદના આધુનિક પરિવર્તનની નિશાની છે. બિનકોમવાર રાજ્ય સ્થાપવા માગીએ છીએ; પણ કોમી ભાવોમાં રંગાયેલી પ્રજા છીએ. મધ્યયુગના ઈતિહાસમાંથી લાગેલો આ રંગ અને તેના આછાપાતળા પટ કે ડાઘાડપકા હવે સાફ થવા જ જોઈએ. નવા જીવન-દર્શન વડે એ ભાવો શુદ્ધ ન કરીએ, તો હિંદ નબળું પડશે, એ દર્શન ગાંધીજી પેઠે જ મૌલાનાને લાધ્યું હતું. બંનેને આ એક સામાજિક અને સાંસ્કૃતિક ધર્મદર્શન સમાન હતું. માટે જ જીવનની છેલ્લી ઘડી સુધી તેણે તેમને ન છોડ્યા.

મૌલાનાના જવાની સાથે હિંદની આઝાદીના ઈતિહાસના આ એક મહાન પ્રકરણનું પ્રમુખ પાત્ર ભૂતકાળના ગર્ભમાં શમાય છે. પણ આપણે માટે જીવતો આદેશ મૂકતું જાય છે કે, ધર્મ કે મજહબ ઝઘડો નથી પ્રેરતો; એખલાસ અને સબૂરી એનો મંત્ર છે. હિંદમાં બધી કોમો, બધા ધર્મો, બધી જાતિઓ — બધા, કોઈ પણ ભેદની પામરતાથી દૂર રહી, એક સબળ રાષ્ટ્ર બનશે અને જગતમાં શાંતિપાઠ સ્થાપશે. આ આદેશ મૌલાનાના જીવનનો આપણે માટે સર્વોપરી બોધ છે અને આહ્વાન પણ છે. તેને આપણે ન ભૂલીએ.

[૭-૩-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી

બંગાળના પ્રખર દેશભક્ત ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી ઓચિંતા અને દુ:ખદ સંજોગોમાં તા. ૨૩ જૂને વહેલી સવારે સ્વર્ગવાસી થયા. કેટલાક માસથી તે અ૦ ભા૦ જનસંઘના નેતા તરીકે કાશ્મીર અંગે સરકારી નીતિનો સખત વિરોધ કરતા હતા. તે અર્થે તેમણે દેશમાં થોડા જ વખત ઉપર પ્રવાસ પણ ખેડેલો, અને અમુક ઢબે સત્યાગ્રહ કરવા સુધી લોકો જાય એમ તેમણે સલાહ આપેલી. છેવટે પોતે જાતે તેમાં ઝંપલાવ્યું અને કાશ્મીર રાજ્યે પ્રવેશ બંધી કરેલી તેનો ભંગ કરીને તે કાશ્મીર ગયા અને ત્યાં નજરકેદ થયા.

નજરકેદમાં જ તે બીમાર પડ્યા અને ગણતર દિવસની માંદગી પછી હૉસ્પિટલમાં જ તેમણે ઓચિંતી, બાવન જ વરસની ઉંમરે, દેહ છોડી. પ્રતાપી પિતાના એક પ્રતાપી પુત્રના જવાથી બંગાળાને અને દેશને એક મોટા વિદ્વાન કેળવણીકાર અને દેશભક્તની ખોટ પડી છે.

તેમનું રાજકારણ નિરાળું હતું, પણ તેમાં બહાદુર સ્વતંત્રતાની જે છાંટ જોવા મળતી, તેથી શ્રી. શ્યામાબાબુ ભણેલા વર્ગમાં એક ખાસ આકર્ષણ પામ્યા હતા. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં આ દેશભકતે તેની પહેલી સરકાર બનવાની જવાબદારીમાં જોડાવાનું બીડું ઝડપ્યું અને પોતાનું કામ શોભાવ્યું.

તે વિરલ વકતા હતા. છેલ્લે થોડા જ માસ પર મુંબઈની ચોપાટી પર હિંદીમાં તેમનું વ્યાખ્યાન સાંભળવાની તક મળી હતી. અસ્ખલિત અને સરળ હિંદીથી આ વિદ્વાન દેશભક્ત પોતાનું કામ લેતા હતા તે જોઈને તેમના દેશ-પ્રેમની અને હિંદીભાષાની શક્તિની સ્પષ્ટ પ્રતીતિ પડતી હતી.

૧૯૪૭ પછી ધીમે ધીમે દેશનું રાજકારણ જેમ આગળ વધ્યું, તેમ શ્રી. શ્યામાબાબુની દૃષ્ટિ હિંદુવાદી લાગે એવી થતી ગઈ અને તેમણે સરકાર છોડી તથા તેના તે વિરોધપક્ષ બન્યા. કાશ્મીર અંગે ગમે તેટલો દૃષ્ટિભેદ તથા વિરોધ છતાં, જો ભારત પર ચડાઈ થશે તો તો પોતે બધા ભેદો ભૂલીને સરકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડે એક બનીને માતૃભૂમિની રક્ષા માટે લડશે, એ એમની બુલંદ જાહેરાત શ્યામાબાબુની રાષ્ટ્રભક્તિની સાક્ષી તરીકે સદાકાળ હિંદના લોક યાદ કરશે.

વિરોધ પ્રામાણિક નીતિભેદ પરત્વે હોય, તે કોઈ રીતે રાષ્ટ્રદ્રોહ ન બની શકે, એ શ્રી. મુકરજીના રાજકારણનો ઉત્તમ બોધપાઠ એમની આપણને અમૂલ્ય ભેટ છે. શ્રી. શ્યામાપ્રસાદ હિંદની દેશભક્તમાળામાં અંકિત થઈને ગયા. એમના જીવનકાર્યની સુવાસ આપણામાં હમેશ શુભ પ્રેરતી રહો.

[૨૮–૬–'૫૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

આચાર્ય નરેંદ્રદેવજી

આચાર્ય નરેંદ્રદેવજી ગયાના સમાચાર જાણીને દુઃખ થયું. આમ તો તે વરસોથી દમના રોગથી પીડાતા હતા. છેલ્લા કેટલાક વખતથી તે પીડા વધી હતી. તેના ઈલાજ માટે તે દક્ષિણમાં ગયા હતા અને ત્યાં જ તેમણે દેહ છોડી.

આચાર્યજી, એક રીતે કહું તો, રાષ્ટ્રીય કેળવણીના ક્ષેત્રમાં મારા એક વડીલ અને સાથી હતા. કાશી વિદ્યાપીઠના તે આચાર્ય હતા. અને તે સ્થાન તેમણે વરસો સુધી શોભાવ્યું. ૧૯૨૮માં ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભ પ્રસંગે તે મુખ્ય વ્યાખ્યાતા તરીકે પધાર્યા હતા, તે કેટલાકને યાદ હશે. દેશની રાષ્ટ્રીય કેળવણી સર્જવામાં તેમણે કીમતી ફાળો આપ્યો છે.

તે સ્વભાવે અને વૃત્તિથી કેળવણીકાર અને વિદ્યા-પ્રેમી દેશભક્ત હતા. પ્રાચીન ભારતના તે ઊંડા અભ્યાસી હતા. દેશપ્રેમને લઈને તે ૧૯૨૦ થી સ્વરાજની લડતમાં જોડાયા અને આજીવન તેમાં તેમણે ભાગ લીધો. ઉત્તર પ્રદેશની કૉંગ્રેસના કામકાજમાં પણ તેમણે યશસ્વી ફાળો આપ્યો હતો.

૧૯૩૦-૪ના કાળમાં અનેક શક્તિશાળી સેવકોના વિચારોમાં પરિવર્તન આવ્યું, તેમાં આચાર્યશ્રી પણ એક હતા. તે સમાજવાદના તત્ત્વજ્ઞાન તરફ વળ્યા અને તેના ઉત્કર્ષમાં સક્રિય ભાગ લેવો તેમણે શરૂ કર્યો. તેમાંથી તે ૧૯૪૮ બાદ સમાજવાદી પક્ષના એક નેતા અને પ્રમુખ બન્યા.

ગયે મહિને તે પક્ષની સભા દક્ષિણમાં મળી તેમાં તે માંદા હોઈ પ્રત્યક્ષ ઝાઝો ભાગ ન લઈ શકયા, પરંતુ તેમાં બને તેટલો સક્રિય ભાગ લઈને તેની વિચારણાને તેમણે દોરી હતી. પછી થોડા જ દિવસોમાં તેમણે ૬૬ વર્ષની વયે દેહ છોડી. સ્વરાજની લડતના એ વિદ્યાપ્રેમી દેશભક્તને કૃતજ્ઞતાભરી શ્રદ્ધાંજલિ અર્પું છું. પ્રભુ એમને શાંતિ આપો.

[૨૧-૨-'૫૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

સર ચિમનલાલ સેતલવાડ

શ્રી. ચિમનલાલ સેતલવાડ પાકી ૮૩ વર્ષની વયે દેવલોક પામ્યા. આખી જિંદગી — લગભગ છેવટના દિવસ સુધી — તે કામ પર હતા, એમ છાપાં જણાવે છે. એમ તેમણે પોતાની બુદ્ધિ-શક્તિનો પૂરો ઉપયોગ લીધો અને આપ્યો, એ થોડાક લોક માટે જ કહી શકાય એવી બાબત છે. શ્રી. સેતલવાડ એ રીતે આજની પેઢીને ખાસ અનુકરણીય ગણાય.

પોતાની શક્તિ — સમજ પ્રમાણે કામ કરતા લાંબું જીવવું, — પોતાની શક્તિઓ બને તેટલી પૂરેપૂરી સાબૂત રાખીને કામ લેતા લાંબું આયુષ સાધવું, એમાં જીવનકળા અથવા જીવનયોગની કેટલીય બાબતો સમાય છે. શ્રી. સેતલવાડ આટલું લાંબું અને પ્રવૃત્તિમય જીવન ગુજારીને જાય છે તે વખતે, આ એક વાત તરત અને પહેલી યાદ આવે છે.

તે એક મોટા વકીલ હતા, ગઈ પેઢીના મોટા ગુજરાતીઓમાંના એક હતા, કાયદાશાસ્ત્રના ભારે જાણકાર હતા, સહૃદય સજ્જન હતા — આ બધું પણ જરૂર યાદ કરવા જેવું છે. પરંતુ સર ચિમનલાલ ઈતિહાસને પાને એથી નહિ, પણ તેમણે લગભગ બે પેઢી સુધી હિંદના સ્વાતંત્ર્ય-યુગના ઈતિહાસના સાક્ષી રહી, પોતાને જે ગોઠ્યું તે કામ કર્યું, તેને માટે યાદ રહેશે.

આ લાંબા કાળનાં સંસ્મરણો તે લખીને ગયા છે, જે થોડા જ વખત ઉપર બહાર પડયાં છે. ખોટી ખરી પણ અમુક એક પ્રકારની નિષ્ઠા અને ધૃતિથી તેમણે આ અર્ધા સૈકું વિતાવ્યું. આજે લગભગ નાબૂદ થઈ ચૂકેલા જૂના 'લિબરલ' પક્ષના એ એક છેલ્લા આગેવાન હતા. અંગ્રેજી કેળવણીને લીધે, બંધારણ અને કાયદા પર, લગભગ અફસોસ થાય એટલી બધી વધારેપડતી બેસી ગયેલી શ્રદ્ધા એ આ પક્ષનું અને સર ચિમનલાલનું એક મોટું લક્ષણ. તેથી, ૧૯૨૦ બાદ જ્યારે કૉંગ્રેસે એ શ્રદ્ધા છોડીને વર્તવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ કર્યું, ત્યારે આ 'લિબરલ' બુજરગો સહેજે ચિડાયા ને કૉંગ્રેસને તરછોડી ગયા; ને છેવટ સુધી ન જ પાછા આવ્યા!

અત્યાર સુધીમાં વિગત થયેલા તે બુજરગો આજનો સ્વતંત્રતાનો દિવસ જોઈ ન શક્યા. સર ચિમનલાલ એ જોઈને ગયા, એટલા નસીબવાળા ગણાય. અને તેથી અંતે એ ગાંધીજીને અને નવી પેઢીને કાંઈક વધુ સમજ્યા પણ હશે, એમ ખરું. કૉંગ્રેસને ગાંધીજીએ જ એક મહાશક્તિ બનાવી, એમ તેમણે એકરાર કર્યો છે, તે આથી હશે એમ લાગે છે. આમાં એમની પ્રામાણિકતા રહેલી છે. દેશની આગળ પડેલા પ્રશ્નો વિષે જે લાગે તે બેધડક અને સ્પષ્ટ કહેવું, એ પ્રકારની એમની સેવા તે છેવટ સુધી આપતા રહ્યા. છેવટ છેવટે હમણાં જૂનાગઢની 'આરઝી હકૂમત' પર પણ લખવાની ધૃષ્ટતા તેમણે કરી હતી, એ એમના વ્યક્તિત્વનું ખાસ સૂચક દૃષ્ટાંત ગણાય.

આવી સ્વતંત્ર વિચાર-નિષ્ઠા અને ધૃતિ હવે પછી હિંદના કારભારીઓ માટે એક ભારે જરૂરનો ગુણ કહેવાય. પર-રાજ્યમાંથી સ્વરાજ લાવવાને માટે ભલે 'લિબરલ' શ્રદ્ધા અને કાર્યપદ્ધતિ નકામી નીવડી; પરંતુ પાર્લમેન્ટરી ઢબે રાજકાજ કરવાને માટે 'લિબરલ' લોકોનાં અભ્યાસ, ઠરેલતા અને ધૃતિ જરૂરનાં છે. 'લિબરલો'ને અંગ્રેજી રાજ્ય કઠતું નહોતું, એ વસ્તુમાં રહેલી મનોદશા જરૂર આપણે છોડીએ; પરંતુ એમની ઉદ્યમિતા, ખંત અને અભ્યાસ વગર આપણે સ્વરાજ ચલાવી ન શકીએ.

સર ચિમનલાલ એ ગુણોનો વારસો આપણને સોંપે છે. અને ગુજરાત એટલે વેપાર એમ જ સમજનારાને એ એક ચેતવણીરૂપ છે. ગુજરાતની ઊગતી પેઢી યાદ રાખે કે, ચિમનલાલની જગા લેનારા અનેક હવે જોઈશે. એવા અનેક પાકવા દ્વારા દેશમાં એ ઘણું જીવો.

[૧૧-૧૨-'૪૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

વીર નરીમાન

મુંબઈ નગરીએ જેમને 'વીર'ની પદવી આપેલી, એ શ્રી. નરીમાન, દિલ્હીમાં ઓચિંતું હૃદય બંધ થવાથી, તા. ૪-૧૦-'૪૮ના રોજ ગુજરી ગયા. મને યાદ છે તે પ્રમાણે 'બૅક-બે' પૂરવાની સરકારી યોજનામાં હાર્વે કરીને તેના ઈજનેર તળે અંધેર ચાલેલું, તે બહાદુરીભેર ઉઘાડું પાડવા માટે મુંબઈએ તેમને 'વીર' કહેલા.

તે ધંધે વકીલ હતા. ઘણું કરીને ઉપરને કારણે ચાલેલા કેસમાં પોતે જ પોતાના વકીલ તરીકે લડેલા અને તેમાં તેમના તરફનો ફેંસલો આવેલો. ત્યારથી તે મુંબઈમાં જાણીતા થયા. અને નવજુવાન વર્ગના માનીતા નેતા બની કૉંગ્રેસની સેવા કરતા કરતા તેની કાર્યવાહક સમિતિના સભ્યપદ સુધી પહોંચ્યા. તે જમાનામાં એમની હાકથી મુંબઈ નગરી ગાજતી હતી.

પછી ૧૯૩૬-૩૭નો જમાનો આવ્યો. ત્યારે કૉંગ્રેસે નવાં દૃષ્ટિ અને સંકલ્પથી ધારાસભામાં ઝુકાવ્યું. ત્યારે તેની શિસ્ત અને નીતિ બરોબર સાચવવામાં આવતાં હતાં. શ્રી. નરીમાન એના ભોગ બન્યા. છતાં, કહેવું જોઈએ કે, તેમણે એ શિક્ષા બરોબર જીરવી : કૉંગ્રેસની નૈતિક વફાદારી એમણે ન જ છોડી. અને સ્વરાજ આવતાં હવે તે ગઈગુજરી વિસારે પાડી પાછા તે એ સંસ્થાની સીધી સેવામાં આવવા લાગ્યા હતા. ત્યાં જ એમને કાળ ઝડપી ગયો!

આજે જ્યારે અનુભવી અને શક્તિ-સંપન્ન સેવકોની રાષ્ટ્રને ખૂબ જરૂર છે, ત્યારે એમાંના એક ગયા, એ દુ:ખની વાત છે. પ્રભુ એમના આત્માને શાંતિ બક્ષો.

[૧૫-૧૦-'૪૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

ભાઈ મહેરઅલી

મુંબઈ શહેરના જાણીતા રાષ્ટ્રસેવક ૪૪ વર્ષની નાની વયે ગુજરી ગયા, તેથી દુઃખ થાય છે. તેમનો ખાસ પરિચય તો મને નહોતો. ૧૯૩૦-૩૪ની લડતમાં ખૂબ માંદા પડીને 'કે. ઈ. એમ.' ઈસ્પિતાલમાં તે હતા, ત્યારે લડતના એક સાથી-સિપાઈ તરીકે તેમને જોવા ગયેલો.

એક ઉત્સાહી નવજુવાન અને ઉદારમતવાદી કાર્યકર્તા એ ગણાતા હતા. તે અભ્યાસી વૃત્તિના હતા. એમની આ વિભૂતિઓ તેમણે દેશની આઝાદીની વેદી પર અર્પી હતી.

૧૯૩૪ પછી તે સમાજવાદી થતા ગયા. કેટલાક તે વખતના એમના જેવા કાર્યકર્તાઓનું માનસ આવું વલણ લેવા લાગ્યું હતું. તેમાં શ્રી. મહેરઅલી એક જાણીતા હતા. તેમનું કાર્યક્ષેત્ર મુંબઈ નગરી છેવટ સુધી રહ્યું.

૧૯૩૪ની કૉંગ્રેસના સ્વયંસેવક દળના 'જી. ઓ. સી.' તે હતા. ત્યાર બાદ મુંબઈના મેયર પણ તે થયા હતા. પછી સમાજવાદ પક્ષ તરફથી થોડા વખત પર તે મુંબઈ ધારાસભામાં પણ ગયા હતા.

નાજુક તબિયત એમને માટે હમેશનું એક વિઘ્નરૂપ કારણ રહ્યું હતું. તેમાં જ તેમનો દેહ પડ્યો.

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૨૨-૭-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

શ્રી. બાળાસાહેબ ખેર

મુંબઈ રાજ્યના માજી મુખ્ય પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેર ઓચિંતા તા. ૮-૩-'૫૭ના રોજ સવારે પૂના મુકામે દેવલોક પામ્યા, એ જાણીને દુ:ખ થાય છે. એ દેશપ્રેમી અને ગાંધીભક્ત રાષ્ટ્રસેવકને શ્રદ્ધાંજલિ અર્પું છું.

મુંબઈ રાજ્ય તેમને પોતાના સ્વરાજ્યના પહેલા મુખ્ય પ્રધાન તરીકે હમેશ યાદ કરશે. એમણે આ રાજ્યની ઉદાર નીતિની શરૂઆત કરી. દારૂબંધી, હિંદુસ્તાનીનું શિક્ષણ, પાયાની કેળવણી, ખેડૂત ઋણ રાહત, ગણોત નિયમન, ગ્રામસેવા ઈ. અનેક કામો તેમણે, ૧૯૩૭માં પ્રાંતિક સ્વરાજ આવ્યું, ત્યારે આદર્યાં અને ૧૯૪૬માં પૂર્ણ સ્વાતંત્ર્ય આવ્યું ત્યારે જારી રાખી આગળ લીધાં અને ખીલવ્યાં.

આ તેમની નીતિ અને આગેકૂચ હિંદનાં બીજાં રાજ્યોની નીતિની તુલનામાં અજોડ હતી. આને માટે આ રાજ્યની પ્રજા શ્રી. ખેરસાહેબ જેવા ઉદાર રાજ્યનીતિવાદીને આભારી છે.

સદ્‌ગત બાળાસાહેબ ગાંધીજીના રચનાકાર્યક્રમમાં શ્રદ્ધાવાળા હતા. તે કામ તેમણે હમેશ પોતાનું માન્યું હતું. મુંબઈના પરાંવિભાગમાં ખેરવાડીનું તેમનું કામ એમનું સદાનું સંભારણું ગણાય. છેવટે તેમણે આ જ કામ ગાંધી સ્મારક નિધિ દ્વારા માથે લીધું હતું. હિંદી કમિશનના અધ્યક્ષ તરીકે એમણે એવા જ એક રચનાકામની સેવા કરી હતી.

આ જાતની ઉદાર દૃષ્ટિવાળી રાજનીતિ હિંદમાં પણ હજી લેવાઈ નથી. તેની પહેલ કરીને મુંબઈ રાજ્યે દેશને પણ અમુક દોરવણી આપી, તેનું શ્રેય શ્રી. ખેરને જાય છે. પ્રભુ તેમને શાંતિ બક્ષો.

[૯-૩-'૫૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

માનવેન્દ્રનાથ રૉય

થોડા દિવસ પર શ્રી માનવેન્દ્રનાથ રૉય દેહરાદૂન ખાતે અવસાન પામ્યા. સક્રિય કામકાજમાંથી થોડાંક વરસ અગાઉ નિવૃત્ત થઈને તેઓ ત્યાં રહેતા હતા.

હિંદની આઝાદી માટે જીવનભર લડનાર યોદ્ધા તેઓ હતા. આખરે જેને સફળતા મળી તે માર્ગ કરતાં તેમનો માર્ગ જોકે ભિન્ન હતો, પણ તેમની પ્રામાણિકતા તથા તેમના સ્વાતંત્ર્ય-પ્રેમ વિષે કશી શંકાને માટે સ્થાન નથી. એ વસ્તુએ જ ઘણાં વરસો સુધીના અનેક તડકીછાંયડીભર્યા તેમના પરદેશવાસમાં તેમને બળ આપ્યા કર્યું.

તેમના જીવનઘડતરના ઘણાખરા કાળ દરમ્યાન તેઓ પશ્ચિમના દેશોમાં રહ્યા અને ત્યાં જ સોવિયેટ તથા બૉલ્શેવિક સિદ્ધાંતોના વાતાવરણમાં તેમણે કામ કર્યું. એને લઈને તેઓ ગાંધીજીની ફિલસૂફીનું પૂરેપૂરું મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ નીવડ્યા.

તેઓ એક વિચારક અને વિદ્વાન પુરુષ હતા. પોતાનાં અનેક પુસ્તકોમાં તેમણે તેમના વિચારો રજૂ કર્યા છે. એને લઈને દેશમાં તેમના પ્રશંસકોનું એક જૂથ ઊભું થયું. તેમનો તેમણે એક રાજકીય પક્ષ રચ્યો. પરંતુ સ્વરાજ આવ્યા પછી તેમણે વિધિપૂર્વક એનું વિસર્જન કર્યું.

નજરે ચડે એવી કોઈ મોટી સિદ્ધિ તેમણે ભલે મેળવી ન હોય, પણ એક રાજકીય વિચારક તરીકે ખસૂસ તેમને યાદ કરવામાં આવશે. તેઓ કેવળ પુસ્તકપંડિત નહોતા, પણ હંમેશાં સામી છાતીએ આગલી હરોળમાં રહીને લડનાર યોદ્ધા હતા. તેમના આત્માને શાંતિ મળો.

[૨-૨-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

શ્રી. રફી અહમદ કિડવાઈ

શ્રી. રફી અહમદ કિડવાઈ તા. ૨૪-૧૦-'૫૪ના રોજ એક સભામાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. ત્યાં જ એકાએક હૃદયરોગનો હુમલો આવ્યો અને તે બેહોશ બન્યા, અને થોડા કલાકની અંદર તેમનો દેહાંત થયો. આ દુઃખદ સમાચારથી આખા દેશમાં શોક છવાઈ ગયો.

તેઓ ઉત્તર પ્રદેશના હતા અને તેને જ તેમણે પોતાનું કાર્યક્ષેત્ર કર્યું હતું. તેથી કેટલાંય વરસો સુધી ઉત્તર પ્રદેશ બહાર બીજા પ્રાંતના લોકો તેમને ઓળખતા નહોતા. પણ ભારત સરકારના અનાજ ખાતાના પ્રધાન તરીકે તેમણે જે કામ કર્યું, તેથી તે આખા દેશમાં જાણીતા થયા એટલું જ નહીં, તેમણે મોટી નામના મેળવી. આખા દેશના લોકોએ જોયું કે, રફી સાહેબ, દેશમાં લોકોની ઈચ્છા સમજીને તેને સફળ કરી શકનારા અને તેમાં અડચણ કરનારાઓનું — ભલે પછી તેઓ સરકારી તંત્રના પણ કેમ ન હોય, — જેમની સામે ચાલતું નથી એવા થોડા દેશસેવકો અને પ્રધાનો છે, તેઓમાંના એક છે.

યુદ્ધના જમાનામાં અને યુદ્ધને કારણે અનાજ પર અંકુશ આવ્યો. ગાંધીજી તેની તદ્દન વિરુદ્ધ હતા. આમ-જનતાને તે ઘણો ખટકતો હતો. પણ મામલો ભારે જટિલ બન્યો હતો. તેને લીધે અનીતિ, કાળાં બજાર અને લાંચરુશવત વગેરે દૂષણો દેશભરમાં ઘર કરી બેઠાં હતાં. સરકારી તંત્ર પણ તેમાં ફસાયેલું હતું. આ સ્થિતિમાં આ જાળને ઉખાડીને ફેંકી દેવી, એ ભારે હોશિયારી, હિંમત અને આત્મવિશ્વાસનું કામ હતું.

રફી સાહેબનાં શક્તિ, સ્વદેશપ્રેમ અને પ્રામાણિકતા માટે શ્રી. જવાહરલાલજીના મનમાં ભારે કદર અને શ્રદ્ધા હતી. શ્રી. રાજગોપાલાચારી જેવા પ્રદેશ-રાજ્યની સરકારના મુખ્ય પ્રધાને આ નીતિમાં તેમને ભારે મદદ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદરતે પણ વરસાદ મોકલીને મહેર કરી અને પાક સારો ઊતર્યો. તેથી રફી સાહેબે દેશને તકલીફમાં નાખ્યા વિના અંકુશો રદ કર્યા અને દેશની ભારે સેવા કરી, જેને માટે દેશ તેમને હંમેશાં યાદ કરશે.

શ્રી. કિડવાઈ આપણા જૂના દેશભકત અને સ્વાતંત્ર્ય-સંગ્રામના સૈનિક હતા. કોમી ઐક્ય તેમની નસેનસમાં ભર્યું હતું. સને ૧૯૨૦થી તેમના અવસાન સુધી તેઓ સતત દેશસેવામાં કાર્યરત રહ્યા.

તેમની કાર્યશક્તિની આપણે ઘણી ઊંચી કિંમત આંકીએ છીએ. જ્યારે દેશને આવા અનેક સેવકોની જરૂર છે, ત્યારે તેમનું એકાએક ચાલ્યા જવું, એ એક ભારે ખેદની વાત છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

[૧-૧૧-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

શ્રી. લિયાકત અલીખાનનું ખૂન

પાકિસ્તાનના વડા પ્રધાન શ્રી. લિયાકત અલીખાનને રાવળપિંડીની એક સભામાં એક મુસલમાને ગોળીથી ઠાર કર્યા, જેથી તેમનું થોડા વખતમાં મરણ થયું. આ સમાચારથી સૌને દુઃખ થશે. પાકિસ્તાનને તો એ એક કારી ઘા થયો ગણાય.

હિંદથી અલગ રાજ્ય તરીકે તે દેશને રચનારમાં સ્વ. ઝીણા પછી લિયાકત અલીખાન બીજે નંબરે આવે. અત્યારના વસમા વખતે તેવા મહત્ત્વના માણસનું જવું એ, તે દેશને માટે, ભારે ફટકારૂપ નીવડી શકે. આપણે ઇચ્છીએ કે, પરમેશ્વર પાકિસ્તાનને એમાંથી હેમખેમ પાર થવા તાકત દે.

આ પ્રકારનાં રાજદ્વારી ખૂનો એશિયાઈ દેશોમાં હમણાં વધતાં જતાં લાગે છે. ૧૯૪૭ બાદ ગાંધીજીનાથી તેની શરૂઆત આપણે ત્યાં થઈ. બાદ અરબ-ઈરાની પ્રદેશમાં ખૂન થયાં. હવે પાકિસ્તાનમાં થાય છે.

ઝનૂન, અસહિષ્ણુતા ઇત્યાદિ એમાં કારણ છે. પણ મૂળ કારણ તો એ ગણાય કે, તેમાં એ અણસમજ રહેલી છે કે, માણસને મારવાથી તેની માનેલી બૂરાઈ મરશે. બૂરાઈને મારવાનો રસ્તો એ નથી, બીજો છે. હિંદમાં પણ આપણે આવા રાજદ્વારી ખૂનના ગાંડપણથી સાવધ રહેવું જોઈએ અને ઉપરની ભૂલમાંથી બચી જવું ઘટે છે.

શ્રી. લિયાકત અલીખાનને પરમેશ્વર શાંતિ આપો.

[૧૯-૧૦-'૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મિરઝા ઈસ્માઈલ

હિંદમાં દેશી રાજ્યો હતાં ત્યારે તેનો વહીવટ કરનારા કેટલાક કુશળ વહીવટદારો કે દીવાનો તેમાંથી દેશને મળતા, એ વસ્તુ સ્વરાજ્યયુગમાં યાદ કરવા જેવી ગણાય. એવા એક બાહોશ અને શક્તિશાળી દીવાન શ્રી. મિરઝા ઈસ્માઈલ હતા, જેમનો દેહાન્ત થોડા દિવસ ઉપર બેંગ્લોર મુકામે થયાની દુ:ખદ ખબર મળી. તેમની ઉંમર ૭૦ ઉપર હતી. સક્રિય કામકાજમાંથી નિવૃત્ત થઈને તે બેંગલોરમાં રહેતા હતા. મૈસૂર રાજ્ય એમનું શરૂનું અને મુખ્ય કાર્યક્ષેત્ર હતું.

સામાન્ય ફોજદારની નોકરીથી તેમણે જીવન શરૂ કર્યું. તેમાંથી આગળ વધીને તે એ રાજ્યના દીવાન થયા. દેશી રાજ્યમાં મૈસૂર એક આગળ પડતું પ્રગતિશીલ રાજ્ય ગણાતું હતું, એ નામના મેળવવામાં શ્રી. મિરઝા ઈસ્માઈલને તે રાજ્ય ઠીક ઠીક આભારી છે.

ત્યાર બાદ તે જયપુર રાજ્યના દીવાન તરીકે ગયા અને તે રાજ્યમાં પણ તેમણે ઉમદા કામ કરી દેખાડયું.

સ્વરાજ આવવાનું થયું ત્યારે હૈદરાબાદ રાજ્યમાં રઝાકારોએ અને મુસ્લિમ લીગે જે રમખાણભરી પરિસ્થિતિ સરજી, તે વિષમ સમયે કામ સંભાળવા નિઝામે શ્રી. મિરઝા ઈસ્માઈલને નોતર્યા. તે ગયા અને યોગ્ય સલાહ આપી, કે જે નિઝામે ન સ્વીકારી; એટલે તે કામ છોડીને ફારેગ થયા.

દેશી રાજ્યોના પ્રશ્ન બાબતમાં તે એક મોટા જાણકાર ગણાતા. ૧૯૩૦-૪ના ગાળામાં ગોળમેજી પરિષદ વગેરે કામોમાં તેમણે સભ્ય તરીકે કામગીરી બજાવી હતી.

વિચારે કરીને તે મૉડરેટ કહેવાય. તેમની મુખ્ય શક્તિ વહીવટી હતી. અંગ્રેજી રાજ્ય અને ભાષા વગેરેના તે પ્રેમી હતા. આવા શક્તિમાન મુસ્લિમને જોઈને શ્રી. ઝીણાસાહેબને થતું હતું કે, એવો માણસ એમની લીગમાં હોય તો કેવું સારું! પરંતુ શ્રી. મિરઝા લીગમાં ન ગયા. એનું રાજકારણ તેમને પસંદ નહોતું. ૧૯૪૭ બાદ પાકિસ્તાન થતાંય તે અહીં જ રહ્યા. બાકી ત્યાં ગયા હોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો જરૂર કોઈક મોટો હોદ્દો એમને મળત. પણ તે કોમી એકતામાં માનનારા માણસ હતા. તેમણે છેવટનાં વરસોમાં પોતાનાં સંસ્મરણોનો ગ્રંથ લખ્યો છે; તેમાં લગભગ બે પેઢી જેટલા લાંબા ઈતિહાસના અનુભવ ભરેલી વાતો અને વિચારો જોવા મળે છે.

હિંદના મૉડરેટ વિચારના અગ્રણીઓમાં અને દેશી રાજ્યોના ઉમદા દીવાનોમાં એક તરીકે શ્રી. મિરઝા ઈસ્માઈલનું નામ અંકિત રહેશે. હિંદને એમના જેવા શક્તિશાળી અનેક વહીવટદારોની હવે જરૂર ઊભી થઈ છે. તેમનું જીવન એવી પ્રેરણા આપે એવું હતું. તે પ્રેરણા હિંદની નવી નોકરશાહી માટે શ્રી. મિરઝા મૂકતા ગયા છે; તે કૃતજ્ઞતાપૂર્વક યાદ રાખીએ.

[૧૦-૧-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

શ્રી. એન. એમ. જોષી

પીઢ અને અનુભવી મજૂર-નેતા શ્રી. એન. એમ. જોષી તા. ૩૦મી મેને રોજ ૭૬ વરસની પાકટ વયે એકાએક ચાલ્યા ગયા.

તેઓ 'સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી' (હિંદ સેવક સમાજ)ના જૂનામાં જૂના સેવકોમાંના એક હતા. જોકે છેલ્લાં થોડાંક વરસથી તેઓ એ સોસાયટીના વિધિસરના સભ્ય નહોતા રહ્યા.

શ્રી. જોષી મહાન માનવતાવાદી હતા. આખી જિંદગી એમણે ગરીબો ને દલિતોના હિત માટે કામ કર્યું; સહકારી પ્રવૃત્તિ, મજૂર-સેવા, નાગરિક સ્વાતંત્ર્ય, સ્થાનિક સ્વરાજ્ય વગેરે સામાજિક સેવાના જે જે ક્ષેત્રમાં તે પડયા, તેમાં તેમનો ઉદ્દેશ કેવળ ગરીબોની સેવા કરવાનો હતો.

એ કામ એમણે તેમના મહાન ગુરુ શ્રી. ગોખલેના સાચા અનુયાયીને શોભે એવી રીતે લગભગ ધાર્મિક શ્રદ્ધાપૂર્વક કર્યું.

હું માનું છું કે, તેઓ સાચા બુદ્ધિવાદી હતા. દેશના સવાલો પ્રત્યે તેમની બુદ્ધિવાદી દૃષ્ટિને કારણે તેઓ તેમના બધા સાથીઓને પ્રિય થઈ પડયા હતા. અને છેલ્લાં થોડાંક વરસોમાં તો તેમણે સામ્યવાદી ધગશથી ઊભરાતા યુવાન કાર્યકર્તાઓની મૈત્રી પણ સંપાદન કરીને તેમને દોરવણી આપી હતી.

તેમણે લગભગ એક પેઢી સુધી મજૂર ચળવળનું હિત સાચવ્યું હતું. ભવિષ્યની પેઢીઓ તેમને મુખ્યત્વે આપણા એક મહાન મજૂર-નેતા તરીકે ઓળખશે.

એમનું સેવામય જીવન દેશના યુવાનોને એમના જેટલી જ ઉદાત્ત ભાવનાથી ને નિષ્ઠાથી માતૃભૂમિની સેવા કરવાની પ્રેરણા આપો.

[૪-૬-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

બૅરિસ્ટર જયકર

શ્રી. જયકર ૮૬ વર્ષની વયે મુંબઈમાં ૧૦–૩–'૫૯ના રોજ તેમના નિવાસસ્થાને ગુજરી ગયા. તેમના જવાથી સ્વરાજ્યની લડતના યુગનું એક જાણીતું પાત્ર ખર્યું, એમ સૌને લાગ્યું.

સ્વરાજ્ય આવ્યા પછી, એટલે કે ૧૯૪૭ બાદ, તે રાજકારણમાંથી નિવૃત્તિ લઈ, શિક્ષણ અને સાહિત્ય તથા લેખન તરફ વળ્યા હતા. એટલે તાજા ચાલુ રાજકારણમાં એ ઓછા ઝળકતા હતા. જોકે, સાંભળવા પ્રમાણે, મુંબઈ સહિત સંયુક્ત મહારાષ્ટ્રના તે હિમાયતી હતા. અને તે આંદોલન એમને પસંદ હતું. પરંતુ પોતે તેમાં સક્રિય નહોતા. ડૉ. કર્વે પેઠે તેમને એ સ્વપ્નની વાસના હશે, એમ કહેવામાં હું એમને અન્યાય નથી કરતો એવી આશા છે.

શ્રી. જયકરને અમે 'બૅરિસ્ટર' જયકર તરીકે પ્રથમ જાણતા. મુંબઈમાં ૧૯૧૭માં અભ્યાસ અર્થે ગયો, ત્યારે એ નામ મરાઠી મિત્રોમાં ચાલતું સાંભળતો. હોમરૂલ લીગને અંગે એમનું નામ આવતું તેમાંય અંગ્રેજી છાપાં એ ઉપનામ સાથે તેમનું નામ લેતાં.

અને તેમાં અમુક અર્થ હતો. જયકરસાહેબ ધંધે વકીલ હતા એટલું જ નહીં, વૃત્તિએ પણ તે વકીલ હતા. અને તેથી કરીને જીવનમાં તે ન્યાયાસનની મોટામાં મોટી અંગ્રેજ-કાળની જે જગા,—પ્રિવી કાઉન્સિલના જજની, ત્યાં પહોંચ્યા હતા. હિંદ સ્વતંત્ર થતાં તે સંસ્થા જ નાબૂદ થઈ, ત્યારે તે એમાંથી છૂટા થઈ, દેશમાં પાછા પધારી તેની સેવામાં જોડાયા.

તે દેશભક્ત હતા. એટલે, તે કાળે મોટા વકીલો જેમ રાજકારણમાં રસ લેતા, તેમ જયકારસાહેબ પણ રસ લેતા હતા. તે અંગ્રેજીના અચ્છા વક્તા ગણાતા. તે વિદ્વાન હતા. પ્રાચીન આર્યવિદ્યા, સંગીત, વગેરે એમના રસના વિષય હતા. એમાંનું કેટલુંક એમને પોતાના આજા પાસેથી વારસામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યું હતું. એમના આજા ધંધે વકીલ હોવા ઉપરાંત પ્રખર વેદાન્તવિદ્ પંડિત હતા. એમનાં લખાણોનો સંગ્રહ શ્રી. જયકરે સંપાદિત કરીને બહાર પાડ્યો છે.

રાજકારણમાં જયકરસાહેબ ગોખલે-પક્ષની 'લિબરલ' વૃત્તિવાળા હતા. એ એમની સ્વાભાવિક વૃત્તિ હતી. પરંતુ ૧૯૧૯ બાદ હિંદમાં ગાંધીયુગ શરૂ થયો. તે તેના રંગમાં આવ્યા વગર રહી ન શકે. જલિયાનવાલા બાગની ક્રૂર ઘટનાની તપાસ કરવા માટે કૉંગ્રેસે એક સમિતિ નીમી, તેમાં બૅરિસ્ટર જયકર એક સભ્ય બન્યા. ગાંધીજી, ચિત્તરંજન દાસ, અબ્બાસ તૈયબજી વગેરે તેના સભ્ય હતા. એ સમિતિનો રિપોર્ટ હિંદની સ્વરાજ્યયુગની ઇમારતનો એક યાદગાર ભાગ છે. સત્યાગ્રહના અવનવા શસ્ત્રની હિમાયત એ દસ્તાવેજમાં હિંદને માટે પહેલી વાર ગાંધીજીએ સર્વસંમતિથી રજૂ કરી હતી.

આ સમિતિ અંગે એક સંભારણું કહેવા જેવું છે. આ રિપોર્ટનો મુસદ્દો ગાંધીજીએ ઘડ્યો હતો. સમિતિએ તેમને એ કામ સોંપ્યું હતું. તે મુસદ્દો જરા મોળો છે ને વધારે કડક થવો જોઈએ, એમ સભ્યોને લાગ્યું. ગાંધીજીએ કહ્યું કે, મુસદ્દો આવો છે એ તો ઊલટો એનો ગુણ ગણાય. ઓછામાં ઓછું આટલું તો ચોક્કસ કરો જ, એ કહેવામાં નમ્રતા છે; પણ તેમાં વજ્રની અડગતા ઉમેરવી જોઈએ. હેવાલો કેવળ ભાષામાં કડક થઈને અટકે, એનાથી કામ સરે નહીં. આપણે દેશને એમ કહેવું જોઈએ કે, આ અમે ઓછામાં ઓછું પણ સત્ય જેવું અડગ અને અનિવાર્ય વસ્તુ રજૂ કરીએ છીએ; તે પાર પાડવાનો — પછીથી ચાલુ થયેલો શબ્દ અહીં વાપરું તો, 'કરેંગે યા મરેંગે' વૃત્તિ રાખીને — વજ્ર-નિરધાર કરવો જોઈએ.

ગાંધીજીની આ વાત સમિતિએ માન્ય રાખી. હિંદના રાજકારણમાં આવી વાત કદાચ પહેલી જ હશે. અગાઉનું નેતૃત્વ જુદી જાતનું હતું. ગાંધીજીની વાતે હિંદમાં નવું પગરણ પાડ્યું.

આ ઉપરાંત ગાંધીજીએ બીજું વધુ એમ કહ્યું કે, સમિતિના આપણે સભ્યો તો શપથ લઈએ કે, અમે તો આ માગણી લઈને જ ઝંપીશું. તે સમિતિએ આ પણ સ્વીકાર્યું અને તેમાં બૅરિસ્ટર જયકર એક હતા. તેમણે આ શપથ બરોબર પાળ્યા. સ્વરાજ આવતાં સુધી તે તેને સિદ્ધ કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડતમાંથી દૂર નથી થયા. હા, તે કૉંગ્રેસની સત્યાગ્રહની લડતમાં ન જોડાયા. એટલે કે, કાનૂનભંગ અને કેદ ન ઉઠાવ્યાં. એમના જેવા ધારાશાસ્ત્રીને એ રુચતું પણ ન હોય. પરંતુ એ વસ્તુની કદર એમણે બરાબર કરી.

૧૯૨૨માં ગાંધીજીએ સત્યાગ્રહ મોકૂફ રાખ્યો, ત્યારે કદાચ જયકર ખૂબ રાજી થયેલા અને તેમણે ગાંધીજીને જાહેર ધન્યવાદ આપેલા. છતાં એ સત્યાગ્રહ શું કામ કરવો પડે છે, તે સહાનુભૂતિથી સમજવા જેટલા ઉદાર દેશભક્ત એ હતા.

ગાંધીજીના વ્યક્તિત્વ માટે તેમને માન હતું. એટલે જ સત્યાગ્રહ થાય ત્યારે તે સપ્રૂ સાહેબ જોડે થઈને કૉંગ્રેસ અને અંગ્રેજ સરકાર વચ્ચેની કડીરૂપ બનીને કામ દેતા. ૧૯૩૦ થી ૧૯૪૦ના દસકામાં જયકર-સપ્રુ-જોડી એક ઉદાહરણરૂપ સેવા બજાવતી હતી, એ સૌ જાણે છે.

સ્વરાજ આવ્યા પછી બંધારણ-સભા કામ કરવા લાગી. જયકરસાહેબ તેના એક નામાંકિત સભ્ય હતા. કેટલાક એમના મિત્રોને લાગ્યું કે, એમના જેવા દેશભક્ત ધારાશાસ્ત્રી આ પ્રસંગે તેના પ્રમુખનું સ્થાન શોભાવી શકે. ક્રાંતિના અંતે કામ પર આવતી રાષ્ટ્રીય બંધારણસભા કેવળ ધારાકીય કામ નથી કરતી હોતી. તેમાં કાયદાપંડિતો હોય છે; પણ તે બીજી ત્રીજી હરોળમાં કામ દઈ શકે. મૂળ તો, તે અગાઉ 'બળવાખોર'માં ખપવવામાં આવેલા પરંતુ પ્રજાના ક્રાંતિધ્વજધારી નેતાઓ બંધારણસભામાં મુખ્ય હોય છે અને હોવા જોઈએ. આથી કે શાથી એ તો ઈતિહાસ જાણે,— પણ જયકરસાહેબને બંધારણ-સભાનું પ્રમુખસ્થાન મળી ના શક્યું. અમુક તમુક બીજા મતભેદો પણ હશે, —ખબર નથી.

અગાઉ કહ્યું તેમ, શ્રી. જયકર તે સભામાંથી અને સક્રિય રાજ-કારણમાંથી નિવૃત્ત થયા તે થયા. પછી તેમણે પૂના યુનિવર્સિટીનું વાઈસ-ચાન્સેલર-કામ સ્વીકાર્યું. તથા પોતાનાં સંસ્મરણો લખ્યાં. અને કેટલુંય સાહિત્ય પોતાના દફતરમાં પડેલું તેનું સંશોધન કરીને દેશ આગળ રજૂ કરવા તૈયાર કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટનાં વરસોમાં તેમને ઉંમર દાખવવા લાગી હતી. સાંભળવાની શક્તિ ઓછવાતી જતી હતી. આંખે પણ ઝાંખ આવવા લાગી હતી. એટલે પૂના યુનિવર્સિટીનું કામ ઉંમરે એમના જેવા બીજા મરાઠી બુજરગ ડૉ. પરાંજપેને સોંપી તે નિવૃત્ત થયા. અને થોડે સમયે ઇહલોકથીય નિવૃત્ત થયા. પ્રભુ એમને શાંતિ બક્ષો.

બૅરિસ્ટર જયકર જેવા વિદ્વાન વિદ્યાપ્રેમી દેશભક્તોની દેશને હવે ખૂબ જરૂર છે. નવી પેઢીએ આપણા દેશની ગઈ પેઢીના આ રાષ્ટ્રસેવક પાસેથી એ બોધ લેવા જેવો છે. સ્વતંત્ર રાષ્ટ્રોમાં એ ખોટ પૂરી કરવા માટે યુનિવર્સિટી સંસ્થા સરજાય છે. આપણી યુનિવર્સિટીઓ પણ એવી બનીને બૅરિસ્ટર જયકરનું સાચું તર્પણ કરી શકે.

[૪-૪-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

દીનબંધુ ઍન્ડ્રૂઝ

દીનબંધુના સ્વર્ગવાસના ખબર સાંભળી એક મિત્રે કહ્યું તે સાવ સાચું છે કે, 'અંગ્રેજ પ્રજા પર ક્રોધ આવે તો દીનબંધુનું સ્મરણ કરતાંવેંત તે ઓગળી જાય; એવા ખાનદાન અને ઉદાર દિલના એ અંગ્રેજ માનવસેવક હતા.'

દીનબંધુનું જીવન એટલે પવિત્રતા, સેવાપરાયણતા, ભૂતદયા, અને વ્યાપક સહાનુભૂતિનો એક અખૂટ ઝરો. એમના જીવનના પ્રારંભથી જ એમણે નક્કી કરી લીધું હતું કે, મારે ઈશુ ખ્રિસ્તનું અનુસરણ કરવું છે. એ મહાન સંકલ્પને તે આમરણ વફાદાર રહ્યા. તેને ખાતર તે રંગ, રાગ અને જાતિ તથા દેશનાં માનવી બાંધનો સામે ઝઝૂમ્યા અને જીત્યા.

એક પાદરી અધ્યાપક તરીકે આપણા દેશમાં એમણે જીવનનો પ્રારંભ આજથી ૩૫ વર્ષ પર કર્યો. પણ આવતાંવેંત તે પામી ગયા કે, ખ્રિસ્તને નામે કામ કરનારા તેને ઈન્કારીને જ વર્તે છે કે શું? નાના મોટા અનેક પ્રસંગોમાંથી તે જોઈ ગયા કે, એ સંજોગોમાં પાદરી જીવન તો અશક્ય છે. અને તેની સાથે તેઓ પાદરીપણાના બંધનથી મુક્ત થયા; અને જે દેશની ખ્રિસ્તના નામ પર સેવા કરવાને માટે આવ્યા હતા, એની સાચી સેવા શરૂ કરી. ધર્મપરિવર્તન કરવાને મિષે આવેલા પોતે જ ધર્મની નવી દૃષ્ટિ અહીંથી લાભતા ગયા!

કહેવાય છે કે, જીવનમાં સન્મિત્ર મળવા જેવું પરમ સદ્ભાગ્ય ભાગ્યે જ બીજું છે. શ્રી. ઍન્ડ્રૂઝ આ સદ્ભાગ્યના પરમ ભાગી હતા. એમના મિત્રોમાં આચાર્ય રુદ્ર, હકીમ અજમલખાન, સ્વામી શ્રદ્ધાનંદજી, અને એવાં બીજાં અનેક ક્ષેત્રોમાં નામાંકિત નામો ગણાવાય એમ છે.

કવિવર રવીન્દ્રનાથ અને ગાંધીજીની એમની દોસ્તી તો સૌ કોઈ જાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવા વિશાળ મિત્રમંડળની સુવાસને છાજે એવું કામ તેમણે પોતાનું કર્યું હતું. જ્યાં જ્યાં તેમણે દુ:ખ જોયું ત્યાં ત્યાં તે દોડી ગયા છે. તેમાં તેમણે ધર્મ, રાજકારણ કે વર્ણ યા જાતિની વાડો માની નથી.

તેમાંય તેમનું જ કહેવાય એવું કામ તો પરદેશવાસી હિંદીઓનું દુ:ખનિવારણ છે. ઊંડે ઊંડે તેમને લાગતું કે, આ દુ:ખ હિંદીઓને ગોરાઓની અ-ખ્રિસ્તી રંગદ્વેષની લાગણીથી જ ખમવું પડે છે. એ અણછાજતું ધર્મલાંછન ધોવા આખા જગતને એ પોતાનું પરગણું સમજી ખૂંદતા રહ્યા. અને એ કાર્યથી એમને આપણી જનતાએ 'દીનબંધુ'નું વહાલસોયું ઉપનામ આપ્યું.

એવા પ્રેમાળ, દીનબંધુ આત્માનું પુણ્યશ્લોક સ્મરણ કરીએ અને એમણે જે દેશથી પર, જાતિથી પર તથા ધર્મથી પર એવી દૃષ્ટિથી માનવસેવા કરી, તેનો પાઠ આપણે સંઘરીએ.

[એપ્રિલ, ૧૯૪૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪

શ્રી. ઠક્કરબાપા

કેટલાક વખતથી શ્રી. ઠક્કરબાપા માંદા હતા. તેમાંથી શુક્રવાર તા. તા. ૧૯મીએ રાતે તેમનો સ્વર્ગવાસ થયો.

આપણે માટે શુક્રવાર છેલ્લાં ત્રણ વરસથી ભારે લાગે છે. એ જ વારે બાપુ ને સરદાર ગયા, અને હવે બાપા જાય છે. આપણી પેઢીના આ ત્રણ મહાપુરુષો હતા. એમના સમકાલીન તરીકે આપણે નિર્દોષ ગૌરવ લેવા જેવી એ વાત છે.

ત્રણે સ્વભાવે અને સાધનામાં જુદા, છતાં જીવનભરના સાથી હતા અને પોતાની પ્રતિભા પોતપોતાની રીતે છતાં દેશના એક જ કામમાં તેઓએ અર્પી. એમાં બાપાનું કામ નોખું પડતું હતું; સરદારનું કામ નોખું પડતું હતું. બંનેનો ત્રિવેણી-સંગમ બાપુના કામમાં થતો હતો.

ઈ. સ. ૧૯૧૪માં બાપા ગોખલેજીની હિંદ સેવક સમાજમાં જોડાયા; અને અંત સુધી તેના સભ્ય રહ્યા. છતાં ગાંધીજીના ગુજરાતની જોડે તે બરોબર રહ્યા.

એમનું કાર્યક્ષેત્ર દલિત, અપમાનિત કે ઉપેક્ષિત એવી કોમોની સેવાનું હતું. એ ક્ષેત્ર એમણે અપનાવ્યું. એની કદર રાષ્ટ્ર સ્વતંત્ર થયું ત્યારે બરોબર થઈ. બંધારણસભાને આદિવાસીનું ને હરિજનનું કામ થાળે પાડવામાં એમની અમૂલ્ય સેવા કામ આવી.

આ કોમોને આવા પવિત્ર, આવા દીક્ષિત, આવા અડગ અને નિષ્કામ સેવક બીજા નથી મળ્યા. એમનો વારસો બાપાના પુત્રો જેવા પરીક્ષિતલાલ અને એમના જેવા સેવકોએ સંભાળવો જોઈએ. બાપાની અભ્યાસી વૃત્તિ વિદ્યાર્થીઓએ પાઠ લેવા જેવી હતી. એ રીતે બાપા રાષ્ટ્રના જીવનમાં અમર રહો.

[૨૧-૧-'૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

મહામના શ્રી. કિશોરલાલભાઈ

૧

અંતિમ નિવૃત્તિ જ લીધી!

આ અંક છપાવાને માટે લગભગ ગોઠવાઈ જવા આવ્યો છે ત્યાં ખબર મળે છે કે, મુરબ્બી ભાઈશ્રી કિશોરલાલ મશરૂવાળાએ તા. ૯–૯–'પરને મંગળવારના રોજ સાંજે ૫–૪૫ કલાકે ઓચિંતી દેહ છોડી. આના પહેલા સમાચાર રાતે આઠ વાગ્યાના અરસામાં છાપાંવાળા પાસેથી મળ્યા. આ ઓચિંતા સમાચાર દુ:ખદ હતા, તેની છાયામાં કલમ ભારે થઈ ચાલતી નથી. અત્યારે તો આ અંક છપાવા માંડે તેને થોડોક વખત છે, તેટલા પૂરતા આ સમાચાર વાચકોને કહેવા પૂરતુંય લખવું જોઈએ.

સદ્ગતની તબિયત કેવી નાજુક હતી, તે તો તેમને જાણનારા જાણે છે. તે ૬૨ વર્ષની ઉંમરે ગયા. લગભગ ચાલીસેક વરસથી દમના રોગથી પીડાતા હતા. જગતમાં સૌ કોઈની સાથે તેમણે મૈત્રી-કરુણા જ સેવી, તેમ જ આ રોગની જોડેય તેમણે જાણે મૈત્રી બાંધી હતી. અનેક ઉપચારો કરતાં છતાં તે રોગ ન જ ગયો, તો પછી શું થાય?

છેવટની ઘડી સુધી તે રોગની જોડે ઝૂઝતાં છતાં, તેમણે પૂર્ણ પુરુષાર્થી અને કર્તવ્યપરાયણ જીવન ગાળ્યું, ગાંધીજીની અનેક સંસ્થાઓ ચલાવી, સત્યાગ્રહની લડતો ખેડી, જેલો ભોગવી, સતત રચનાકાર્યો કરતા રહ્યા, અને ગુજરાતને અમૂલ્ય ગ્રન્થરત્નો અને વિચારો આપતા રહ્યા. ગાંધીજીની ફિલસૂફીના તે મૌલિક અર્થકાર હતા; એવા કે તે માટે ગાંધીજી પણ આદર અને સ્તુતિ કરતા.

છેલ્લે દિવસે સાંજે પાંચ વાગ્યે તો 'હરિજન' માટે એક લેખ લખતા હતા. તે તેમણે પૂરો કર્યો. પછી તેમને કાંઈક તકલીફ જેવું લાગ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમાં તે ઢળી પડચા તે પડચા. થોડી વારમાં એમનો આત્મા અક્ષર-ધામ પહોંચી ગયો.

છેલ્લા થોડાક મહિનાથી તે કહેતા હતા કે, હવે જો મને 'હરિજન'નાં કામોમાંથી છોડી શકો તો છોડો, મારે બધાં કામોમાંથી નિવૃત્તિ લેવી છે. છેવટે ગયા માસને અંતે તેમણે ટૂંકમાં લખ્યું કે, મને હવે કયારે નિવૃત્ત થવા દેશો, તે નક્કી કરીને જણાવો. એમને જવાબ મોકલ્યો કે, તમે હવે છૂટા છો સમજો. એટલે એમનો બે દિવસ પર જ અને કાલે પણ પત્ર મળ્યો હતો કે, હું આ માસમાં કામ આટોપીને તા. ૪ ઑકટોબરથી નિવૃત્ત થઈશ, અને તે અંગે તેમણે વિગતવાર બધી સૂચનાઓ પણ ભાઈ જીવણજીને લખી મોકલી.

નવજીવન ટ્રસ્ટે બધી તરફનો વિચાર કરી, આ કામ મને સોંપવા વિચાર્યું છે, એ તેમને આ માસની શરૂઆતમાં ખબર આપી. એ વિચારાતું હતું ત્યારે, મારે માટે આ કામનો બોજો ભારે છે, એમ હું તેમને અને ટ્રસ્ટને પણ જણાવતો હતો. તેમણે એક પત્રમાં મને લખ્યું કે, બીજું ન જ ગોઠવી શકાય તો તમે "યાહોમ કરીને પડો, ફતેહ છે આગે," અને છેવટે મને સોંપવાનું ટ્રસ્ટે નકકી કર્યાની ખબર મળ્યા પછી, કાલે મળેલા એમના તા. ૮–૯–'૫૨ના છેલ્લા પત્રમાં મને આશીર્વાદનાં વચન લખ્યાં કે, "નિર્ણય કર્યો તે ઠીક છે. મગનભાઈનું તંત્રીપદ યશસ્વી થાઓ." આ આશીર્વાદ મારે માટે મોંઘા થઈ પડચા છે. એ મને પ્રેરણા અને બળ આપશે.

મહાન 'હરિજન' પત્રોનું કામ મારે માથે આવે છે, ત્યારે મને પેલો કવિકુલગુરુનો પ્રસિદ્ધ શ્લોક યાદ આવે છે :

क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः ।

કયાં બાપુનાં પત્રો અને કયાં હું? પણ અત્યારે હું મારી એ વાત રડવા નથી બેઠો. ગુરુજનોના આશીર્વાદ અને સૌ સાથી મિત્રો તથા વિશાળ વાચકવર્ગનાં સાથ-સલાહ અને સૂચના-મદદ મને મળતાં રહો, એ મારી પ્રાર્થના છે.

પોતે ઇચ્છે ત્યારે હવે કામથી નિવૃત્ત થઈ શકે, એટલે તેમણે તે આટોપવા માંડયું હતું, એ ઉપર કહી ગયો. એ અંગે એમણે પત્રોના વ્યવસ્થાપક ને સૌ માટે એક જાહેરાત પણ લખી મોકલી, જે આ અંકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાચક અલગ લેખ રૂપે જોશે. એ જાહેરાત થાય છે ત્યારે તેમના સુધ્ધાં કોઈએ નહીં ધારેલી રીતે તેઓશ્રી નિવૃત્ત થાય છે.

એમને મન જરા, રોગ અને મરણ દુ:ખદ નહોતાં. તે મહાન વિચારક અને શ્રેયાર્થી ધર્માત્મા એવાં કારણોથી પર બન્યા હતા. એમના જવાથી આપણે એક મૌલિક વિચારક અને લેખક તથા આદર્શ સાધુ પુરુષ ખોયો છે. એથી આખું ગુજરાત અને ગાંધીજીએ આખા દેશમાં રચેલું એક મહાન સેવાકુટુંબ પોતાના એક આપ્તજન ગયાને દુ:ખે દુ:ખી થશે.

પરમાત્મા શ્રી. ગોમતીબહેન (એમનાં સહધર્મચારિણી)ને આ દુ:ખ સહવા ધીરજબળ આપો. આપણે સૌ એમના દુ:ખમાં દુ:ખી છીએ, એથી એમને આશ્વાસન મળો.

શ્રી. કિશોરલાલભાઈનું પવિત્ર સેવામય જીવન આપણને તેવા થવાની સદાય પ્રેરણા આપતું રહો. એવાને મૃત્યુ નથી.

['હરિજનબંધુ', ૧૦-૯-'૫૨]

૨

। महामनाः स्यात् तद् व्रतम् ।

(૧)

કેટલાંક વરસ ઉપરની વાત છે. ગુજરાતના એક જાણીતા વિદ્વાન સાક્ષરે, સ્વ. શ્રી. મહાદેવભાઈ, શ્રી. કિશોરલાલભાઈ વગેરે જેવા ગાંધીજીના ઉત્તમ અંગ્રેજી કેળવણી પામેલા વિદ્વાન નવજુવાન સાથીઓ વિષે એક ઉલ્લેખ કરેલો કે, જો મહાદેવભાઈ ગાંધીજી જોડે ન જોડાયા હોત, તો ઉમદા સાહિત્યકાર થાત; જો કિશોરલાલભાઈ ન જોડાત તો તે અચ્છા અધ્યાપક થાત; વગેરે.

આ વિધાનની પાછળ કાંઈક ભાવ એવો હતો કે, ગાંધીજી જોડે દેશસેવાના વ્યાપક અને ત્યાગ-તિતિક્ષાભર્યા જીવનમાં જકડાવાથી આ લોકની નામના અને પ્રતિભા જાણે કાંઈક દબાઈ, લોકનજરે ઓછી રહી ગઈ. આવી જાતનાં વિધાન કેટલાય લોકો ગાંધીજી સાથે દેશસેવામાં પડેલા સેવકો વિષે કરે છે: "આ જો અસહકારમાં ન જોડાત તો એ તો આવો . . થાત ને તેવો થાત" — વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની વાત થઈ ત્યાર પછી થોડા દિવસે મારે ને કિશોરલાલભાઈને પેલા સાક્ષરની આ ઉક્તિ વિષે વાત થઈ હતી. કિશોરલાલભાઈએ જ વાત કાઢી, 'આ જે . . . ભાઈએ કહ્યું તે બરોબર છે? બાપુ જોડે થવાથી અમે અત્યારે છીએ તેથી શું વધારે મોટા થાત એમ? બાપુ જોડે થવાથી જ અમને કેટલીક મોટાઈ નથી મળી, કે જે ન જોડાવાથી ન જ મળત કે અમારી ન જ હોત? શું આજે મહાદેવભાઈ ઓછા સાક્ષર છે? જીવનમાં એથી વધારે પણ તે નથી બન્યા?'

મેં કહ્યું, "તમે સાવ સાચું કહો છો. બાપુ જોડે આવીને સૌએ જીવનમાં વધારે સભરતા અને સર્વાંગ-પરિપૂર્ણતા મેળવી છે. એમની સાથે થવાથી કોઈએ કાંઈ ખોયું નથી; બલ્કે જીવન વધારે ગંભીર અને વ્યાપક કર્યું છે. 'કરિયર'ના આરામી અને ગુલામી ખ્યાલોવાળાને જ કદાચ ઊલટું લાગે, પણ એ ખ્યાલો જીવનનું કોઈ ગણનાપાત્ર ધોરણ કે સફળતા-માપક ગજ નથી."

કિશોરલાલભાઈએ જવાબ આપ્યો, મને મારે વિષે તો એમ લાગે છે. બાપુ જોડે થવાથી હું તેમના વિના ન પામત તેવું ઘણું ઘણું પામ્યો છું, અને નામના પણ.

મુ૦ ભાઈશ્રી કિશોરલાલભાઈના અવસાન પછી તેમના જીવનનો વિચાર કરું છું ત્યારે મને ઉપરની વાત યાદ આવે છે. મુ૦ કિશોરલાલભાઈ પ્રોફેસર જ થઈ શકે એવડા નાના નહોતા. તે ઉમદા પ્રોફેસર હતા એ તો તેમના લેખો પરથીય સૌને સાફ જણાય એવું છે. ગાંધીજી જોડે આવવાથી એમની તે શક્તિ દબાઈ નથી, પણ તેણે બરોબર કામ આપ્યું છે. ચિંતન, મનનના તેમના અનેક અભ્યાસપૂર્ણ ગ્રંથો એની સાક્ષી પૂરે છે.

તે વકીલ થયા હતા અને સોલિસિટર પણ થવા વિચારેલું, એમ લાગે છે. જો એમાં જ રચ્યાપચ્યા રહ્યા હોત, તો એમની તીણી દૃષ્ટિ અને ફોડવાર મુદ્દા તપાસવાની બૌદ્ધિક હથોટી એમને અંગ્રેજી રાજ્યના મોટા જજ-પદે કદાચ લઈ જાત. પણ એની એક શરત હોત — આપણા દેશમાં પરરાજ્યની એડી તળે જે જાતનું પ્રજાજીવન ચાલતું હતું, તેની ગતાનુગતિક સંકુચિત સત્યતા માનીને કે તેનો કડવો ઘૂંટડો પી જઈને જ ચાલવું પડત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવાસીને આર્ષ આજ્ઞા છે કે, महामनाः स्यात् । अक्षुद्रचित्तः स्यात् । એ તે ન પાળી શકત. જીવન એટલે અંગ્રેજી રાજ્યમાં કહેવાતી 'કરિયર'—ગમે તેમ કરીને કમાઈ ખાવું એમ સમજીને તેમણે ચાલવું પડત.

આ શરત પાળવાનું કિશોરલાલભાઈને માટે અસંભવ હતું. તે એનાથી મોટા હતા. યુનિવર્સિટીની ઉત્તમ કેળવણી પામવા છતાં, તે એનાથી જ માત્ર ઘડાયેલા નહોતા. તેમની પ્રતિભા એથી ચડિયાતી હતી. અને તેના અંકુરો તે ભણતા ત્યારથી તેમનામાં દેખાતા હતા.

(૨)

શ્રી. કિશોરલાલભાઈનું કુટુંબ મૂળ સુરતનું વણિક ખાનદાન હશે. આ શહેરનાં અનેક કુટુંબ વેપારરોજગાર અર્થે ખાનદેશ વરાડમાં જઈને વસ્યાં છે, તેમ એમના વડવા બેએક પેઢી પર વરાડમાં આકોલા જઈને વસેલા. કિશોરલાલભાઈનો જન્મ આકોલામાં થયો હશે, પણ ખાતરી નથી. પરંતુ તેમનું બાળપણ તે શહેરમાં ગુજરેલું.

તે ધાવણા હતા, ત્યારની એક વાત છે. તેમના ઘોડિયા પાસેની ભીંત તેની પેલી બાજુએ સામાન ભરેલો તેના ભારથી તૂટી પડી અને બાળક કિશોરના ઘોડિયા પર પડી. પિતાશ્રીએ માન્યું કે, કિશોર શ્રીજી-શરણ થયો. ઘરમાં શ્રી સહજાનંદ સ્વામીની પુણ્યપ્રસાદીરૂપ પૂજા હતી, ત્યાં જઈ પિતાએ નિવેદન કર્યું કે, જો કિશોર જીવતો નીકળે, તો એને તમારી સેવામાં અર્પીશ. બનવાકાળ એવો કે, ભીંત પડી તે પહેલાં થોડી જ વારે ઘરનો નોકર,—કોણ જાણે એને શું મનમાં થયું? તે ખૂબ માંદો હતો, છતાં—પથારીમાંથી ઊઠીને બાળ કિશોરને પોતાની પાસે લઈ ગયો હતો. પિતા પ્રભુને નિવેદન કરતા હતા ત્યાં જ બાળકને લઈને તે આવ્યો. પિતાના આનંદનો અને પ્રભુ પ્રત્યેના ભાવનો પાર ન રહ્યો. તેમણે કિશોરલાલને પ્રભુ—ઘનશ્યામદાસ કહીને નવાજ્યા. અને એથી જિંદગીભર કિશોરલાલે પિતાના નામને સ્થાને એ જ ઉપનામ રાખ્યું.

ખરે જ, કિશોરલાલભાઈએ મોટા થઈ પોતાનું સમગ્ર જીવન પ્રભુને જ અર્પ્યું અને પિતાનો તે સંકલ્પ સાક્ષાત્ સાચો પાડ્યો! એમનાં માતાપિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં હશે ત્યાંથી જો એમના સુપુત્રનું જીવન જોઈ-જાણી શકતાં હશે, તો ખરેખર ધન્યતા અનુભવતાં હશે.

કિશોરલાલભાઈનો શરૂનો અભ્યાસ કદાચ આકોલામાં થયો હશે. મને અત્યારે એ વિષે ચોકસ ખબર નથી. આકોલાના હોવાથી તે શરૂથી જ દુભાષી હશે : ઘરમાં ગુજરાતી અને શાળામાં તથા બહાર મરાઠી*—એમ બંને ભાષા તે શરૂથી જ શીખી ગયા હશે. એમના મોટાભાઈ શ્રી. બાલુભાઈ વેપાર અર્થે મુંબઈ રહેતા, એટલે કિશોરલાલભાઈ મુંબઈ આવી ગયા અને બધો અભ્યાસ મુંબઈમાં કર્યો. વિલ્સન કૉલેજમાંથી તે બી.એ. થયા, બાદ એલ એલ. બી. થયા, અને વકીલાત પણ શરૂ કરેલી. તે પ્રથમ શ્રેણીના વિદ્યાર્થી હતા.

મુંબઈમાં તેમનું ઘર સેન્ડહર્સ્ટ રોડ પર હિંદ સેવક સમાજના મોટા મકાન પાસે જ હતું. ગોખલેજીની આ સંસ્થા અને તેના આદિ સેવકોની પ્રેરણા એમને ચોકસ મળી હતી, એમ કહી શકાય. સ્વ૦ શ્રી ઠક્કરબાપા, દેવધર, જોષી વગેરે મહા લોકસેવકોનો કાંઈકનો કાંઈક સત્સંગ—મૂર્ત કે અમૂર્ત—કિશોરલાલભાઈને મળ્યો.

એમની યુવાનીમાં દેશમાં બે મહાબળ ત્યારના નવજુવાનો ઉપર પ્રભાવ પાડતાં હતાં—એક લોકમાન્ય અને બીજા ગોખલે. ગોખલેજીની સૌમ્ય શાંત અસર કિશોરલાલભાઈ પર વધારે હતી, એમ મને લાગે છે. પ્રાથમિક કેળવણી એ દેશના રાષ્ટ્રીય શિક્ષણતંત્રમાં સાચી અને સૌથી પહેલી સાધવાની વસ્તુ છે, એ કિશોરલાલભાઈનો દૃઢ મનોભાવ હતો, એ એમણે ગોખલેજી પાસેથી આદિ વયમાં મનમાં રોપ્યો હતો. બાપુજી પહેલાં ઠક્કરબાપા એમના મનમાં એક સેવામૂર્તિ તરીકે બિરાજ્યા હતા.

હું એમને પ્રથમ મળ્યો એ તો ૧૯૨૧ પછી. પણ નામથી તે પૂર્વ જાણતો થયો હતો. મુંબઈથી કેટલાક ઉત્સાહી અને દેશ માટે કાંઈક કરી નાખવાની તમન્નાવાળા નવજુવાનો મળીને ‘નવજીવન અને સત્ય’ માસિક

* ગુજરાતીની સાથે તે મરાઠી પર પણ પ્રભુત્વ ધરાવતા અને તેના (ખાસ કરીને ભક્તિ-) સાહિત્યના તે અઠંગ અભ્યાસી હતા. તુકારામના અભંગોનો તેમણે કરેલો ગુજરાતી અનુવાદ વાચકે પ્રસિદ્ધ થયેલો જોયો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ચલાવતા હતા. મારા સ્વ૦ મોટાભાઈ આ પત્ર મંગાવતા. હું તે વખતે હાઈસ્કૂલમાં ભણતો હતો. એ પત્ર વાંચતો હઈશ કે કેમ એ તો યાદ નથી. પણ તે જોતો હતો અને કોણ શું લખે છે તે ઉપર નજર કરતો. ઈંદુલાલ યાજ્ઞિક, કનૈયાલાલ મુનશી, રણજિતરામ વાવાભાઈ સાથે શ્રી. કિશોરલાલ મશરૂવાળા બી. એ., એલ એલ. બી. નું નામ પણ લેખકોમાં જોયાનું મને બરોબર સ્મરણ છે. મતલબ કે, અભ્યાસકાળથી શ્રી. કિશોરલાલભાઈ આપણા દેશ તથા લોકો માટે કાંઈક કરી છૂટવાની આકાંક્ષા સેવતા હતા. અને હિંદ સેવક સમાજ જેવી સેવા-દીક્ષિત પુરુષોની સંસ્થા તરફ એમને આકર્ષણ હતું. ભગિની સમાજની સેવા-સંસ્થા પણ તેમના ઘર સામે જ હતી, એ પણ અહીં નોંધું.

(૩)

ઈ. સ. ૧૯૧૫માં ગાંધીજી દેશ પધાર્યા. અનેક નવજુવાનોનાં હૃદયમાં તે વસ્યા હતા. એક અજબ સંજીવની લઈને એ મહાપુરુષ દેશસેવા અર્થે આવે છે, અને આપણે તેમને સાથ આપવાનો છે, એવી ઉત્કંઠ ઉન્મુખતા કેટલાંય ભારત-સંતાનોમાં હતી.

કિશોરલાલભાઈ એમાં ન હોય એ કેમ બને? શ્રી ઠક્કરબાપાએ એમને પ્રેર્યા અને તે મુંબઈ અને વકીલાત તથા ‘કરિયર’ કે બીજું બધું જ છોડીને, ગાંધીજી પાસે પહોંચ્યા. તેમના બે મોટાભાઈઓએ તેમને હર્ષથી રજા આપી હશે, કારણ કે માતાપિતાએ એમને કયારના ઘનશ્યામને અર્પ્યા જ હતા. મને ખબર છે ત્યાં સુધી, આ વખતે એમનાં માતાપિતા નહોતાં. ઘરમાં વડીલ તરીકે તેમના મોટાભાઈ હતા. તેમની રજા લઈ, તેમના આશીર્વાદની સાથે તે અમદાવાદ સત્યાગ્રહાશ્રમમાં જોડાયા અને એમ તે ગાંધીજીના બહોળા કુટુંબના એક સભ્ય બન્યા તે બન્યા.

મશરૂવાળા-કુટુંબ સંસ્કારે ખૂબ પ્રેમાળ અને હેતાળ છે. સંયુક્ત કુટુંબનો હિંદુ સમાજનો આદર્શ એ કુટુંબમાં સહજ છે. ધર્મપરાયણતા અને સૌજન્ય-ભરી સલૂકાઈ એ કુટુંબમાં પેઢીધર ઊતરતી આવેલી વસ્તુ લાગે છે. કિશોરલાલ-ભાઈમાં આ વારસો ભારોભાર ઊતર્યો હતો. એ એમનો સહજપ્રાપ્ત ગુણ બહુ મોટો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી પાસે આવ્યા ત્યારથી તેમણે પોતાના સદ્‌ગત પિતાને સ્થાને ગાંધીજીને બેસાડ્યા હતા. અને તે ભાવ અને ભક્તિ તેમણે ગાંધીજીના વિશાળ ધર્મ-કુટુંબનાં સૌ સાથે બાંધ્યો. એ વિશાળ કુટુંબી જનસમુદાયની સાથે તેઓ તેમના સગા કે સ્વજનના ભાવથી સહેજે પ્રેરાતા. મારે માટે એ જીવનભર મોટાભાઈ હતા. હું એમને પ્રથમ મળ્યો ત્યારથી એમણે એ સ્થાન લીધું. મેં એમને એ સ્થાને બિરાજાવ્યા છે. અને એ ન્યાયે એમના મશરૂવાળા કુટુંબનો સ્વજન હું બન્યો છું. કિશોરલાલભાઈના જીવનની ચાવી એમના આવા કુટુંબભાવ અને પ્રેમભાવમાં રહેલી છે.

આ વસ્તુને એમણે એક જગ્યાએ મનુષ્યના ચારિત્ર્ય અને જીવનની કેળવણીના બીજ રૂપે કહી છે. તેમણે એમ બતાવ્યું છે કે, જીવનમાં કોઈ પણ ઉત્કટ પ્રેમ હોવો—કશાને માટે નિર્વ્યાજ ઉત્કટ ભક્તિ હોવી, એ જરૂરી છે; જીવનનો વિકાસ એ બીજમાંથી થાય છે. કુટુંબપ્રેમ, સ્વજનપ્રેમ તો કોને નથી હોતો? સમાજના અને માનવજીવનના વિકાસમાં તેની પાયારૂપ એવી કુટુંબ-સંસ્થાએ જે મહાન સંસ્કારસિંચન કર્યું છે, તે આ જે પ્રેમનો કાયદો તેની ગળથૂથીમાં આપ્યો છે, તે છે. એ ગળથૂથી સૌને સહેજે મળે છે એમ કહેવાય.

ગાંધીજીએ એમાંથી જ પોતાનો સત્યાગ્રહમંત્ર શોધ્યો: કુટુંબમાં પ્રવર્તતો પ્રેમન્યાય સમગ્ર માનવ-કુટુંબમાં શું કામ ન પ્રવર્તે? એ સાદા સવાલમાંથી તેમણે દુનિયાને આજે અદ્‌ભુત લાગતી એવી સમાજસિદ્ધિઓ નિપજાવી બતાવી. કુટુંબપ્રેમના મંત્રને આમ વ્યાપક બનાવી તેને જે ઉદાત્તતા અને ઊર્ધ્વત્વ અર્પ્યાં, તે ગાંધીજીની વિશેષતા હતી. એ જ વસ્તુ કિશોરલાલ-ભાઈએ પોતાને માટે કરી. તે ગાંધીજી પાસે આવ્યા ત્યારથી ગાંધીજીના કુટુંબીજન બન્યા.

એમના સ્વભાવની એક ખાસિયત જ હતી એમ કહું તો ચાલે કે, તે કુટુંબના વાતાવરણમાં રહી શકે ને ખીલી શકે; તે એકલ સંન્યાસવીર નહોતા. જે સંસ્થાઓમાં તેમણે કામ કર્યું, ત્યાં પણ તે આ જ ભાવથી તેનું સંચાલન કરતા અને એથી જ એ તેમાં ફાવતા અને સૌ સાથીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની આગળ કેવળ સેવકભાવ ભૂલીને સ્વજન-અને-કુટુંબભાવ ધારણ કરીને વર્તતા. અસ્તુ.

(૪)

૧૯૧૭ના અરસામાં તે સત્યાગ્રહાશ્રમમાં આવ્યા અને તેની રાષ્ટ્રીય શાળાના શિક્ષકના કામમાં જોડાયા. તે કેવળ શિક્ષક નહોતા; તે સાધક હતા. આશ્રમના અને ગાંધીજીના જીવનના સૂક્ષ્મ અભ્યાસી હતા; પોતાની આંતર જ્યોત વડે તે તેને બધી બાજુથી નિહાળનારા હતા; કારણ કે, તેમના મનમાં જીવનનો સવાલ હતો, પ્રભુએ આપેલા ઉત્તમ માનવ જીવનની જવાબદારી હતી. કબીરે પેલા તેમના ભજનમાં એ જવાબદારી પોતાની અનુપમ કાવ્યશકિત દ્વારા ગાઈ છે—

"झीनी झीनी झीनी झीनी बिनी चदरिया
. . . .
सो चादर सुर नर मुनि ओढ़ी,
ओढ़ी के मैली कीनी चदरिया ।
दास कबीर जतनसे ओढ़ी,
ज्योंकी त्यों धरि दीनी चदरिया ।"

કિશોરલાલભાઈ એ ખોળમાં હતા કે, હું મારી ચાદર કઈ રીતે જતનથી ઓઢું કે તે નિર્મળ રહીને જેવી પ્રભુઘેરથી બનીને આવી એવી ત્યાં પાછી પહોંચી જાય. આ સવાલ મનમાં લઈને કિશોરલાલભાઈ આશ્રમમાં આવ્યા હતા. કુટુંબના વૈષ્ણવ સ્વામીનારાયણ સંપ્રદાયના આચારવિચાર એમનો વારસો હતો, તે સાથે લઈને આવ્યા હતા.

આશ્રમમાં આવ્યા ત્યારે સેવાપૂજા ને આરતી કરવાં, ચાંલ્લો કરવો, એ ધર્મવિધિ કુટુંબના સંસ્કારથી મળેલો તે ચાલુ હતો. અને મને યાદ છે ત્યાં સુધી, ૧૯૨૬–૨૭ સુધી તો તે ચાંલ્લો કરતા. એમાં પરિવર્તન થતાં ગયાં તે એમની સાધનાની સાથે સાથે.

એમની સાધના મૂળે આ હતી: એમની જીવનભૂખ જિજ્ઞાસા મુમુક્ષા હતી. ગીતાકારે મનુષ્યોના બે ભાગ અનેક રીતે પાડી બતાવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં એક રીત બતાવી છે તે જુઓ ગીતા અ૦ ૨, શ્લોક ૩૯ થી ૪૪. ગીતાકાર એ શ્લોકોમાં વર્ણવી બતાવે છે કે, દુનિયામાં લોકોનું જીવન બે પ્રકારે ચાલતું જોવા મળે છે. એક મોટો સમુદાય એવો છે કે જેમની બુદ્ધિ ઠરી નથી, જેઓ જ્યાં ત્યાં દોડાદોડમાં પડેલા છે. બીજો એવો વર્ગ કે જેમની બુદ્ધિ વ્યવસાયાત્મિક બની છે—એકાગ્ર કે એકમુખી થઈ છે. આ બીજા વર્ગમાં જવું એ માનવજીવનનો પુરુષાર્થ છે; તેમાં લઈ જનારું જે જીવન-બળ છે તેને જ ગીતાકારે યોગબળ કહ્યું છે.

કિશોરલાલભાઈએ આશ્રમમાં આવીને પહેલાં પાંચ વરસ આ વસ્તુને માટે તીવ્રતાપૂર્વક ગાળ્યાં, એમ કહી શકાય. આ કાળમાં તેમણે આપણાં શાસ્ત્રો, દર્શનો, તથા તેમાં શું સારરૂપે ભર્યું છે, તે ખોળી કાઢવા માટે સંશોધનકારનો ધંધો માંડ્યો. એનો પરિપાક તે એમનો 'જીવનશોધન' ગ્રંથ, જે આપણને તેમના અક્ષર-વારસા તરીકે મળ્યો છે.

આ જ સમયમાં એકાગ્રતાથી આ કામ કરવાને માટે તેમણે આશ્રમથી દૂર એક ઝૂંપડી બંધાવી ત્યાં એકાંતવાસ કર્યો. આ જ કાળ દરમિયાન એમને તેમના ગુરુ શ્રી નાથજી સહેજે મળી ગયા. આ કામ, ગ્રંથોનું જે પંડિતાઈ-ભર્યું સંશોધન કહેવાય છે, તે જાતનું નથી. આ કાર્યનું ક્ષેત્ર અંતે જતાં માનવી હૃદય અને તેમાં પડેલું જે પોતાનું ચિદાકાશ બ્રહ્માંડ છે, તે છે. બાહ્ય ગ્રંથો, ગુરુઓ, અને સૌ આ આંતર સંશોધનયોગનાં સહાયકારી કારણો જ બહુ તો હોઈ શકે છે. આ ક્ષેત્રમાં કામ કરતી આંતર આંખ કે પ્રજ્ઞાચક્ષુ હોય તો જ શાસ્ત્રાદિ સાધનો કામ દઈ શકે છે—તેમનો સાચો મર્મ કે તેમાં શબ્દબદ્ધ કરેલું ગૂઢ રહસ્ય તેવાને પ્રગટ થાય છે.

કિશોરલાલભાઈએ આ કામ કર્યું અને 'એકા વ્યવસાયાત્મિકા બુદ્ધિ' જેને ગીતાએ કહી છે તે મેળવી.. સાદી ભાષામાં કહીએ તો, જીવનના અંતિમ હેતુ વિષે અને તેના ઉપયોગને વિષે તે દૃઢનિશ્ચયી બન્યા. તેમણે પોતાનો જીવનમાર્ગ જોઈ લીધો અને શાંત થયા. ગીતાની ભાષામાં કહું તો, યોગ-રુરુક્ષામાંથી યોગારૂઢતામાં પ્રયાણ કર્યું; તે શાંત થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાચકને ખબર હશે કે, રાષ્ટ્રીય શિક્ષણ વિષે ગાંધીજીએ ૧૯૧૯-૨૦થી જે હિલચાલ શરૂ કરી, તેમાં શ્રી. કિશોરલાલભાઈ એક મુખ્ય મદદનીશ હતા, અને આ કામ અંગે શું શું કરવાનું છે તે વિષેની તેમની સ્પષ્ટ દૃષ્ટિને લઈને વિદ્યાપીઠના પ્રથમ મહામાત્ર તે થયા હતા. એમના મંથનકાળનાં વરસોમાં તે આ કામથી ફારેગ થયા હતા. ત્યાર પછી પાછું એ કામ તેમને સંભાળવાનું આવ્યું અને તે એમણે ત્રણેક વરસ કર્યું.

આ વરસોમાં તેમણે કેળવણી વિષે મૌલિક વિચારો કર્યા, જે પછીથી 'કેળવણીના પાયા' રૂપે બહાર પડયા છે. એમાંથી આપણે જોઈએ છીએ કે, કેળવણી એટલે જીવનનું ઘડતર કરવાની શક્તિવાળો વિવેક, એવી વ્યાખ્યા તે કરે છે. એ જ વ્યાખ્યા सा विद्या या विमुक्तये એ ગૂજરાત વિદ્યાપીઠનો ધ્યાનમંત્ર પણ બતાવે છે.

(૫)

કિશોરલાલભાઈ વિષે વિચાર કરતાં એક વાત એ યાદ રાખવાની જરૂર છે કે, તે વિજ્ઞાનના વિદ્યાર્થી હતા. જેને વિજ્ઞાન-પદ્ધતિ કહેવામાં આવે છે, એ તેમણે પોતાની કરી હતી. પરંતુ ઘરના સંસ્કારો જૂની પ્રણાલીની શ્રદ્ધાભક્તિના હતા. પેઢીધર એ એમનામાં ઊતર્યા હતા. એથી ચિત્તમાં અધ્યાત્મવિદ્યા વિષે કેટલીય પરંપરીણ વસ્તુઓએ ઘર કર્યું હતું. એવી બાબતોને વિષે ઊંડા ઊતરીને તેમને વિજ્ઞાનશુદ્ધ પાયા પર મૂકવી, એ કામ તેમની સાધના તરીકે તેમની સામે આવ્યું.

આ કામ આપણી આખી પ્રકૃતિને જ જાણે વલોવી નાખવા જેવું વિકટ છે. વિરલા જ એમાં ફાવે કે પાર ઊતરે. કિશોરલાલભાઈ એમાં પાર ઊતર્યા. આથી ચુસ્ત સ્વામીનારાયણ સંપ્રદાયના અનેક લોક દુ:ખી થયા. પૂર્વે જે પૂજાપાઠ ઈત્યાદિ તે કરતા હતા, તે બાહ્ય આચારવિધિ છૂટી જઈ, માનસ પૂજા રહી. ભક્તિ ઊંડી ઊતરી, જીવન સાથે જડાતી ગઈ. એ સંપ્રદાયની અંદર રહેલા ગુરુભક્તિ, પ્રભુપ્રેમ, સંઘપરાયણતા ઈત્યાદિ ભાવો તો તેમની પ્રકૃતિમાં જ વણાયેલા હોઈ તેમનામાં રહ્યા. પરંતુ તે ભાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનાં તેમનાં કામોમાં ઊતર્યા. જેમ કે, ગાંધી સેવા સંઘ રચાયો ત્યારે તે તેના પ્રમુખ બન્યા; તે કાર્યમાં તેમણે આ બધા પોતાના ગુણો દાખવ્યા.

એ સંઘના સંગઠન પરત્વે જે વિચારો તે કરતા, તેના પાયામાં એમણે ભગવાન બુદ્ધના સંઘ વિષે જે જાણ્યું વિચાર્યું હતું, તથા સ્વામીનારાયણ સંપ્રદાયના સંઘ વિષે જે જીવનસંસ્કારથી અપનાવેલું, તે તેમનું સહજ દિગ્દર્શક બન્યું હતું. જો લોકસેવાના ખ્યાલોથી ગાંધીજી તરફ એ ન વળ્યા હોત, તો આ એમને મળેલો અધ્યાત્મ-વારસો તેમને ક્યાં લઈ જાત તે કહેવાય નહીં. કદાચ તે સ્વામીનારાયણ સંપ્રદાયમાં એક પ્રબળ ધર્માત્મા ગણાત અને જીવનમાં જે કાંઈ કામધંધો કરત તે કર્યા કરતા હોત. કોણ જાણે!

કહેવાની મતલબ એ કે, કિશોરલાલભાઈએ આમ જીવનને બે ભાગમાં ન જવા દીધું અને તેને બદલે એક સમન્વિત જીવનદૃષ્ટિ મેળવી, એ મોટી નોંધપાત્ર ઘટના છે. અંગ્રેજી રાજ્યકાળમાં અધ્યાત્મ- તથા કર્મ- ક્ષેત્રમાં આવી જુદાઈ અનેક પ્રતિભાવાન વ્યક્તિઓમાં પેસી ગયેલી; એ ગુલામીની મોટામાં મોટી ખરાબી હોય તો આ રીતે માંડવાળ કરીને જીવન-શક્તિ જે વેડફાતી હતી તે હતી.

ગાંધીજીએ આવીને એ વસ્તુ દૂર કરી; એ એમની અર્વાચીન નવ-જુવાન હિંદીઓને માટે મોટી આધ્યાત્મિક ભેટ હતી. શ્રી. કિશોરલાલભાઈએ ગાંધીજીની આ વિશેષતાની અસર જાગ્રત ભાવે અપનાવી અને શોભાવી. અને એમ કરીને તે દેશનાં રચનાત્મક કાર્યો કરનારા અનેક સેવકોના બનેલા ગાંધી-સેવા-કુટુંબના નેતા બન્યા. નેતા જ નહિ, સહોદર જેવા સાથી, માર્ગદર્શક અને સહાયક બન્યા. આથી જ તેમના વિચારોને ગાંધીજી હમેશ માન આપતા, આદરથી કદર કરતા.

(૬)

કિશોરલાલભાઈના આ કાળને મેં યોગસાધનાનો કાળ કહ્યો છે. તેની જોડે તેમનો જીવનભરનો સાથી દમ રોગ યાદ કરવો જોઈએ. આ રોગ પણ એમના આ યોગ જોડેનો જ છે; એની જોડે જડાયા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક યોગવિદે કહેલી વાત અહીં મને યાદ આવે છે. તે એમ કહેતા કે, જો યોગ બરાબર સધાય તો રોગ ન રહે. માનવ અંતઃકરણની સમગ્ર શક્તિઓ, વાસનાઓ, આવેગો તથા ઊર્મિઓ — એવી આખી ચિત્તસૃષ્ટિમાં એકવ્યવસ્થા અને એક-વ્યૂહતા આવવી એ યોગ છે. એમ જો થાય તો સામાન્ય રીતે જીવોની શરીરશક્તિ પર આવેગો ઇત્યાદિના ચાલતા રહેતા ઘમસાણનાં જે તાણ કે ઘા પડે છે, જ્ઞાનતંતુઓ ઉપર સતત મારો રહે છે, જેથી જીવનશક્તિ નાહક હણાતી જાય છે, તે મટી જાય. ઊલટી તેમાં એકપ્રવાહ પ્રશાંતતાની છટા આવી જાય. આ દશામાં રોગ દબાય, કેમ કે રોગનું આંતર કારણ પણ હોય છે.

ગાંધીજી પોતાની રીતે આ વસ્તુમાં માનતા. તે કહેવામાં તેમની ભાષા જુદી હતી. તે કહેતા કે, જો રામનામ હૃદય વડે લઈએ તો રોગ મટી જાય. એનો અર્થ હું ઉપરનો જ કરું છું. જેણે પોતાની સમગ્ર પ્રતિભા અને સ્વભાવ રામ-રત કર્યો છે, તે કેવળ પ્રકૃતિશુદ્ધ બને. અને મૂળ પ્રકૃતિમાં રોગ છે નહિ.

આ આદર્શ થયો. કિશોરલાલભાઈ દમને સાવ નિર્મૂળ ન કરી શક્યા; પરંતુ જેમ શરીરમાં અમુક કુદરતી ખોડ હોય તો તે વ્યક્તિત્વનો ભાગ બની જાય છે, તેમ તેમણે દમ પર એ રીતે પૂરો વિજય મેળવ્યો. દમ એમના વિકાસને દમી ન શક્યો. આ એમણે સાધેલી યોગશક્તિનો પૂરો દાખલો છે. સદાનો સાથી હોવા છતાં દમ તેમના ચિત્તપ્રસાદને ડગાવી ન શક્યો, તેમની કાર્ય-શક્તિને નમાવી ન શક્યો; ઊલટું જીવનભર દમનો દમ તેમણે કાઢ્યો અને દેશને સોના જેવું નિર્મળ ને ઝળહળતું કામ આપ્યું.

અધ્યાત્મ વિદ્યામાં શરીર વિષે અધ્યાસના અભાવને એક મોટી વાત માની છે. આવા અભાવનો જીવતોજાગતો દાખલો તે હતા. આત્માથી શરીરને જુદું જોવાની વાત વેદાંતમાં થાય છે. કિશોરલાલભાઈ આ દર્શન, તેમના દમ-મિત્રની મહેરબાનીથી, રોજ કરતા હતા. અને તેથી જ તે તદ્દન નબળા શરીરે પણ પ્રબળ કામ કરીને ગયા.

(૭)

એમનાં જીવન અને કાર્યનો વિચાર કરતાં એક બાબત મારા ધ્યાન ઉપર આવે છે તે અંતમાં નોંધવી ઘટે. એ સ્પષ્ટ કહી શકીશ કે નહીં એ વિષે મને શંકા છે, છતાં તે ટૂંકમાં પણ નોંધવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોરલાલભાઈએ પોતાને માટે એમ કહ્યું છે કે, મારા ને ગાંધીજીના વિચારો સમાંતર ચાલે છે, એકસાથે કે એમની પાછળ પાછળ નથી. નીતિ, ધર્મ, સદાચાર ઇત્યાદિ વૈયક્તિક જીવનની બાબતોમાં આ વસ્તુ ઉઘાડી તરી નથી આવતી. પરંતુ સામાજિક કે સામૂહિક અને રાજકીય બાબતોમાં આ ઝટ જણાય છે.

તેનો દાખલો આપું તો, ગાંધી સેવા સંઘમાં ૧૯૩૭-૩૮ બાદ પાર્લમેન્ટરી કાર્યક્રમમાં જવાની છૂટ આપવાનું વિચારાયું, ત્યારે ગાંધીજી અને કિશોરલાલભાઈ વચ્ચે જે સૂક્ષ્મ વિચારભેદ પ્રગટ થયો તે. (આ બાબત તા. ર૭–૯–'પરના 'હરિજનબંધુ'માં ગાંધીજીના લેખોમાંથી જે સંકલન આપ્યું છે તેમાં આવે છે, તે જોતાં જણાશે.)

કિશોરલાલભાઈએ કહ્યું કે, સંઘે પાર્લમેન્ટરી કામોમાં પડવું એ સંઘના સભ્યો માટે ભ્રષ્ટતાનો રસ્તો ખોલવા બરાબર છે; એ રસ્તો સંઘને માટે ત્યાજ્ય છે.

ગાંધીજીએ કહ્યું કે, હું એમ નથી માની શકતો. ભ્રષ્ટ થવાનું તો મનુષ્ય માટે હરેક જગ્યાએ રહેલું છે. તેમાંથી ઊગરીને પણ જરૂરી કામ કરવાનો આપણો ધર્મ છે. હા, જેને તે ધર્મ પ્રાપ્ત થાય કે અંતરમાં ઊગે તે એને પસંદ કરે, એ વસ્તુ રહેલી છે. પરંતુ ગાંધીસેવક તેમાં ન જ પડી શકે એ બરોબર નીતિ નથી.

આ ભેદ પાછળ જીવન અને સમાજ વિષે એક દૃષ્ટિભેદ રહેલો છે, અને શ્રદ્ધાભેદ પણ હોવા સંભવ છે. કિશોરલાલભાઈની વિચારસૃષ્ટિમાં અહીંયાં એક દ્વૈતભાવ જોવા મળે છે, જે ગાંધીજી પાસે નહોતો. દેશના કાર્ય માટે જો પાર્લમેન્ટરી કામ જરૂરનું છે, તો તે કરનારા ગાંધીસેવકો હોવા જોઈએ; અને તે કામ પણ મૂળે એવું ન જ હોઈ શકે જે ખરાબ જ માની શકાય; તેને પણ સારી શુદ્ધ રીતે કરવાનો રસ્તો હોય જ અને તે રસ્તો આપણે પ્રયત્નપૂર્વક શોધવો જોઈએ ને લેવો જોઈએ. સમૂહજીવનમાં ધર્મને સ્થાન છે જ; એ મોટી અને વ્યાપક વસ્તુનો અમલ રાજકારણમાં પણ થવો જોઈએ. આમ ગાંધીજીની દૃષ્ટિ રહી, અને તે એમના જાહેર જીવનની મૂળ વસ્તુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોરલાલભાઈની વિચારણામાં, આ જગાએ અમુક ઢબની અસ્પૃશ્યતાની ઢાલ રાખવી જોઈએ, એવું કાંઈક જોવા મળે છે. એમના કુટુંબ-સંસ્કારોમાં રાજ્ય-સંસ્કાર નહોતા; ધર્મસંસ્કાર ખૂબ હતા. ગાંધીજીના સંસ્કારોમાં બંને હતા. તે દીવાન-કુટુંબના નબીરા હતા; કિશોરલાલભાઈ એક વ્યાપારી અને મરજાદી ધર્મસંસ્કારવાળા કુટુંબના નબીરા હતા. આ ભેદ હતો. આ ભેદને લઈને કિશોરલાલભાઈ લોકશાહી સ્વરાજને માટે આજે જે રચનાત્મક અને પાર્લમેન્ટરી કામ ચાલે છે, તેને એક સમૂહકાર્ય તરીકે પોતે નાણી નહિ શકતા.

દેશમાં સ્વરાજ આવ્યું એટલે પ્રજાએ પોતાની સરકાર રચવાનું પણ એક મોટું અને મહા વ્યાપક રચનાત્મક કામ કરવાનું આવ્યું; એમાંથી બચી ન શકાય; એ કરવા માટે પણ સત્ય- અને અહિંસા- પરાયણ પદ્ધતિ યોજવી જોઈએ. — આમ ગાંધીજી કહે. કિશોરલાલભાઈ એ કબૂલ કરે કદાચ, પણ ગાંધીસેવક એમાં ન હોય એમ કહે. હું જે દૃષ્ટિભેદ કે દ્વૈત કહું છું તે અહીંયાં આવે છે.

કિશોરલાલભાઈ આ દ્વૈત માનીને ચાલવા તરફના હતા. આથી કરીને છેવટના ભાગમાં ચારે બાજુ બધું ચાલતું જોઈને તે કાંઈક વિષાદ અને નિવૃત્તિ તરફ વળવા જતા હતા. ઉંમર અને કામનો થાક તથા રોગ પણ પોતાનું કામ કરતાં જ હતાં. તે સાથે આ એક કારણ પણ દેખાતું હતું. તેમાં શ્રી. વિનોબાની ભૂમિદાન-પ્રવૃત્તિ પર, રણમાં મીઠી વીરડી જેમ, એમની નજર ઠરતી હતી. કાર્ય કરવાની જે દૃષ્ટિને જીવનભર સેવી, તે બીજાં બધાં કરતાં એ કામમાં એમને પૂરી પૂરી દેખાતી હતી. તેમાં તે અનન્યતાથી એકરૂપ થઈ શકતા હતા; બીજાં કામોમાં રાગદ્વેષ અને લોભલાભ વગેરેની અથડામણ અને મારામારી એમની ઝીણી નજર જોઈ લેતી. તેમાં પોતાના કે કૉંગ્રેસના કેટલાય સાથીઓ પણ ફસાય છે, એથી તે દુઃખી થતા અને ઉદ્વેગ પામતા.

આ અથડામણને અને ખેંચાખેંચીને કેમ કરીને પહોંચી વળવું? આ સવાલ સહેજે એમને ઊઠતો હશે. ધર્મ જ એ કરી શકે, અને રાજધર્મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

LIBRARY
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેમાં કામે લેવો જોઈએ. કિશોરલાલભાઈ રાજધર્મને કામમાં લેવા વિષે જુદા મતના હતા; એ કાંઈક ટૉલ્સ્ટૉય જેમ વૈયક્તિક માનવધર્મપરાયણ અરાજકવાદી થતા જતા હતા.

વળી રાજધર્મ દ્વારા કામ લેવાની આવડત સ્વરાજના લડતકાળમાં બહુ ઓછી કેળવાઈ હતી; બહુ ઓછા કાર્યકર્તાઓમાં એ હતી. કેવળ ધર્મની વૈયક્તિક અપીલથી કામ લેવાની રીત સૌએ જોઈ હતી. તેટલામાત્રે સ્વરાજ્યમાં કામ નહોતું ચાલતું; છતાં ચાલવું જોઈએ અને તે એ જ રીતે, એવી એમને અચળ શ્રદ્ધા હતી. એટલે છેવટના ભાગમાં મહાભારતકાર જેવો ઉદાત્ત વિષાદ તો એમનામાં નહોતો આવ્યો, એમ મને મનમાં થાય છે—

ऊर्ध्वबाहुर्विरौम्येषः न च कश्चित् शृणोति माम् ।
धर्मात् अर्थश्च कामश्च स धर्मः किं न सेव्यते ।

કિશોરલાલભાઈ જીવનભરના જાગ્રત પ્રજ્ઞાયોગી હતા. એમણે જોયું કે, પોતે હવે નિવૃત્ત થવું ઘટે, અને તે માટે વ્યવસ્થિત રીતે એ કામ આટોપવા લાગ્યા. અને તે બરોબર પૂરું થયું તેની સાથે ટપ થઈ ગયા. પાકું પાન જેમ તેના કાળે ખરી પડે, તેમ એમનો દેહ ખરી પડ્યો અને તેમનું પ્રાણ-પંખેરુ સ્વધામ પહોંચી ગયું.

આપણા ઋષિઓની આજ્ઞા છે કે, મહામના થાઓ, ક્ષુદ્રચિત્ત નહીં; તો તેની કેડે બધાં વાનાં છે. કિશોરલાલભાઈએ આ કર્યું. તેમના દરિયાવ દિલમાં સૌને સ્થાન હતું. કોઈ ઊંચુંનીચું ત્યાં નહોતું. નાનામાં નાના ગણાતાની વાતને પણ તે સાંભળતા, કેમ કે એમાંય પ્રભુનો અવાજ વણાયેલો છે.

આવા પુરુષના જીવનકાર્ય ઉપરાંત તેમનો અક્ષરદેહ ગુજરાતી ભાષામાં વસ્યો છે, એ પણ આપણું અહોભાગ્ય માનું છું. કેમ કે એ રૂપે કિશોરલાલભાઈ જગત આગળ સદાય રહેશે.

[૨૪-૯-'૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

શ્રી. નરહરિભાઈ પરીખ

શ્રી. નરહરિભાઈ પરીખે, પીડા-ભરી અને લાંબી માંદગી બાદ, તા. ૧૫–૭–'૫૭ના રોજ, તેમના પ્રિય સ્થાન — બારડોલી સ્વરાજ આશ્રમમાં દેહ છોડી.

છેલ્લાં કેટલાંક વરસથી તે હૃદયરોગથી પીડાતા હતા, અને બે ત્રણ વરસથી તો પથારીવશ હતા એમ કહેવાય. દાકતરો તેમાં કાંઈ કરી શકે એમ નહોતું. એટલે એક રીતે કહી શકાય કે, પીડાની આવી અસાધ્ય દશામાંથી તે છૂટયા, એમાં ભગવાનની દયા માનવી જોઈએ.

છતાં, ગયાનું દુ:ખ લાગે એ મનુષ્ય-સ્વભાવ છે. તેમાંય જનાર વ્યક્તિ નરહરિભાઈ જેવા નૈષ્ઠિક રાષ્ટ્રસેવક હોય, ત્યારે તો સવિશેષે લાગે. સદ્‌ગતનાં કુટુંબીજનોના દુ:ખમાં સૌ ભાગી છીએ. ગાંધીજીના આશ્રમ-કુટુંબના એક વડીલ ગયા. બાદ હમણાં ભાઈ દેવદાસ ઓચિંતા ગયા તેથી આ દુ:ખ ઊંડું બને છે.

યુનિવર્સિટીમાં ભણેલા નવજુવાનોમાંથી પોતાના અંતેવાસી તરીકે ગાંધીજીને પ્રમાણમાં ઓછા મળ્યા. શ્રી. કાકાસાહેબ, આપ્પાસાહેબ પટવર્ધન, મહાદેવભાઈ, નરહરિભાઈ વગેરે મુખ્ય ગણાય. એમાં મહાદેવભાઈ અને નરહરિભાઈની બેલડી ખાસ નોંધપાત્ર હતી. બંને જણ અમદાવાદમાં વકીલાત કરતા હતા. વકીલ તરીકે તેઓ સરદારશ્રી તરફ — એક પ્રખર ફોજદારી વકીલ તરીકે — ૧૯૧૫-૧૭ના જમાનામાં આકર્ષાયેલા. આગળ જતાં બંને મિત્રો ગાંધીજીના આશ્રમે પહોંચ્યા અને પોતાનું સર્વસ્વ અર્પીને દેશની સેવામાં જોડાયા. નરહરિભાઈએ રાષ્ટ્રીય શિક્ષણને મુખ્ય સેવાક્ષેત્ર તરીકે પસંદ કર્યું, મહાદેવભાઈએ બાપુજીના અંગત મંત્રી તરીકેની સેવાનું ક્ષેત્ર લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ, ત્યારે નરહરિભાઈ ગુજરાતીના અધ્યાપક તરીકે તેમાં જોડાયા. ત્યારથી એમનો સંબંધ આ સંસ્થા અને તેના કાર્ય જોડે આજીવન રહ્યો. તેમના શોખનો વિષય અર્થશાસ્ત્ર અને ગ્રામસેવા ગણાય. પરંતુ સાહિત્યપ્રેમ પણ તે સારી પેઠે ધરાવતા. બંને મિત્રનો એ વ્યાસંગ હતો. બંગાળીમાંથી અનુવાદ કરવાનું કામ ('ચિત્રાંગદા', 'પ્રાચીન સાહિત્ય') આ યુગમાં તેમણે કરેલું.

૧૯૨૨ પછી સ્વરાજની લડત રંગમાં આવી, ત્યારે નરહરિભાઈ બારડોલીની રંગભૂમિ ભણી વળ્યા. બારડોલીનો ખેડૂત-સત્યાગ્રહ યશસ્વી રીતે લડયા બાદ પાછા વિદ્યાપીઠના કામમાં શ્રી. કાકાસાહેબને સાથ આપવા આવ્યા.

બારડોલીની લડતમાં તેમણે પોતાની અર્થશાસ્ત્રની વિદ્યાનો પરચો બતાવ્યો. લડત ઉપાડવી કે કેમ એ મુદ્દો તપાસવાને સારુ પ્રાથમિક આર્થિક તપાસ તેમણે કરી અને ખેડૂતોનો કેસ સાચો છે એમ બતાવ્યું. સરકારી અને અદાલતી કસોટીમાં એ કેસ છેવટ સુધી અતૂટ રહ્યો, એ તેમની વિદ્યાની ચોકસાઈ અને કેસ રજૂ કરવાની વકીલાત-શકિત બતાવે છે.

આ વરસો દરમિયાન પણ એમનો લેખનવ્યવસાય ચાલુ હતો. 'ત્યારે કરીશું શું?' આ કાળમાં તૈયાર થઈને બહાર પડયું. આ જ વખતે તેમણે 'જોડણી કોશ'ની પહેલી આવૃત્તિ જોઈ આપી, અને ભાષાની જોડણી સ્થિર કરવાનું મહાકામ શરૂ કરી આપ્યું. ત્યાર બાદ બહાર પડેલાં 'સહાયવૃત્તિ', 'યંત્રની મર્યાદા'—આ પુસ્તકો પણ તૈયાર થવાનો કાળ આ હતો. ગાંધીજીની સર્વોદયી કે સત્યાગ્રહી દૃષ્ટિ મુજબના અર્થશાસ્ત્રના સ્વાધ્યાય રૂપે આ અભ્યાસ-ગ્રંથો તેમણે આપણને આપ્યા એમ કહેવાય. અને એ જ કાળમાં સેવેલ ચિંતન-મનનના પરિપાક રૂપે, 'માનવ અર્થશાસ્ત્ર' આખરે ગુજરાતને મળ્યું.

આ પુસ્તકો આપણને આજે અમુક મહત્ત્વની સાહિત્યદિશા બતાવે છે. જો ગુજરાતી દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવું હોય, તો જુદા જુદા વિષયના અધ્યાપકોએ, સ્વ. નરહરિભાઈના ઉપરના વ્યવસાય પેઠે, પોતે પોતાના વિષયના વિવિધ અભ્યાસ-ગ્રંથો ગુજરાતીમાં ઉતારવા જોઈએ. તે અર્થે ઉપલબ્ધ અંગ્રેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ૦ સાહિત્યનું અધ્યયન કરીને તેના પરિપાક રૂપે ગ્રંથ — સારાનુવાદ કે તેને માટે જે રૂપ ઠીક લાગે તેમ — આપવા ઘટે. શ્રી. નરહરિભાઈનો ઉપરનો સાહિત્ય-પરિશ્રમ આવી એકાગ્રતાભરી સેવાદૃષ્ટિ ભરેલો હતો, એ આપણે માટે આજે અતિ બોધક વસ્તુ છે. અસ્તુ.

દેશમાં પ્રાંતિક સ્વરાજ સ્થપાવાની સાથે — ૧૯૩૭ બાદ, રાષ્ટ્રીય કેળવણીએ જે વધુ એકાગ્ર અને વ્યાપક રૂપ ધારણ કર્યું તે પાયાની કેળવણીનું. નરહરિભાઈએ તરત આ નવા કામમાં ઝંપલાવ્યું. મુંબઈ સરકારે આ કામની સમિતિ નીમી તેના એ અધ્યક્ષ બન્યા અને તે સમિતિ દ્વારા તેમણે મુંબઈ રાજ્યમાં પાયાની કેળવણી દાખલ કરવાનું કામ ઉપાડ્યું, જે લગભગ ૧૯૪૮ સુધી સંભાળ્યું. (અલબત્ત, વચ્ચે ૧૯૪૦ થી ૧૯૪૬ નો અંતરાય બાદ જતાં.)

આ કાળ દરમિયાન, મુંબઈ રાજ્યમાં ધો. ૫, ૬, ૭ માંથી અંગ્રેજી પાછું હઠાવવાનું પગલું ભરાયું, તેમાં શ્રી. નરહરિભાઈએ આગેવાનીભર્યો ભાગ લીધો હતો. ૧૯૩૯માં આ વિચારણાના ગણેશ પહેલી હિંદુસ્તાની તાલીમ પરિષદ પૂનામાં મળી, તેમાં બેસાડ્યા. તેનો ઠરાવ, મને યાદ છે કે, તેમણે રજૂ કર્યો હતો.

૧૯૪૭ માં પૂર્ણ સ્વરાજ આવ્યા બાદ, અને ગાંધીજીના સ્વર્ગવાસ પછી, નરહરિભાઈની તબિયત નરમ થવા લાગી હતી. છતાં તેમણે સાહિત્ય દ્વારા સેવાકાર્ય તો જોરભેર ચલાવ્યે રાખ્યું. આ કાળમાં તેમના પ્રિય વિષય પર ચોપડીઓ બહાર પડી તે 'ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા' અને 'સર્વોદય સમાજની ઝાંખી.'

૧૯૪૮ બાદ, સદ્‌ગતનું ખાસ નોંધપાત્ર કામ તો પોતાના સદ્‌ગત મિત્રો અને મુરબ્બીઓના તર્પણરૂપ સાહિત્યપ્રવૃત્તિ હતી. મહાદેવભાઈ, કિશોરલાલભાઈ, તથા સરદારનાં જીવનચરિત્ર ૧૯૪૮ બાદના સમયમાં તેમણે આપણને આપ્યાં. બાપુના જીવનની સાહિત્યસામગ્રી રૂપ 'મહાદેવભાઈની ડાયરી' જોઈ આપી તેનું પ્રકાશન શક્ય કરી આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ સદ્‌ગતે સાહિત્યક્ષેત્રમાં અમર સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ એક શૈલીકાર હતા. તેમની ભાષામાં અમુક પ્રૌઢી અને પ્રવાહ હતાં, જે એમણે કદાચ દી. બ. અંબાલાલ સાકરલાલ અને નવલરામના લેખોના અધ્યયનમાંથી મેળવ્યાં હશે. એ બે સાક્ષરોના લેખોના ગ્રંથ એમણે સંપાદન કરીને આપ્યા છે, એ વાચકને ખબર હશે. તે સાથે તેમનો 'દલપત-સાર' ગ્રંથ પણ યાદ કરવો જોઈએ.

પણ એમની સાહિત્યપ્રવૃત્તિ સ્વૈરદિશ નહોતી. તેના મૂળમાં દેશની લડત માટેની નિષ્ઠા હતી. તેની સેવામાં તેમણે, શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે, પોતાથી બન્યું તે કામ કર્યું. તે અર્થે રચના-કાર્યક્ષેત્ર અપનાવ્યું અને દેશની લડતની હાકલ જ્યારે જ્યારે પડી ત્યારે તેમાં ઝંપલાવ્યું. ધારાસણાનો મીઠા-સત્યાગ્રહ શ્રી. નરહરિભાઈની ઉત્કટ દેશભક્તિ અને જોશીલી કાર્યશક્તિનો દાખલો છે. તેમ જ બારડોલી સત્યાગ્રહ એમની તેજસ્વી અર્થવિદ્યાનો દાખલો છે. ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ અને ગ્રામસેવાની પ્રવૃત્તિઓને ઘડવામાં અને ચલાવવામાં સદ્‌ગતે આપેલો ફાળો ગુજરાત હમેશ યાદ કરશે. પ્રભુ સદ્‌ગતને શાંતિ આપો.

[૮-૮-'૫૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭

શેઠશ્રી જમનાલાલજી

શેઠશ્રી જમનાલાલજી બજાજને આખું હિંદ ઓળખે છે. ગુજરાત અને તેમનો મધ્યપ્રાંત તથા મૂળ વતન રજપૂતાના કાંઈક વિશેષ રૂપે ઓળખે છે, એમ કહેવાય.

દેશભરમાં તે મહાસભાની કાર્યવાહક સમિતિના સભ્ય અને ખજાનચી તથા મહાદાની શેઠ તરીકે જાણીતા છે. પરંતુ એમના નિકટવર્તી લોક, તે ઉપરાંત એમને એક દિલદાર સદ્‌ગૃહસ્થ, કુશળ શ્રેષ્ઠી, અને ધર્મપરાયણ દેશભક્ત તરીકે જાણે છે.

ગાંધીજી સાથે એમનું જોડાવું રાજકારણી નહોતું; પરંતુ દિલના ઊંડાણની ધર્મજીવનની ભૂખથી હતું. તેથી જ તેમના જીવનમાં એક ધનીને શોભાવે એવી સદા-જાગ્રત ધર્મબુદ્ધિ વ્યાપેલી જોવા મળતી. તેથી જ તેમના ત્યાગમાં કશી મર્યાદા નહોતી, અથવા હતી તો પોતાની ધર્મબુદ્ધિ આંકે એટલી.

સૌ કોઈ આજ જાણે છે કે, વર્ધા ગાંધી-પ્રવૃત્તિનું કેન્દ્ર બનવાનું કારણ મૂળે જમનાલાલજી છે. તે અગાઉ એ કેન્દ્ર સાબરમતી ને ગુજરાત હતું. ત્યારે પણ જમનાલાલજી એમાં પૂરેપૂરો ભાગ લેતા હતા. ગુજરાત કદાચ ન જાણતું હોય કે, તેમણે એમનાં બાળકોને આશ્રમ અને વિદ્યાપીઠમાં કેળવ્યાં છે; તેઓ સકુટુંબ આશ્રમમાં ઘર કરીને રહ્યા છે; અને ગાંધીજીની ત્યારની બધી પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહેતા હતા.

ગૂજરાત વિદ્યાપીઠના એ નિયામક હતા, અને આજ સુધી એના ખજાનચી તરીકે છે. નવજીવન સંસ્થાના એ ગઈ કાલ સુધી ટ્રસ્ટી હતા; છેલ્લાં વરસોમાં પોતાની બીમારીને કારણે જ તે થોડા વખત ઉપર એમાંથી મુક્ત થયા હતા.

ધનના દાન કરનારા તો ઘણા મળે. જમનાલાલજી દાની નહિ, ટ્રસ્ટી બન્યા હતા. તેથી તેમનું ધન જ નહિ, સપરિવાર પોતે—એટલે કે, પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ અને સમય બધું જ—દેશની સેવાર્થે સમર્પિત હતાં. એની દીક્ષા એમણે ઈ. સ. ૧૯૨૦માં નાગપુર મહાસભાથી લીધી તે લીધી; તેને શોભાવી, સફળ કરી. અને ગયા માસની તા. ૧૧મીએ ઓચિંતી દેહ છોડી ત્યાં સુધી તે દીક્ષા અને સમર્પણને પોતે ઉત્તરોત્તર પરિપૂર્ણ જ કરતા રહ્યા.

ગાંધીજીને અનેક અવનવા સાથીઓ મળ્યા છે; ધની સાથીઓમાં શ્રી. જમનાલાલજી વિરલ હતા. 'એક હાથે આપો તે બીજો હાથ ન જાણે' એવું એમને માટે શક્ય બન્યું, તે એથી જ કરીને કે, 'ઊંટ સોયના નાકામાંથી નીકળે તો ધની પ્રભુના દરબારમાં પેસી શકે,' એ ઈશુવાક્યને ખોટું પાડવાની એક જ જે રીત, તે એમણે ગ્રહણ કરી હતી; અને તે એ કે, ટ્રસ્ટી બનીને એમણે તનમનથી એ ધનનો અસ્વર્ગ્ય બોજો ધર્મ કે ઈશ્વરને અર્પીને ખંખેરી નાંખ્યો હતો; અનંતની યાત્રા એમ હળવા થઈને એ કાપતા હતા.

એવા યાત્રીઓની સફર મરણાતીત હોય છે. મરણથી એમને તો એક મજલ પૂરી કરી બીજી શરૂ કરવાપણું જ હોય છે. પ્રભુ એવા આત્માને માટે જરૂર પોતાનાં મંગળ મંદિર ખોલે. આ બાજુ રહેલ આપણે એમના જીવનનો આ બોધ લઈએ.

[માર્ચ ૧૯૪૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮

સાધુચરિત જાજૂજી

'મૂક સેવક'નું બિરદ આપણે વિરલ માનીએ છીએ. એને અક્ષરશઃ યોગ્ય કોઈ હોય તો મારી જાણના અખિલ ભારતીય દેશસેવકોમાં મુ. શ્રી. જાજૂજીને હું મૂકું. જાહેર સેવકોમાં કીર્તિની વાસના મોટી ખાઈ છે. જાજૂજી એને પાર કરી ગયા હતા.

એ નૈષ્ઠિક માનવસેવક હતા. વાચકને ખબર હશે કે, તે થોડા દિવસ ઉપર જયપુરના દવાખાનામાં ઓચિંતા ગુજરી ગયા. તેમને હર્નિયાની બીમારી હતી. દાકતરો કહેતા કે, જો કામનો બોજો હળવો કરી પ્રવાસ ઓછો કરો, તો શસ્ત્રક્રિયા નહીં કરવી પડે; નહીં તો તે કરાવી લો તો સારું. તેથી કામને અંગે જયપુર ગયા હતા, ત્યાં જ એ પરવારી લેવાનું ઠરાવ્યું. તે તો ઠીક પતી ગયું; પણ થોડા દિવસ પછી તે ઓચિંતા શાંત થઈ ગયા!

તે ધંધે વકીલ હતા. ૧૯૨૦માં અનેક લોકે વકીલાત છોડી તેમ એમણે છોડી તે છોડી. સ્વ૦ જમનાલાલજી એમને પોતાના પૂજ્ય મુરબ્બી કે વડીલ માનતા. દરેક કામમાં એમની સલાહ લેતા એમ નહીં, એ કહે તેને આજ્ઞા સમજીને ચાલતા. આવું વિરલ આદરમાન તે પોતાનાં ચારિત્ર્યબળ, ઠરેલ બુદ્ધિ તથા ધર્મપૂત વ્યવહારદક્ષતા અને શાણપણ તથા પવિત્રતાના ગુણોને લઈને પામ્યા હતા.

મેં તેમને પહેલા ઈ. સ. ૧૯૩૪માં જોયા. ૧૯૩૦માં ગાંધીજી સાબરમતી આશ્રમ છોડીને નીકળ્યા, પછી તેમણે ૧૯૩૪થી પોતાનું રહેઠાણ વર્ધા પસંદ કર્યું. વરસોથી જમનાલાલજી ત્યાં સત્યાગ્રહાશ્રમની શાખા જેવી સંસ્થા ચલાવતા હતા. વિનોબા તેના અધ્યક્ષ હતા. ૧૯૩૪માં ગાંધીજીએ વર્ધામાં રહેવાનું શરૂ કર્યું, તે આ આશ્રમમાં. ત્યાર બાદ જેમ જેમ કામ ખીલતું ગયું, તેમ તેમ ક્રમે ક્રમે મગનવાડી અને તે પછી સેવાગ્રામ તેમનો જંગમ આશ્રમ ફરતો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૩૪માં ગૂજરાત વિદ્યાપીઠ સરકારને કબજે હતું ત્યારે મારે વર્ધા જવાનું થયું. ત્યાંની મહિલાશ્રમ સંસ્થાનું કામ સંભાળવા ગાંધીજીએ મને કહ્યું અને હું ગયો. ત્યારે મેં જોયું કે, ગાંધીજીના નિવાસને લઈને રાષ્ટ્રીય કાર્યોના ધામરૂપ બનેલું વર્ધા એટલે જમનાલાલજી; અને જમનાલાલજી એટલે ગાંધીજીનું વર્ધા અથવા એમનો પરિવાર. તેથી બહાર રહેતું વર્ધા ગામ સાવ જુદું અને પરાયું લાગતું હતું. પરંતુ જમનાલાલજીનું વર્ધા એક નાનકડી સૃષ્ટિ જ હતું. કામ કરનાર સૌ તેમાં રચ્યાંપચ્યાં રહેતાં; તેમને માટે જાણે બહારની વર્ધા-સૃષ્ટિ હતી જ નહીં!

બધાં જ રચનાત્મક કાર્યો વર્ધામાં ચાલવાં જોઈએ; તેને માટે યોગ્ય માણસોનો માળો અહીં રચવો જોઈએ; અને બાપુ અહીં એ વાતાવરણની વચ્ચે રહે અને દેશનું રાષ્ટ્રીય સેવાકેન્દ્ર તેને બનાવે;—આ શ્રી. જમનાલાલજીનું સ્વપ્ન હતું. તેમણે પોતાનું સર્વસ્વ ઠાલવી તે સ્વપ્ન સારી પેઠે સિદ્ધ કર્યું હતું. ત્યારનું વર્ધા દેશની રાષ્ટ્રીય રાજધાની બન્યું હતું.

આ આખી રાષ્ટ્રીય કાર્યસૃષ્ટિમાં અનેક કેન્દ્રો હતાં. બાપુ તો એક અનેરા હતા જ. પણ તે કાંઈ વર્ધાના જ માત્ર ન ગણાય. વર્ધાની રચના-કાર્ય-વાડીની દૃષ્ટિએ કેન્દ્ર ગણાય એવા શ્રી. વિનોબા અને કિશોરલાલભાઈ હતા. અનેક સંસ્થાઓ ચાલતી, તેના સેવકો આધ્યાત્મિક અને નૈતિક ચર્ચા-વિચાર માટે આ બે આચાર્યો પાસે જાય.

પરંતુ એ બધી સંસ્થાઓના સંચાલનની દૃષ્ટિએ જોઈએ તો એ બધાની પાછળ જાજૂજી હતા, એ મેં જોયું. એનું કારણ ઉઘાડું હું જોઈ શક્યો. આદર્શના ગગનવિહારથી કામ નથી થતું; કેટલીક વાર તેનાથી કામ બાજુએ રહી જાય અને નકામું વેવલાપણું કે વ્યર્થ તત્ત્વ-ટૂંપણું ચાલ્યા કરે. વર્ધામાં આવું જોવા મળતું. જાજૂજીની પ્રતિભા આમાં જુદી પડતી. તત્ત્વ અને નીતિનો મુદ્દો કાર્યમાં ઉતારવાની દૃષ્ટિએ તે બરાબર વિચારતા. તે અર્થે જરૂર પડે તેટલી ચર્ચા વિનોબા, કિશોરલાલભાઈ વગેરે જોડે કરતા.

જે ધર્મ વ્યવહારમાં ઊતરી ન શકે, તેના આકલન કે આંકણીમાં ક્યાંક ભૂલ હોય, તેમ બાપુજી ઘણી વાર કહેતા. આ સૂત્ર જાજૂજીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યપદ્ધતિમાં ઠીક ઠીક ઊતરેલું મેં જોયું. આથી કરીને તે જમનાલાલજીનાં બધાં કાર્યોના પરમ સલાહકાર અને નીતિ- તથા માર્ગ- દર્શક બન્યા હતા. એમાં એમની અનુભવનિષ્ઠ બુદ્ધિશક્તિ, નીતિપૂત વ્યવહાર-દક્ષતા, અને અણીશુદ્ધ દેશભક્તિ મૂળમાં રહેલાં હતાં.

જીવનમાં તેમની મૂળ પ્રેરણા ધર્મ અને મોક્ષની હતી. તે સાધુચરિત હતા; અને તેથી જ તે બધું છોડી ગાંધીજીનાં કામોમાં લાગ્યા હતા. વિનોબા અને કિશોરલાલભાઈના તે ભક્ત હતા. ઉંમરે મોટા છતાં, એમના પ્રત્યે તે ખૂબ માનની લાગણી ધરાવતા, કેમ કે તેમને તે પોતાથી મોટા સાધક માનતા ને તે રીતે પૂજતા.

ગાંધીજીને જાજૂજીની કાર્યદક્ષતા અને ઠરેલ બુદ્ધિ ઉપર અપાર શ્રદ્ધા હતી. વર્ધાના કોઈ પણ કામ વિષે જાજૂજી શું કહે છે તે જાણ્યા વગર તે પોતા થકી કાંઈ કહેતા નહીં. તેમનાં અભિપ્રાય અને દૃષ્ટિ માટે તેમને ભારે આદર હતો. કેટલીય વાર તે કહેતા, જાજાજીને પૂછી લેજો, પછી મને ના પૂછતા. જાજૂજી એવા કે, કોઈ વાતમાં કાંઈ કહેવાની જરૂર જાગે એટલે તેનો સાંગોપાંગ કયાસ પોતે કરતા; તે અર્થે જેને જેને મળવું ઘટે તેમને મળી લેતા; તેમાં બાપુજી પણ આવી જાય. એમ કરતા તેથી બાપુજી પણ નિશ્ચિંત રહેતા કે, કોઈ કામ વિષે પોતે વિચારવાનું હશે તો જાજૂજી તેમ કરાવી લેશે જ અને પછી કામની સલાહ આપશે. ચરખા સંઘનું બધું કામ તો તેમણે જાજૂજી ઉપર જ મૂકી દીધું હતું.

જાજૂજીની નમ્રતા અને ઓછાબોલાપણું એ બીજી એક વાત મેં તેમનામાં ખાસ જોઈ. વખતનો ઉપયોગ બાપુજીની પેઠે ચીવટ અને કડકાઈથી કરનારા મેં ઓછા જોયા છે. તેવા બે જણ મારી નજરમાં આવેલા — એક સ્વ. મગનલાલ ગાંધી અને બીજા જાજૂજી. આથી કરીને જાજૂજી ગાંધીજીનાં બધાં રચનાકાર્યોનું ચિંતન કરી શકતા અને સંચાલનમાં મદદ કરતા. એમ તે આખા રાષ્ટ્રના અખિલ ભારતીય સેવક હતા.

તે રાજકારણની ગતિ નહોતા જાણતા એમ પણ નહીં. આઝાદીની દરેક લડતમાં તે જેલમાં ગયા હતા. પરંતુ પાર્લમેન્ટરી કામોમાં તેમણે ઇચ્છા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન રાખી એમ ખરું. મધ્ય પ્રદેશનું સ્વરાજનું કારભારું સંભાળવાની સુપરત તેમને માટે વિચારાયેલી. દેશનું નાણાતંત્ર પણ સંભાળી શકે એવી ચોકસ બુદ્ધિશકિત અને ઝીણી નજર તે ધરાવતા હતા. પણ તેમણે એ દિશા તરફ ઉત્સાહ ન બતાવ્યો.

તે છેવટ સુધી ગોસેવા, ખાદી, ઈ. કામોમાં જ મચ્યા રહ્યા. અને બાપુજીના નિર્વાણ પછી તેમણે સર્વ સેવા સંઘ અને ભૂદાનમાં પોતાની શક્તિ અને સમય વાળ્યાં. સિત્તોર આસપાસ ઉંમર છતાં, તે એમાં પડ્યા. તેમાં ખાસ ધ્યાન તેમણે સંપત્તિદાન અંગે આપ્યું. તે કામ અર્થે જ તે રાજસ્થાન ગયેલા અને ત્યાં છેવટના સૂતા.

આ શાંત, સાધુચરિત, અને પવિત્ર રાષ્ટ્રસેવકને શ્રદ્ધાંજલિ આપું છું. તેમની ખોટ ગાંધીજીનાં કામો કરનાર પરિવારને વિદ્યમાન બીજા કોઈથી ન પૂરી શકાય એવી પડી છે. ગાંધીજીના સાથીઓમાંના વિરલ ગણાય એવા શ્રી. જાજૂજીને નમન.

['હરિજનબંધુ', ૩૧-૧૦-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯

સ્વ૦ જ્યૉર્જ એરુન્ડેલ

હિંદુધર્મની વિશાળ વટવૃક્ષતા જોઈ હિંદને સ્વભૂમિ કરીને ગણનાર કેટલાક અંગ્રેજોમાં સ્વ. શ્રી. જ્યૉર્જ એરુન્ડેલ એક અગ્રગણ્ય હતા. તે થિયોસૉફિસ્ટ હતા અને સ્વ. વિદુષી ઍની બેસંટના અનુયાયી હતા. શ્રી. ઍની બેસંટનો દેહાંત થતાં, શ્રી. એરુન્ડેલ થિયોસૉફિકલ સોસાયટીના પ્રમુખ થયા અને તેમના મૃત્યુદિન સુધી એ પદે તે હતા. એમ એ એક જગ-જાણીતા ધાર્મિક નેતા હતા.

તેમનાં નેતા શ્રી. ઍની બેસંટની સાથે સાથે તે હિંદની સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિમાં પણ ભાગ લેતા હતા. ૧૯૧૭માં હોમરૂલ-યુગમાં તેમને તથા શ્રી. વાડિયાને શ્રી. ઍની બેસંટ જોડે નજરકેદ કરવામાં આવેલા, તેથી તેમની ખ્યાતિ ચારે કોર ફેલાઈ.

શ્રી. એરુન્ડેલ એક ઉમદા અધ્યાપક અને કેળવણીકાર પણ હતા. ખરું જોતાં તે જ કાર્યથી તેમણે હિંદમાં પોતાના જાહેરકાર્યની શરૂઆત કરેલી. દેશના યુવાનોનું ભાવનાનું શિક્ષણ ભૂખે ન મરવું જોઈએ, એ એમની એક ભારે આગ્રહની વસ્તુ હતી.

યુવકોની પ્રવૃત્તિમાં તે ખાસ રસ લેતા. ૧૯૧૮ના જમાનાની નજર-કેદથી જાણીતા થયા બાદ, મુંબઈના વિદ્યાર્થીઓની પરિષદમાં તે પ્રમુખ-સ્થાને પધારેલા, તે વખત મને બરોબર યાદ આવે છે. એમનાં જુસ્સાદાર ભાષણોની વકતૃત્વછટા કૂણા વિદ્યાર્થી-માનસને ભારે આકર્ષતી.

એક પરદેશી આપણા દેશનાં કામોમાં મન મૂકીને કૂદી પડે, ને તેને સારુ સહન કરે, તે જોઈ આદર વધતો. અને યુવાન માનસને પોતા તરફ ખેંચવાની એક સ્વાભાવિક અધ્યાપક-શક્તિ એમનામાં હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો હિંદના જીવનમાં અને કાર્યમાં ૧૯૧૯–૨૦ બાદ ભારે ઊથલપાથલ થઈ ગઈ. તેની સાથે હોમરૂલ-યુગ તેમાં કૃતકૃત્ય થઈને શમી ગયો.

પરંતુ, તે યુગના ઘડનારાઓમાં જે વિભૂતિઓ થઈ ગઈ, તેમાં શ્રી. એરુન્ડેલ એક હતા. તેમને આપણે કૃતજ્ઞતાથી યાદ કરીએ.

તેમના દેહાંતથી હિંદે એક સ્વતંત્ર વિચારક અને સમર્થ કેળવણીકાર ગુમાવ્યો છે.

પ્રભુ તેમને પોતાના ધામની અમર શાંતિ આપો.

[ઑગસ્ટ, ૧૯૪૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦

શ્રી. હૉર્નિમૅન ગયા

શ્રી. નરીમાન પછી થોડા જ દિવસમાં મુંબઈ નગરીને પોતાના એક બીજા વીર યોદ્ધાને ખોવાનું થયું છે.

શ્રી. હૉર્નિમૅન એક વીર પત્રકાર હતા. ૭૫ વર્ષની વયે તેમણે પોતાની કરેલી પ્રિય નગરીમાં દેહ છોડી છે. પોતાના પ્રિય ધંધામાં તેમણે આખું આયુષ પૂરું કર્યું.

પચાસ વર્ષ પર તે આ કામમાં લંડનના એક પત્રમાં દાખલ થયા. પછી થોડા જ વખતમાં એ કલકત્તાના 'સ્ટેટ્સમૅન' પત્રમાં ઉપતંત્રી તરીકે આવ્યા. ત્યારથી તે હિંદની સેવામાં જોડાયા તે જોડાયા.

૧૯૧૩–૧૪માં સર ફીરોઝશાહ મહેતાએ 'બૉમ્બે ક્રૉનિકલ' શરૂ કર્યું, તેમાં તેના તંત્રી તરીકે તે આવ્યા. અને ત્યારથી મુંબઈને પોતાનું ઘર કર્યું. 'ક્રૉનિકલ'ની કીર્તિ એમણે બાંધી; અને તેના શરૂના દહાડામાં હિંદના આગેવાન રાષ્ટ્રીય પત્ર તરીકે તે પંકાયું, તે શ્રી. હૉર્નિમૅનને આભારી છે.

લૉર્ડ વિલિંગ્ડનના રાજકાજ સામે થવામાં મિ. ઝીણાની જોડે એ હતા. રૉલેટ બિલ સામે ૧૯૧૯માં સત્યાગ્રહ શરૂ થયો, તેમાં તેમણે મુખ્ય ભાગ લીધો. આશ્રમમાં માંદગીના ખાટલેથી ગાંધીજીએ લડત આદરી, તેમાં પ્રથમ જોડાનાર એ હતા. આથી અંગ્રેજ સરકારે બેવફા લાગતા પોતાના તે જાતભાઈને 'દેશ' મોકલી આપ્યો.

હૉર્નિમૅનને મન આ દેશવટો હતો. આ વખતે ગાંધીજીએ કહ્યું કે, 'ક્રૉનિકલ' મારું છે અને હું એની મદદમાં છું. વરસો પછી હૉર્નિમૅન પાછા આવી શક્યા, ત્યારે દેશે તેમને ભારે આવકાર આપ્યો. પાછા તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના વહાલા ધંધામાં જોડાઈ ગયા. થોડાં વર્ષ પર તેમના સન્માનમાં મુંબઈના નાગરિકોએ ફંડ કરી, પત્રકારત્વના શિક્ષણ માટે વ્યવસ્થા કરીને તેની સાથે એમનું નામ જોડ્યું છે.

પત્રકાર પણ એક લડવૈયો છે અને ન્યાય તથા સત્યને પડખે રહી તેણે કલમ દ્વારા ઝૂઝવું જોઈએ, એ હૉર્નિમૅનની કારકિર્દીમાંથી મોટો પાઠ આપણને મળે છે.

સ્વેચ્છાએ બનેલા એ હિંદી અને હિંદસેવકને પ્રભુ શાંતિ બક્ષો.

[૧૯-૧૦-'૪૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧

શ્રી. બ્રેલ્વી સાહેબ

મુંબઈના અંગ્રેજી પત્ર 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી શ્રી. સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી હૃદયરોગથી ઓચિંતા મરણ પામ્યા, તેથી ખાસ કરીને મુંબઈ પ્રાંતને એક ઉમદા સેવકની ખોટ પડી છે.

બ્રેલ્વી સાહેબ ૧૯૨૦થી કૉંગ્રેસની લડતમાં સાથ આપતા હતા. કોમવાદથી તે પર હતા. બંને લિપિમાં લખાતી હિંદુસ્તાની ભાષા રાષ્ટ્રભાષા બનવી જોઈએ એ તેઓ દૃઢપણે માનતા હતા.

હિંદનાં પત્રોના અધિપતિઓનું સંગઠન કરી, સ્વમાન અને ઇજ્જતથી પત્રકારનું કામ કરવામાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો. અને તેમાં તે સફળતા પામ્યા હતા.

તેમનો મળતાવડો સ્વભાવ, હસમુખો ચહેરો, નમ્રતા અને વિવેકથી કામ લેવાની રીત, મધ્યમસરપણું, સમજદારી, અને સજ્જનતા — આ ગુણો તેમની સાથે સંપર્કમાં આવેલા સૌ કોઈને જણાયા વિના ન રહે એવા એમનામાં હતા.

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૨૩-૧-'૪૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨

શ્રીમતી પેરીનબહેન કૅપ્ટન

શ્રી. પેરીનબહેનને ગુજરાતમાં ઘણા લોક જાણતા નથી. પરંતુ એ રાષ્ટ્રસેવિકા બહેનની સેવાઓ ઘણી લાંબી અને મોટી છે. તેમનો દેહાંત ગયે મહિને તા. ૧૭મીએ (કે ૧૮મીએ?) થયો, તે નિમિત્તે એ વડીલ બહેનની પુણ્યસ્મૃતિમાં આ લખું છું.

પેરીનબહેન દેશના દાદા સ્વ. દાદાભાઈનાં પૌત્રી થાય. તેઓ ચાર બહેનો; બધી જ દેશનાં રચનાકાર્યોમાં ગાંધીજીની સાથે જોડાઈને વરસોથી મૂક સેવા કરતી રહી છે.

શ્રી. પેરીનબહેનનું ખાસ સેવાક્ષેત્ર રાષ્ટ્રભાષાપ્રચાર અને સ્ત્રીપ્રવૃત્તિ હતાં. ગાંધીજીએ રાષ્ટ્રભાષા વિષે બતાવેલી નીતિમાં તેમને અડગ શ્રદ્ધા હતી. તેની સત્યતા વિષે એ ભારે ઝનૂનભેર હિમાયત કરનારાં હતાં. તેમાંય ૧૯૫૦ પછી તો એ આ વિષે ઉગ્રતાથી કામ કરતાં હતાં. દેશની લઘુમતી કોમોની કદર એમાં રહેલી છે અને સાંસ્કૃતિક ઉદારતા અને વિશાળતા રહેલી છે, એ એમની પાકી સમજ હતી.

તેમનું કાર્યક્ષેત્ર મુંબઈ નગર હતું. તેમના જવાથી એ નગરે અને રાષ્ટ્રે હિંદી-પ્રચાર ક્ષેત્રે એક વિરલ સેવક ગુમાવ્યો છે. એમની ખોટ પૂરી ન શકાય એવી છે.

એમની જોડે કામકાજ કરવું એ એક લહાવો ગણાય, એવાં પ્રેમાળ અને હેતાળ સ્વભાવનાં સરળ અને નિર્વ્યાજ બહેન એ હતાં.

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૧૨-૩-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩

સ્વ૦ નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ

ખેડા જિલ્લામાં સૌ તેમને નરસિંહકાકા કહેતા. તે વયોવૃદ્ધ વિદ્વાન અને સ્વાતંત્ર્યપ્રેમી સમાજસુધારક ૭૧ વર્ષની વયે (તા. ૨૭-૧૦-'૪૫) ગુજરી ગયાના ખબર સૌએ જાણ્યા હશે. આમેય દમના વ્યાધિથી તે વરસોથી પીડાતા હતા. એ શારીરિક રોગ ઉપર તેમનાં પત્નીના થોડાં વર્ષ ઉપર થયેલા મરણથી તેમને જે માનસિક ઘા થયેલો, તેણે તેમની નાજુક તબિયત સમૂળી ભાંગી નાંખી હતી.

'ઈશ્વરનો ઈન્કાર' માનનારા એમના વિજ્ઞાનવાદી માનસ પર પણ આ બનાવે એક ક્રાંતિ જ આણી દીધી હતી: આત્મામાં ઊંડેથી તેમને પ્રશ્ન ઊઠયો કે આ શું? પરંતુ, એ ભારે આધ્યાત્મિક ક્રાંતિ જીરવી શકે એવું એમનું શરીર ત્યારે નહોતું. પાછલી વયનો એ ઘા તેમને પક્ષાઘાત જેવું કરી ગયો, ને તેમાંથી ધીમે ધીમે જીવનજ્યોત ઓલવાઈ ગઈ.

સ્વ૦ મોતીભાઈ અમીન અને સરદાર વલ્લભભાઈના એ સહાધ્યાયી હતા. ત્રણે ચરોતરનું પાણી પીને ઊછરેલા સેવકો. ત્રણેના રાહ જુદા; પણ ત્રણે પોતપોતાના રાહમાં એક્કા. નરસિંહકાકા બંગભંગના જમાનાના 'વનસ્પતિની દવા'ઓ વાળા; તેણે એમને આફ્રિકા દેખાડયું. તે જર્મન પૂર્વ આફ્રિકામાં ગયા ને પહેલા યુરોપીય યુદ્ધ વખતે ત્યાં હતા. તેથી તેમને જર્મન ભાષા આવડતી હતી; પરિણામે શીલરનું 'વિલ્હેમ ટેલ'નું ગુજરાતી ભાષાંતર આપણને મળ્યું છે.

એ યુગ એમની પેઢીમાં તો દબાઈ ગયો. પરંતુ તેમની ત્રીજી પેઢીમાં તેમણે એ સાક્ષાત્ પાછો જોયો. મને લાગે છે કે, તે વસ્તુ આપણા દેશને આગળ વધારનાર નથી એમ અનુભવે જોઈ સમજીને એ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીનબંધુ ઍન્ડ્રૂઝના તે મિત્ર હતા. તેમના પ્રેર્યા એ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે શાંતિનિકેતનમાં (૧૯૨૦-૧નો અરસો) ગયા. ત્યાંથી આવી તેમણે ચરોતરને પોતાનું સેવાક્ષેત્ર બનાવ્યું, તે લગભગ અંતકાળ સુધી. વર્ષ ક ઉપર જ્યારે શરીર નથી જ ચાલતું એમ જોયું, ત્યારે જ તેમાંથી તે મુક્ત થઈ, આણંદથી પોતાના વતન સોજિત્રા જઈને રહ્યા અને ત્યાં દેવલોક પામ્યા.

ચરોતરમાં તેમનું સેવાક્ષેત્ર એટલે 'પાટીદાર' માસિક. એનું મુખ્ય કામ જોકે લેઉવા પાટીદાર નાતના સમાજસુધારાનું હતું; છતાં તેની નજર તેટલી જ અને તે ઉપરથી કોઈ માની લે એવી સંકુચિત નહોતી. નામે 'પાટીદાર' છતાં, તે પત્ર શિક્ષણ, સાહિત્ય, રાજકારણ તથા સમાજકારણ વગેરેના સવાલોની વ્યાપક દૃષ્ટિએ ચર્ચા કરનારું હતું. તે પત્ર પોતાના ખાસ કામ તરીકે પાટીદાર નાતમાં સામાજિક સુધારા માટે મથતું ખરું, પણ તેમાં તેની દૃષ્ટિ રાષ્ટ્રના એક અંગ તરીકેની વ્યાપક જ રહેતી.

સમાજસુધારો એટલે મુખ્યત્વે સ્ત્રીપુરુષસંબંધના, ઊંચનીચતા કે લગ્ન-પ્રથાના પ્રશ્નો. એ વ્યાખ્યા જૂની છતાં આજ સુધી મુખ્યત્વે ચાલુ છે. તેમાં અસ્પૃશ્યતાનિવારણ, પછાત કોમોનો પ્રશ્ન, ગામડાનું સંગઠન ઇ. બાબતો ગાંધીયુગમાં ઉમેરાઈ છે. શ્રી. નરસિંહકાકા આ બધામાં પણ પ્રગતિશીલ દૃષ્ટિવાળા અને ઉગ્ર સુધારક હતા.

પરંતુ તેમનું મુખ્ય ક્ષેત્ર હતું સ્ત્રીપુરુષની સમાનતા, લગ્નપ્રથાના પ્રશ્નો, સ્ત્રીજાતિ પરના અન્યાયો સામે ઝુંબેશ. તે સારુ તે કડક થઈને પાટીદારોના કુરિવાજોના કિસ્સા પર કટાક્ષ-પ્રહાર કરતા. આ અંગેનો પુણ્યપ્રકોપ તે કલમમાં ઊતરતો રોકી નહિ શકતા. એ એમનાં આગબાણોએ જડ રૂઢિને નબળી ન કરી, તોય તેની નઠોરતાને ઉઘાડી તો પાડી જ છે.

લગ્નપ્રથા અંગે એ એવા ઉગ્ર હતા કે, તે અંગેનો પોતાનો અભ્યાસ તેમણે 'લગ્નપ્રપંચ' નામે જ બહાર પાડયો છે.

તે પત્રકાર હતા. પણ ઊંડે જઈને જોતાં તે કેળવણીકારના વલણના હતા. સ્ત્રીકેળવણીમાં તેમને ખાસ રસ હતો. આજકાલ તેમાં નૃત્ય અને કલાને નામે જે વરણાગી, આડંબર, શૃંગાર અને મુગ્ધ કામદીપકતા, તથા નરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાનુગતિકતાની અવિચારિતા જોવામાં આવે છે, તે સામે તેમનો આત્મા બહુ કકળતો. તેમાં રાષ્ટ્રના કાચા ધનરૂપ જે યુવા-શકિત, તે વિમાર્ગે વેડફાય છે, એમ તેમને લાગતું. એ સામે એમણે હમેશ પોતાની લાલ બત્તી ધરી છે.

એ કહેતા કે, શહેરોમાં કલાને નામે અનર્થનો આ રોગચાળો ચાલે છે અને તેનો ચેપ ગામડાંમાં પણ ઊડે છે; તેનું કાંઈક કરવું જોઈએ. અને આ મત એમનો જ નથી; એમના જેવા બીજા અનેક હશે, એમાં શંકા નથી. ખાસ જાણવાનું એ છે કે, તેમાં એમને પોતાની આરાધ્ય દેવતા—સ્ત્રીનું વિડંબન અને પુરુષોને હાથે વાપરી-ખાવા-પણું લાગતું; તે એમને અસહ્ય હતું. સ્ત્રીને વસ્ત્રાભૂષણની ઢીંગલી થતી જોઈ તેમના આત્માને ભારે દુઃખ થતું. એમાં સ્ત્રીની શકિત દિશાંતર થઈ હાસ પામતી જ નહિ પણ એળે જતી એમને લાગતી.

એમના જીવનનું મૂળ પ્રેરક બળ આપણા રાષ્ટ્રની સ્વતંત્રતાની ભૂખ હતી, એ તો એમના જીવનના પ્રારંભ પરથીય સ્પષ્ટ જણાય છે. તે સ્વદેશાભિમાની હતા. ડાર્વિન અને હક્સ્લીના વાચને તેમને પ્રત્યક્ષ પ્રકૃતિવાદી બનાવ્યા હતા. વિજ્ઞાન પર શ્રદ્ધા યુરોપમાં ૧૯મા સૈકાના ઉત્તરાર્ધના લોકમાં જેવી હતી, લગભગ તેવી તેમની હતી. પણ એ શ્રદ્ધા એમને નીતિધર્મ અને અડગ સદાચાર શીખવતી હતી. એમાં એમને ચાર્લ્સ બ્રૅડલો જેવા નાસ્તિકધર્મીઓ જોડે સરખાવી શકાય. 'ઈશ્વરનો ઇન્કાર' એનો જ એકરાર છે.

પ્રકૃતિથી પર એવી ગૂઢ સત્તા અને જીવનસત્ત્વ છે, એમ અંતકાળે કાંઈક એમને થયું હોય એમ લાગે છે. એ ઝાંખી એમનાં સહધર્મચારિણીએ જ, જતાં જતાં પણ, કરાવી. સ્વ. જીજીબા ખરેખર તેમનાં જીવનસાથી હતાં. 'પાટીદાર' કાર્યાલયનું બને તેટલું કામ એ દંપતીનું કુટુંબ હાથે જ કરતું. જીજીબા તેમાં ઠીક ઠીક ફાળો આપતાં. જે સ્ત્રી-સમાનતા અને સન્માન નરસિંહકાકા ઉપદેશતા, તે તેમના દંપતીજીવનમાં જોવા મળતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકારણમાં તે કૉંગ્રેસના સેવક હતા. ૧૯૩૦-૪ના યુગમાં તે જેલમાં ગયા હતા. તે વખતે જેઓ તેમની જોડે યરોડામાં ક-વર્ગમાં હતા, તેમને ખબર છે કે, તે કેવા અભ્યાસી હતા, અને ઉંમરના મોટા ભેદ છતાં નવજુવાનોના મિત્ર બનીને કેવા મોજથી સાથે રહેતા હતા.

સ્વભાવે તે મોજીલા અને આનંદી હતા. તેમની વિનોદવૃત્તિ તેમના સુધારાની ધગશ અને કુધારા તથા રૂઢિ સામેના ક્રોધાગ્નિ ઉપર બ્રેક સમી હતી. તેથી જ તે અમુક તટસ્થતાથી જગત જોડે નભાવી શકતા.

આમ, દેશની સ્વતંત્રતાને માટે જીવનભર ઝંખનાર નરસિંહકાકા તેને આવેલી જોઈને ન ગયા; પરંતુ લગભગ અર્ધા સૈકા ઉપર તેમણે દેશની જે દશા જોઈ હશે, તે તો ક્યાંય ઊડી ગઈ, અને હવે દેશ થોડા વખતમાં સ્વતંત્ર થઈ પોતાનું કાર્ય કરી શકશે, એવો સંતોષ લઈને તો તે જરૂર ગયા હશે. કેમ કે, તે મહાન યાત્રામાં તેમણે પોતાનો ફાળો ચૂકવ્યો છે, એવું તેમને અંતકાળે સાંત્વન હશે.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

[ડિસેમ્બર, ૧૯૪૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

ડૉ. હરિપ્રસાદ દેસાઈ

તા. ૩૧-૪-'૫૦ના રોજ ડૉ. હરિપ્રસાદ ઓચિંતા દેવલોક પામ્યા. ત્રણ ચાર દિવસ પર જ છાપામાંથી જાણ્યું કે, દાકતરસાહેબ માંદા થઈ મુંબઈથી અમદાવાદ આવ્યા છે. તા. ૨૭મીએ હું મુંબઈ હતો. દાકતર-સાહેબને ધારાસભામાં ન જોઈ મેં એક ધારાસભ્યને પૂછ્યું, 'દાકતર કેમ ન દેખાયા?' તેમણે કહ્યું, "સાહિત્ય કે કલાપ્રવૃત્તિના કે એવા કામમાં સભામાં કે વ્યાખ્યાનમાં ક્યાંક ગૂંથાયા હશે." ત્યારે એમને ખબર નહોતી કે, દાકતર તો માંદા છે ને એમને અમદાવાદ લઈ ગયા છે.

પોતાના મુખ્ય સેવાક્ષેત્રની નગરીમાં આવી બેચાર દિવસમાં જ દાકતરે શાંતિથી દેહ છોડયો. સાંભળ્યું છે કે, તે અગાઉ તેમણે પોતાના પુત્રો વગેરેને બોલાવીને કહ્યું, 'મેં તમને ધનનો તો કશો વારસો આપ્યો નથી, પણ ધર્મ, ચારિત્ર્ય, અને સેવાનું ધન કમાવાનું આપું છું.'

આટલામાં દાકતરનું ટૂંકમાં આખું જીવન આવી જાય છે. તે અમદાવાદના જાહેરજીવનના જૂના જોગી ગણાય. બંગભંગની દેશભક્તિ અને સ્વદેશાભિમાનના રંગે તે રંગાયા હતા. તેમની દાકતરી તાલીમ બંગાળમાં જ થઈ હતી. સ્વ૦ શ્રી. અંબાલાલ સાકરલાલ પાસેથી સેવાદીક્ષા મેળવનારા નવજુવાનોમાં પણ દાકતર એક હતા. આ રંગ અને એ દીક્ષાનો પ્રભાવ દાકતરે જીવનભર સાચવ્યો અને વધુ ને વધુ ઘેરો કર્યો. એ રંગ ઊતરવાની તો વાત જ નહોતી. દાકતરનું મૂળ પોત જ એવું હતું.

તે આપકર્મી હતા. ગામડાગામમાં કેવી રીતે હસતા અને ખેલતા, દેશ અને જીવન જોતા અને વિચારતા, ભણતા અને સમજતા તે અમદાવાદમાં વસ્યા, એનો નિર્વ્યાજ ચિતાર તેમણે જ પોતાની બાળવયની આત્મકથા 'નાના હતા ત્યારે'માં આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાકતરનો વિનોદી, ટીખળી, અને કાંઈક અડપલો પણ કહી શકાય એવો સ્વભાવ ત્યારથી જ દેખાય છે. તેની જ સાથે દાકતરના સ્વભાવનું વિનોદી મિલનસારપણું, ખડતલ મૈત્રીભાવ, અને માથે બોજો જ ન લાગવા દે એવી સરળ મુગ્ધતા પણ રહેલાં જોવા મળે છે.

પરંતુ એ વસ્તુઓમાં એક વસ્તુ મુખ્ય હતી અને તે એ કે, દાકતર કાંઈક શીખવા માટે, કાંઈક કરવા માટે, અને એમ મથતા રહીને કાંઈક આગળ વધવા માગતા હતા; અને જીવનમાં તેમની નિષ્ઠા નીતિ, ધર્મ અને સદાચાર પર હતી. એમના સ્વભાવમાં આસ્તિકતા સહેજે રહેલી હતી. ઈ. સ. ૧૯૧૫માં ગાંધીજી દેશમાં આવ્યા ત્યારે તે તેમના તરફ સહેજે જે ખેંચાયા, તે આથી જ. તેમને અમદાવાદમાં વસાવવામાં આગળ પડીને ભાગ લેનારા થોડાક ત્યારના નવયુવકોમાં ડૉકટર એક હતા. અને ૧૯૩૦માં સ્વરાજ લઈને જ આવું તો પાછો આવું, એ સંકલ્પ કરીને ગાંધીજી દાંડી તરફ ગયા અને દેશને પોતાનો જંગમ નિવાસ બનાવ્યો; પછી ૧૯૪૭માં 'સ્વરાજ' આવ્યું ત્યારે જૂનો સંકલ્પ યાદ કરાવી પાછા પધારવાનું કહેણ પણ એમણે જ મોકલ્યું હતું.

૧૯૧૫થી ગાંધીજીનાં કામો તે દાકતરનાં કામો બન્યાં અને તેમાં એ જીવનના અંત સુધી રહ્યા. એટલું જ નહિ, જ્યાં ક્યાંય એમને રુચે એવું કામ દેખાય, ત્યાં તે પોતાથી બનતો સાથ આપવા તત્પર રહેતા, અને તેમાં તે પૂરતા એ જોડાતા. સમગ્રતાની દૃષ્ટિએ જોતાં એ બધાં વિવિધ કામોમાં એકરૂપતા કે સંગતતા ન હોય તોપણ તે એની પરવા નહિ કરતા.

૧૯૨૦-૨૧માં વિદ્યાપીઠ સ્થપાયું તેમાં તે જોડાયા અને છેવટ સુધી તેના નિયામક મંડળમાં કામ કર્યું. તે ઉપરાંત અમદાવાદની ડઝનબંધ ને વિવિધ સંસ્થાઓમાં તે કોઈ ને કોઈ રૂપે જોડાયા હતા.

લલિતકળાઓ એમના દિલનો વ્યાસંગ હતો; એનું વ્યસન જ હતું એમ કહો. જ્યાં ત્યાંથી સૌંદર્ય જોવું અને રાચવું એ એમની જાણે પ્રકૃતિ જ હતી. સંકટ, શોક અને ખેદના પ્રસંગોમાં અસ્થાને કદાચ લાગે તોપણ વિનોદ અને દિલની હળવાશનાં બિંદુઓ પકડી પોતાનો અને સાથેનાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોક ભુલાવવો, એ એમની કલારસિક નજર અને અદમ્ય વિનોદશકિતને આભારી હતાં.

તે ચિર-વિદ્યાર્થી હતા. સૂતા પહેલાં રોજ નિયમિત અમુક સ્વાધ્યાય કરવા, અને સવારે ઊઠીને રોજ વ્યાયામ કરવો, એમાં તે ભાગ્યે ચૂકતા હશે. સ્વાધ્યાયના વિષયો પણ વિવિધ હોતા. દાકતર બહુશ્રુત હતા. વળી જે વાંચે તેની નોંધ કરી, તેમાંથી નિબંધરૂપે બીજાને પણ આપવાની એમની ભાવના ઉત્કટ હતી. એમનું લખેલું કેટલુંય સાહિત્ય આવા સ્વાધ્યાયની પ્રસાદી રૂપે મળ્યું છે.

એમનું મુખ્ય કાર્યક્ષેત્ર અમદાવાદ અને તેમાં પણ મુખ્ય તો તેની મ્યુનિસિપાલિટી હતું. ગાંધીજીની સાથે વિચારો અને યોજનાઓ કરીને એમણે 'ગર્દાબાદ' ગણાતા અમદાવાદની સ્વચ્છતામાં ઊંચું ધોરણ ઊભું કર્યું; નગરની પુસ્તકાલય પ્રવૃત્તિ, સંગીત- અને કલા- પ્રવૃત્તિને આગળ ધપાવી. આને માટે અમદાવાદ એમનું ઋણી છે.

કૉંગ્રેસની લડતો અને તેનાં કાર્યોથી દાકતર આખા ગુજરાતમાં પણ જાણીતા હતા. જેલનિવાસના તેમના સાથીઓ તો એમના "ભસેગા અને કાટેગા"ને ભૂલે એમ નથી.

સાહિત્ય-સભા, વિદ્યાસભા જેવી સંસ્થાઓએ એમનાં અપ્રસિદ્ધ લખાણો, ટાંચણો વગેરે પ્રસિદ્ધ કરવા જેવાં ગણાય. મરનારનો શોક તો થાય; પણ દાકતર તે ન કરવાનું કહેતા. પોતાને માટે કોઈ શોક ન કરે, એમ તો એમણે કહી જ રાખ્યું હતું. એમને માટેની શોકસભામાં તે જાતે હજાર હોય તો શું કહે, એ કોક સાહિત્યકારે કલ્પનાચિત્ર રૂપે લખવા જેવું નહિ? દેવલોકમાં ગયા છે ત્યાં પણ દાકતર જૂના મિત્રો વગેરેને અહીંની કંઈ કંઈ નવાજૂની કહીને હસાવતા હશે, એવી જ કલ્પના જાય છે. અને જો શકય હોય તો આપણે અહીં શું કરીએ છીએ તેય નહિ જોતા હોય!

એમનો અદમ્ય વિનોદ અને સેવાશીલ દેશપ્રેમ તથા ધર્મનિષ્ઠાનો આપણે માટે મોંઘો વારસો એ મૂકતા ગયા છે.

[૧૭-૪-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫

બે સેવકો ગયા

[ભિક્ષુ અખંડાનંદજી, શ્રી. દયાળજીભાઈ]

ગયા મહિનામાં ગુજરાતના બે બુજરગ સેવકો તેમના કામનો વારસો અને જવાબદારી આપણને સોંપીને ગયા.

ભિક્ષુ અખંડાનંદજીએ ગુજરાતમાં ગામેગામ પોતાની જ્ઞાન-પરબ પહોંચાડી. 'સુરતના સિંહ' કહેવાયેલા શ્રી. દયાળજીભાઈ કદાચ આખા ગુજરાતમાં જાણીતા ન હોય.

બેઉએ પોતાની સહજ પ્રતિભાને વફાદાર રહી, આપ-હોશિયારીએ પોતાનું જીવન ઘડયું અને સેવાક્ષેત્ર સરજ્યું તથા શોભાવ્યું; અને એ કરવા માટે પ્રાથમિક તૈયારીરૂપે જે તપ, સંયમ, ધૃતિ તથા જીવનનિષ્ઠા જોઈએ, તે બેઉએ સમાન રૂપે વ્યકત કર્યાં.

ભિક્ષુ સંન્યાસી વેશે હતા; દયાળજીભાઈ પણ એક ત્યાગી હતા. બેઉ ગુજરાતનાં ગામડાંમાંથી પ્રગટયા.

આવાનાં જીવન અને કાર્ય ઊગતી પેઢીને પ્રેરક અને બોધક થાય. કોઈ અધિકારીએ એની કથા લખવી જોઈએ.

[ફેબ્રુઆરી, ૧૯૪૨]

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬

શ્રી. છોટુભાઈ પુરાણી

ગુજરાતમાં વ્યાયામ-પ્રવૃત્તિનો પાયો નાખનાર શ્રી. છોટુભાઈ પુરાણી માટે શોકનોંધ લખવાની આવી, એ દુઃખદ છે. ઓચિંતા તે મુંબઈમાં હૃદય બંધ પડવાથી દેવલોક પામ્યા.

તેમની પ્રેરણા મૂળે શ્રી. અરવિંદ વડોદરામાં હતા ત્યારની હતી. પરંતુ તે નિવૃત્તિમાં નહિ પણ પ્રવૃત્તિ અને કર્મપરાયણતામાં શ્રદ્ધાવાળા હતા.

તે કેળવણીકાર હતા; જહાલ દેશપ્રેમી હતા. દેશની સ્વતંત્રતા માટે તેમણે સુખાસન એવી પ્રોફેસરી છોડી ભેખ લીધો.

ગૂજરાત વિદ્યાપીઠના પ્રારંભમાં તેમાં તેમણે ખૂબ કામ કર્યું. તેની વાચનમાળાનાં પ્રથમ બે પુસ્તકો તેમણે તૈયાર કરી આપ્યાં હતાં.

વ્યાયામ વિના ગુજરાત શરીરે રાંક ને રોગી છે, તે બલા દૂર થવી જ જોઈએ—આ સંકલ્પથી તેમણે વ્યાયામના સંસ્કારો જમાવવા ઉગ્ર તપસ્યા કરી; લોકનાં હાસ્ય ને અપમાનો વેઠયાં. છેવટે તપ જ જીતે એ સનાતન સત્ય છે. આજે ગુજરાતમાં વ્યાયામ-પ્રેમ એમના પુરુષાર્થને આભારી છે.

એમણે આપેલી આ મૂડીને વધારીએ એ જ એમનું સાચું તર્પણ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

[૨૭-૧૨-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭
શ્રી. ત્રિવેદીસાહેબ

જેઓ મુરબ્બીશ્રી ત્રિવેદીસાહેબના સંસર્ગમાં આવ્યા હશે—અને ગુજરાતના જાહેરજીવનમાં અનેકવિધ કામો કરનારામાંથી કોણ નહિ આવ્યું હોય? —તેમને એ કલ્પતાં પણ મુશ્કેલી પડશે કે, ત્રિવેદીસાહેબે ગયા માસની શરૂઆતમાં વર્ધા મુકામે દેહ છોડયો છે.

એમના સંસર્ગમાં આવવું એટલે એક ખુશમિજાજ, દિલદાર અને પ્રેમાળ તથા પરમ સંસ્કારી પુરુષની સુવાસ માણવી; એટલું જ નહિ, પણ એક કેળવણીધામમાં—સંસ્કારધામમાં પહોંચવું: સુજ્ઞતા, સુશીલતા, જ્ઞાન અને સંસ્કારિતાના સંમેલનમાં અનાયાસે ભાગ લેવો. વિરલ લોક જ આવો સંગ-લહાવો આપી શકે છે.

ત્રિવેદીસાહેબ ૫૫ વર્ષની ઉંમરે ગયા, એ એમને માટે અને ગુજરાતને માટે ટૂંકી મુદત ગણાય. જેવી અજાતશત્રુતા, બહુશ્રુતતા, મિલન-સારપણું, અને બુદ્ધિની તીક્ષ્ણતા તથા મનુષ્ય-પારખ અને આકલનશકિત એમની હતી તે જોતાં, એમની પાસેથી તો ગુજરાત અને રાષ્ટ્ર બહુ બહુ પામી શકત. પરંતુ શું કરાય? કહે છે કે, અહીં જેમની જરૂર હોય છે, તેમની જરૂર દેવોને પણ હોય છે. ત્રિવેદી સાહેબ એક દેવપુરુષ હતા.

આજકાલ કરતાં એમની સાથેના મારા પ્રથમ પરિચયને ૨૧ વર્ષ થઈ ગયાં. આજે જ્યારે તે નથી, ત્યારે એનો વિચાર કરું છું, તો મને એમના જીવનની એક છાપ પ્રથમ ધ્યાન ઉપર આવે છે: તે આદર્શ હિંદુ ગૃહસ્થ હતા. અને હિંદુ ગાર્હસ્થ્યના આદર્શમાં કયો ગુણ ખૂટે છે? સમાજ-જીવનના વટવૃક્ષ સમો એ આદર્શ ત્રિવેદીસાહેબના જીવનમાં ઊતરેલો જોઈને, એક વાર તો હિંદુધર્મનેય નવેસર મૂલવવાની દૃષ્ટિ મળે છે. ગાર્હસ્થ્ય એ કાંઈ ભોગ નથી, પરંતુ જીવન-સાધનાનું એક અતિ સમર્થ સોપાન છે, એ હિંદુ દાવાના ત્રિવેદીસાહેબ દૃષ્ટાંત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસ્થાઈમાં દાખલ થનારને આર્ય આદેશ એવો છે કે—आचार्यदेवो भव, पितृदेवो भव, मातृदेवो भव, अतिथिदेवो भव ! ત્રિવેદી-સાહેબના જીવનમાં આ આદેશ ભરપૂર ઊતરેલો હતો; એ આદેશપાલનમાં શી શક્તિ છે, એ ત્રિવેદીસાહેબે બતાવી, ગૃહસ્થાશ્રમની અનુપમ સાધક શક્તિમાં શ્રદ્ધા ઉત્પન્ન કરી છે.

સત્ય અને ભલાઈમાં તેમની અખૂટ શ્રદ્ધાએ કરીને એમણે જેવું આચાર્યોનું જ્ઞાનતર્પણ કર્યું છે, એવું પંડિતોએય નથી કર્યું. તેમનો કુટુંબપ્રેમ, ગુરુજનો પ્રતિ આદર, વાત્સલ્ય, અને માનવપ્રેમના દાખલા તો ગણાય નહિ એટલા મળે એમ છે.

એ એક વિરલ ગુજરાતી હતા. એમનામાં હિંદુ ગૃહસ્થતાનો આદર્શ પૂર્ણપણે ખીલેલો જોવા મળતો હતો. ગુજરાતે એમનું સ્મરણ સંઘરવું ઘટે. આશા રાખીએ કે, કોઈ સમર્થ પુરુષને હાથે આ વિરલ જીવનનો વારસો સંઘરાઈ, ગુજરાતને મળે. સદ્‌ગતનાં કુટુંબીજનોના અપાર દુઃખમાં ગુજરાતનાં અનેક સ્ત્રીપુરુષો સહભાગી છે.

પ્રભુ આ દુઃખ સહવા સૌને બળ આપો અને સદ્‌ગતના આત્માને નિજધામમાં શાંતિ બક્ષો.

[જૂન, ૧૯૪૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮

શ્રી. ચંદ્રશંકર શુક્લ

ભાઈ ચંદ્રશંકરને માટે આ લીટીઓ મારે લખવી પડશે, એવી સ્વપ્ને પણ કલ્પના ન હતી. તે મારાથી નાના હતા. ઈ. સ. ૧૯૨૩-૪થી હું અને તે લગભગ દસબાર વરસ સત્યાગ્રહાશ્રમ-સાબરમતી તથા વિદ્યાપીઠમાં સાથે કામ કરતા હતા. તે બાવન વરસની વયે વહેલા ચાલ્યા ગયા, તેથી દુઃખ થાય છે. સદ્‌ગતનાં પત્ની શ્રી. રામુબહેન તથા બે દીકરીઓ તથા તેમનાં ભાઈબહેનોને અને વૃદ્ધ માતાને દિલસોજી પાઠવું છું.

ગાંધીજીએ ૧૯૨૧માં શાળા-કૉલેજોનો અસહકાર જાહેર કર્યો તેને લઈને બહાર પડનાર નવજુવાનોમાં ચંદ્રશંકર હતા. તે વખતે તે ગુજરાત કૉલેજમાં ઈંટરના વર્ગમાં હતા. તે છોડીને એ વિદ્યાપીઠમાં આવ્યા. ત્યાં એમને શ્રી. કાકાસાહેબનો સમાગમ મળ્યો; સ્વ. શ્રી મહાદેવભાઈ તથા સ્વામી આનંદનો સમાગમ મળ્યો. અને તેમાંથી તેમણે પોતાની સાહિત્યિક શક્તિ સારી રીતે ખીલવી.

એ સમાગમના આનંદમાં તેમણે સ્નાતકનો વિધિસરનો અભ્યાસ છોડી, શ્ર . કાકાસાહેબનું મંત્રીપદ સંભાળ્યું અને તે વરસો સુધી કર્યું.

૧૯૩૩–૪માં 'હરિજન' પત્રો પૂનામાં શરૂ થયાં; તેનું બધું કામ તે પૂનામાં રહીને સંભાળતા હતા, અને દરમિયાન તે 'હરિજનબંધુ'ના તંત્રી તરીકે પણ હતા. બાદ ૧૯૪૨માં પત્રો અમદાવાદ આવ્યાં, તે સાથે અમદાવાદ તે આવ્યા. વરસેક દહાડા પછી તે એ કામમાંથી છૂટા થયા અને કલમને ખોળે જઈ પોતાનો બધો વખત લેખનકાર્યમાં આપ્યો.

તે વાર્તા- કે નવલ- લેખક નહોતા; તે ઉમદા અનુવાદક હતા અને સુંદર નિબંધલેખક હતા. તેમની લેખનકળા 'સીતાહરણ'માં જોવા મળે છે, જે આજે અનેક શાળાઓમાં બાળકો ભણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય વિદ્યા તેમનો પ્રિય અભ્યાસ હતો. તે અંગે એમણે શ્રી. રાધાકૃષ્ણનના કેટલાક ગ્રંથ આપણને ગુજરાતીમાં આપ્યા છે. ગાંધીજીનાં સંસ્મરણો રૂપે બેએક અચ્છાં સંપાદનો તેમણે જગતને આપ્યાં છે.

છેલ્લા કેટલાક વખતથી તે ગાંધી સ્મારક નિધિના તરફથી તૈયાર થતી ગાંધી-ફિલ્મમાં કામ કરતા હતા, અને તે અંગે મુંબઈ રહેતા હતા.

દમનો રોગ તેમને લગભગ છેલ્લાં ૨૨-૩ વરસથી હતો. થોડા દિવસ ઉપર ઓચિંતો રોગે હલ્લો કર્યો અને તેમને દવાખાનામાં લઈ જવા પડયા. ત્યાં થોડા દિવસના ઈલાજ પછી તેમણે દેહ છોડી.

પ્રભુ તેમને શાંતિ આપો. હિંદની આઝાદી અર્થે બહાર પડનારા ગુજરાતના નવયુવકોમાં ભાઈ ચંદ્રશંકરનું નામ સૌ યાદ કરશે. તેમનાં કુટુંબીજનોને એમની ખોટ જીરવવા પ્રભુ ધૈર્ય આપે.

[૨૦-૧૦-'૫૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯

શ્રી. કે. ટી. શાહ

ભાઈશ્રી ખુશાલચંદ તલકશી શાહના અવસાનથી કચ્છ સૌરાષ્ટ્ર સહિત આખા ગુજરાતમાં અને મુંબઈ રાજ્યમાં પણ સૌને દુઃખ થશે.

તે આપણા દેશના એક સ્વતંત્ર વિચાર ધરાવતા અર્થશાસ્ત્રી હતા. લંડન યુનિવર્સિટીની અર્થશાસ્ત્રની મહાશાળાના શરૂ શરૂના થોડાક હિંદી સ્નાતકોમાંના તે એક હતા.

તે ઇચ્છત તો મોટા અધ્યાપક કે સરકારી અમલદાર થઈ શકત. પરંતુ પોતાના સ્વતંત્ર વિચારો અને અનોખા વ્યક્તિત્વને જાળવવાનું તેમણે પહેલું પસંદ કર્યું અને દેશની સેવા પોતાની વિદ્યા મારફતે કરતા રહેવાનો માર્ગ તેમણે લીધો.

તે સાહિત્યકાર પણ હતા. ગુજરાતીમાં અર્થશાસ્ત્રની ચર્ચા પણ તે કરતા. મુંબઈ યુનિવર્સિટીમાં તેમણે ઠીક ઠીક ભાગ લીધો હતો. કૉંગ્રેસની પ્લૅનિંગ સમિતિ પં. જવાહરલાલજી ચલાવતા હતા, તેમાં તે તેના મુખ્ય કામ કરનાર વિદ્વાન હતા. તેના કામના ડઝનબંધ રિપોર્ટ આજે પણ પ્રો. શાહની વિદ્યા અને અથાગ મહેનતની સાખ પૂરે છે.

તેમના કામની કદરરૂપે આપણી બંધારણસભાના સભ્ય તે થયા હતા અને તેમાં તેમણે સારો ભાગ ભજવ્યો હતો. તે ઉદ્દામ વિચારવાળા હતા, અને તે મુજબ તેમણે દેશનું પોતાને યોગ્ય કામ કરવામાં પોતાનો સમય આપ્યો, તે માટે આપણે તેમના હમેશના ઋણી બન્યા છીએ.

સદ્‌ગત પોતાનાં સંખ્યાબંધ પુસ્તકો આપણને તેમના અક્ષરદેહ રૂપે આપતા ગયા છે, તે માટે તે આપણને હમેશ યાદ રહેશે.

[૨૧-૩-'૫૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦

શ્રી. દીવાનસાહેબ

અમદાવાદના પ્રોપ્રાયટરી હાઈસ્કૂલના સંસ્થાપક અને આજીવન આચાર્ય શ્રી. જીવણલાલ દીવાન ૭૩ વર્ષની વયે દેવલોક પામ્યા.

અમદાવાદમાં સૌ તેમને દીવાનસાહેબ કહેતા. સ્વ. શ્રી. બલુભાઈ અને દીવાનસાહેબની બેલડી હતી. ધંધે બંને હાઈસ્કૂલના શિક્ષકો હતા. પણ શિક્ષણમાં તે સ્વમાનને સ્થાન આપનારા બહાદુર શિક્ષકો હતા.

જે જમાનામાં એમ ગણાતું કે, સારી હાઈસ્કૂલ તો સરકારી જ, તે જમાનામાં તે બે જણે સાહસ કરીને નવી હાઈસ્કૂલ સ્થાપી અને તેને પ્રથમ પાયરીએ પહોંચાડી દેખાડી.

તે દેશભક્ત હતા. તે કારણે તેઓ સરદાર વલ્લભભાઈના મિત્ર બન્યા અને જિંદગીભર સાથી રહ્યા.

૧૯૨૦માં અસહકારનો યુગ આવ્યો. દીવાનસાહેબે તથા બલુભાઈએ પોતાની માતબર મોટી હાઈસ્કૂલ તેમાં ઝુકાવી અને બંને મિત્રો કૉંગ્રેસી બન્યા. શ્રી. દીવાન વરસો સુધી ગુ૦ પ્રા૦ સમિતિના એક મંત્રી હતા; સત્યાગ્રહની લડતોમાં તેમણે ભાગ લીધો હતો ને જેલ ભોગવી હતી. પણ વૃત્તિએ તે શિક્ષક હતા.

થોડા વરસ પર પક્ષાઘાત થયો; તેમાંથી કાંઈક સારું થયું, એટલે તે પાછા પોતાના શિક્ષણકામમાં જવા લાગ્યા. એ કામ એમનો એક વ્યાસંગ જ હતો એમ કહો. એમાં એમને નહોતો થાક કે નહોતો કંટાળો. જીવનના છેલ્લા દિવસ સુધી તે આ કામ કરતા હતા. છેવટે તે ઓચિંતા ગયા. એક દિવસ બીમાર પડ્યા અને દેહ છોડી.

અમદાવાદ શહેર એમનું કાર્યક્ષેત્ર; તે શહેરની કૉંગ્રેસમાં જ નહીં, તેની સુધરાઈ તથા સ્કૂલ બોર્ડમાં પણ તેમણે કામ કર્યું. સ્કૂલ બોર્ડના તે **ચૅરમૅન** પણ થયા હતા. અમદાવાદના એમના હજારો વિદ્યાર્થીઓ આજે એમને યાદ કરતા હશે.

તેમણે ગુજરાતની સેવામાં અને સ્વરાજની લડતમાં કીમતી ફાળો આપ્યો છે, તે માટે સૌ તેમના સદાના ઋણી રહેશે.

['હરિજનબંધુ', ૬-૧૨-'૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧

શ્રી. સાને ગુરુજી

મહારાષ્ટ્રના લોકપ્રિય સાહિત્યકાર અને દેશસેવક શ્રી. સાને ગુરુજીના અકાળ દેહાન્તથી દુ:ખ થાય છે.

૧૯૨૦માં તે રાષ્ટ્રીય શિક્ષણની પ્રવૃત્તિમાં જોડાયા. તેમાંથી તેમને 'ગુરુજી'નું પદ મળ્યું, અને તે પદવી, આચાર્ય કૃપાલાનીને મળેલી પદવીની પેઠે, એમના નામ સાથે અંકાઈ ગઈ તે અંકાઈ ગઈ.

શ્રી. સાને ભારે કલ્પનાવીર અને ભાવનાપ્રધાન વિચારક હતા. ભારતીય સંસ્કૃતિની દૈવી સંપદના એ ઉપાસક હતા. મૂળ આ પ્રેરણાને વફાદાર રહી, તે પોતાના ભારે ભાવનાળુ સ્વભાવ પ્રમાણે કદીક સામ્ય- સમાજ- વાદ તો કદીક કૉંગ્રેસ તરફ ઢળતા; પરંતુ તેમની મૂળ ભાવના માનવતાની હતી.

તે ભાવના દુભાય ત્યારે અનેક કારણે ઉપવાસો કરવા સુધી તે પહોંચી જતા, તે પણ તેમના સરળ સ્વભાવનું અને માનવપ્રેમનું નિદર્શક છે.

ગરીબો માટે પ્રેમ અને તેમનાં દુ:ખોને માટે કળકળ આપણે તેમનાં જીવનમાંથી શીખીએ, એ એમનું સાચું તર્પણ છે.

[૨૧-૬-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૨

મરીને અમર થયા

[રજબઅલી લાખાણી, વસંતરાવ હેગિષ્ટે]

(૧)

કોમી તોફાનના ખપ્પરમાં અનેક — અને ઘણું કરીને નિર્દોષ — જાણ ભરખાયા. તેમાં દાદા હેગિષ્ટે અને ભાઈ રજબઅલી લાખાણીનાં બલિદાન નોંધપાત્ર છે.

એક જ ટોળાને હાથે બેઉનાં સાથે લોહી રેડાયાં. દેશકાર્યના સાથીઓ, બેઉ સાથે સ્વધામ પહોંચ્યા. બીજા બેએક સાથી જોડે ઘાયલ થયા હતા, તે ઈશ્વરકૃપાએ બચી જશે એમ જણાય છે.

આ ભાઈઓ માણસના દિલની માણસાઈ ઉપર ઇતબાર રાખીને કોમી ઝેરની આગમાં ગયા. એ શ્રદ્ધા વગર આવી આગની અંદર જવા કાળજુંય ન ચાલે. ગુજરાત સેવાદળના આ બે ભાઈઓએ એ દાખવીને પોતાને અને પોતાના દળને વિરલ માન આપ્યું છે. એમના જેવા નૈષ્ઠિક દેશભક્તો વિરલ હોય છે. કૉંગ્રેસના અને આખા રાષ્ટ્રના આ બે અમર થઈ ગયેલા સેવકોને પ્રભુ શાંતિ આપો.

[જુલાઈ, ૧૯૪૬]

(૨)

દાદા વસંતરાવ હેગિષ્ટે મારા એક નવજુવાન મિત્ર હતા. આમ તો મારાથી નાના; છતાં અમને સમાન ભાવે મળતાં ફાવે એવા સ્વભાવના એ હતા. એમને ઈ. સ. ૧૯૩૦ના જમાનાથી હું ઓળખું; પણ તેમનો અચ્છો અને કાંઈક ગણનાપાત્ર પરિચય મને ૧૯૩૭ બાદ — અને ખાસ તો ૧૯૪૨-’૪૪ના જેલજીવનમાં — થયો. એ વરસોમાં અમે લગભગ દોઢેક વર્ષ સાથે જેલમાં રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલનું જીવન કેવું નિકટ હોય છે એ કહેવાની જરૂર નથી. પરંતુ, જેલવાસથી આપણા સ્વભાવનાં કેવાં કેવાં અવનવાં અને ઊંડાં લક્ષણો ઉપર આવી ઉઘાડાં થાય છે, (અને ક્યાંક તો ઉઘાડાં પડી પણ જાય છે.) એ તો અનુભવીઓ જાણે છે. દાદા હેગિષ્ટે જોડે એ પ્રકારનો સહવાસ મને ખાસ્સો દોઢ વર્ષ જેટલો લાંબો નાસિકમાં મળ્યો છે.

એમના જીવનની મીઠાશ એમના ખાસ સ્વભાવ જોડે જડાયેલી હતી. તે એક ભારે ઉત્કટ રાષ્ટ્રપ્રેમી હતા. દેશદાઝથી બળબળતા એ નવજુવાન, જ્યારથી ગાંધીજી રાષ્ટ્રમંચ ઉપર આવ્યા, ત્યારથી એમના કાર્યની હરોળમાં જોડાયા હતા. ધગશ એમને સહજ હતી. એક વસ્તુ કે વિચારના અંકોડા મનમાં ગોઠવાયા, એટલે એ કામમાં લાગી જવું જોઈએ, એ પ્રકારની કાર્યપ્રવણતા પણ એમને સ્વભાવગત હતી. એક કોઈ કામ કે કલ્પના ઉપર વિચાર બંધાયો કે પછી દાદા એની પાછળ જે મંડતા, તે જોઈએ તો આપણને એક વાર તો એમ થાય કે, શું આ માણસનું ઝનૂની જોશ છે! શી એની ઉત્કટ કાર્યશીલતા છે! પછી એ કામ પાછળ એ જમાન-આસમાન એક કરે.

પણ એની સાથે એ પણ મ જોયું કે, એ જિજ્ઞાસુ હતા. કામ ઉપાડવાની શરૂઆતમાં જ નહિ, કામ કરતાં કરતાં તે દરમિયાન પણ એ વિચાર અને પ્રચારની ઝડી ચલાવ્યે જ રાખે, અને એમાં નવું શીખે પણ. એ અભ્યાસી હતા. વાચન અને મનન એમને ગમતાં,—પણ તેમનો કાર્યમાં ઉપયોગ છે માટે. અને એ ઉપયોગ એટલે કાર્ય કરવાને માટે તેમાંથી સમજ વધે એ.

સ્વભાવે એ સૈનિક હતા. સેનાનીની છટા એમનામાં હતી. સૌ સાથીઓની જોડાજોડ—ખભે ખભો મિલાવીને —કામ કરવાનો નિર્વ્યાજ ઉછાળો એમનો મોટો ગુણ હતો. જો કોઈ સ્વતંત્ર રાષ્ટ્રમાં દાદા જન્મ્યા હોત, તો આ બધા ગુણ વડે એ એક મોટા સેનાપતિ બની શકત. આપણા દેશની સ્થિતિમાં પણ એ જ 'કરિયર' આપોઆપ એમને મળી હતી.

એ ઈચ્છત તો કૉલેજની રૂઢ પૈસાપ્રેમી ને આરામી 'કરિયર' જરૂર સાધી શકત. એને માટે જોઈતી કુશાગ્ર બુદ્ધિ અને મહેનત કરવાની ખડતલ શરીરસંપત્તિ બધું એમની પાસે હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ એમનાં લક્ષણો વડે એ એક અચ્છા 'પામિસ્ટ'—હાથ જોનારા અને આહાર-પ્રયોગી બન્યા હતા. એ બે એમના મનોરંજની વ્યાસંગ હતા. અસ્તુ.

આપણી અહિંસક લડાઈમાં પણ એ સેનાની થયા હતા. સેવાદળના સ્વયંસેવકોના એ 'દાદા'—મોટા ભાઈ હતા. બધા તેમનો પ્રેમ અનુભવતા. કપ્તાનની કડકાઈ કે અણિયાળી શિસ્ત એમની પાસેથી તેમને અનુભવવી નહિ પડતી. પરંતુ, તે છતાં, એ કડક શિસ્તવાળા હતા. શિસ્તમાં અને સંયમ તથા સેવામાં જે નાયક સૌથી મોખરે અને નિયમસર પૂરો હોય, તેના સાથીઓને બીજો શો અનુભવ થાય?

એ જ ભાવથી અંતે એમણે કોમી આગમાં ઝંપલાવ્યું. ગાંધીજીની શીખ વરસોથી એ જાણતા હતા. મુસલમાનોમાં કામ કરવાનો એ ખાસ ઉત્સાહ રાખતા. જેલમાં અમારા પઠાણદોસ્તને એ જે બિરાદરી આપતા અને એમને સંભાળતા, તેથી સૌ કોઈ હેરત પામતા. એમને માટે એ સહજ હતું. પછી એમને ક્યાંથી ભય લાગે કે, પોતાના અમદાવાદના ઈસ્લામી ભાઈઓ આમ એમને મારશે? અને મારે તોય શું?

પણ આ વેળા હિંદમાં જે તોફાનો ચાલે છે એમની તાસીર જુદી છે. દાદા એ ન સમજ્યા કે એનીય પરવા ન રાખી, અને માનવહૃદયની ભલાઈ પર ઈતબાર રાખી, પોતે માનેલી ફરજ પર પહોંચી ગયા. પરિણામે શું થયું એ જગત જાણે છે.

દાદા જવાથી ગુજરાતનું સેવાદળ એટલું ઊણું બન્યું છે. પણ એ ઊણાશ ખરેખર સાચી છે? કેમ કે ભૌતિક રીતે જવા છતાં, સેવાદળને માટે એ એવો જબરો અને અમર આધ્યાત્મિક વારસો આપી ગયા છે, કે જે ઊણો થાય એમ નથી. સેવાદળના સભ્યો દાદા વસંતરાવને કદી નહિ ભૂલે.

[૧૨-૯-'૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૩

સ્વ૦ આચાર્ય રામદેવજી

આચાર્ય રામદેવજીથી ગુજરાત અજ્ઞાત ન ગણાય. ગૂજરાત વિદ્યાપીઠના ઈ. સ. ૧૯૨૯ના પદવીદાનસમારંભ વેળાએ તેના મુખ્ય મહેમાન ને વ્યાખ્યાતા થઈને તેઓ અહીં પધાર્યા હતા.

તેમની ઓળખ એટલે રાષ્ટ્રીય કેળવણીના ઘડતરમાં ગુરુકુળ સંસ્થાના ફાળાનો ઈતિહાસ, એમ કહીએ તો ચાલે.

સ્વામી શ્રી શ્રદ્ધાનંદજીએ ૧૯૦૧–૨માં કાંગડી ગુરુકુળ સ્થાપ્યું ત્યાર બાદ ત્રણેક વર્ષમાં તેમની સાથે જોડાનાર તેમના નિકટ સાથી એટલે રામદેવજી. પ્રાચીન ઈતિહાસના તે અભ્યાસી હતા.

૧૯૩૧–૨ માં કાંગડીથી નિવૃત્ત થઈને આચાર્યજી ડહેરાડૂન કન્યા-ગુરુકુળને કામે લાગ્યા.

થોડાક માસ પર જાણ્યું હતું કે, તેમને લકવો થયો છે. હમણાં ઉત્તરનાં છાપાંમાંથી જાણવા મળે છે કે, તા. ૯–૧૨–’૩૯ને રોજ તેઓનો સ્વર્ગવાસ થયો છે.

પ્રભુ એ રાષ્ટ્રસેવકના આત્માને શાંતિ અર્પો. જે સંસ્કારદાન અને શકિતસંચાર ગુરુકુળ-સંસ્થાએ આપણા દેશને બક્ષિસ આપ્યાં છે, તે આચાર્ય રામદેવજી જેવા સેવાવ્રતધારીના અથાક શ્રમયુક્ત જીવનને આભારી છે.

એમનું સેવાજીવન ઊગતી પેઢીને ઘડારૂપ થાઓ.

[જાન્યુઆરી, ૧૯૪૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪
જૂના જોગીઓને નિવાપાંજલિ

[શ્રી. છોટાલાલ વ્યાસ, શ્રી. ગોપબંધુ ચોધરી]

દેશની આઝાદીની લડત ૧૯૨૦માં ગાંધીજીએ માંડી. ત્યારે જેઓ નવજુવાન — એટલે કે, ૨૫ કે ઉપરની ઉંમરના હતા, તેઓ આજે ૫૦-૬૦ની પાર પહોંચ્યા. સ્વાભાવિક રીતે એ હવે ખરતા પણ જવાના. તેમાંના જે ત્યારથી આજ સુધી અડગ રહીને દેશસેવાક્ષેત્રમાં મિશનની અદાથી રહ્યા, એવા જૂના જોગીઓમાંથી બેના દુ:ખદ અવસાનના સમાચારની નોંધ લઈ તેમને નિવાપાંજલિ અર્પું છું.

શ્રી. છોટાલાલ વ્યાસ ખેડા જિલ્લાના સેવક ૭૫ વર્ષની વયે ઓચિંતા મુંબઈમાં ગુજરી ગયા. બધી લડતોના એ સૈનિક, સ્વરાજ આવ્યા બાદ, પોતાના પ્રિય રચનાકાર્ય — સહકાર પ્રવૃત્તિમાં હતા. પોતાની ઉંમર પણ જોયા વિના, તે અર્થે અથાક શ્રમ અને પ્રવાસ ખેડતા હતા. એમ કામ કરતા તે અહીંથી ચાલ્યા ગયા.

બીજા એમ જનાર શ્રી ગોપબંધુ ચોધરી; તે ઉત્કલના પ્રમુખ રચના-કાર્યકર્તા હતા. ઉત્કલની રાષ્ટ્રીય આગેકૂચમાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગાંધીજીના ગયા પછી તે મુખ્યત્વે ભૂદાન અને ગ્રામરાજ્યની દૃષ્ટિ રાખી કામ કરતા હતા. તેમાં જ વચ્ચેથી ઓચિંતા તે ગયા.

બંનેને પ્રભુ એના અમરધામમાં શાંતિ બક્ષે. તેમના પરિવારને અમારી દિલસોજી પાઠવીએ છીએ.

[૮-૫-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫

બાબા રાઘવદાસજી

બાબા રાઘવદાસજી મૂળ મહારાષ્ટ્રી બ્રાહ્મણ. બંગભંગના યુગમાં બહાર નીકળી પડ્યા તે પડ્યા. તે પછી તેમણે કાંઈક અજ્ઞાતવાસ જેવું સેવ્યું અને ગોરખપુર જિલ્લામાં હિમાલયની તળેટીમાં બાબા રાઘવદાસ નામ ધારીને રાષ્ટ્રસેવાના કામમાં લાગ્યા.

તે જિલ્લાના 'ગાંધી' તરીકે તે ઓળખાતા હતા. રચનાત્મક કાર્ય પરત્વે ધાર્મિક નિષ્ઠા જેવી ઊંડી ભાવના એ ધરાવતા હતા.

ભૂદાન પ્રવૃત્તિ જાગી ત્યારથી એમણે તેમાં ઝંપલાવ્યું હતું; અને તે કાર્યમાં જ એ ખતમ થયા. એક દહાડો થોડા માસ પર હૃદય અટકી પડ્યું અને એમ એમણે ઓચિંતી આપણી વિદાય લીધી.

આવા અનેક સેવકોની મૂંગી તાકાતે હિંદમાં સ્વરાજ આણ્યું છે. એવી તાકાતની જરૂર અત્યારે તો વળી વિશેષ છે, એ પાઠ નવી પેઢી આવા જૂના જોગીઓના સેવાજીવનમાંથી શીખે, તો એમને યોગ્ય કૃતાંજલિ આપી ગણાય.

[૫-૬-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬

ડૉ. સત્યપાલ

પંજાબની ધારાસભાના પ્રમુખ ડૉ. સત્યપાલ ગુજરી ગયા સાંભળતા, આજથી ૩૫ વરસ પરના દિવસો યાદ આવે છે, કે જેમની સ્મૃતિમાં દેશ એપ્રિલ ૬ થી ૧૩ સુધી રાષ્ટ્રીય સપ્તાહ ત્યારથી ઊજવતો આવ્યો છે.

રૉલેટ કાયદાના દિવસો અને એની સામેનો દેશવ્યાપી વિરોધ એક રીતે કહીએ તો હિંદસ્વરાજની લડતનું પ્રસ્થાન-બિંદુ બન્યું. જલિયાનવાલા બાગમાં જનરલ ડાયરે જે નિર્દોષોની કતલ કરી, તેણે હિંદના સ્વમાનને ઊંડો ઘા કર્યો.

એ દિવસોમાં બહાદુરીભેર પંજાબને દોરનાર બે જણ — ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુ. ત્યારે હિંદની બે મુખ્ય કોમમાં એક હૃદય ધબકતું હતું.

ડૉ. સત્યપાલે તે કાળે જે કામ કર્યું, તેણે દેશના રાષ્ટ્રપ્રેમ અને આઝાદીના ચડતા જુવાળમાં અનેરું જોમ આપ્યું હતું. રાષ્ટ્ર તેને માટે એમને હમેશ યાદ કરશે.

[‘ હરિજન બંધુ ’, ૨૩-૪-’૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭

શ્રી. રામુલુભાઈ

મદ્રાસના શ્રી. પોટ્ટી રામુલુ, સર્વસંમત યોજના પ્રમાણે તત્કાળ અલગ આંધ્ર રાજ્ય સ્થાપવા માટે જેઓ નિર્ણય પર આવી ન શક્યા, તેમની જીદને કારણે શહીદ થયા.

હું તેમને સાબરમતીના સત્યાગ્રહ આશ્રમના એક જૂના આશ્રમવાસી તરીકે ઓળખતો હતો. તેઓ ગાંધીજીની નેતાગીરી નીચે દેશસેવા કરવાને અર્થે પોતાની નોકરી છોડીને આશ્રમમાં આવ્યા હતા.

આશ્રમનાં અમે સૌ તેમને રામુલુભાઈ કહેતાં. ૧૯૩૦ની સાલમાં દાંડીકૂચ કરનારાઓમાંના એક તે હતા. ૧૯૩૪ની સાલમાં ભૂકંપ રાહતકાર્ય માટે અમે બિહાર ગયા ત્યારે પણ તેઓ અમારી સાથે ત્યાં હતા. એ પછી ચાર વરસ સુધી તેઓ રાજકોટની રાષ્ટ્રીય શાળામાં હતા.

૧૯૩૮ની સાલ પછી તેઓ આંધ્ર પાછા ફર્યા અને પોતાના પ્રાંતમાં રચનાત્મક કાર્ય કરવા લાગ્યા. થોડાક દિવસ પર (તા. ૩૦–૧૦–'૫૨) અચાનક તેમનો મારા પર પત્ર આવ્યો. તેમાં તેમણે જણાવ્યું કે, અલગ આંધ્ર રાજ્યની રચનાના ધ્યેયને અર્થે તેઓ આમરણ ઉપવાસ પર ઊતર્યા છે અને ઉપવાસનો બારમો દિવસ છે.

મેં તેમને તરત જ લખ્યું કે, એને માટે ઉપવાસ એ ઈલાજ નથી અને એ પગલું બરાબર નથી. પણ મને ભીતિ હતી જ કે મારી વાત તે કાને ધરવાના નથી. પોતે પ્રબળ સંકલ્પશક્તિ અને અડગ ધૈર્યવાળા બહાદુર પુરુષ હતા. જે વસ્તુ એમના દિલને ચોંટી ગઈ તેને અંગેના નિર્ણયમાંથી તેમને પાછા વાળવાનું લગભગ અશક્ય હતું. આંધ્ર રાજ્ય એવી બાબત હતી.

રામુલુભાઈએ સ્વેચ્છાપૂર્વક વહોરેલી અગ્નિપરીક્ષા સામે પોતાના મતભેદોનો ઉકેલ લાવીને મદ્રાસના આગેવાનો તેમની જિંદગી બચાવી ન શક્યા, એ કરુણ ઘટના છે.

તેમના આત્માને શાંતિ મળો.

['હરિજનબંધુ', ૧૬-૧૨-'૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૮

ભાઈ ચમનલાલ વૈષ્ણવ

ભાઈ ચમનલાલ વૈષ્ણવ આ માસની શરૂઆતમાં ગુજરી ગયા, તે રાષ્ટ્રીય કેળવણીના ક્ષેત્રમાં એક મોટી ખોટ ગણાય. કાઠિયાવાડના સેવકવર્ગને તો એક પ્રિય મિત્ર અને સાચા સાથી ને સલાહકાર ગયા જેવું લાગશે.

૪૨ વર્ષની ઉંમર, ખરેખર જોતાં, નાની જ ગણાય. પરંતુ એટલી ઉંમરમાં ભાઈ વૈષ્ણવે જેમને મળ્યા ને જ્યાં વસ્યા ત્યાં બધે જ પોતાની સહૃદયતાથી, પ્રેમ અને મીઠાશથી, તથા વ્યાપક સૌજન્યથી સૌનાં મન હર્યાં છે.

જીવનમાં તેમણે (તેના વ્યાપક અર્થમાં) રાષ્ટ્રીય કેળવણીનું ક્ષેત્ર પોતાનું કર્યું હતું. તે હિલચાલની લીલીસૂકી સૌ સ્થિતિમાં એ એને જ વળગી રહ્યા હતા.

પોતાના વઢવાણ ક્ષેત્રમાં જયારે હરિજન પ્રશ્નને અંગે શાળા પર સવર્ણી આફત આવી, ત્યારે તે અડગ ઊભા રહ્યા : શાળાને ફના થવા દેવી એ બહેતર, પણ રાષ્ટ્રીયતાનો ઝંડો નીચે ન જ ઊતરે! આ પ્રકારની તત્ત્વનિષ્ઠા તેમના આખા જીવન પરત્વે પણ જોવા મળે છે.

જે એમના થોડા પણ સહવાસમાં આવ્યા હશે તેમણે તો એ પ્રત્યક્ષ જોઈ હશે. જે ન આવ્યા હોય તે એમના 'તેત્રીસ પત્રો' વાંચે તો કાંઈક તેની કલ્પના કરી શકશે.

રાષ્ટ્રીય કેળવણીકાર હોવાની સાથે તે એક સાધક પણ હતા. એક સાધકને છાજે એવી પ્રસન્નતા તમે એમની મુદ્રા પરથી પણ જોઈ શકો. પેલી અંગ્રેજી કહેવત સાચી પડે છે કે, જેમને આપણે ઝંખીએ તેમને દેવો પણ દેવલોકમાં ઝંખે છે.

[જુલાઈ, ૧૯૪૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૯

સ્વ૦ જીવરામભાઈ કોઠારી

શ્રી. જીવરામભાઈ કલ્યાણજી કોઠારીને ગુજરાતનાં ઓછાં ભાઈબહેનો જાણે છે. પરંતુ તેથી શું? માનવજીવનની મહત્તા જાહેરાતથી નીપજતી નથી; અને તેનાથી તેમાં ઉમેરો તો તલમાત્ર પણ થઈ શકતો નથી. જાહેરાતથી બહુ તો લોકો તેને વિષે જાણે છે એટલું જ; અને કીર્તિલોભી જીવ હોય તો કદાચ તેનાથી રાચે, પણ કાંઈક તે મહત્તાને ભોગે. શ્રી. જીવરામભાઈનો વિચાર કરતાં ખ્રિસ્તનું પેલું વાકય યાદ આવે છે—'દાન કરો, પણ ડાબો હાથ ન જાણે તેમ.'

મને યાદ છે તે મુજબ, ઈ. સ. ૧૯૨૫-૬માં ઘણું કરીને જીવરામભાઈ સત્યાગ્રહાશ્રમ, સાબરમતીમાં આવ્યા તે લાખોનો વેપાર છોડીને. અનેક કચ્છી ભાઈઓની જેમ, નામનું નિશાળી શિક્ષણ પામેલા જીવરામભાઈ સંસ્કારે એક સજ્જન અને કાર્યમાં એક કુશળ વેપારી હતા. આશ્રમમાં આવ્યા તેને બીજે વરસે પૂ. ગાંધીજી એક વર્ષ ક્ષેત્રસંન્યાસ લઈને આશ્રમમાં જ રહ્યા હતા. જીવરામભાઈની સેવાદીક્ષામાં કાંઈ બાકી હોય તો તે પૂરું કરી પાકું કરવાને માટે આ એક વર્ષનો બાપુજીનો આશ્રમનો સહવાસ, તે વર્ષના બીજા અનેક આશ્રવાસીઓની જેમ, વિરલ સદ્ભાગ્ય ગણાય.

તે અરસામાં ગાંધીજી ઓરીસાની અનહદ ગરીબાઈની હૃદયદ્રાવક વાતો કહેતા, અને જણાવતા કે, દુનિયામાં હિંદ જેવો ગરીબ દેશ નથી અને હિંદમાં ઓરીસા જેવો ગરીબ પ્રાંત નથી; એની સેવા અતિ ભારે સેવાનું કામ છે. અને એટલે સુધી જણાવતા કે, હું તો છેવટે મારું મરણ પણ ત્યાં થાય તે ઇચ્છું, જેથી દેશનું ધ્યાન એથી પણ એ અતિ સેવાપાત્ર પ્રાંત તરફ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવરામભાઈએ આ બોલ ઉપાડી લીધા. આ જ અરસામાં એ વારંવાર રેલગ્રસ્ત પ્રાંતમાં રેલ આવી. જીવરામભાઈ તે વખતે કામ કરવા ગયા, અને મરણ સુધી તે જ પ્રાંતની સેવામાં પછી રચ્યાપચ્યા રહ્યા.

એમનું ત્યાંનું કામ ગાંધી સેવા સંઘના આશરા તળે ચાલતું હતું, એટલે સંઘના મંત્રી શ્રી. ધોત્રે આ વર્ષોના એમના કામથી સુપરિચિત ગણાય. હિંદી 'સર્વોદય'માં સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પતાં તે કહે છે :

"જીવરામભાઈ કચ્છના એક અતિ ધનિક વેપારી કુટુંબના હતા. . . યુવાવસ્થામાં એમણે લાખો રૂપિયાનો વેપાર કર્યો હતો. પણ એમના દિલમાં એક એવી ઇચ્છા હતી, કે જે માત્ર ધનથી પૂરી થઈ શકતી નહોતી. ગાંધીજી આફ્રિકાથી હિંદ પાછા આવ્યા ત્યારથી તેમની તરફ જીવરામભાઈ આકર્ષાયા હતા. . . .પહેલાં તો ગાંધીજીનાં કામોમાં ધનથી મદદ કરતા રહ્યા. પરંતુ આખરે એમની ગાંધીજી પરની શ્રદ્ધાભક્તિ એટલી વધી કે, તન, મન, ધન ત્રણે ગાંધીજીના કામમાં અર્પણ કરવાનો એમણે સંકલ્પ કર્યો. પોતાના ભાગની કૌટુંબિક મિલકત લઈને તે અલગ થયા અને તે બધી દાનમાં આપી દઈ અપરિગ્રહી બની ગયા. ગાંધી સેવા સંઘની પાસે "જીવરામ કોઠારી નિધિ" નામે ઉત્કલની સેવાને માટે જે અંકિત રકમ છે, તે એમની જ આપેલી રકમ છે."

"ચૌદ વર્ષ ઉપર ઓરીસામાં જે મોટી રેલ આવેલી, તેના રાહતકાર્ય માટે, ગાંધીજીની પ્રેરણાથી, તે ત્યાં ગયા અને. . . .બાકીનું જીવન તે પ્રાંતની સેવામાં જ ગાળવાનો સંકલ્પ કર્યો."

ઓરીસામાં દસ વર્ષ પર એમને કોઢનો રોગ લાગુ પડ્યો. પણ સેવાના કામમાં તે લાગ્યા રહ્યા હતા. ભાઈ ધોત્રે લખે છે,

"ગાંધીજી તથા કિશોરલાલભાઈએ કેટલીય વાર એમને સમજાવ્યા કે, તબિયતને માફક જગાએ જઈ પોતે બાકીનું જીવન ગાળે. પરંતુ ઉત્કલના કષ્ટમય જીવનમાં તેમને જે માનસિક શાંતિ લાગતી હતી, તે બીજે ક્યાંય નહોતી લાગતી. . . .એમનાં કુટુંબીઓ એમના માટે હજારો રૂપિયા ખર્ચ કરવા તૈયાર હતાં. લાખોના માલિકે, પોતાના સંકલ્પ પ્રમાણે, ગરીબો પેઠે નાનીશી ઝૂંપડીમાં રહીને ગરીબ પેઠે જ મરવાનું (તા. ૨૩–૬–'૪૧) પસંદ કર્યું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશના એ એક અદના સેવકને અંજલિ અર્પતાં ગાંધીજીએ 'સર્વોદય'માં લખ્યું છે, એ જીવરામભાઈના જીવનનો પરિચય આપવા માટે યોગ્ય પૂર્ણાહુતિ છે:

"જીવરામભાઈ ગયા. મારી દૃષ્ટિએ તે સાચા ભક્ત હતા. અને ભક્ત તો મરીને વધારે જીવે છે. તે મરી ગયા છે એમ કહેવા માટે મારો આત્મા સાફ ના પાડે છે. એમનો રોગી દેહ અવશ્ય ગયો — રાખ થઈ ગયો. એમનો ઉજ્જ્વલ આત્મા અમર છે, અને ઓરીસા પ્રાંતની રજકણમાં ઓતપ્રોત છે.

"જીવરામભાઈ ધનિક હતા. મારી વ્યાખ્યાના આદર્શ ટ્રસ્ટી બન્યા. પોતાના પૈસા ઓરીસાનાં ગરીબોમાં રેંટિયા-પ્રચારને માટે આપ્યા. તેઓ પોતે પણ ઓરીસામાં ગરીબ બનીને રહ્યા. અને ચોવીસ કલાકનું એમનું ચિંતવન ઓરીસાના લોકોનું કલ્યાણ જ હતું.

"શ્રી. ઈશ્વરલાલે (એમના ત્યાંના સાથી) આ ભક્તના અંતિમ જીવનનું આ પ્રમાણે વર્ણન આપ્યું છે: — 'લગભગ ત્રણ માસથી એમને ઝાડાની બિમારી હતી. ૧૮–૬–'૪૧ થી દવા બંધ કરી દીધી. કહેવા લાગ્યા: આજ ત્રણ માસથી દવા કરાવું છું, પણ કશો ફરક પડતો નથી, તો હવે પ્રભુઇચ્છા. પાણી અને માટીનો પાટો રખાવતા હતા. ખાવાનું તો છોડી દીધું. મોસંબીનો રસ લેતા હતા, તે પણ બંધ કરી દીધો. તા. ૨૩ની સવારથી પાણી પણ ના પીધું. ગળું સુકાય ત્યારે કોગળા ખૂબ કરતા હતા. મેં કહ્યું, થોડું પાણી પીઓને. તેમણે કહ્યું, હવે પ્રાણ તૂટતા જાય છે તે નથી જોતા? સવારમાં આમ કહ્યું અને ત્રણમાં ૧૦ મિનિટ બાકી હતી ત્યાં સુધી પૂરા ભાનમાં હતા. દસ મિનિટમાં એકાએક બેહોશ થઈ ગયા અને એકદમ સીધા સૂઈ રહ્યા. જરા પણ હાલચાલ વગર, ધીરેથી શ્વાસ બંધ થઈ ગયો.'

"આપણે સૌ એવા થઈએ. એવું ભવ્ય મૃત્યુ આપણ સૌને મળો."

[ઑગસ્ટ, ૧૯૪૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૦

શ્રી. વેણીલાલ બૂચ અને શ્રી. ઈશ્વરલાલ વ્યાસ

છેલ્લા થોડાક વખતમાં ગુજરાતે, ખાસ તો અમદાવાદ જિલ્લાએ, બે પોતાના નિષ્ઠાવાન સેવકો ગુમાવ્યા. બેઉ અધૂરી ગણાય એવી વયે ગયા એ વિશેષ દુ:ખની વાત છે.

પહેલા ગયા શ્રી. વેણીલાલ બૂચ અને હમણાં તા. ૧૨મી માર્ચે ગયા શ્રી. ઈશ્વરલાલ કાળીદાસ વ્યાસ.

બેઉ ૧૯૨૦ના અસહકારના જમાનાની દીક્ષા પામેલા જૂના જોગી હતા. ભાઈ વેણીલાલે કેટલોક વખત નવજીવન કાર્યાલયમાં કામ કર્યું. ત્યાર બાદ તેમણે વિરમગામને કેન્દ્ર બનાવ્યું અને તે વિભાગમાં મહાસભાનાં કામો કરતા હતા. શિક્ષણમાં રસ લેનાર તે હતા. દેશની બધી સત્યાગ્રહી લડતોમાં તે હતા, એ કહેવાની જરૂર નથી. ૧૯૪૨માં પકડાયા પછી ૧૯૪૪માં છૂટચા ને થોડા વખતમાં માંદા પડચા ને દેહ છોડી. એ તો પચાસ પૂરાં કર્યા વગર ગયા!

શ્રી. ઈશ્વરલાલ વ્યાસ ઉત્તમ શ્રેણીના વિદ્યાર્થી અને અભ્યાસી પણ હતા. રાષ્ટ્ર માટેનો તેમનો પ્રેમ અને તેને મુક્ત કરવા માટેની તેમની તમન્ના તેમની વિદ્યા જેવાં જ જ્વલંત હતાં. તેમના પુત્રે તેમના મરણ બાદ મળેલી તેમણે કરેલી કેટલીક છૂટક નોંધો ભાઈ વિઠ્ઠલદાસ કોઠારીને સોંપી છે. તે આ માસિકમાં છાપવા માટે મોકલતાં શ્રી. વિઠ્ઠલભાઈ મને લખે છે તે જ સદ્ગતને અંજલિરૂપે નીચે ઉતારું છું :

"શ્રી. ઈશ્વરભાઈ ધંધૂકા તાલુકાના ગાંફ ગામના વતની હતા અને ગ્રેજ્યુએટ થએલા હતા. તેઓ રાષ્ટ્રીય મહાસભાના આજીવન સેવક હતા. રાષ્ટ્રીય કેળવણીના ક્ષેત્રમાં અને મહાસભાનાં કામોમાં તેમણે છેલ્લાં ૨૫ વર્ષથી ફાળો આપ્યો હતો. ૧૯૨૦માં મહાસભા તરફથી ત્રિવિધ બહિષ્કારની હાકલ પડતાં તેમણે સરકારી શાળાની નોકરી છોડીને રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણીના ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆતથી તેઓ વિદ્યાપીઠની નિયામક સભામાં નિમાયા હતા. રાષ્ટ્રીય કેળવણીનો જુવાળ મંદ થયા પછી તેમણે મહાસભાનું પ્રત્યક્ષ કામ કરવા માંડ્યું હતું. સને ૧૯૩૭માં મહાસભા તરફથી મુંબઈની ધારાસભામાં એ ચૂંટાયા હતા. ધંધૂકા તાલુકા સમિતિના તેઓ પ્રમુખ હતા, અને તે વિભાગ તરફથી તેઓ અમદાવાદ જિલ્લા લોકલ બોર્ડમાં પણ ચૂંટાયા હતા. ૧૯૪૦ માં જિલ્લા બોર્ડના પ્રમુખપદે તેઓ ચૂંટાયા હતા, અને ૧૯૪૪ની છેલ્લી ચૂંટણીમાં પણ તેઓ ફરી સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. યુવાન વયથી તેમને દમનો વ્યાધિ લાગુ પડયો હતો, એટલે તેમની તબિયત સારી રહેતી નહોતી, છતાંય સત્યાગ્રહી તરીકે કદીયે તેમણે જેલ જવાનું ટાળ્યું નહોતું. છેવટનાં વરસોમાં તો તેમની તબિયત ઘણી નાજૂક રહેતી હતી. છતાં જ્યારે પોતાના વિભાગનું કામ આવે ત્યારે તેઓ ઉપાડી લેતા અને થોડા દિવસ ગામડાંમાં ફરી આવતા. ગાંધીજીના વિચારોમાં તેમને પૂર્ણ શ્રદ્ધા હતી અને આપણી પ્રાચીન સંસ્કૃતિના તેઓ પ્રેમી હતા. ગ્રામજીવનનો તેમને સારો અભ્યાસ હતો.

"તે સારા અભ્યાસી હતા. મરણ દિવસના પાંચેક દિવસ અગાઉ જ ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં, તેમના નિયમ પ્રમાણે, ચોપડીઓ લેવા દેવા આવ્યા હતા. અભ્યાસ કરે તેમાંથી તે નોંધો લખતા, એ મને તેમના પુત્રે બતાવેલાં કાગળિયાં પરથી જાણ્યું. તેમાંથી થોડુંક આ સાથે તમને મોકલું છું, તેનો ઉપયોગ કરી શકો તો જોજો."

પ્રભુ આ બેઉ સદ્‌ગતના આત્માને શાંતિ આપો.

[માર્ચ, ૧૯૪૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૧

શ્રી. જમનાદાસ ગાંધી

શ્રી. જમનાદાસભાઈ ગાંધી વિષે એમના એક વિદ્યાર્થી એક સ્વજનને લખે છે :—

"મુ. શ્રી. જમનાદાસભાઈના અવસાનના ખબર વાંચ્યા ત્યારથી કોને મારું દુ:ખ કહું? મને મારો ભૂતકાળ ૨૦ વર્ષ પાછળ લઈ ગયો. . .

"જમનાદાસભાઈ શિક્ષક હોય અને એમની પાસે શીખવા બેસવું એ પણ એક અહોભાગ્ય હતું. જાણે વિદ્યાનો ભંડાર, એ પણ અગાધ. ભરાય તેટલું ભરો, પણ એમાં ઊણપ ન આવે. એમનો સૌથી મોટો ગુણ ઘણી સાદાઈ તથા સાગર જેવું વિશાળ હૈયું અને માફ કરવાની શક્તિ. એમને ગરમ થતા જોયાનું યાદ નથી આવતું. જ્યારે જાઓ ત્યારે જાણે તમારી જ રાહ જોતા હોય તેમ આવકારવા તૈયાર અને બધાં કામ પડતાં મૂકી આપણને સાંભળ્યા કરે. સામાને જરાય અપમાન જેવું ન લાગે તેની જાણે સતત કાળજી રાખ્યા કરે. પોતે ઘસાઈને સામાને ઉપયોગી થવા હંમેશ પ્રયત્ન કરતા.

"આવું આવું તો ઘણું જ લખવા કલમ તલપી રહી છે. પણ દુનિયામાં ઘણે હોય છે તેમ આને પણ મર્યાદા છે અને અમર્યાદા રાખ્યે એ જીવ થોડો સામો આવવાનો છે? અમે વિદ્યાર્થી હતા ત્યારથી અત્યાર સુધીમાં છેલ્લા થોડાક વખત સિવાય એ જ સંબંધ જાળવી રહ્યા હતા. એટલે અમને તો અમારા મહાન ગુરુજી ગયા અને એ ભણાવી ગયા એ યાદ કરીને પચાવવું રહ્યું. બને તો બીજાને એ આપવાનું રહ્યું.

"શાળા સફળ નીવડી કે નિષ્ફળ? એ માટે બીજા ભલે ગમે તે કહે. જો એક આત્માની પણ કિંમત આંકી શકાતી હોય તો હું એમ કહું કે, શાળા સફળ નીવડી છે. એણે માટીમાંથી માણસો બનાવ્યા છે; મરદો બનાવ્યા છે. અમારા જેવા બીજા ઘણા વિદ્યાર્થીઓ જોશો કે અતિ સામાન્ય બુદ્ધિના કેટલે પહોંચ્યા અને શાળા ન હોત તો ક્યાં હોત! આટલા પૂરતી પણ સફળતા નાનીસૂની નથી."

શ્રી. જમનાદાસ ગાંધી રાજકોટની રાષ્ટ્રીય શાળામાં કામ કરતા હતા. સ્વભાવથી તે શિક્ષક હતા. એમનો એક વિદ્યાર્થી ઉપરનું લખે છે, તે વાંચી દરેક શિક્ષકને પોતાના કાર્યની મહત્તા સમજાઈ તે પર પ્રેમ થયા વગર નહિ રહે.

[૨૨-૨-'૪૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૨
શ્રી. લક્ષ્મીશંકરભાઈ પાઠક

કાઠિયાવાડના એક મૂક સેવક શ્રી. લક્ષ્મીશંકરભાઈ પાઠકનું અવસાન તા. ૪–૮–'૪૭ને સોમવારે માત્ર એક જ દિવસની કૉલેરાની માંદગીથી તેમની કર્મભૂમિ — છાયા હરિજન આશ્રમમાં થયું છે. આ દુ:ખદ સમાચારથી સમસ્ત કાઠિયાવાડને અણધાર્યો આંચકો લાગ્યો છે. સદ્‌ગત પાઠકજી એક સાવ સાદા એકનિષ્ઠ મૂક સેવક હતા.

જુનિયર બી. એ. સુધી અભ્યાસ કરી તેમણે ટપાલખાતાની નોકરી લીધી હતી. ૧૯૨૩ના નાગપુર ધ્વજ-સત્યાગ્રહ પછી સરકારી નોકરીને તિલાંજલિ આપી તેમણે ગાંધીજીના સિદ્ધાંત અનુસાર જીવન જીવવા માટે ભેખ ધારણ કર્યો હતો. સત્યાગ્રહ આશ્રમ સાબરમતીમાં સ્વ૦ મગનલાલ ગાંધી સાથે તેમણે ખેતીખાતામાં કામ શરૂ કરેલું. વઢવાણ રાષ્ટ્રીય શાળામાં સ્વ૦ ફૂલચંદભાઈ અને ચમનભાઈ વૈષ્ણવના સાથી તરીકે તેઓ દોઢેક વર્ષ રહેલા.

ત્યાર બાદ છાયા હરિજન આશ્રમની સ્થાપના થતાં ૧૯૨૮ની સાલથી ત્યાં વસ્યા અને ૧૯ વર્ષની એકધારી મૂંગી સેવાથી પોરબંદર પંથકના હરિજનો અને સવર્ણોના દિલમાં તેમણે સત્યપ્રીતિ, નિ:સ્વાર્થતા અને સેવા-ભાવનાં બીજ રોપ્યાં હતાં.

૧૯૩૦ની સાલના સત્યાગ્રહ-સંગ્રામમાં ધારાસણાની ધાડમાં શ્રી. શંભુશંકર ત્રિવેદીના જોડીદાર તરીકે તેઓ ગયા હતા. અમલદારોના અસહ્ય જુલમો હસતે મોઢે સહન કરીને તેમનાં દિલ પિગળાવ્યાં હતાં. અમલદારોએ આખરે એ બંનેને પકડીને એક વર્ષનો કારાવાસ આપ્યો હતો.

તેમના અવસાનથી કાઠિયાવાડને ન પૂરી શકાય એવી ખોટ પડી છે. પોરબંદરનાં હરિજનો પોતાના સ્વજનના અવસાન જેટલું કલ્પાંત કરી રહ્યાં છે. સદ્‌ગત પાઠકજીનાં પત્ની શ્રી. વિજ્યાબહેન ઉપર લખેલા શ્રી. નાનાભાઈ ભટ્ટના પત્રથી સદ્‌ગતનો સારો પરિચય મળી રહે છે :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ચિ. વિજયાબહેન,

આજે સાંભળતાં હૈયું ધ્રૂજી જાય એવા સમાચાર સાંભળ્યા. પાઠકજી ગયા! પહેલાં તો હું આ ખબર માની જ ન શક્યો. પણ ન માનું તો કેમ ચાલે? આ બનાવથી આખા કાઠિયાવાડે એક ભારે સેવક ગુમાવ્યો છે. તમે બંનેએ કેટકેટલું કર્યું છે અને કેટકેટલું સહ્યું છે તેનો સાક્ષી એક ભગવાન છે. અમે—કાઠિયાવાડ પાઠકજીની કદર નથી કરી શક્યા, એમ મારું મન સાક્ષી પૂરે છે.

બહેન! તારે માથે તો આભ તૂટી પડયું. છાયા આશ્રમને રામભાઈએ છોડયો, હેમુભાઈએ છોડયો, ન છોડયો એક પાઠકજીએ. આજે એ પાઠકજી વિના તમારો આખોયે આશ્રમ તો રડતો હશે. પાઠકજીનાં પગરખાંમાં પગ મૂકનારો હજી બીજો કોઈ જોયો નથી. આપણી નાત અને આપણાં કુટુંબીઓ પાઠકજીની પોતડીની પાછળ જે તેજ હતું તેને ઝીલી ન શક્યાં. આપણે એને ગાંડા ગણ્યા. આજે મારા જેવા કૈંક ડાહ્યા માણસોને પાછળ મૂકીને એ તો પ્રભુના દરબારમાં પહોંચી ગયા. એમના આત્માને આવા દુ:ખમાં પણ શાંતિ હતી. તો ત્યાં હોય જ ના?

પ્રભુ એમની કદર કરવાની આપણને આંખ આપો."

ભાવનગર,
તા. ૬–૮–'૪૭

ભાઈ લક્ષ્મીશંકરના અવસાનની ખબર, ઉપરની આ નોંધ મને તેમના એક સ્નેહીજન તરફથી મળી, ત્યારે જ પડી. છાપાંમાં એ ખબર આવી હોય તો મારી નજરે પડી નથી. ભાઈ લક્ષ્મીશંકર એ વાર્તાલેખક શ્રી. રામનારાયણ નાગરદાસ પાઠકના મોટા ભાઈ થાય. હું એમને તે સાબરમતી આશ્રમમાં હતા ત્યારના ઓળખું છું.

એમના જેવા નિર્વ્યાજ અને અઠંગ સેવક ઓછા હશે. કીર્તિ કે જાહેરાતની એમને ઇંદ્રિય જ નહોતી એમ કહી શકાય. જે કામને વળગે તેને ઝોડની જેમ વળગવાની એમની સહજ પ્રકૃતિ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમમાંથી તે ગયા ત્યાર બાદ ધારાસણાના દવાખાનામાં ઘાયલ થઈને પડેલા જોયા હતા. ત્યાર બાદ એકાદ વાર ભાગ્યે મળવાનું થયું હશે.

આજે પણ એમની સુકલકડી લાંબી દેહ, હસતો ચહેરો, નાની પોતડી પર ટૂંકડું પહેરણ અને ટોપીનો પહેરવેશ, અને કામ પર જવાને હર ઘડીએ મલપતી તલપતી એમની કાયા મારી નજર આગળ ખડી થાય છે.

એવાઓનાં શ્રમ અને નિઃસ્વાર્થ સેવાદાન વડે આજે આપણે સ્વરાજ પામીએ છીએ. તેઓ સાચા સાત્ત્વિક અને શાંત શહીદ છે. એવી શહીદીનો સંદેશ ભાઈ પાઠક આપણને આપતા ગયા છે, તે ન ભૂલીએ.

[ઑગસ્ટ, ૧૯૪૭]

.CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૩

શ્રી. શિવાનંદજીની શહીદી

સૌરાષ્ટ્રના અમર સેવક શ્રી. શિવાનંદજીના દેહાન્ત વિષે તે જ વખતે હાજર એવા તેમના સાથી કાર્યકર્તા શ્રી. બાબુભાઈનો પત્ર મને મળ્યો છે. તેમાં આપેલું વર્ણન સૌને પહોંચાડવા જેવું છે. એથી શ્રી. શિવાનંદજી કેવા મહાપુરુષ હતા તે પણ જાણાય છે.

"વૈશાખ સુદ ૭ને શુક્રવારે રાત્રે અમે અગિયાર વાગ્યા સુધી 'શ્રમયજ્ઞ' અહીં તા. ૧૫મીથી ૨૫મી સુધી ચલાવવાનો હતો, તે વિષે વાતચીત કરીને સૂઈ ગયા. રાત્રે દોઢ વાગ્યે બંદૂકનો અવાજ થયો એટલે હું જાગી ગયો. પણ મને એમ શંકા રહી કે, રોન ફરનાર માણસે બંદૂકનો અવાજ કર્યો હશે. પણ ચીસ સંભળાઈ એટલે દોડતો તેમની પાસે ગયો. સ્વામીજી દરરોજ ફળિયામાં એક ઓટલા ઉપર સૂતા હતા. પાસે એક બહેન ફાનસ લઈ પૂછતાં હતાં, ત્યાં તુરત જ હું પહોંચ્યો. 'સ્વામીજી શું થયું?' એટલે તેમણે કહ્યું કે, 'જીવડું કરડયું છે.' એટલે હું આસપાસ શરીરે જોવા લાગ્યો, તો પેટ ઉપર લોહી નીકળતું હતું. ત્યાં બીજી તરફ લોહી વહેતું હતું. તેથી કમુબહેને કહ્યું કે, 'અહીં પણ લોહી વહે છે.' એટલે મેં કહ્યું કે, 'આ તો ગોળી વાગેલી છે.' એટલે સ્વામી શિવાનંદજીએ કહ્યું કે, 'વાહ, સરસ મૃત્યુ!' અને ત્યાર પછી ઈશ્વરભજન કરવા તથા ગીતા વાંચવાનું કહ્યું. તેઓ વેદના હસતે મુખે સહન કરતા હતા. આ ગામડામાં બિલકુલ સગવડ નહિ એટલે ગામલોકોને બોલાવ્યાં. ગામલોકો પાસે સાયલા દોડયા. ત્યાંથી ચાર વાગ્યે ડૉક્ટર તથા ફોજદાર આવ્યા. દાક્તરે પ્રાથમિક સારવાર કરી. ગામના લોકો આવા કૃત્યથી ઉશ્કેરાઈ ગયા હતા અને (ખૂની) પાછળ પડવાનું કહ્યું, ત્યાં સ્વામીજીએ કહ્યું, 'એ એનું કામ કરી ગયો, આપણે આપણું કામ કરીએ.' જ્યારથી ગોળી વાગી ત્યારથી સચ્ચિદાનંદનો જપ. ૐ સિવાય મોહ, માયા, મમતા, તજી દીધી હતી. ગોળી મારનાર માણસ તરફ એક પણ હિચકારો શબ્દ બોલ્યા નથી. હું જ્યારથી ગોળી વાગી કે જ્યારે દેહ છોડયો ત્યાં સુધી તેમની સાથે જ હતો."

આવાં ખૂનો આપણા દેશમાં થાય, એ ચિંતાની વસ્તુ છે. ક્રોધ, વેર, ઇ૦ થી ખૂનના ગુના થાય, એ એક વાત; પણ શિવાનંદજી જેવાનું ખૂન એવું નથી. આઝાદીને પ્રારંભે રાષ્ટ્રપિતાના ખૂનની જાતનું આ ખૂન ગણાય. એ તો તદ્દન હિચકારું ગણાવું જોઈએ. શિષ્ટ સમાજમાં આ તો બનવું જ ન જોઈએ.

[૧૮-૬-'૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪

શેઠશ્રી વાલચંદ હીરાચંદ

હિંદના એક જાણીતા અને સાહસિક ઉદ્યોગપતિ શેઠશ્રી વાલચંદ હીરાચંદ ૭૧ વર્ષની વયે થોડા વખત પર ગુજરી ગયાના દુ:ખદ સમાચારની નોંધ લેવી ઘટે છે. તે સિદ્ધપુર જાત્રાએ ગયેલા અને ઓચિંતા ત્યાં જ ઢળી પડ્યા.

એક મિત્રે આ ખબર જાણીને કહ્યું, સરદાર પટેલનો જમાનો ખરતો જવા લાગ્યો. શેઠ વાલચંદ સરદારસાહેબના મિત્ર હતા. ઉદ્યોગપતિઓમાં પણ સરદારસાહેબને અનેક મિત્રો હતા.

સરદારસાહેબના મૈત્રી-સંબંધમાં એક વસ્તુ એ રહેલી જોવા મળે છે કે, એમના મિત્રો સાહસિક, બહાદુર અને મોટા કરવૈયા હોય છે. આ ગુણોની તે સહજ ભાવે તારીફ કરતા ને તેમને દેશનાં કામોમાં ખેંચવા તત્પર થતા.

શેઠ વાલચંદ એ ગુણો સારી પેઠે ધરાવતા હતા. જે જમાનામાં વહાણવટાનો ઉદ્યોગ બ્રિટિશ વહાણવટાની હરીફાઈમાં ઊભો પણ ન થઈ શકે, તે યુગમાં શેઠે તે સાહસ ખેડ્યું અને સામે વહેણે જઈને પણ દેશનો એ નાશ પામેલો ધંધો ખીલવ્યો અને આગળ લીધો. આપણા કાપડના પ્રાચીન ધંધા પેઠે જ વહાણવટાનો ધંધો પણ જગજાહેર હતો. તે તૂટ્યો અને તેની જગ્યા યુરોપના ઉદ્યોગે લીધી, એ જાણીતી વાત છે. એને પાછો ઊભો કરવામાં શેઠ વાલચંદે આગેવાની કરી.

એની કદર રાષ્ટ્રે એ રીતે કરી કે, સ્વતંત્રતાના સાર રૂપે દેશે ૧૯૩૦માં અંગ્રેજ સરકાર આગળ જે અગિયાર શરતો મૂકી, તેમાં દેશના વહાણવટાને ઉત્તેજન અને રાહત આપવાની એક શરત રાખવામાં આવી હતી.

આ જાતની હામ ભીડીને શ્રી. વાલચંદ શેઠે દેશની આગેકૂચમાં કીમતી ફાળો આપ્યો હતો, એ આપણે કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રતાની લડતના એ યુગમાં આપણા ઉદ્યોગપતિઓ આ રીતે પોતાની દેશભક્તિ અને સાહસશક્તિ બતાવી શકતા હતા. આજે યુગ બદલાયો છે. હવે આપણે ઉદ્યોગપતિઓ પાસે એ આશા રાખીએ છીએ કે, આમ-પ્રજાના નાનામોટા ગૃહોદ્યોગો અને ગ્રામોદ્યોગોની રક્ષા કરવાનું સાહસ તેઓ ખેડે અને એમના વિકેન્દ્રિત ઢબના સંગઠનમાં પોતાની આવડત વાળે. ખાસ કરીને તો એ કે, એવા ઉદ્યોગોની સામે તેઓ પોતાના યંત્રોદ્યોગને હવે સાચવવા ન તાકે.

ગાંધીજી ઉદ્યોગપતિઓને આ વસ્તુ પોતાના ટ્રસ્ટીપણાના સિદ્ધાંત દ્વારા યાદ કરાવતા. તે સિદ્ધાંત પાળી બતાવવાનો યુગ હવે શરૂ થાય છે. તેમાં પણ ઉદ્યોગપતિઓ, શેઠ વાલચંદનો ધડો લઈ, સાહસ અને દેશભક્તિ નવા યુગની જરૂર મુજબ નવી ઢબે પ્રગટાવે, તો આપણા આ સદ્‌ગત ઉદ્યોગ-પતિને આપણે સાચી અંજલિ આપી લેખાય. કેમ કે યુગને શોભે એવી ઉદ્યોગનીતિ પેદા કરવી, એ શેઠ વાલચંદનાં કામોમાંથી મોટો પાઠ લેવા જેવી વસ્તુ હતી.

પ્રભુ તેમને શાંતિ બક્ષો.

[૧૩-૪-'૫૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૫

સદ્‌ગત ઈશ્વરલાલ માસ્તર

નવસારી હાઈસ્કૂલના સંસ્થાપક અને આચાર્ય તથા સુરત જિલ્લા સ્કૂલ બોર્ડના વાઈસ-ચૅરમૅન શ્રી ઈશ્વરલાલ નાગરજી નાયકના અવસાનની નોંધ લેતાં દુ:ખ થાય છે. કાલે ખબર મળ્યા કે, અચાનક હૃદયરોગના હુમલાથી તે પથારીવશ થયા છે અને દાક્તરો કહે છે કે, જો ૨૪ કલાક કાઢે તો ભય-મુક્ત થાય. નિર્મ્યું હોય તેમ જ થાય છે — ૨૦ કલાકમાં જ તે ગયા. પ્રભુ એમને પોતાના ધામમાં પરમ શાંતિ આપો.

સદ્‌ગતના મિત્રો એમને ઈશ્વરલાલ માસ્તર અથવા ટૂંકમાં 'માસ્તર' કહેતા. જિંદગીભર તેમણે કેળવણીનું કામ કર્યું. ૧૯૨૪માં વડોદરા કૉલેજમાંથી બી. એ. થઈ તે સુરત જિલ્લામાં સૂપા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને થોડાંક વરસોમાં તેના આચાર્યપદે પહોંચ્યા. ખાનગી હાઈસ્કૂલોના વહીવટ વિષે ફરિયાદ કરવાપણું આજે પણ રહેલું છે. માસ્તરને તેનો અનુભવ સૂપામાં સારી પેઠે થયો.

૧૯૩૪માં તેમણે પોતાના મિત્રમંડળની સાથે મળીને સ્વતંત્ર હાઈસ્કૂલ નવસારીમાં કાઢવા નિરધાર્યું અને તે સાલમાં સૂપાથી છૂટા થયા. તેમનું મિત્રમંડળ એટલે, આઝાદીના યુદ્ધમાં ઝુકાવનારા નવજુવાનો ઘણાખરા હતા. સૂપાથી છૂટતાં તેમણે તેમને કાંઈક વિનોદમાં પણ પોતાના અનુભવ પરથી કહ્યું, તમને તો આઝાદી મળે ત્યારે મળે, હું તો આજે ખરેખર આઝાદ થયો છું.

અને એ એમણે અક્ષરશ: સાચું પાડી બતાવ્યું. ત્યારથી તેમનાં વ્યક્તિત્વ તથા શક્તિનો વિકાસ બરોબર થવા લાગ્યો. તેમણે ૧૯૩૪માં નવસારી હાઈસ્કૂલ સ્થાપી. તે દ્વારા શિક્ષણમાં રાષ્ટ્રીય વિચારોને પૂરું સ્થાન આપ્યું. અને પોતે પણ રાષ્ટ્રની આઝાદીને રંગે બરોબર રંગાતા ગયા. નવસારીમાં તેમનાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને સેવાશક્તિને વિકસવાનું પૂરું ક્ષેત્ર મળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવસારી હાઈસ્કૂલ જોતજોતામાં એક માતબર શિક્ષણસંસ્થા બની અને તેની આસપાસ દેશપ્રેમી એવા નવજુવાનોનું શિક્ષકમંડળ જામ્યું એટલું જ નહીં, નવસારી વિભાગનાં અનેકવિધ રચનાકાર્યોનું પણ તે કેન્દ્ર બન્યું.

૧૯૪૬માં માસ્તર અને તેમના મિત્રોએ હાઈસ્કૂલને જાહેર ટ્રસ્ટ રૂપે મૂકી દીધી. વડોદરા રાજ્ય વિલીન થતાં, નવસારીની દીનબાઈ દાબુ ગર્લ્સ હાઈસ્કૂલનો વહીવટ પણ સરકાર પાસેથી આ ટ્રસ્ટને મળ્યો. આમ માસ્તરનું કામ છેલ્લાં ૨૦ વરસમાં ફૂલ્યુંફાલ્યું. તેની સાથે એમની કાર્યશકિત અને સેવાપરાયણતાની સુવાસ નવસારી વિભાગના જાહેરજીવન ઉપર પણ સારી પેઠે પથરાઈ.

તે નવસારી ગામના એક અગ્રગણ્ય અને સૌના વિશ્વાસુ એવા નાગરિક બન્યા. નવસારી માટે અનાજના કંટ્રોલના જેવા માથાકૂટિયા કામને તેમણે સફળ કર્યું એટલું જ નહીં, પ્રામાણિકતા અને સચ્ચાઈથી તે કામ કરીને નવસારી શહેર પર ઉમદા છાપ પાડી. ૧૯૪૦થી દેશની સ્વતંત્રતાની લડતમાં તે પડ્યા. ૧૯૪૦માં વ્યકિતગત સત્યાગ્રહ ઉપરાંત ૧૯૪૨માં પણ તે જેલ ગયા. નાશિક જેલમાં મારી સાથેનાં કેટલાંય સુખદ સંભારણાં આજે યાદ આવે છે.

શિક્ષણક્ષેત્રમાં તે સુરત જિલ્લાના પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણમાં એક આગેવાન કાર્યકર્તા ગણાતા. વરસોથી જિલ્લા સ્કૂલ બોર્ડના તે સભ્ય અને હમણાં વાઈસ-ચૅરમૅન હતા. ગુજરાતનાં સ્કૂલ બોર્ડો તરફથી મુંબઈ રાજ્યના પ્રાથમિક શિક્ષણ બોર્ડના સભ્ય હતા. હિંદી-પ્રચારમાં તે શરૂઆતથી રસ લેતા હતા અને સુરત જિલ્લામાં તે કામનો ભાર તે ઉઠાવતા હતા. પોતે પણ પરીક્ષા આપી હિંદીનો અભ્યાસ કરતા હતા.

એમના જેવા દિલદાર અને મિલનસાર તથા નિખાલસ અને સરળ સ્વભાવના તથા ભારે વિનોદી મિત્ર મળવા એ એક મારે માટે લહાવો જ માનું છું. તે ધર્મપરાયણ આસ્તિક પુરુષ હતા.

શિક્ષણ અને સંસ્કાર દ્વારા રાષ્ટ્રની સેવા કરતા કરતા તે ઓચિંતા ગયા. તેમના જવાથી સુરત જિલ્લાએ એક નિષ્ઠાવાન સેવક અને કેળવણીકાર ગુમાવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પ્રભુ તેમના કુટુંબને તથા બહોળા મિત્રમંડળને આ દુઃખ સહેવા ધૈર્ય આપો.

[૧૧-૧૧-'૫૩]

તા. ક.

ઉપરનું લખ્યા પછી, સદ્‌ગત માસ્તરની બાબતમાં કેટલીક વિશેષ હકીકતો મળી છે તે નીચે ઉતારું છું :—

સદ્‌ગત શ્રી. ઈશ્વરલાલ નાયક ગણદેવી તાલુકાના વેગામના વતની હતા. ૧૮૯૮માં એમનો જન્મ થયો હતો. ગરીબ સ્થિતિમાં ઊછરી, વસંત આશ્રમ અબ્રામામાંથી મેટ્રિક થયા. ઉચ્ચ શિક્ષણ સુરતની એમ. ટી. બી. કૉલેજ તથા વડોદરા કૉલેજમાં લઈ, બી. એ. થયા.

નવસારી શહેરની ગાંધી સ્મારક ફાળો ઉઘરાવનારી સમિતિમાં મંત્રી તરીકે રહી અણમોલ સેવા આપી. શહેર તરફથી એ ફાળામાં રૂ. ૧,૩૧,૦૦૦) એકઠા થયા એનો મોટા ભાગનો યશ એમને જ છે. નવસારીની બધી કૉંગ્રેસ પ્રવૃત્તિમાં એમનો આગળપડતો ભાગ હોય છે. કૉંગ્રેસ જિલ્લા લાયકાત તપાસ સમિતિના પણ એઓ સભ્ય હતા.

નવસારી શહેરની વિવિધ-કાર્યકારી સહકારી મંડળીના એઓ શરૂઆતથી જ પ્રમુખ થયા હતા. એ સંસ્થાના અત્યાર સુધીના સફળ સંચાલનમાં એમનો ફાળો મુખ્ય હતો.

સરકારે એમને બીજા વર્ગના માનદ મૅજિસ્ટ્રેટ બનાવ્યા. એ પદને પણ એમણે સેવાનું ક્ષેત્ર બનાવી તાલુકાની પ્રજાને ખૂબ મદદ કરી છે.

નવસારીમાં રહેતાં છતાં એમના વતનના ગામને એઓ કદી ભૂલ્યા નહોતા. ગામના રસ્તાઓની સુધારણા તેમ જ શાળાનું મકાન બંધાવવાના કામમાં એમનો મુખ્ય ભાગ હતો. ગામની બધી કોમના માણસોના એઓ હંમેશાંના સલાહકાર અને મદદગાર હતા.

શહેરમાં અવસાનના સમાચાર ફેલાતાં વિદ્યાર્થીઓ તેમ જ લોકોનાં ટોળે ટોળાં એમના ઘર આગળ જમા થઈ ગયાં. ત્રણેક હજાર લોકોએ એમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃતદેહના દર્શન કર્યાં. એમાં હિંદુ, મુસ્લિમ, પારસી, બધી કોમનાં સ્ત્રી-પુરુષો હતાં. બધી કોમનાં અનેક સ્ત્રીપુરુષોએ એમને પુષ્પાંજલિ આપી. એમની સ્મશાનયાત્રામાં પણ પાંચસો સાતસો પુરુષોએ ભાગ લીધો હતો, એ એમની લોકપ્રિયતાનો પુરાવો છે.

નવસારીમાં એઓ 'માસ્તર'ના આદર-પ્રેમ-સૂચક નામથી જાણીતા હતા. એમના માનમાં તા. ૧૨મીએ શહેરની ઘણીખરી શિક્ષણ-સંસ્થાઓ તેમ જ વ્યાપારી બજારોએ સંપૂર્ણ હડતાળ પાડી હતી.

[૧૪-૧૧-'૫૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૬

સ્વ૦ દેસાઈભાઈ પટેલ

ખેડા જિલ્લાના એક પીઢ અને જૂના કાર્યકર્તા શ્રી. દેસાઈભાઈ નાથાભાઈ પટેલના ઓચિંતા અવસાનની નોંધ લેતાં દુ:ખ થાય છે. સાઠ વર્ષની ઉંમરે, બે જ દિવસની ટૂંકી માંદગી ભોગવી, તેમણે દેહ છોડી.

તે ઉત્તમ શિક્ષક અને રાષ્ટ્રપ્રેમી કેળવણીકાર હતા. આખી જિંદગી તેમણે રાષ્ટ્રીય શિક્ષણને અર્પી, તથા દેશની આઝાદીને માટે તેના સૈનિક તરીકે ઝૂઝ્યા. રાષ્ટ્રીય શિક્ષણમાં અસહકારના જમાનાથી તે જોડાયા હતા.

કન્યા-કેળવણીનું ક્ષેત્ર એમને ખાસ પ્રિય હતું. ૧૯૩૬માં નડિયાદ મુકામે વિઠ્ઠલ કન્યા વિદ્યાલય સ્થપાયું ત્યારથી તેમણે તેના આચાર્યપદે કામ શરૂ કર્યું, અને તેમાં લગભગ છેવટ સુધી રહ્યા.

છેલ્લાં વરસોમાં તેમનું કાર્યક્ષેત્ર ખેડા જિલ્લાનું સ્કૂલ-બોર્ડ પણ હતું; તે તેના ચૅરમૅન હતા. તથા ગ્રૅજ્યુએટો તરફથી મુંબઈની કાઉન્સિલમાં પણ ચૂંટાયા હતા.

તેમના જવાથી ગુજરાતે એક પીઢ અને નિષ્ઠાવાન સેવક તથા સાચો દેશભક્ત અને અનેક સેવકોએ એક મમતાળુ મિત્ર અને સાથી ખોયો છે.

તેમના પરિવારને પ્રભુ આ ફટકો સહન કરવાનું બળ આપો.

[૨૦-૧૨-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૭

સદ્‌ગત શ્રી. અમૃતલાલ શેઠ

શ્રી. અમૃતલાલ શેઠ થોડા દિવસ ઉપર મુંબઈમાં ગુજરી ગયાના દુઃખદ સમાચાર મળ્યા.

સૌરાષ્ટ્રની સામંતશાહી ભૂમિમાં સ્વતંત્રતા અને લોકશાહીની જાગૃતિ પ્રેરનાર થોડા લોક ગાંધીયુગમાં જાગ્યા, તેમાંના એક શ્રી. શેઠ હતા.

તે કામને માટે તેમણે પત્રકારીને સાધન બનાવ્યું હતું. તે અર્થે તેમણે સૌરાષ્ટ્રની પરિસ્થિતિમાં કામ દે તેવી શૈલી અને રીતરસમો ખીલવી, જેની અસર ગુજરાતનાં છાપાં પર પડેલી હજી જોવા મળે છે.

'જન્મભૂમિ' પત્રને તેમણે જન્મ આપ્યો.

છેલ્લાં થોડાંક વરસથી તે બહુધા નિવૃત્ત થયા હતા. તેમની તબિયત પણ સારી નહોતી રહેતી. છતાં તેમનો જુસ્સો તો તે જ હતો.

પ્રભુ તેમને શાંતિ આપો.

[૮-૮-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૮

શ્રી. રામદાસ ગુલાંટી

શ્રી. રામદાસ ગુલાંટી તા. ૨૯–૪–'૫૫ના રોજ, તેમના ભાઈ ધૂળિયામાં દાક્તર છે, તેમને ત્યાં અવસાન પામ્યાના દુઃખદ સમાચાર મળ્યા છે. કેટલાક વખતથી તે કૅન્સરના રોગથી પીડાતા હતા.

કામધંધે તે સરકારી ઈજનેર હતા. ૧૯૩૪માં તે દેશ-સેવાના ક્ષેત્રમાં ખેંચાઈ આવ્યા અને અંત સુધી તેમાં કામ કર્યું. ગાંધીજી અને સ્વ૦ શ્રી ઠક્કરબાપાએ તેમનું આ પરિવર્તન કર્યું એમ કહેવાય.

દેશને તેમની પહેલી જાણ ફૈજપુર મહાસભાના ઈજનેર તરીકે થઈ. પછી લગભગ દરેક મહાસભાની બેઠકનું બાંધકામ એ સંભાળતા હતા.

ઈ. સ. ૧૯૪૭ પછી તે વલ્લભ વિદ્યાનગર, આણંદમાં આવ્યા, ત્યાં સુધી તે ઠક્કરબાપા જોડે દિલ્હી હરિજન આશ્રમમાં કામ કરતા હતા. '૪૭ પછી તે આણંદની ઈજનેરી કૉલેજમાં તેના ઉપાચાર્ય તરીકે જોડાયા, અને થોડા માસ ઉપર અતિ માંદા પડી ધૂળિયા ગયા ત્યાં સુધી સેવાભાવપૂર્વક તે કામ કરતા રહ્યા.

તે સારા ઈજનેર તરીકે જાણીતા હતા. ખૂબ નમ્ર અને ભક્તહૃદયના સજ્જન હતા. આ ગુણોએ કરીને તે વિદ્યાર્થીઓનું આદરમાન પામતા. શિક્ષણમાં સેવાભાવ અને અર્પણબુદ્ધિથી કામ કરવાનું આજે જ્યારે વિરલ થતું જાય છે, ત્યારે ભાઈ ગુલાંટીનો દાખલો નોંધપાત્ર ગણાય. એ લાભ ગુજરાતને મળ્યો હતો, તે માટે એ એમનું ખાસ ઋણી રહેશે.

ભાઈ ગુલાંટીના દેહાંતથી દેશે એક ઉમદા સેવક અને સેવાભાવી ઈજનેર ગુમાવ્યો છે. પ્રભુ એમને શાંતિ આપો.

[૫-૫-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૯

સ્વ૦ મોરારભાઈ પટેલ

ગુજરાતના સૌ સેવકો સ્યાદલાના લોકસેવક શ્રી. મોરારભાઈ પટેલને ઓળખે છે. કેટલાક મહિનાથી તે માંદા હતા અને ગઈ તા. ૯–૯–'૫૩ના રોજ દેવલોક પામ્યા. તેમનાં કુટુંબીઓને દિલસોજી પાઠવું છું.

ભાઈ મોરારભાઈ ગામડા ગામના એક સાદા સરળ ખેડૂત હતા. તે ઝાઝું ભણ્યા હતા એમ ન કહેવાય. પરંતુ સમજશકિત તથા દેશપ્રેમમાં તથા ત્યાગ અને બલિદાનશકિતમાં એ ભણેલાથી ગાંજ્યા જાય એવા નહોતા.

બારડોલીના ખેડૂત સત્યાગ્રહે આ ગામડા ગામમાં ઢંકાયેલા હીરાને બહાર આણ્યો. તે લડતમાં ભાગ લેનારા અનેક વીર ખેડૂતોમાં ભાઈ મોરારભાઈ એક આગળપડતા હતા. બધું ફના કરીને ઝૂઝનારાઓમાં તે એક હતા. એમનો ત્યાગ અને એમની હિંમત એ લડતમાં કીમતી બન્યાં હતાં.

છેક ૧૯૨૦થી તેઓ રાષ્ટ્રસેવાના રંગે રંગાયા હતા અને મદ્યનિષેધની પ્રવૃત્તિ તેમણે ઉપાડી હતી. તથા તે માટે એમને ત્રણ માસની સજા થઈ હતી. તે પછી ૧૯૨૮, '૩૦–'૩૧ અને '૩૨માં નાકરની લડતમાં જોડાઈ, એમણે ઉપરાઉપરી કારાવાસ વેઠ્યા હતા.

૧૯૩૭ પછી પ્રાંતિક સ્વરાજ આવ્યું ત્યારે સુરત જિલ્લાના મતદારોએ તેમને પોતાના પ્રતિનિધિ તરીકે ધારાસભામાં મોકલ્યા અને ત્યાં તે ૧૯૩૯માં તેનો ત્યાગ જાહેર થયો ત્યાં સુધી રહ્યા. ફરી પણ તે તેમાં ચૂંટાયા હતા. ૧૯૫૦માં તેમણે પોતાની નરમ તબિયત જોઈ તે કામ છોડ્યું.

સત્યાગ્રહની લડતોમાં તે હંમેશ ભાગ લેતા ને ગમે તેવી તબિયત છતાં ઝાલ્યા રહ્યા નહોતા. છેલ્લી ૧૯૪૨ની જેલ પછીથી જ તેમની તબિયત બગડતી જતી હતી. છતાં છેવટ સુધી તે દેશનાં કામોમાં રસ લઈ બનતો ભાગ લેતા. બારડોલીનાં રચનાકાર્યોને તેમની મોટી ઓથ હતી.

તેમનો હસમુખો અને વિનોદી તથા મિલનસાર સ્વભાવ સૌને જીતી લેતો. તેમના જવાથી બારડોલીએ પોતાનો એક જબરો સેવક ગુમાવ્યો છે.

પ્રભુ તેમનાં કુટુંબીઓને એમની ખોટ સહન કરવા શકિત આપો.

['હરિજનબંધુ', ૧૩-૯-'૫૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૦

સ્વ૦ દુર્ગાબહેન

ગુજરાતમાં અને બહાર જેઓ શ્રી. મહાદેવભાઈને અંગત રૂપે ઓળખતા, તે સૌ તેમનાં ધર્મપત્ની શ્રી. દુર્ગાબહેનને પણ ઓળખતા.

સન ૧૯૧૭માં મહાદેવભાઈ ગાંધીજીની અને દેશની સેવામાં જોડાયા; ત્યારથી તે તેમના દેહાન્ત સુધી દુર્ગાબહેન એમનાં સાથી અને સહભાગી રહ્યાં—ગાંધીજીના સત્યાગ્રહાશ્રમનાં આશ્રમવાસી થયાં. આનો અર્થ શો છે, તે જેઓ જાણે છે તે જાણે છે.

આશ્રમનાં વ્રતો લઈને રહેવાનું એ જીવન કઠણ ત્યાગમય, અપરિગ્રહી, ગરીબાઈને વરેલું અને સતત સેવા- તથા શ્રમ- પરાયણ હોય છે. તેમાંય મહાદેવભાઈને ભાગે તો એવું કામ આવ્યું કે, તેને અંગે તેમણે વરસનો કેટલો મોટો ભાગ ગાંધીજીની જોડે પ્રવાસમાં રહેવું જોઈએ; અને તે એકાદ બે વરસ નહીં, આખી જિંદગી સુધી ચાલુ રહ્યું. દુર્ગાબહેન તેમાં હૃદયપૂર્વક સંમત હતાં, અને આશ્રમના ગાંધીજીના બહોળા કુટુંબનાં એક થઈને રહેતાં.

ગાંધીજી હસતાં હસતાં કહેતા, મહાદેવ તો દુર્ગાને જ નહીં, મને ને મારા કામને પરણ્યો છે. (મારા શબ્દોમાં સાર આ કહું છું.)એ વ્રત સદ્ગત મહાદેવભાઈએ કેવું યશસ્વી કરી બતાવ્યું છે, તે આપણે જાણીએ છીએ. એમાં દુર્ગાબહેનનો ફાળો ભારોભાર હતો.

દુર્ગાબહેન પોતે પણ સેવાનાં કામોમાં ભાગ લેતાં હતાં. ૧૯૧૮માં ચંપારણમાં ગાંધીજીએ સેવાશ્રમો ખોલ્યા, ત્યારે આશ્રમની બહેનો ત્યાં પહોંચી તેમાં દુર્ગાબહેન એક હતાં, તે ગાંધીજીનાં લખાણોમાં નોંધાયેલું જોવા મળે છે. દુર્ગાબહેન કહેતાં, 'અમને શું આવડે? બાપુ અમને હિંમત આપતા અને કહેતા કે, તમે કરી શકશો, અને અમે કામ કરતાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમજીવનમાં ઓતપ્રોત થઈને તે રહેતાં હતાં. ૧૯૩૦માં સત્યાગ્રહ શરૂ થયો. ૧૯૩૩માં ગાંધીજીએ આશ્રમ ખાલી કર્યો અને રાસ જવા આશ્રમવાસીઓની ટુકડી કાઢી. દુર્ગાબહેન એમાં જોડાયાં. તેમના એકના એક સંતાન ચિ. નારાયણને એ વખતે છૂટો કરતાં એમના માતાહૃદયને કેવું લાગ્યું હશે! પણ બહુ સહજતાથી એ દુ:ખ એમણે પોતાના અંતરમાં ભારી લીધું. જેલમાં ગયાં. ત્યાર બાદ ૧૯૩૫થી ગાંધીજી જોડે વર્ધા અને સેવાગ્રામ આશ્રમમાં ગયાં.

૧૯૪૨માં મહાદેવભાઈએ જેલમાં જ પ્રાણ છોડયા, તે વસમો વિયોગ એમને નસીબે આવ્યો. ચિ. નારાયણને સાથમાં લઈને તેય એમણે જીરવ્યો. ૧૯૪૭ બાદ વેડછી આશ્રમમાં ચિ. નારાયણે કામ કરવા માંડયું. દુર્ગાબહેને તેની સાથે ત્યાં રહેવાનું શરૂ કર્યું; તે એમના અંત સુધી.

કાલે અચાનક જાણવા મળ્યું કે, દુર્ગાબહેન પરમ દિવસે રાતે, હૃદય બંધ પડતાં, વેડછીમાં ગુજરી ગયાં. છેલ્લા કેટલાક વખતથી એમની તબિયત નરમગરમ તો રહેતી હતી. પરંતુ આમ ઓચિંતાં એ જશે એ તો કોણ જાણી શકે! વિધિના ખેલ વિધિ જ જાણે. ભગવાન એમને પોતાના ધામમાં શાંતિ આપો; ચિ. નારાયણ તથા સ્વ૦ના અન્ય પરિવારને આ ઘા ઝીલવા બળ આપો.

ગાંધીજીએ દેશની સેવાનાં વ્રતો આપીને કેટલીય બહેનોને રાષ્ટ્રના સ્વાતંત્ર્ય-યુદ્ધમાં મૂક રીતે છતાં વીરતાભર્યો ભાગ લેતી કરી હતી, તેનું ઉત્તમ દૃષ્ટાંત સ્વ૦ દુર્ગાબહેનનું જીવનકાર્ય આપે છે.

હિંદ સ્વરાજનો પાયો એમના જેવી બહાદુર બહેનોના તપ દ્વારા ગાંધીજીએ નાંખ્યો હતો. એની ઈમારત પણ બહેનોના એવા તપ વડે જ ખરું જોતાં રચાશે, એ દુર્ગાબહેનના જીવનનો આપણને સંદેશો છે.

[૨૨-૬-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GURUKULA KANGRI LIBRARY HARDWAR

૭૧

સદ્‌ગત શ્રી. કાશીબહેન ગાંધી

હિંદની સ્રીશકિતનો જાત-પરિચય ગાંધીજીને પ્રથમ પોતાનાં માતાજી અને ત્યાર પછી પૂ. કસ્તુરબા અને તે પછી એમના વિપુલ રાષ્ટ્રીય પરિવારમાં અનેકાનેક જે બહેનો આવતી ગઈ તે સૌ પાસેથી મળ્યો હતો, એમ કહી શકાય. એટલું જ નહિ, હિંદની સ્રીશકિતના તિતિક્ષાપૂર્ણ સ્નેહથી એમની તપસ્વી કડકતા કોમળ અને કુમાશદાર બની હતી.

એમના પરિવારની આવી અસંખ્ય બહેનોમાં શ્રી. કાશીબહેન છગનલાલ ગાંધી પૂ. બા પછી ગણાય. ૭૬ વર્ષની પાકી વયે થોડા દિવસ પર, સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં, ખૂબ શાંતિ- અને સમાધાન- પૂર્વક, એમનો દેહાન્ત થયો, તેની સખેદ નોંધ લઉં છું.

ગાંધીજીનો પરિવાર એટલે, એમણે જ કહ્યું છે એમ, તેમનો આશ્રમ. અને આ આશ્રમ એટલે દક્ષિણ આફ્રિકાથી માંડીને ઠેઠ ૧૯૪૭ સુધી તેઓ જ્યાં જ્યાં નિવાસ કરીને રહ્યા, ત્યાં ત્યાં આપોઆપ થઈ રહેતા એમના અનેક નિવાસ. તેમાં હિંદમાં સત્યાગ્રહાશ્રમ, કોચરબ અને સાબરમતી, મુખ્ય ગણાય છે, જેની પૂર્વ આવૃત્તિ દક્ષિણ આફ્રિકામાં પ્રથમ જન્મી હતી.

અ. સૌ. કાશીબહેન ગાંધી આફ્રિકાના આશ્રમથી બાપુના પરિવારમાં શરૂ શરૂથી જોડાયાં, તે અંત સુધી આશ્રમવાસી રહ્યાં. તે ગાંધીજીના પિતરાઈ ભત્રીજા શ્રી. છગનલાલ ગાંધીનાં પત્ની થાય. બાપુજી આફ્રિકામાં પોતાના કુટુંબના કેટલાક નવજુવાનોને લઈ ગયેલા. તેમાંના એક શ્રી. છગનલાલ કે જે સ્વ૦ મગનલાલ ગાંધીના તથા શ્રી. નારણદાસ ગાંધીના મોટા ભાઈ થાય.

છગનલાલભાઈ ગાંધી પોતાના કાકા જોડે પરદેશમાં કમાણી કરવાની સામાન્ય નજરે ગયા હતા. પણ પરમ તેજસ્વી કાકાની આગેવાની તળે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના આજીવન સાથી બન્યા તે બન્યા. સદ્‌ગત શ્રી. કાશીબહેન તેમની સાથે થયાં અને તેમનો આખો પરિવાર—એટલે કે પતિપત્ની અને બે દીકરા—આજ સુધી જાહેર સેવાના કામમાં રહ્યો છે.

આશ્રમનાં જૂનાં અનેક કુટુંબોમાં આ કુટુંબની આ ખાસિયત ખાસ તરી આવે છે. તેમાં મુખ્ય કારણ શ્રી. કાશીબહેન હતાં. દક્ષિણ આફ્રિકામાં જેલ જનારી બહેનોમાં તે પ્રથમ એક હતાં. દેશમાં આવીને ચંપારણ સત્યાગ્રહ-ક્ષેત્રે તે પહોંચ્યાં હતાં. ૧૯૪૦ની અંદર જેલ જનારાં પૈકી તે એક મુખ્ય આશ્રમવાસી બહેન હતાં.

આશ્રમવાસી બધી બહેનો પૂ. બા પછી આજ સુધી શ્રી. કાશીબહેનને પ્રેમ અને આદરથી જોતી આવી છે. તેમની સુશીલતા, સ્નેહાળ સ્વભાવ, નમ્રતા અને પીઢ ઠાવકાઈની તારીફ ગાંધીજી પણ કરતા. આશ્રમવાસી બહેનોના કામ અંગે તે હમેશ એમને એક પ્રતિનિધિબહેન સમજતા અને બહેનોના દિલમાં એમણે એ સ્થાન પોતાના ધીર-ગંભીર ચારિત્ર્યબળે કરીને સહેજે મેળવ્યું હતું.

એક આશ્રમવાસી તરીકે ઓછામાં ઓછાં ૩૫–૭ વરસથી હું એમને ઓળખું છું. એ સામાન્ય લખીવાંચી જાણવા જેટલું ભણ્યાં હતાં. પરંતુ તેમનું શાણપણ, પીઢ સમજશક્તિ અને નવું નવું શીખતા રહેવાની ઉત્કંઠા અનુકરણીય હતાં. આ જાતની શક્તિ ગાંધીજીએ હિંદની સ્ત્રીશક્તિમાં જોઈ હતી, તે આવાં બહેનો પાસેથી. એ પવિત્ર શક્તિ હિંદનો અખૂટ ઝરો છે. તેને જો આપણે પિછાનીએ અને કામમાં લઈએ, તો આપણી સંસ્કૃતિને પાછી બાંધવામાં ભારે સફળતા મળી શકે.

મુ૦ કાશીબહેનના જવાથી એમના પરિવારને જે ખોટ પડી છે, તે સહન કરવા પ્રભુ એમને બળ આપો.

[૯-૩-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૨

શ્રી. સંતોકબહેન ગાંધી

દિલ્હીથી તા. બીજી જૂનનો પી.ટી.આઈ.નો સંદેશો આજે છાપામાં જોયો કે, સત્યાગ્રહાશ્રમ, સાબરમતી,ના વ્યવસ્થાપક સ્વ૦ શ્રી. મગનલાલ ગાંધીનાં પત્ની શ્રી. સંતોકબહેન સૌરાષ્ટ્રમાં મીઠાપુરમાં, હોડીના કશાક અકસ્માતને કારણે, ગુજરી ગયાં. તે દ્વારકાની યાત્રાએ ગયાં હતાં અને ત્યાંથી પાછાં ફરતાં આ દુ:ખદ ઘટના થઈ એમ જણાય છે.

થોડા વખત ઉપર શ્રી. છગનલાલ ગાંધીનાં પત્ની શ્રી. કાશીબહેનના દેહાન્તની નોંધ પછી એમનાં દેરાણી શ્રી. સંતોકબહેનના દુ:ખદ અવસાનની નોંધ લેવાનું આવશે, એ કોને ખબર હતી! શ્રી. મગનલાલ અને છગનલાલ બે ભાઈઓ ગાંધીજી જોડે દક્ષિણ આફ્રિકાથી થયા. તેમની સાથે બંને ભાઈઓની પત્નીઓ — દેરાણી જેઠાણી પણ થયાં. બંને ત્યારથી તે સત્યાગ્રહ આશ્રમ ૧૯૩૩માં વિખેરાયો ત્યાં સુધી આશ્રમ તથા રાષ્ટ્રસેવાના કામમાં સાથે રહ્યાં.

પછી શ્રી. સંતોકબહેન તેમના પુત્ર ભાઈ કેશુભાઈ સાથે રહેવા લાગ્યાં હતાં. શ્રી. કેશુભાઈ મુંબઈમાં પોતાના ધંધાનું કામ કરે છે. આખો પરિવાર સૌરાષ્ટ્ર તરફ ગયો હતો, તેમાં દ્વારકાથી પાછાં ફરતાં હોડીના અકસ્માતમાં શ્રી. સંતોકબહેન સપડાઈ ગયાં અને તેમનું મૃત્યુ થયું, એથી દિલમાં ચોટ લાગે છે. તેમાં પ્રભુની દયા એટલા કે, જોડે બાળકો હતાં તે બચી ગયાં; શ્રી. સંતોકબહેન તેમને બચાવી લેતાં ગયાં. પ્રભુ તેમને શાંતિ બક્ષો.

ભાઈ કેશુભાઈ તથા તેમની બહેનો અને ગાંધી પરિવારને અનેક આશ્રમ-વાસીઓ વતી દિલાસો પાઠવું છું.

[૩-૬-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૩

શ્રી. વિદ્યાબહેન નીલકંઠ

આપણાં જાણીતાં અને વયોવૃદ્ધ સમાજસેવિકા બહેન શ્રી. વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠના દેહાંતની ખબર જાણી, ગુજરાતમાં સમાજસેવાક્ષેત્રમાં કામ કરતાં ભાઈબહેનોને તેમની ખોટ પડવાનું દુઃખ લાગ્યા વગર રહેશે નહીં.

ગુજરાતની સંસારસુધારા પ્રવૃત્તિની જોડે સૈકા ઉપરથી જે કુટુંબનું નામ જોડાયું છે, તેનાં એ એક કડીરૂપ હતાં.

વિદ્યાના ક્ષેત્રમાં પણ આ કુટુંબે પોતાની સેવા આપી છે. શ્રી. વિદ્યાબહેને તેમાં પણ પોતાની સેવા આપી. અમદાવાદની અનેક પ્રવૃત્તિઓમાં તે જાગ્રત ભાગ લેતાં હતાં.

ઉંમર થતાં છેલ્લાં થોડાંક વરસથી તેમાં ફેર પડતો હતો, એ સ્વાભાવિક હતું; છતાં તે હંમેશ બને તેટલું કરી છૂટવા તત્પર રહેતાં.

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૮-૧૨-'૫૮]

૭૪

શ્રી. વેલાંબહેન આસર

શ્રી. લક્ષ્મીદાસ પુરુષોત્તમ આસરને ગુજરાતના ખાદીકાર્યકર્તાઓ નામ અને કામથી જાણે છે. તેમનાં પત્ની શ્રી. વેલાંબહેન કેટલાક વખતની માંદગી બાદ થોડા દિવસ પર મુંબઈમાં ગુજરી ગયાં, તેની સખેદ નોંધ લઉં છું.

આસરકુટુંબ સત્યાગ્રહાશ્રમનું એક જૂનું આશ્રમવાસી કુટુંબ હતું. શ્રી. વેલાંબહેન આશ્રમની મોટી બહેનોમાં એક હતાં. આશ્રમની સ્ત્રી-પ્રવૃત્તિમાં તે ખૂબ રસ લેતાં.

ગાંધીજીનો વિપુલ આશ્રમ-પરિવાર જંગમ સેવા ખાતે થઈને વેરાયા બાદ તે મુંબઈ રહેતાં હતાં. અને ત્યાં જ તેમણે દેહ છોડી. શ્રી. લક્ષ્મીદાસભાઈ, તેમનો દીકરો ચિ. પૃથ્વીરાજ તથા ચાર પુત્રીઓ અને તેમના પરિવારને દિલાસો પાઠવું છું.

શ્રી. વેલાંબહેનને પ્રભુ તેના અક્ષરધામમાં શાંતિ આપો.

[૮-૫-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫

મજૂર વર્ગના વકીલ

[શ્રી. સોમનાથ દવે]

કેટલાક ખાસ મિત્રોમાં હું ભાઈશ્રી સોમનાથ દવેને ' મજૂરોના સેતલવાડ' કહીને વર્ણવતો. એ કેવળ વિનોદ નહોતો; એમાં તથ્યાંશ પણ બરોબર હતો, તે આજે શ્રી. દવે અચાનક મુંબઈમાં ગુજરી જતાં સૌને જે ઊંડા દરદની અને અપૂર ખોટની લાગણી થઈ આવી, તે બતાવે છે.

શ્રી. સોમનાથ દવે મજૂર વર્ગના અઠંગ વકીલ હતા. આખો જન્મારો એ કામ એમણે કર્યું. અને તેમાં ખૂબી એ કહેવાય છે કે, તેને માટે કેવળ મજૂર વર્ગમાં જ નહીં પણ માલિક વર્ગમાં પણ તેમની ન્યાયદૃષ્ટિનાં કદર અને આદર થતાં. આવું આદરમાન ઓછા લોકોના નસીબમાં હોય છે.

ભાઈ સોમનાથ ઓચિંતા ગયા એટલું જ નહીં, બહુ વહેલા — બાવન વર્ષની જ ઉંમરે — આપણી વચ્ચેથી ઊડી ગયા. આંખના રોગ ઉપર શસ્ત્રક્રિયા કરવાની હતી; તે સારુ કાપવાનું અંગ જડ કરવાને માટે ઇંજેકશન આપ્યું, તે જ જીવલેણ નીવડ્યું! શરીરમાં જતાંવેંત તે એમને એવું ચડ્યું કે તેમાંથી એમનું મૃત્યુ નીપજ્યું! વિવિધ દાકતરી ઈલાજો તેને ખાળી ન શક્યા. ઈશ્વરનું ધાર્યું થાય છે, તે આનું નામ!'

રાષ્ટ્રીય સેવામાં સોમનાથ ૧૯૩૦માં દાખલ થયા. તે અર્થે તેમણે મજૂર-સેવાનું ક્ષેત્ર પસંદ કર્યું અને તેમાં મરણ પર્યન્ત રહ્યા. તે એલએલ. બી. હતા; તે તરીકે વકીલાતનામું તેમણે લીધું તે મજૂરોના હિત અને કલ્યાણનું.

અમદાવાદ મજૂર મહાજનમાં તે ૧૯૩૦માં જોડાયા. તેના તે મંત્રી થયા. બાદ અખિલ ભારતીય મજૂર સંઘ રચાયો, તેમાં પણ તે મંત્રી જેવા અગ્રગણ્ય હોદ્દે પહોંચ્યા હતા. મજૂરોના પ્રતિનિધિ તરીકે તે ગુજરાત યુનિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્સિટીમાં અને રાજ્યસભામાં પણ સભ્ય હતા; તથા આંતરરાષ્ટ્રીય મજૂર મંડળોમાં પણ ગયા હતા.

તેમનું ખાસ કામ મજૂરોના કેસ માલિકો જોડે તથા જરૂર પડે તો તે માટેની અદાલતોમાં લડવાનું હતું. ગાંધીજીએ મજૂર મહાજન સ્થાપીને જે રીતિ નીતિ અને દૃષ્ટિ બતાવી, તેના ઊંડા અભ્યાસી એ હતા. તેથી જ તે મજૂરોના કેસમાં માલિકો તરફથી મોટા મોટા નામાંકિત વકીલો રોકાય તો તેમની સામે પણ અડગતાથી ઊભા રહેતા અને પોતાનો કેસ મક્કમતાથી રજૂ કરતા. એમના આ કામની સ્તુતિ એ વકીલો પણ કરતા. આથી કરીને મજૂર મહાજનને અને મજૂર વર્ગને પોતાના એક પરગજુ વકીલ ગયાની ખોટ પડી છે.

તેમના મિલનસાર અને નમ્ર સ્વભાવે કરીને તે સૌનો પ્રેમ સંપાદન કરી શકતા હતા. તેની સાથે તેમની બુદ્ધિ- અને ગ્રહણ- શક્તિ મળતાં, તે એક ઉમદા વકીલ થઈ શક્યા હતા. આ શક્તિઓ તેમણે રાષ્ટ્રની સેવામાં અર્પણ કરી, એ હમેશને માટે એમને ગૌરવ આપનારી વાત ગણાશે.

આવા અનેકના ત્યાગ અને બલિદાને કરીને આપણો દેશ સ્વતંત્ર થયો. એ વાત ખાસ કરીને નવી પેઢીએ શ્રી. સોમનાથભાઈના જીવનમાંથી સંઘરવા જેવી ગણાય..

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૧૦-૧-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૬

ભાઈ જેવા ભાઈ

[શ્રી. રાવજીભાઈ ના. પટેલ]

અતિ ભારે કલમે આ લખું છું. ભાઈશ્રી રાવજીભાઈ નાથાભાઈ પટેલના, તા. ૩–૫–'૫૯ના રોજ, અમદાવાદ વા. સા. ઈસ્પિતાલમાં, ઓચિંતા અવસાનથી દેશે, અને ખાસ કરીને ગુજરાતે, પોતાનો એક નિષ્ઠાવાન અને આજીવન રાષ્ટ્રસેવક ગુમાવ્યો છે. ગુજરાતનાં ખાદી-ગ્રામોદ્યોગ-કામને માટે તો ન પુરાય એવી ખોટ પડી છે. પ્રભુ એમને પોતાના દરબારમાં ચિરશાંતિ આપો.

અંગત રીતે કહું તો, મારા જેવા અનેક રાષ્ટ્રીય કાર્યકર્તાઓએ એક દિલોજાન દોસ્ત અને અતિ પ્રેમાળ પરગજુ તથા સેવાભાવી સાથી ખોયો છે.

અમે બે લગભગ સરખી ઉંમરના કહેવાઈએ. મારા કરતાં થોડા માસ એ મોટા હતા. ભણવામાં એક જ સંસ્થામાં સાથે નહોતા, પણ અમારું ભણતર સાથે ચાલતું હતું.

અમે બંનેએ ૧૯૨૦-૧માં કૉલેજ છોડી તે છોડી. ત્યાર બાદ અમારી પહેલી મુલાકાત અને ઓળખાણ થઈ. હું શિક્ષણક્ષેત્રમાં વળ્યો, તેમણે સ્નાતક થવાની પણ ગરજ ન રાખી અને લાગલા જ રાષ્ટ્રની લડતના સીધા કામમાં પહોંચી ગયા. અને તરત જ એમની ધગશ અને કાર્ય- તથા સંગઠન- શકિત દેખાઈ આવ્યાં. તેમણે વસો અને તેની આસપાસનાં ગામોમાં વણાટકામ ઉપાડ્યું. શ્રી. રાવજીભાઈને પ્રતાપે થોડા જ વખતમાં વસો ગુજરાતમાં એક આગળપડતું કેન્દ્ર બની ગયું હતું.

૧૯૨૩-૨૪ પછી અમે બંને સત્યાગ્રહ આશ્રમમાં સાથે થયા. હું રાષ્ટ્રીય શાળામાં હતો; થોડા વખત પછી તે ખાદીકામમાં ત્યાં આવ્યા. અને આવતાં-વેંત અમારા બે પરિવાર એક-કુટુંબવત્ બની ગયા. મારે માટે ભાઈ રાવજીભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈબંધ જ નહીં, ભાઈ જેવા ભાઈ બની ગયા અને તેમનાં પત્ની શ્રી. ડાહીબહેન અમ દંપતીનાં માજણ્યાં બહેન જેવાં થઈ ગયાં. આમાં રાવજીભાઈ-દંપતીનો અતિહેતાળ અને સેવાભાવી સ્વભાવ મુખ્ય કારણ હતો. તેમણે અમારી સેવા દ્વારા જ ભાઈ-બહેનપણાં જીતી લીધાં હતાં. એવા વાત્સલ્યગુણે કરીને જ શ્રી. રાવજીભાઈએ પોતાના અતિ ઉગ્ર સ્વભાવવાળા પિતાને જીતી લીધા. એથી જ રાષ્ટ્રની સેવામાં સ્વ૦ શ્રી. નાથાકાકા અજાણતાં પણ વળી ગયા હતા. અને એમ જ રાવજીભાઈનો આખો પરિવાર — એક ભાઈ અને બહેન તથા માતા — આશ્રમમાં આવી રહ્યો હતો.

રાવજીભાઈ-દંપતીના આવા હેતાળ અને સેવાપરાયણ સ્વભાવનો પરિચય એમની સાથે સંબંધમાં આવનાર અનેક સાથી કાર્યકર્તા ભાઈબહેનોને મળ્યો હશે. જેમ કે, ખાદીગ્રામોદ્યોગ કમિશનવાળા શ્રી. ધીરુભાઈ દેસાઈ એમના તા. ૬–૫–'૫૯ના પત્રમાં મને લખે છે,

> "એમના જવાથી ગૂજરાત વિદ્યાપીઠે, ખાદી-ગ્રામોદ્યોગ કમિશને, ગુજરાતે અને આખા દેશે એક શક્તિશાળી, અનુભવી, સહૃદયી, નિષ્ઠાવાન સેવક અને આગેવાન ગુમાવ્યો છે. જેઓ એમના સંપર્કમાં એક વાર પણ આવ્યા હશે તેઓ એમને, એમના કામને તથા વ્યક્તિ-ત્વને કદી ભૂલી શકશે નહીં. એમનો હસમુખો અને માયાળુ સ્વભાવ, બીજાઓને ઉપયોગી થવાની તત્પરતા, નિખાલસતા, નીડરતા વગેરે અનેક ગુણોનું સ્મરણ કરીને, તેમાંથી પ્રેરણા મેળવીને અને તેમનું અધૂરું રહેલું કાર્ય આગળ ધપાવવાના પ્રયાસો કરીને આપણે એમને યોગ્ય અંજલિ આપીએ. એમની ખોટ લાંબા સમય સુધી ન પુરાય એવી રહેશે."

૧૯૨૪ પછી રાવજીભાઈ-દંપતી આશ્રમવાસી બન્યાં તે બન્યાં. એમના જવાથી આખા આશ્રમ-પરિવારને પણ એક સ્વજન ગયાનું દુ:ખ થયું છે.

૧૯૩૦માં દાંડીકૂચમાં તે જોડાયા અને એ પછી તે આશ્રમ બહારની જંગમ સેવામાં પડ્યા. અને એમાં ઉત્તરોત્તર આગળ વધીને ખાદી-ગ્રામોદ્યોગના એક પ્રમુખ કાર્યકર્તા તરીકેની અખિલ ભારતીય નામના મેળવી. આ કામ છેલ્લાં કેટલાંક વરસોથી તે કેવું જોરશોરથી કરતા હતા એ એટલી બીના પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જણાશે કે, એ કામને માટે દર મહિને એ સેંકડો માઈલનો પ્રવાસ ખેડતા હતા! આવી જ કામની એક દોડાદોડીમાં એમને તા. ૨૭–૪–'૫૯ના રોજ મોટરનો ભારે અકસ્માત થયો, જેથી માથું તૂટી ગયું; અને પાંચ દિવસ બાદ તા. ૩–૫–'૫૯ના રોજ તેમણે દેહ છોડી.

અકસ્માત એવો ભારે હતો કે, તેમના જેવા ખડતલ શરીર અને સંયમની ધૃતિવાળો જ ટકી શકે. પાંચ દિવસ કાઢ્યા એટલે અમને આશા પડતી જતી હતી કે, બધું ધીમી ગતિથી છતાં સારું થશે. ત્યાં જ છઠ્ઠે દિવસે રાતના તબિયત કથળી અને સવારે પ્રાણ ઊડી ગયા!

ખોપરી અને મગજ પર ઘા હોવાથી, તે લગભગ બેભાન જ હતા અને બેભાનીમાં જ ગયા. બેભાનીમાં પણ તે પોતાનાં કામ અને તેમની ગોઠવણની જ વાતો લવતા; વચ્ચે વચ્ચે મિત્રોની ખબર કાઢતા અને ભજન ગાતા. તે ભકતહૃદય આસ્તિક માણસ હતા.

એમના જવાથી,— અને તેય ઓચિંતા,— શ્રી. ડાહીબહેનના દુ:ખનો તો પાર જ નથી. પણ તેમણે ધૈર્યથી તે સહન કર્યું. આંખોમાં આંસુ તો હજીય સુકાયાં નથી; પણ તે વાટે દુ:ખ રડી કાઢ્યું. રાવજીભાઈની સાથે તે પણ સેવિકા બનેલાં છે અને પતિના કામમાં હમેશ સાથ આપતાં રહેલાં છે.

રાવજીભાઈનું મુખ્ય કાર્યક્ષેત્ર અને તેનું મથક માતર અને ચરોતર હતું. ૧૯૩૪ પછી તેમણે તેને પોતાનું સેવાકેન્દ્ર બનાવ્યું. તેને પરિણામે એ આખો વિભાગ રાષ્ટ્રીય લડતમાં રસ લેતો થયો. ૧૯૪૨ની લડતમાં આ ભાગે સારું કામ કરી બતાવ્યું તેનો યશ શ્રી. રાવજીભાઈ-દંપતીને અને તેમનાં આશ્રમવાસી સાથી શ્રી. માધવલાલ-દંપતીને મોટે ભાગે મળે છે.

૧૯૪૦ પછી રાવજીભાઈએ તે ભાગમાં આવેલા ભલાડા ગામે ઉદ્યોગ-મંદિરની સ્થાપના કરી. આ કામ તેમણે ગૂજરાત વિદ્યાપીઠની ગ્રામસેવાપ્રવૃત્તિના અંગ તરીકે ઉપાડયું. અને એમ તેમણે આ સંસ્થા જોડે સંબંધ બાંધ્યો તે છેવટ સુધી ચાલુ રહ્યો અને પ્રતિ વર્ષ વધતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ સરકારની સર્વોદય યોજના શરૂ થતાં, શ્રી. રાવજીભાઈએ ભલાડાને તેનું કેન્દ્ર કરી, આસપાસનાં ગામોને માટે તે યોજનાનું સંચાલનકામ માથે લીધું અને અત્યાર સુધીમાં તેને રાજ્યના એક આગળપડતી કામગીરી બજાવતા મથક તરીકે ખીલવ્યું. આ યોજનામાં શિક્ષણને તેમણે અગ્રસ્થાન આપ્યું. તે અર્થે તેમણે ભલાડામાં ખાદીકાર્યાલય ઉપરાંત કન્યાછાત્રાલય ચાલુ કર્યું, જેના સંચાલનનું કામ શ્રી. ડાહીબહેનને ભાગે રહ્યું છે.

દેથલી ગામમાં તેમણે ઉત્તર-બુનિયાદી શિક્ષણકાર્ય ઉપાડ્યું, જેની જવાબદારી વિદ્યાપીઠના એક સ્નાતક શ્રી. પરસદરાય શાસ્ત્રીને સોંપી. આ ઉપરાંત એમના કામમાં બીજા અનેક સાથીઓ છે. તે બધાના દુઃખનો પાર નથી. તેમને કેમ લાગતું હશે તે ભાઈ શાસ્ત્રીના મારા પરના તા. ૪–૫–'૫૯ના પત્રમાંથી જ ટાંકી બતાવું. તે લખે છે—

"પૂ. રાવજીભાઈના અવસાનથી ઊંડા દુઃખની લાગણી હું અનુભવી રહ્યો છું. મારા મનમાં ભારે મૂંઝવણ લાગે છે. તેમની સાથે સાત વર્ષ રહીને જે હૂંફ અને માયા-મમતા મેળવ્યાં છે, તે બધું સતત યાદ આવતાં કેવી કેવી દર્દભરી વ્યથા થાય છે, એનું શું વર્ણન લખું? અને તાજી સ્મૃતિઓ પણ દુઃખમાં ઉમેરો કરે છે. છેલ્લા કેટલાક વખતથી દેથલી-ભલાડાની પ્રવૃત્તિઓને વિકસાવવાનો એમનો ખૂબ પુરુષાર્થી વિચાર હતો. મને સાથે બેસાડી એમણે કેટલાંયે ગ્રામસેવાનાં રંગીન ચિત્રો દોર્યાં હતાં. દેથલીની પ્રવૃત્તિઓને વિકસાવવાની તેમની ખ્વાહેશ બહુ તીવ્ર હતી. આ બધી વાતો વિગતે યાદ આવે છે.

"એમની છત્રછાયા હેઠળ કામ કરવામાં તડકીછાંયડી અમારે જોવાની હતી નહીં. આજે એ બધું ઘડીભર જતું રહ્યું હોય એવી અકળામણ થાય છે. અંદર રહેલું ડહાપણ જોકે ધારણ આપે છે કે, ધીરજથી કાર્યરત રહેતાં બધી બાબતોનો ઈશ્વર સાનુકૂળ રસ્તો કરતો જ રહેશે. કેમ કે ઈશ્વરનો આધાર છે ને? પૂ. રાવજીભાઈનું ભલાડા-દેથલીનું કામ એમની હયાતીમાં એમણે આશા રાખેલી એ જ પ્રમાણે ચાલે તો એમાંથી આનંદ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અત્યારે વિશેષ ન લખું. આપની વિશેષ નજર અમારા તરફ અને અમારાં કામો તરફ રહેશે અને ધારણ મળી રહેશે એવી અભ્યર્થના.

"હવેના બધા કામકાજ અંગે વિચારવા અમે હજી મળ્યા નથી. પણ મક્કમતાપૂર્વક બધું કામ પૂર્વવત્ ચલાવવાના છીએ."

શ્રી. રાવજીભાઈના કામને સંભાળી લેવાની જવાબદારી, ભાઈ શાસ્ત્રી પેઠે ચરોતર અને ગુજરાતના સૌ સેવકોની છે. ભલાડા ઉદ્યોગમંદિર એમનું સેવા-સ્મારક ગણાય. તેને બરોબર સંભાળી લઈને આપણે એ સદ્ગત સેવક-મિત્રને કૃતાંજલિ આપીએ. મારી ષષ્ટિપૂર્તિ ઊજવવા નીકળેલા મિત્રને આમ નિવાપાંજલિ આપવાની મારે ભાગે હશે, એ ભગવાનની કેવી અકળ કળા! જીવનમરણની આવી લીલા સામે ફરિયાદ કરવાનોય શો અર્થ? જેવી તેની ઈચ્છા. તે રાખે તેમ રહીએ. એ જ!

[૮-૫-'૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૭

શ્રી. જગદીશચંદ્ર બોઝ

હિંદની સ્વતંત્રતા આવી અને સ્વરાજ સ્થપાયું તેથી કેટલાય પ્રકારનાં નવપ્રયાણ લોકજીવનમાં સહેજે જનમવા લાગ્યાં. આમ થાય એ સ્વાભાવિક હતું. આ ગતિનાં વહેણ કેટલાંક સારાં અને કેટલાંક નઠારાં પણ હોય એમ બને. આઝાદીનું લક્ષણ છે કે, જેવા હોઈએ તેવા સ્વભાવને તે મોકળાશ આપે; અજાણ્યે ભૂલો કરવાનો હક પણ એમાં આવી જાય છે; કહો કે, એવો હક પ્રજાને મળવો, એ તેના સ્વરાજનું એક ચિહ્‌ન છે; એમાં એની લોકશાહી શક્તિની કેળવણી રહેલી છે.

આમ શરૂ થયેલાં નવપ્રયાણોમાં આપણા પ્રતાપી પૂર્વજોનું પુણ્યસ્મરણ કરવું, એ એક નોંધપાત્ર બાબત છે. આ રીતે આપણી સંસ્કૃતિનો તૂટેલો તાર પાછો સાંધી લઈ શકીએ, અને વચગાળામાં જે નવું મળ્યું હોય તેને તેમાં સમાવી કે પરોવી લઈએ. એવું એક પુણ્યસ્મરણ હમણાં આપણે હિંદના મહાન દેશભક્ત અને વૈજ્ઞાનિક શ્રી. જગદીશચંદ્ર બોઝનું ઊજવ્યું.

આ મહાન પુરુષનો જન્મ બંગાળમાં (તા. ૩૦–૧૧–૧૮૫૮) થયો હતો. તે વર્ષ એટલે ૧૮૫૭ના બળવામાં ખપવવામાં આવેલા બનાવનું બીજું વર્ષ. અંગ્રેજી કેળવણી બંગાળમાં જન્મી ચૂકી હતી. જગદીશચંદ્ર કલકત્તાની કૉલેજનો અભ્યાસ પૂરો કરી વિલાયત ગયા. પિતાએ કહ્યું કે, પરોપકાર અને સેવા માટે દાકતરી ભણવી. જગદીશચંદ્રનું મન 'આઈ. સી. એસ.' થવાનું હતું.

પણ પિતાની આજ્ઞા માથે ચડાવી દાકતરી તો ન કરી શકયા, પણ કેમ્બ્રિજમાં વિજ્ઞાનનો અભ્યાસ કરી સ્વદેશ આવ્યા. તરત વિજ્ઞાનના અધ્યાપકનું કામ મળ્યું. પણ દેશી માણસ હોઈને ગોરાના પગારનો ત્રીજો ભાગ મળશે, એવી વાત થઈ. જગદીશચંદ્રે આને અપમાન ગણ્યું અને પગાર લીધા વગર જ બેએક વરસ ચલાવ્યું. છેવટે સરકારે પૂરા પગારનો હુકમ કાઢયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો અભ્યાસ ભૌતિક પદાર્થવિદ્યાનો મુખ્ય હતો. તેમાં તેમણે વીજળીના ગુણધર્મોનું સંશોધન કરવા માંડયું. વગર તારે વીજળી ગતિ કરી શકે છે, એવાં તેનાં મોજાંની તેમણે શોધ કરી.

તેમના સંશોધનની મોટી વાત એ હતી કે, તે માટે જે બારીક અને અવનવાં યંત્ર-ઓજારો જોઈએ, તે પણ તેઓ પોતે બનાવી લેતા! આ યંત્રો પણ તે કાળમાં મોટી શોધ કરે એવાં અજાયબીભર્યાં હતાં.

આવાં યંત્રોમાંના એકમાં લોખંડનો વહેર તેમણે વાપરેલો. તેના કામ ઉપરથી એમણે એક નિરીક્ષણ કર્યું કે, વહેરને પણ અમુક કામ કર્યા બાદ થાક લાગે છે કે શું? એમણે એ પણ જોયું કે, અમુક વખતના 'આરામ' બાદ તે પાછું કામ દેવા લાગતો હતો. આમાં કેટલું તથ્ય છે એ જુદી વાત છે. પણ જગદીશચંદ્રનું ધ્યાન એ પરથી એ શોધના બીજે રસ્તે ચડયું અને તેમણે ભૌતિક પદાર્થવિદ્યામાંથી ધાતુ, વનસ્પતિ અને તેની શરીરવિદ્યાના સંશોધન ભણી નજર કરી.

અને તેમાંથી તેમણે એક આપણું પ્રાચીન દર્શન, આધુનિક વિજ્ઞાનની ઢબના પુરાવા આપીને, દુનિયા આગળ રજૂ કર્યું કે, જડ અને ચેતન અથવા અજીવ અને સજીવ એવા ભેદમાં સૃષ્ટિને આપણે વહેંચી નાંખીએ છીએ; પરંતુ એ બધામાં જીવનતત્ત્વ તો સરખું જ વ્યાપીને રહેલું છે. એમ કહો કે, ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् નો આધુનિક ઢબે પુનરુચ્ચાર થયો! આથી જગદીશચંદ્રની કદર પશ્ચિમના વિજ્ઞાન-જગતમાં થઈ અને તેમને 'એફ. આર. એસ.'ની વિરલ પદવી વિલાયતમાં મળી.

વિજ્ઞાનની શોધ સત્યની શોધ છે એમ કહેવાય છે. તેને માટે તેણે એક પ્રકારની ભૌતિક પદ્ધતિ યોજી છે. આ પદ્ધતિ માપતોલ દ્વારા પરિમાણમાં જે આવી શકે તેને હાથ ધરે છે અને ગણિતશાસ્ત્રની મદદ વડે તેમાંથી જે અનુમાન કે સિદ્ધાંત જડે તેને તારવીને રજૂ કરે છે. આથી તો જે સાકાર ભૌતિક છે તે જ વિજ્ઞાનના કામમાં આવે; આત્મા, ભાવના ઇ૦ જેવા સૂક્ષ્મ મનોભાવ એ ઢબને વશ વર્તી ન શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી ક્રમે કરીને વિજ્ઞાન કેવળ અજીવ કે જડ પરત્વે જ સીમિત થતું ગયું અને એની અસર સમાજ, ધર્મ, અધ્યાત્મ ઈ૦ જેવાં ક્ષેત્રો પર પણ પહોંચતી થઈ. આજે ૨૦મા સૈકામાં આવતાં આ અસરે મનુષ્ય મન અને ભૌતિક વિભૂતિ એ બે વચ્ચે એવી ખાઈ પેદા કરી છે કે ન પૂછયે વાત.

એક વૈજ્ઞાનિક તરીકે જગદીશચંદ્રની નામના એ બાબતમાં રહેલી છે કે, સત્યના શોધનમાં તે જડ અને ચેતન એવા દ્વૈતવાદને માનીને ન ચાલ્યા. તેમણે પ્રાચીન જીવનદર્શનની સમજને વિજ્ઞાનપદ્ધતિએ કસી જોઈ; તે માટે જરૂરી યંત્રો તેમણે પોતે શોધ્યાં અને યોજ્યાં, કે જે શોધ પોતે પણ તેમની વિજ્ઞાન-બુદ્ધિ અને કળાને અમર યશ આપે છે.

આ શોધ-કાર્ય માટે તેમણે ખાસ પ્રયોગશાળા ઊભી કરી અને તેને સમગ્ર દેશને પોતાની કુલ કમાણીના વારસા રૂપે સોંપી, કે જે આજે તેમના નામથી વિજ્ઞાનવિદ્યાક્ષેત્ર તરીકે ચાલે છે.

આ અર્પણ કરતી વખતે તેમણે કહેલું એક વાકય અંતે ટાંકવા જેવું છે. તેમણે કહ્યું હતું —

'મારી સંશોધનપ્રવૃત્તિઓ દરમ્યાન, અજાણપણમાં હું એ સ્થાને પહોંચ્યો કે જ્યાં પદાર્થવિજ્ઞાન અને શરીરવિજ્ઞાનની હદ મળે છે; અને જ્યાં અજીવ અને સજીવ વચ્ચે ગ્રધડતા ભેદના મુદ્દાઓની હદ ભૂંસાઈ જતી જોઈને હું દિંગ થઈ ગયો.'

મૂળે જોતાં, વિજ્ઞાન જીવનસત્યની ખોજ છે. તેમાંથી આજે તે કેવળ ભૌતિકતાનું સત્ય જ શોધીને 'ટેકનોલૉજી' તરફ જ ઢળી જવા માંડયું છે. એમ ભૌતિકતાના જ કીમિયા જાણી તે વડે ઇંદ્રિય-જીવનમાં જ રમ્યા કરવું એ જાણે એની નિષ્ઠા થઈ ગઈ છે. ચેતન આત્મતત્ત્વનું સહયાત્રી જડ જીવનતત્ત્વ જરૂર છે: દેહ અને દેહીની જોડી અતૂટ છે. પરંતુ તે બે નથી, એક છે. સજીવ રૂપે કે અજીવ રૂપે દેખાતું આ બધું જગત મૂળ જીવનરૂપે એક છે.

આ તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનની શોધનું અંતિમ સ્થાન છે. વૃદ્ધિ અને પ્રજનનશક્તથી પરખાતું સજીવ અને તેવી જીવશક્તિથી રહિત છતાં પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્તિત્વ કે સત્તા ધરાવતું એવું જડ અજીવ, —બંને સાકાર ભૌતિકતા ધરાવે છે. એ સર્વ ભૂત-પદાર્થ છે; તેમાં અંતર્યામી રૂપે ઈશ્વર કે એક અદ્વિતીય એવું જીવનતત્ત્વ રહેલું છે; जीवनं सर्वभूतेषु – ईशावास्यमिदं सर्वम्, એ પ્રાચીનમાં પ્રાચીન અનુભૂતિ કે જીવનદર્શન વિજ્ઞાનની રીતે પણ કળી શકાય છે, એ શ્રી. જગદીશચંદ્ર બોઝની ભેટ તેમને વિજ્ઞાનીઓમાં ખાસ જુદા પાડી તેમની અદ્વિતીયતા બતાવે છે.

૧૯મા સૈકામાં જ્યારે આપણા લોકો અંગ્રેજોથી હારીને હતાશ થયા હતા, ત્યારે આ પરાક્રમી પુરુષે તેઓની જ વિદ્યાના ક્ષેત્રમાં જઈને વિજય મેળવ્યો; એ રીતે તેમણે રાષ્ટ્રના અનેક યુવકોમાં સ્વમાન અને સ્ફૂર્તિ પ્રેર્યાં. એમ કરી જનારા આપણા અનેક પ્રતાપી પૂર્વજોમાં શ્રી. જગદીશચંદ્ર બોઝ હમેશને માટેનું સ્થાન કમાયા છે.

[૫-૧૨-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૮

જ્ઞાનયજ્ઞના અધ્વર્યુ

[આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ]

૭૩ વર્ષની પાકી વયે દેહ છોડી, આચાર્ય શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ તા. ૭–૪–'૪૨ ના રોજ દેવલોક પામ્યા.

સ્વતંત્ર દેશના હોત તો દેશદેશાવર કીર્તિ કમાત, એવા અનન્ય વિદ્યોપાસક ને ધુરંધર પંડિત તે હતા. આમ તો તે સંસ્કૃતના અધ્યાપક કહેવાય; પરંતુ તેમનો વિદ્યાવ્યાસંગ માનવ-જીવન-વ્યાપી હતો : સમાજ અને જીવનને ઉપકારક અનેક વિદ્યાશાખાના તે તલસ્પર્શી અભ્યાસી હતા; એમની બહુશ્રુતતા સૌને જાણીતી હતી.

ઈતિહાસ, અર્થશાસ્ત્ર, રાજકારણ, ધર્મ, ફિલસૂફી, અને વ્યાપક સમાજ-શાસ્ત્ર — સૌ વિષયમાં રસપૂર્વક તે મહાલતા. દર્શનશાસ્ત્રોના તો એ ઊંડા અભ્યાસી હતા. અને તેથી, અનેક અને બહુશાખ વિદ્યાઓ ભણવા છતાં, તેમને બધાને, પરમાં પર વિદ્યા જે દર્શનશાસ્ત્ર, તે દ્વારા એકસૂત્ર કરી, સમગ્રનું વિરાટ કલ્પીને એકતા તે કરી શકતા.

આવી સાચી પંડિતાઈ, આવી યોગ્ય બહુશ્રુતતા, એવો જ્ઞાનયજ્ઞ એમનામાં હતાં. એક જગાએ એમણે કેળવાયેલા માણસની વ્યાખ્યા કરી છે કે, ઓછામાં ઓછાં ત્રણેક હજાર વર્ષોનો તો માનવ ઈતિહાસ એના વિચારતંત્રમાં ભૂમિકારૂપે અંકાયેલો હોવો જોઈએ; તો તેની વિચારણા ઈતિહાસપૂત બનવા સંભવ છે. એક જગાએ એમણે કહ્યું છે કે, 'ઈતિહાસ એ તત્ત્વજ્ઞાનનું મૂર્ત રૂપ છે, અને તત્ત્વજ્ઞાન એ ઈતિહાસનો અર્ક છે. બીજા શબ્દોમાં કહીએ તો, ઈતિહાસ તત્ત્વજ્ઞાનની કસોટી છે, અને તત્ત્વજ્ઞાન એ ઈતિહાસની ચાવી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમજથી બાંધેલો કેળવાયેલા માણસનો એમનો આદર્શ પોતે અનુસરનારા હતા. તેની આરાધના કરવામાં તેમણે એવી અનન્યના રાખી કે, એવી ટીકા સુધ્ધાં વહોરી કે, પોતે આપી શકત એટલું સાહિત્ય-ધન ગુજરાતને ન આપ્યું.

આ પ્રકારની આજીવન વિદ્યાશકિત એમને માટે એક સાધના જેવી હતી. મૂળે આચાર્યશ્રી ભકતહૃદય હતા. સાહિત્યના એમના વિવેચનમાં જો જુઓ તો, તીક્ષ્ણ તાર્કિક કે નૈયાયિક યા વિજ્ઞાની જેમ નહિ, પણ મૃદુ રસ-પિપાસુ તરીકે તેમનાં પ્રવેશ અને આકલન વધુ શીઘ્ર અને સહજ લાગે છે. તેથી તે રામાનુજાચાર્યના પ્રપત્તિયોગ કે ભકિતયોગને વરેલા હતા.

છાપાંમાંથી જાણવા મળે છે કે, અંતઘડીએ તેમણે કહ્યું હતું કે, હું મરણ-મૂર્છામાં પડું તે અગાઉ મને ઘરના દેવસ્થાન સામે લઈ જજો. તેઓએ ત્યાં દેવની સમક્ષ જ ખોળિયું છોડયું.

આચાર્યશ્રીનું જીવનકાર્ય જોઈએ. જો તે ધારત તો, શ્રી. ભૂલાભાઈ દેસાઈ કે સર મનુભાઈ મહેતા જેમ વેળાસર કાર્યાન્તર કરી આજના પહેલી હરોળના એક 'મૉડરેટ' આગેવાન થઈ શકત. રાજકારણ માટે એ પૂરા લાયક હતા. પરંતુ અધ્યયન અને અધ્યાપનને એ એવા તો વર્યા હતા કે, એલએલ. બી. થઈ રાજકારણનો એ જમાનાનો પરવાનો મેળવ્યા છતાં એમણે વાપર્યો નહિ, અને પોતાના પ્રિય કામને અંતઘડી સુધી વફાદાર રહ્યા.

પણ તેથી કરીને એમનું જીવનકાર્ય ઓછું નથી ઊતર્યું. આજ ૫૦ વર્ષ ને તેની ઉપર ગયેલા કેટલાય ગુજરાતીઓ એમના વિદ્યાર્થીઓ છે. એ કાંઈ નાનું કાર્ય છે? જો તેઓ બનારસ ન ગયા હોત, તો પોતાના જ વિદ્યાર્થીઓની બીજી-ત્રીજી પેઢી એ અહીં ભણાવતા હોત. અને આ ચીજ એક જીવન માટે ઓછી સંતોષપ્રદ અને ગૌરવદાયી નથી. અને બનારસનું એમનું કામ તો સૌ જાણે છે. એમની સાહિત્યસેવા પણ નાની નથી. ભલે તે ખૂબ થઈ શકત તે ન થઈ. છતાં જેટલી છે તેટલી નકકર અને ચિરંજીવ છે.

વરસોથી તે ગુજરાતને માટે યુનિવર્સિટી ઝંખતા. 'વસન્ત' પત્ર ગુજરાતીમાં ઉચ્ચ વિદ્યાઓની ચર્ચા માટે શરૂ કર્યું, તેની પાછળ એમની ધારણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હતી કે, આપણી પાસે ગુજરાતી યુનિવર્સિટી નથી તેની કાંઈક ખોટ એ દ્વારા ભાગે. એ પ્રયત્ન ભલે એવડો બુલંદ નહોતો કે આવડો મોટો દાવો ઝીલી કે પાર પાડી શકે; પરંતુ એમાં રહેલાં ઈરાદો અને શુભાશા એમને શોભાવનાર હતાં; અને જો વેળાસર તેઓશ્રી નિષ્ઠાપૂર્વક ગુજરાતી માધ્યમથી કામ કરવાનો સંકલ્પ કરી, ગૂજરાત વિદ્યાપીઠ સર્જવા માટે મથ્યા હોત, તો એ શુભાશા સ્થૂળરૂપ પણ પકડત, એમાં શંકા નથી.

બનારસ યુનિવર્સિટીમાંથી ૧૫ વર્ષ બાદ નિવૃત્ત થઈને તે ઘેર આવ્યા, ત્યારે પણ પોતાના મનગમતા આ કામ સારુ તેઓ વિચારો સેવ્યા જ કરતા હતા. પરંતુ ત્યાં તો તેમનું શરીર લથડવા લાગ્યું. અમદાવાદમાં વિદ્યાવર્ધક વર્ગ શરૂ પણ કર્યો હતો; તેમાં ગીતા પર પ્રવચનો શરૂ કરેલાં; અને સાંભળ્યા પ્રમાણે, પ્લેટો પર વર્ગોની કલ્પના કરી હતી. ત્યાં તો એમને લકવાની અસર જણાઈ અને એમાંથી એ ન નીકળી શક્યા તે ન જ.

એમનું પ્રિય કામ એટલે ગુજરાતની યુનિવર્સિટી. તે પામી ગયા હતા કે, જૂની ઢબની યુનિવર્સિટીઓએ સર્જેલો જમાનો, તેમને જન્મ દેનાર પરતંત્રતાની સાથે, ઘસાઈ પરવાર્યો છે. નવું જીવન નવી ઢબ, નવી પ્રેરણા, નવું ચેતનબળ, નવી દૃષ્ટિ, નવો આદર્શ માગે છે. અને તે તો તેના દૃષ્ટા જ આપી શકે. તેથી જ તે અંકિત કરતા ગયા છે કે, 'આ નવો જમાનો ગાંધીજીનું બાળક છે. એ બાળકને ઉછેરવાનું ધાત્રીકર્મ એમને શિર છે. એટલું એમને સ્મરણ આપવાની અમે ધૃષ્ટતા કરીએ છીએ.' . . . 'અમે તો ગાંધીજીને એક ગુજરાત યુનિવર્સિટી સ્થાપવાની ભલામણ કરીએ છીએ.'

આમ કહેવામાં આચાર્યશ્રીએ પોતાની મર્યાદા જોઈ છે, તો તેની જ સાથે પોતાની કાલજ્ઞતા પણ બતાવી છે. બે પેઢી જેટલા લાંબા જાહેર જીવનમાં અનેક યુગો આવ્યા ને ગયા. આચાર્યશ્રી એ સૌના સાક્ષી હતા. એ બધામાં એમને વિષેની એક વસ્તુ બહુ ધ્યાન ખેંચે એવી છે તે એ કે, બધી વખતે તેઓ જહાલ તથા મવાલ બેઉ પક્ષને સરખા જ આદરપાત્ર રહેતા, અને બેઉની કડીરૂપ પણ બની શકતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજસુધારાના જમાનામાં, પોતે સનાતની છતાં, સુધારકોના મિત્ર તરીકે પણ રહ્યા હતા. સાહિત્યક્ષેત્રમાં પણ એમ જ જોવા મળે છે. અને ૧૯૨૦ બાદના અસહકાર-યુગમાં પણ, પોતે સહકારી છતાં, અસહકાર-દળનું અનુસંધાન હમેશ રાખતા. આનો મશહૂર દાખલો આપું તો ૧૯૧૭નો અમદાવાદના મજૂરોનો સત્યાગ્રહ. વાચકને ખબર હશે કે, આચાર્યશ્રી એ ઝઘડામાં ઉભય-માન્ય પંચ બન્યા હતા, અને એમણે જે ફેંસલો આપ્યો તે મજૂર મહાજનના અદ્વિતીય ઈતિહાસના પાયામાં રહેલી શિલા છે.

આનું કારણ એમની બહુશ્રુત અને ગુણગ્રાહી ઉદારતા હતી. ઈતિહાસ અને સમાજના વિશાળ પટને નિહાળીને તેઓશ્રી માણસો તથા વસ્તુઓ ને ઘટનાઓ સમજતા. તત્ત્વ કે વસ્તુનું આકલન કે સમજ ઈતિહાસ દ્વારા મેળવવાની એમની એક પદ્ધતિ જ હતી. અને જે સમજે તે શમે, એ ન્યાય મુજબ, ઉપરની પદ્ધતિમાંથી જન્મતો એક પ્રકારનો ઉદાર જ્ઞાનવાદ એમના સ્વભાવમાં જડાયેલો હતો. અને એની સાથે એમની આર્ય કુટુંબભાવના ભળી જઈ, સ્વભાવમાં એક એવી મધુર મૃદુતા ને ગુણજ્ઞતા બની રહેતી કે જે વિરોધ-શામક અને અજાતશત્રુ હતી. આ વસ્તુ પોતે પણ નાનીસૂની સિદ્ધિ નથી.

એમના જવાથી ગુજરાતમાં એમનું સ્થાન ખાલી રહ્યું છે. વિદ્વત્તાની બાબતમાં આપણો પ્રાંત બીજા કેટલાક પ્રાંતોની તુલનામાં ઓછા દોકડા મેળવનારો ગણાતો આવ્યો છે; શ્રી. આનંદશંકરે એમાં આપણને ઢાંકયા હતા. આચાર્યશ્રીનો વારસો એટલે ગંભીર વિદ્યાઓનું તલસ્પર્શી અધ્યયન. એ વારસો ગુજરાતના વિદ્યાર્થીઓએ ઉજાળવો જોઈએ. કેમ કે પંડિતવિદ્વાનનું તર્પણ વિદ્યા વડે જ થઈ શકે.

પ્રભુ એમને પરમ શાંતિ આપો.

[૧૫-૪-'૪૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૯

બે સાક્ષરો

[શ્રી. મણિભાઈ દ્વિવેદી, શ્રી. બાળાશંકર]

આપણા સદ્ગત સાક્ષરોની જયંતીઓ ઊજવવાનો ઉપક્રમ વચ્ચે કેટલાંક વરસ નહોતો દેખાતો, તે હવે પાછો શરૂ થયો છે. આ વસ્તુ આપણી લોક-કેળવણી માટે તથા ભણતા જુવાનિયાઓ માટે સારી વાત છે. સમર્થ પૂર્વજોની જે કોઈ અ-ક્ષર વિભૂતિ હોય, તે પ્રયત્નભેર પેઢી-દર-પેઢી યાદ રહે એમ કરવું, એ તો સંસ્કારી અને સદા-વર્ધમાન રહેવા ચાહતા સમાજને માટેનું એક નિત્ય-નૈમિત્તિક કર્મ જ ગણાય.

થોડા દિવસ પર એવા બે સાક્ષરોની જન્મશતાબ્દી ઊજવાઈ — શ્રી. મણિભાઈ નભુભાઈ અને શ્રી. બાળાશંકર ઉલ્લાસરામ. બંને નડિયાદના સાઠોદરા નાગર; ૧૮૫૮ના એક જ વરસે જન્મેલા અને ૪૦ વરસ જીવી બંને ૧૮૯૮માં ચાલ્યા ગયા. બંને વિદ્વાન જ્ઞાનોપાસક હતા. સ્વ૦ મણિભાઈ યુનિવર્સિટીની કેળવણી પામેલા; અને અંગ્રેજીમાં પણ તેમણે પુસ્તકો લખ્યાં છે. મારી ભૂલ થતી ન હોય તો, બાળાશંકરે ભાગ્યે મૅટ્રિક પાસ કરેલું. પરંતુ તે ફારસી, અરબી, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી સારી રીતે જાણતા હતા. મણિભાઈ પણ ભાષાવિદ હતા.

બંને અદ્વૈતવાદી — સૂફીવાદી હતા. બાળાશંકર તો એ વાદની મસ્તીમાં જાણે કે મહાલતા હતા! આ રીતે એમના કાળમાં એમણે લોકોને ઠીક ઠીક જ્ઞાનામૃતનું પાન કરાવ્યું હશે. પણ પછીનાં વરસોમાં ધીમે ધીમે તેમની એવી અસર મંદ થતી ગઈ. એમાં કદાચ યુગપલટાનું કારણ હોય. વીસમા સૈકામાં લોકો સ્વરાજ તરફ વળ્યા અને જૂની સંસ્કૃતિના જ્ઞાનના જીવંત અંશો એ પૂરતા પાછળ પડ્યા.

છતાં આ બે સાક્ષરોની અક્ષર-સમૃદ્ધિ આપણા સાહિત્યનો યાદગાર ભાગ છે. શતાબ્દી ઉત્સવ વડે એ તાજો થયો, એ લાભની વાત છે. ભાષાવાર યુનિ-વર્સિટીઓ કામ કરતી થતી જશે, તેમ આવું આવું કેટલુંય પુનરુત્થાન અને પુનર્બોધન થવા લાગશે. તેની સાથે બીજા પ્રદેશોનુંય સમકાલીન તુલનાત્મક અધ્યયન વધવું જોઈએ; કેમ કે સાર્વભૌમ જ્ઞાન અને સંસ્કારની વિશાળ ભૂમિકામાં સરસ્વતી-સેવા થવી જોઈએ, એ યુનિવર્સિટીઓનું બિરુદ છે.

[૩-૧૦-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦

શ્રી. બ૦ ક૦ ઠા૦

બ્યાસી વરસની પાકી ઉંમરે ગુજરાતના વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ અધ્યાપક તથા સાક્ષર શ્રી. બ. ક. ઠાકોર ઓચિંતા ગયા, તેથી ગુજરાતના સાહિત્યને ભારે ખોટ ગઈ.

ગુજરાતી સાહિત્યના જૂના જોગીઓની પેઢીના છેલ્લા અઠંગ વીર એ ગણાય. આપણા આખા ચાલુ સાહિત્ય અને પ્રજા-જીવન ઉપર તે પોતાની વિદ્યા-પૂત દૃષ્ટિ રાખતા. એટલું જ નહિ, જ્યાં જેવું કહેવા કરવા કે ધ્યાન ખેંચવા જેવું લાગે ત્યાં તેવું તરત અને નીડરતાથી તે કરતા.

મારે એમની સાથે કોઈ અંગત ઓળખ કે સંબંધ નહોતાં. પરંતુ પ્રેમાનંદનું મામેરું મેં સંપાદિત કરેલું તે એમના જોવામાં આવ્યું; તેની પ્રસ્તાવનામાં મેં એક વિધાન કરેલું, જેને અંગે એમણે મને પત્ર લખ્યો. તેથી મને સાનંદ આશ્ચર્ય થયું. મેં એમને તરત એ વિષે ખુલાસો લખ્યો અને મારા જેવાની પ્રસ્તાવનામાં પણ રસ લેતા આ વયોવૃદ્ધ વિદ્વાનને મેં મારાં પુસ્તકો મોકલ્યાં. જવાબમાં તેમણે મને પોતાનાં મોકલી આપ્યાં, જે આજે મારે માટે મીઠી સ્મૃતિરૂપ બન્યાં છે.

આ પ્રકારની દિલની કુમાશ અને સાહિત્યસેવાની તથા પ્રજાહિતની ધગશવાળા તે હતા. એ એમના આજીવન અધ્યાપકપણાનો ગુણ હતો. તે ગદ્ય પદ્ય લેખક એ ગુણની પ્રેરણાથી બન્યા હતા.

એમની અભ્યાસી વૃત્તિ આપણે માટે સૌથી મોટો વારસો ગણાય. પ્રજાહિતની બધી પ્રવૃત્તિઓ તથા પ્રશ્નો વિષે અભ્યાસ કરવો, તેનું મનન કરવું અને એમ પ્રજા-જીવન વિદ્યા-પૂત હોય, એ એમની મોટામાં મોટી શીખ આપણા ભણેલા વર્ગને માટે હતી, એમ હું સમજ્યો છું. એ વસ્તુ આજે ખૂબ જ મહત્ત્વની છે, એ સૌને દેખાય છે.

બ. ક. ઠા. એ બાબતમાં ધડો લેવા જેવું જીવન ગાળીને ગયા. પ્રભુ એમને શાંતિ આપો.

[૨૪-૧-'૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧

શ્રી. પાઠકસાહેબ

સાક્ષરશ્રી રામનારાયણભાઈ વિશ્વનાથ પાઠકને ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર 'પાઠકસાહેબ'ના નામે સંબોધતો હતો. તેઓશ્રીનું અચાનક અવસાન (હૃદયરોગને લઈને) તા. ૨૧–૮–'૫૫ને રવિવારને રોજ થયું, તે જાણીને દુ:ખ થાય છે. શ્રી. હીરાબહેન તથા અન્ય સંબંધીઓને આથી દિલસોજી પાઠવું છું.

તા. ૨૧મીએ હું દિલ્હી જવા નીકળ્યો હતો. તેથી કરીને, આ ખબર મને તા. ૨૩મીએ દિલ્હીમાં પાર્લમેન્ટ હાઉસમાં એક મિત્રને મળવા ગયેલો તેમણે કહી ત્યારે મેં જાણી, અને તરત મને થયું કે, ગુજરાતે પોતાનો એક મોંઘો સાહિત્યકાર, પ્રખર વિદ્વાન અને ગુણજ્ઞ વિવેચક ખોયો.

ઈ. સ. ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠ સ્થપાતાં જે અનેક શક્તિશાળી અને વિદ્યાવ્યાસંગી નવજુવાનો તેની સેવામાં જોડાયા, તેમાં પાઠકસાહેબ હતા અને ત્યારથી તે ગુજરાતીના અધ્યાપક બન્યા. મને યાદ છે ત્યાં સુધી, આમ તે કાંઈ એ ભાષાના ગ્રૅજ્યુએટ નહોતા. તે ભણતા હતા ત્યારે ગુજરાતીને એવું સ્થાનેય યુનિવર્સિટીમાં નહોતું મળ્યું. તે ઘણું કરીને દર્શનવિદ્યાના ગ્રૅજ્યુએટ હતા. પણ ભાષા અને સાહિત્ય વિષેની પોતાની અભિરુચિ હોઈ, તેમણે આ કામ પસંદ કર્યું અને વિદ્યાજીવનની આરાધનામાં નવો અભ્યાસ ઉપાડચો. અને તેને કેવો યશસ્વી અને પ્રતિભાસંપન્ન કર્યો, તે આપણે જાણીએ છીએ.

વરસોથી તે આપણા રાજ્યની યુનિવર્સિટીઓમાં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉત્તમ અધ્યાપક તરીકે કદર પામ્યા છે; અનેક વિદ્યાર્થીઓને તેના અભ્યાસમાં તેમણે દોરવણી આપી છે; અને એમ કરીને ગુજરાતીનો અભ્યાસ આપણી યુનિવર્સિટીઓમાં શરૂ થયો, તેને જમાવવામાં અને ઘડવામાં, સ્વ. નરસિંહરાવ દિવેટિયા, કે૦ હ૦ ધ્રુવ જેવાની પેઢી પછીની બીજી પેઢીના તરીકે, ભારે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૦–૩૦નો યુગ આપણા સાહિત્યક્ષેત્રમાં પણ નવપલ્લવયુગ હતો. પાઠકસાહેબ તે યુગમાં એક પ્રતિભાવાન કવિ, પત્રકાર, કથાકાર, નિબંધકાર, વિવેચક, તથા 'સ્વૈરવિહાર'-કાર તરીકે પ્રગટ થયા. એક અધ્યાપકની મર્યાદાથી સહેજે તે આગળ વધ્યા અને લેખક-સર્જક બન્યા. મને લાગે છે, પાઠકસાહેબનું સાહિત્યસર્જન-કાર્ય મોટે ભાગે આ યુગમાં આપણને મળ્યું.

એમના સર્જનમાં નવીનતા છે. મૌલિકતા છે; મર્મગ્રાહી કુશાગ્ર બુદ્ધિમત્તાની છટા જોવા મળે છે. ગાંધીજીના નેતૃત્વ તળે રાષ્ટ્રની નવશકિત પ્રગટી રહી હતી, તેનું કલામય નિરૂપણ તેમણે કર્યું; પ્રજાનાં દોષસ્થાનો પર વિનોદપૂર્ણ અને હળવાં છતાં કટાક્ષબાણ માર્યાં; ભણેલા વર્ગને પણ તેની કેટલીક બાબતોમાં નમ્રતાપૂર્વક સામે આરસી ધરી, ટકોર્યા. ટૂંકમાં, જે સાહિત્ય-ક્ષેત્ર તેમણે અપનાવ્યું તેમાં નવીનતા અને મૌલિકતા અર્પી એટલું જ નહીં, સ્વાતંત્ર્ય ઝંખતી અને તે માટે ઝૂઝતી પ્રજાના આત્માના વિવિધ રંગ તેમાં ઉતાર્યા. અને આ કામ તેમણે એવી રીતે કર્યું કે, તે કેવળ સાહિત્યક્ષેત્રકારોને પણ સ્વીકારવું પડે અને ગમે.

પરંતુ પાઠકસાહેબની મૂળ પ્રતિભા કદાચ સાહિત્યકાર કરતાં વિવેચનકાર અને શાસ્ત્રકારની વિશેષ હતી. જે સાહિત્ય તેમણે સર્જ્યું તેમાંય આ વસ્તુની છટા તરત પરખાય છે. એમની ખૂબી એ હતી કે, તેમની સર્જનશકિત વિવેચન કે દર્શનશકિતથી કુંઠાઈ કે ગંઠાઈ શકી નહોતી. બંનેનો સુંદર વણાટ એમની પાસે હતો. ગદ્ય અને પદ્ય બંને પર હાથ કે કલમ ચલાવી જાણનાર પાઠકસાહેબ, આથી કરીને, બંનેના કાઠા-રૂપ એવાં વ્યાકરણ અને પિંગળ શાસ્ત્રમાં પણ ઊંડો રસ લેતા.

ગુજરાતી ભાષાનું ગણાય એવું વ્યાકરણ સંશોધવાનું ઊભું છે, એમ તે માનતા; અને તે તેમણે ૧૯૩૦થી અગાઉના સમયથી મન પર લીધું હતું. તેથી, આ બે વિદ્યાઓના સંશોધનપૂર્ણ ગ્રંથ રચવાનો સ્વાધ્યાય વરસોથી તેમણે ઉપાડયો હતો. તેમાંનો પિંગળનો ગ્રંથ પૂરો થઈને મળ્યો; વ્યાકરણ બાકી રહ્યું! આ અંગેનો તેમનો હસ્તલિખિત નોંધ-સંગ્રહ હોય તે પણ હવે તેમની મરણોત્તર ભેટ તરીકે ગુજરાતને મળશે એવી આશા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠકસાહેબે દેશની આઝાદીની સીધી લડતમાં પણ ફાળો આપ્યો છે, એ યાદ કરવું ઘટે છે. બારડોલી સત્યાગ્રહની લડતમાં તે તેમના મિત્ર અને સહાધ્યાયી શ્રી. મહાદેવભાઈ જોડે કેટલોક વખત થયા હતા. તે કાળમાં જ તેમણે કહેલું યાદ આવે છે કે, સરદાર વલ્લભભાઈ તેમનાં વ્યાખ્યાનો દ્વારા આજે સાહિત્યમાં પણ ફાળો આપે છે; એવી સાહિત્યશકિત ધરાવતાં તે છે. વિવેચકની તીણી નજર અને સ્વતંત્રતા બતાવનારું આ વિધાન હતું.

ત્યાર બાદ ૧૯૩૦-૩૫ની લડતમાં તેમણે ઝંપલાવ્યું અને જેલમાં ગયા. અને ત્યાર બાદ પણ તેમણે દેશની લડાઈમાં પોતાનો રસ જાગ્રત રાખ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીના માધ્યમ અંગે વિચાર જાગ્યો ત્યારે ઊંડો રસ લઈ તેમણે ભાગ ભજવ્યો. મુંબઈની એક સભામાં પ્રમુખસ્થાન લઈ તેમણે આ પ્રશ્નમાં પોતાનો મત જાહેર કર્યો. મને છેવટના મુંબઈમાં મળવાનું થયું, ત્યારે ખૂબ મમતાથી મને આ પ્રશ્ન અંગે વાત કરી પ્રોત્સાહન આપ્યું હતું. દિલ્હીમાં ખબર જાણી ત્યારે મને પહેલો ખ્યાલ એ આવ્યો કે, અરે, પાઠક-સાહેબને ફરી મળી ન શકાયું અને તે ગયા!

તે ભારે પ્રેમાળ અને મમતાવાળા સહૃદય માણસ હતા. તેની જ સાથે, જીવનનાં મૂલ્યોના આકલનમાં, વિજ્ઞાનીની અદાથી તે ઊંડે ઊતરી જાણતા હતા. તેમણે પ્રમાણશાસ્ત્ર પર પણ ગ્રંથ ગૂજરાત વિદ્યાપીઠ માટે તૈયાર કરી આપ્યો છે, તે અહીં નોંધવા જેવું ગણાય.

તેમનું સર્જન ન કેવળ રોમાંચક (રોમેન્ટિક) કે ન કેવળ ‘કલાસિકલ’ —ધીરોદાત્ત પ્રતનું કહેવાય. બંનેનું સુભગ સંમિશ્રણ એમાં જોવા મળે છે, એ પાઠકસાહેબની પ્રતિભાનું પ્રતિબિંબ જ જાણે છે, એમ કહો. આથી તે કોઈ એક બાજુથી વધારેપડતા ઊંચકાઈ કે ખેંચાઈ જતા નહીં, એમ કહી શકાય.

એમણે ગુજરાતની જે સાહિત્યસેવા અને શિક્ષણસેવા કરી છે, તે માટે તે અમર થયા છે. ગુજરાત તેને માટે એમને હમેશ યાદ કરશે. પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૨૭-૮-’૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૨

સ્વ૦ જાવડેકર

ગૂજરાત વિદ્યાપીઠે પ્રસિદ્ધ કરેલી નીચેની બે ચોપડીઓ વાચકે ન વાંચી હોય તો તે વાંચવા જેવી છે — ૧. આધુનિક ભારત, ૨. લોકશાહી. એમના લેખક શ્રી. શંકરરાવ જાવડેકર થોડા દિવસ પર દેવલોક પામ્યા, તેની સખેદ નોંધ લઉં છું.

ભાઈ જાવડેકર એક સમર્થ લેખક, અધ્યાપક અને વિચારક હતા. ઘણું કરીને, ટિળક વિદ્યાપીઠમાં તેમણે કામ કરેલું, જેને લઈને તે આચાર્ય જાવડેકર (આ૦ ભાગવત, આ૦ લિમયેને પણ એ જ કારણે આચાર્ય પૂર્વપદ મળ્યું છે.) એવા નામથી મહારાષ્ટ્રમાં જાણીતા હતા.

તે સમર્થ પત્રકાર પણ હતા. પૂનાના 'લોકશક્તિ' પત્રના તે શરૂમાં સંપાદક હતા.

દમના વ્યાધિને લઈને તે સક્રિય કામોમાંથી નિવૃત્ત થઈ, પોતાને ગામ અધ્યયન તથા લેખનમાં સમય આપતા હતા. ગાંધીજીના સત્યાગ્રહના સિદ્ધાંત પર પણ તેમણે અભ્યાસપૂર્ણ પુસ્તક લખ્યું છે. તેમને સમાજવાદનું તત્ત્વ પણ ગમતું હતું. તે ઉપરથી તેમણે પોતાની વિચારસરણીમાં સત્યાગ્રહ-નિષ્ઠ સમાજવાદ જેવી વસ્તુ યોજી હતી. એને રજૂ કરતાં વિવેચન તેમણે લખ્યાં છે.

મરાઠી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ એ થયેલા, એમ યાદ આવે છે. આમ, નવીન મહારાષ્ટ્રના ઉદયમાં એમણે કીમતી ફાળો આપ્યો છે. ખાસ કરીને, તેમના 'આધુનિક ભારત' ગ્રંથથી તે અમર રહેશે.

છેવટે એક અંગત આભારની નોંધ લઉં. આ૦ જાવડેકરે તેમનાં પુસ્તકોનો અનુવાદ કરવાનો હક ગૂજરાત વિદ્યાપીઠને આપ્યો હતો, એ અત્રે યાદ કરીને એમના અવસાનની આ નોંધ પૂરી કરું છું.

[૨૩-૧૨-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૩

શ્રી. જદુનાથ સરકાર

બંગાળના સુપ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી. જદુનાથ સરકાર ગયે મહિને ગુજરી ગયા, તેથી દેશે એક અભ્યાસી ઈતિહાસકાર અને વિદ્વાન કેળવણીકાર ગુમાવ્યો. ઉંમર જોતાં તે ખર્યું પાન ગણાય; પરંતુ ૭૦ ઉપર આયુ છતાં, છેવટ સુધી તે કામકાજ કરતા હતા, એવી સારી તબિયત એમની હતી.

તેમણે મોગલયુગનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું. તે અર્થે ફારસી વગેરે ભાષાઓમાં પડેલી સામગ્રી પણ તે જોઈ વળ્યા. અને તેનો નિચોડ તેમણે અંગ્રેજીમાં અનેક ગ્રંથો મારફત આપ્યો. શ્રી. સરદેસાઈએ મરાઠા ઈતિહાસ વિષે જેવું કીમતી કામ કર્યું, તેવું જ શ્રી. સરકારે મોગલયુગ અંગે કર્યું. ફરક એટલો કે, શ્રી. સરદેસાઈએ પોતાનો અભ્યાસ મરાઠી દ્વારા પ્રજા આગળ મૂકયો છે; શ્રી. જદુનાથે અંગ્રેજીમાં રજૂ કર્યો. તે બંગાળીમાં પણ ઊતર્યો છે કે કેમ તે ખબર નથી.

અહીંયાં શ્રી. બી. ડી. બસુ પણ યાદ આવે છે. તેમણે અંગ્રેજ યુગ વિષે આવું જ ઉમદા ધૂળધોયાનું કામ કર્યું. પાર વિનાની સામગ્રી શ્રી. બસુએ કદાચ પહેલવહેલી એમના મશહૂર ગ્રંથો દ્વારા દેશની નવી પેઢી આગળ મૂકી. આ કામ કરીને તેમણે રાષ્ટ્રની જાગૃતિ વિષે પણ અજાણ્યે છતાં સારી સેવા કરી.

શ્રી. સરકાર અંગ્રેજી રાજ્ય અને એના લાભો વિષે અતિ આશક હતા. રાજકારણમાં તે ‘ મૉડરેટ ’ વિચારશાખાને મળતા હતા. અંગ્રેજ રાજ્ય વિષે ખાસ કોઈ મૌલિક દૂષણ એમને ભાગ્યે લાગતું. એમની પેઢીમાં આ વૃત્તિવાળા કેટલાય બીજા હતા. એ યુગ આજે પૂરો થયો છે અને હિંદનો અંગ્રેજ યુગ જઈને આપણો સ્વતંત્ર યુગ શરૂ થાય છે. તે ઉદય જોઈને શ્રી. જદુનાથ ગયા.

એમણે પ્રોફેસર તરીકે કામ કર્યું હતું. બાદ કલકત્તા યુનિવર્સિટીના વાઈસચાન્સેલર પણ કેટલોક વખત તે હતા. કલકત્તાનાં અનેક વિદ્વાન મંડળોનાં કાર્યમાં તે રસ લેતા હતા. એમના જેવા અભ્યાસી ઈતિહાસકારો હવે હિંદને ઘણા જોઈએ, જેથી દેશનો ઈતિહાસ સમગ્ર દૃષ્ટિએ આપણે સરજી શકીએ.

આ કામ ઉપાડી લઈને નવી પેઢી આ બુઝર્ગ ઈતિહાસકારને શ્રદ્ધાંજલિ આપે, તો એમનું સાચું તર્પણ કર્યું ગણાય.

[૫-૬-’૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૪

મ૦ પ્ર૦ તિ૦ આચાર્ય

'હરિજન' પત્રોમાં પ્રસંગોપાત્ત પ્રગટ થતાં તેમનાં લખાણોથી વાચકો શ્રી મ૦ પ્ર૦ તિ૦ આચાર્યને ઓળખે છે. તેઓ મારી સાથે સતત પત્ર-વહેવાર કરતા રહેતા હતા. દર અઠવાડિયે તેઓ મને જુદા જુદા તાત્કાલિક વિષયો બાબત લખતા રહેતા હતા તથા હિંદની પરિસ્થિતિને લગતી જુદી જુદી બાબતો વિષે છાપાનાં કતરણો મોકલતા હતા.

પણ છેલ્લાં થોડાંક અઠવાડિયાંઓથી તેમના તરફથી કશું સંભળાતું નહોતું તેથી મને નવાઈ લાગતી હતી. એવામાં બે અઠવાડિયાં પર તેમને મોકલેલો હરિજનનો અંક 'ડાઈડ' (અવસાન પામ્યા છે) એવા પોસ્ટના ટૂંકા શેરા સાથે પાછો આવ્યો. એ દુ:ખદ ખબરને ૧૮–૪–'૫૪ના મુંબઈના 'સનડે ક્રૉનિકલ'માં તેમને વિષે પ્રગટ થયેલા લેખથી સમર્થન મળે છે. એમાં જણાવવામાં આવ્યું છે કે, ગઈ તા. ૨૦મી માર્ચે મુંબઈની ભાટિયા જનરલ હૉસ્પિટલમાં હૃદયરોગથી તેમનું અવસાન થયું હતું.

'સનડે ક્રૉનિકલ'માં પ્રગટ થયેલા લેખના લેખક જણાવે છે કે, 'અરધી સદી સુધી પોતાના દેશની સ્વતંત્રતા માટે ચળવળ ચલાવનાર એક હિંદના ક્રાંતિકારીનું, કશી પણ દેખભાળ વિના અને અકિંચન દશામાં, અવસાન થયું.' આ સાવ સાચું છે. તેમના અવસાન સમયે, 'હિંદની સ્વતંત્રતા માટે ટેકો મેળવવાને યુરોપનાં (અને યુનાઈટેડ સ્ટેટ્સનાં) એક પછી એક એમ અનેક પાટનગરોમાં આંટાફેરા ખાનાર દેશભક્તની અંતિમ ક્રિયા કરનાર કોઈ જ નહોતું.' એ ખરેખર અતિશય શોચનીય છે. એ વર્ણનમાં જરાસરખી પણ અતિશયોક્તિ નથી.

'હરિજન' પત્રોના સંપાદનકાર્યને અંગે મને શ્રી. આચાર્યનો પરિચય થયો. સદ્‌ગત શ્રી. મશરૂવાળા પાસેથી મેં એ કામ લીધા પછી તરત જ શ્રી. આચાર્યે મને લખી જણાવ્યું કે, પોતે શ્રી. કિશોરલાલ મશરૂવાળાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખે છે. શ્રી. કિશોરલાલભાઈને તેઓ મુંબઈમાં મળ્યા હતા અને તેમને તેમના વિચારો, ખાસ કરીને, અરાજકતાવાદની ફિલસૂફીના વિચારો પસંદ હતા. શ્રી. મશરૂવાળા ધીમે ધીમે એ વિચારોની કદર કરતા થયા હતા. તેમણે મને એ પણ જણાવ્યું કે, શ્રી. મશરૂવાળા તેમને મદદ પણ કરતા હતા. તેઓ અપંગ અને સાવ પથારીવશ હતા અને કોઈપણ રીતે પોતાનો ગુજારો કરવાની સ્થિતિમાં નહોતા. કોઈ વખત મારે મુંબઈ જવાનું થાય તો મને મળવાની તેમણે ઇચ્છા દર્શાવી. મેં તેમને તરત જ લખી જણાવ્યું કે, હું ખસૂસ તમને મળીશ. અને થોડાક વખતમાં હું તેમને મળ્યો.

બીમાર અને સંપૂર્ણપણે તે પથારીવશ હતા અને તેમની દેખભાળ કરનાર કોઈ ન હતું, તેમ છતાં એ વૃદ્ધ પુરુષનું મન અતિશય જાગ્રત અને ચકોર હતું. એ દૃશ્ય આનંદદાયી હતું. આમ છતાં હિંદની આઝાદી માટે જીવનભર પરિશ્રમ કરનારને આવી કારમી મુશ્કેલીની સ્થિતિમાં જોઈને દુ:ખ થતું હતું. તેમની દુ:ખદ કથાની વિગતોમાં હું અહીં નહીં ઊતરું. પણ સદ્‌ગત કિશોરલાલભાઈ દ્વારા આ પત્ર તેમનાં છેવટનાં થોડાં વરસો દરમ્યાન તેમને માટે કંઈક કરી શક્યું એથી કંઈક સંતોષ થાય છે.

શ્રી. આચાર્યને તાત્ત્વિક અરાજકતાવાદના સિદ્ધાંતમાં અખૂટ શ્રદ્ધા હતી. તેઓ ગાંધીજીના સત્યાગ્રહના તથા સર્વોદયના સિદ્ધાંતમાં માનતા હતા. હિંદની સ્વતંત્રતાના ધ્યેય માટે વિદેશોમાં લાંબી અને જહેમતભરી તેમની ચળવળને પરિણામે તેમની એમાં શ્રદ્ધા પેદા થઈ હતી.

શ્રી. આચાર્ય ૧૯૦૮ની સાલમાં તેમની પહેલી વીશીમાં જ હિંદ છોડીને પરદેશ ગયા હતા. શ્રી. શ્રીનિવાસ શાસ્ત્રી જેના હેડમાસ્તર હતા તે હાઈસ્કૂલમાં તેઓ ભણતા હતા. ૧૯૦૬ની સાલમાં તેમણે મદ્રાસમાં સુપ્રસિદ્ધ તામિલ કવિ ભારતી સાથે રાષ્ટ્રવાદી છાપું કાઢ્યું હતું. બીજે વરસે તેઓ પૂના ગયા અને મહાન લોકમાન્યની અસર નીચે આવ્યા. પછી તેઓ પ્રતિનિધિ તરીકે સુરતની કૉંગ્રેસમાં ગયા.

૩૦ વરસ જેટલા લાંબા કાળ પછી ઇંગ્લંડના ફેનર બ્રૉકવે અને બીજા શાંતિવાદી લોકોની મદદથી તેઓ હિંદ પાછા આવી શક્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૉલ્શેવિક ક્રાંતિ દરમ્યાન તેઓ રશિયામાં હતા, ત્યારે એક રશિયન કળાકાર સ્ત્રી સાથે તેમણે લગ્ન કર્યું હતું. પરંતુ રશિયન ક્રાંતિ સાથે તેઓ સંમત ન થઈ શક્યા. દુર્ભાગ્યે થોડાંક વરસ પર તેમની પત્ની આ દુનિયામાં તેમને ખરેખર એકલા મૂકીને ગુજરી ગઈ. તેમણે મને કહ્યું કે, મુંબઈમાં તેમના એક ભાઈ છે. તેઓ એક વાર તેમને મળવા આવ્યા હતા ખરા, પણ તેમને વિષે ઝાઝી પરવા ન કરી.

તેમના છેલ્લા દિવસોમાં તેમની અને કારમી ગરીબાઈ તથા અંગો જૂઠાં કરી નાખનારી બીમારી વચ્ચેની ખરેખર લડાઈ જ ચાલી હતી. એ અગ્નિપરીક્ષા બહાદુરીપૂર્વક સહેવા માટે તેમની પાસે પૂરતી વિનોદવૃત્તિ હતી. તેઓ સાચે જ માતૃભૂમિના સેવક હતા અને જીવનના અંત સુધી પોતાના વિચારોને મક્કમપણે વળગી રહ્યા.

તેઓ શાંતિચાહક હતા અને બૉલ્શેવિઝમથી ભિન્ન એવા સાચા સામ્યવાદ તથા સમાજવાદના ધગશપૂર્વકના હિમાયતી હતા. બૉલ્શેવિઝમને આજકાલ સામ્યવાદને નામે ખોટી રીતે વર્ણવવામાં આવે છે. તેઓ સંપૂર્ણ સ્વતંત્રતા, સમાનતા તથા સાચા માનવ વ્યકિતત્વના ગૌરવના પાયા પર રચાયેલી સ્વાધીન અને વિકેંદ્રિત સમાજવ્યવસ્થાના પુરસ્કર્તા હતા.

તેમના આત્માને શાંતિ મળો.

['હરિજનબંધુ', ૨૦-૪-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૫

સ્વામીનારાયણ સાહેબ

અમદાવાદની શેઠ લા. દ. કૉલેજના ગણિતના અધ્યાપક, શ્રી. જેઠાલાલ ચિમનલાલ સ્વામીનારાયણ, અચાનક હૃદય બંધ પડતાં, તા. ૨૪–૬–'૪૧ની રાતે ગુજરી ગયા. ગુજરાતના એ પ્રખર ગણિતી લા. દ. કૉલેજમાં તો હમણાં અધ્યાપક થયા. તે અગાઉ તેઓશ્રી ગુજરાત કૉલેજમાં આજના અનેક ગુજરાતીઓના અધ્યાપક હતા.

ગણિત તો એમનો સહજ વિષય હતો. પણ એમનાં દેશાભિમાન અને રાષ્ટ્રપ્રેમ એમને સામાન્ય અધ્યાપકોથી નોખા પાડનારાં હતાં. તે કહેતા, ૧૯૦૫-૬ના ટિળક મહારાજના જમાનાથી રાજીનામું તો હું ખિસ્સામાં જ રાખતો.

૧૯૨૦માં અસહકારનો જમાનો આવ્યો ત્યારે એ રાજીનામું તેમણે સરકારને સોંપ્યું અને પોતે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ૧૯૨૪-૨૫ના જમાનામાં સ્વરાજ પાર્ટી જાગી; તેઓ તેમાં પડયા ને મુંબઈ ધારાસભામાં પહોંચ્યા.

તે આર્ય સંસ્કૃતિના અભિમાની હતા. પોતાના સ્વામીનારાયણ સંપ્રદાયની એક નવી શાખામાં છેલ્લાં થોડાંક વર્ષોથી તે અનન્ય રસ લેતા હતા. સાહિત્યમાં પણ તેમણે હાથ અજમાવ્યો છે. અને સંસ્કૃત શ્લોકો ને ગુજરાતી ભજનો પણ તે લખતા હતા. આમ અનેકવિધ શકિત તે ધરાવતા હતા.

તેમની બાલિશ સરળતા તો તેમની જ હતી. અને એમની ગણિત-ભકિત અને તે માટેની સહજ એકાગ્રતાએ તેમને એક ઓલિયા બનાવી દીધા હતા. ગુલામ દેશના એ ન હોત યા આપણે સ્વતંત્ર હોત, તો સ્વામીનારાયણ સાહેબ ગણિતમાં જ એકાગ્ર થઈ શકત અને તેની સેવા અને શોધો દ્વારા પોતાનું ને પોતાની માતૃભૂમિનું નામ કાઢત. એમની નિર્વ્યાજ સરલતા અને વિદ્યાપ્રેમ એમના વિદ્યાર્થીઓ હમેશ યાદ કરશે.

પ્રભુ એમને શાંતિ આપો.

[જુલાઈ, ૧૯૪૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ૦ અંબાલાલ બુ૦ જાની

ગુજરાતના એક વયોવૃદ્ધ સાહિત્યસેવક શ્રી. અંબાલાલ બુલાખીદાસ જાની તા. ૨૩–૩–'૪૨ને રોજ ગુજરી ગયા.

નડિયાદના નાગર સાક્ષરવૃન્દના છેલ્લા જાણીતા વિદ્વાન એ હતા. જૂના સાહિત્યના એ ખાસ અભ્યાસી ને પ્રેમી હતા. ફાર્બસ સાહિત્ય સભાના મંત્રી તરીકે તેના 'ત્રૈમાસિક'ના તંત્રી તરીકે તે કામ કરતા હતા. અને તે અગાઉ તેમણે મુંબઈ 'ગુજરાતી' તથા 'સમાલોચક' પત્રોમાં કામ કર્યું હતું.

ફાર્બસ સભામાં જૂનાં કાવ્યાદિનો સારો હાથપ્રતસંગ્રહ સંઘરાયો છે. જાનીએ તેમની સૂચિ,તથા તેમાંનાં કેટલાંકનું સંપાદન કરી આપી, અભ્યાસીઓને મદદ અને માર્ગદર્શન કર્યાં છે.

બે વર્ષ ઉપર તે જ કામને અંગે આ સાક્ષરને રૂબરૂ મળવાનો મને લાભ મળ્યો હતો. તે આજે યાદ કરું છું ત્યારે વિશેષ દુઃખ થાય છે. હું પ્રેમાનંદના 'સુદામાચરિત'ની જૂની હાથપ્રતો જોવા એમની પાસે ગયો હતો. એમનો મીઠાશ-ભર્યો ઉત્સાહ અને મદદની તત્પરતા જોઈ મને એ કામમાં આનંદ થયો. એ વૃદ્ધજન પ્રત ઉપર પ્રત ખોળી ને તે લાવી આપવા ફાર્બસ સભાના મકાનના ઉપલા માળે વારંવાર જતા, ત્યારે મનેય થતું કે, આ કષ્ટ કેમ એમને અપાય! અને મેં એમને એ કહ્યું પણ. પરંતુ તે ક્હે, 'જૂની પ્રતો એકઠી કરવામાં જે મહેનત લીધી છે, તેમનો ઉપયોગ કોણ કરે છે! તમે કરવા ચાહો છો એ આનંદની વાત છે. ઉપરાંત પણ જે જે પ્રતો જોઈએ તે મને કહેજો. અમદાવાદ પણ મોકલી આપીશ.' અને આમ કહીને પોતા પાસેના સંગ્રહમાં જે વિરલ ચીજો હતી તે ગણાવવા લાગી જાય.

સનાતની આચારવિચાર જો શ્રદ્ધાથી પાળવામાં આવે, તો તેથીય એક જાતની ઉદાત્ત નિષ્ઠા કેળવાઈ શકે અને તે જીવનને અમુક ઢબે સંસ્કારી બનાવે, એ એમને જોઈને મને થયું. જૂના જમાનામાં જે એક ઋજુતા હતી, અને જે આજના જમાનામાં ઓસરતી જાય છે, તે સ્વ૦ જાનીમાં મેં જોઈ હતી.

ફાર્બસ સભાએ અને તેની મારફત ગુજરાતે એક નૈષ્ઠિક સાહિત્યસેવક ગુમાવ્યો છે. પ્રભુ એમને શાંતિ બક્ષો.

[મે, ૧૯૪૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૭

સ્વ૦ મણિલાલ ઇચ્છારામ દેસાઈ

સ્વ૦ સાક્ષરશ્રી ઇચ્છારામ સૂર્યરામના પુત્ર અને એમની સ્થાપેલી 'ગુજરાતી' પ્રેસ સંસ્થાના વારસ શ્રી. મણિલાલ દેસાઈ ગયે મહિને મુંબઈમાં દેવલોક પામ્યા.

શ્રી. મણિલાલ ગુજરાતના પત્રકારોમાં જાણીતા એક હતા. ગઈ પેઢીના એક આગેવાન સાપ્તાહિક —મુંબઈ 'ગુજરાતી' —ના તે સંચાલક હતા.

ગુજરાતે પત્રકાર પરિષદના પ્રમુખ ચૂંટીને તેમનાં કામ અને શક્તિની કદર કરી હતી. આપણી એક જૂનામાં જૂની પ્રકાશન-સંસ્થાના સંચાલક તરીકે ગુજરાત એમને યાદ કરશે.

પ્રભુ એમને શાંતિ અર્પો.

[જુલાઈ, ૧૯૪૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૮

ભાઈ હરજીવન સોમૈયા

ભાઈ હરજીવન સોમૈયા તા. ૧૮–૭–'૪૨ના રોજ, તેમનું સેવાસ્થાન ગણાય એવા ભારતી સાહિત્ય સંઘ (અમદાવાદ)માં આગલે દિવસે આવ્યા; ને ૨૪ કલાક બાદ તેમણે દેહ છોડી. એ સંઘમાંથી તો તે વરસેક પર છૂટા થયા હતા, ને દવા કરાવવા માટે ત્યાં આવ્યા હતા; જાણે અહીંથી જતા અગાઉ પાછા પોતાના સંઘમાં જોડાઈ ન ગયા હોય!

શ્રી. સોમૈયા ૧૯૩૦–૩૨ના જમાનાના મારા જેલના સાથી હતા. તે સ્વભાવે રાષ્ટ્રીય શિક્ષક ગણાય. કેટલાંક વર્ષ કરાંચીની શાળામાં તે કામ કરતા હતા, ત્યાર બાદ તે સંઘમાં જોડાયેલા. તે શાળાના અનુભવો બાબત થોડા માસ ઉપર આ પત્રમાં તેમણે ચર્ચાપત્ર મોકલેલું વાચકને યાદ હશે.

ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન જેવા વિષયોને પોતાની વિપુલ કલ્પના-શકિતને બળે તે રસિક કરી શકતા. એક શિક્ષકને છાજે એવી અભ્યાસી વૃત્તિના એ હતા. આ શકિતઓ એમણે જેલમાંથી આવ્યા બાદ સાહિત્યમાં વાળી. એનું પરિણામ ભારતી સાહિત્ય સંઘે પ્રસિદ્ધ કરેલાં તેમનાં અનેક પુસ્તકો; જેમાંનાં કેટલાંકની સમાલોચના આ પત્રમાંય વાચકે જોઈ હશે. ૩૦–૩૫ (?) વર્ષની નાની વયમાં જ એ ગયા, એ સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રને માટે ખોટ ગણાય.

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[ઑગસ્ટ, ૧૯૪૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૯

સાક્ષરશ્રી રમણલાલ દેસાઈ

સાક્ષરશ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનું હૃદય બંધ પડી ઓચિંતું અવસાન થયું, એ નોંધતાં દુ:ખ થાય છે.

તે આપણા જાણીતા નવલકથાકાર હતા. રાષ્ટ્રની આઝાદીની લડતના ભાવો અને ભાવનાઓ વણીને તે કથાઓ રચતા હતા; તેને અનુરૂપ પાત્રોને જન્મ આપતા હતા. આથી એમની કથાઓ ખૂબ લોકપ્રિય થઈ.

તેમની કલમ પણ ભારે લીસી હતી. વડોદરા રાજ્યની વહીવટી નોકરીમાં છતાં તે ડઝનબંધ પુસ્તકો આપતા રહ્યા હતા; અને તેમાંથી નિવૃત્ત થયા પછી ગુજરાતના જાહેર જીવનમાં પણ રસ લેતા હતા.

૬૨ વર્ષની ઉંમરે તે ગયા, એ વહેલું કહેવાય. પ્રજાના સંસ્કારજીવનનું ચિંતન મનન કરી તેનો નિચોડ આપતા રહેનારા લોકોની જરૂર સ્વરાજમાં વધારે છે. તેવી આશા આપણે આપણા લોકહિતૈષી સેવકો, વિચારકો, લેખકો તથા સમર્થ કથાકારો અને કળાકારો પાસેથી રાખી શકીએ.

સ્વ. રમણલાલ એવા કથાકાર થવા મથનારા એક હતા. ગુજરાતનો અક્ષરદેહ ઘડવામાં એમણે કરેલું કામ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં હમેશ માટે નોંધપાત્ર રહેશે.

[૨૬-૯-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૦

સ્વ૦ રત્નમણિરાવ

ગુજરાતના ઈતિહાસના અભ્યાસી અને લેખક શ્રી. રત્નમણિરાવ ૬૦ વરસની ઉંમરે થોડા દિવસ પર દેવલોક પામ્યા, તેની સખેદ નોંધ લઉં છું.

ગુજરાતમાં ઈતિહાસના અભ્યાસી ગણ્યાગાંઠયા છે, તેમાં ભાઈ રત્નમણિરાવ અગ્રગણ્ય હતા. ગુજરાતની પોતાની યુનિવર્સિટી હવે થઈ છે, એટલે આ ખોટ ભાગવી જોઈએ.

અર્વાચીન ગુજરાતનો સંશોધનપૂર્ણ અને સુસંબદ્ધ ઈતિહાસ તૈયાર કરવાનું એક મોટું કામ બાકી છે. તેના અનેક અંશો અને પાસાં છે, તેમાં જઈને અભ્યાસ અને સંશોધન કરવાની પ્રેરણા સ્વર્ગસ્થના જવામાંથી નવી પેઢીએ લેવી જોઈએ. એ એમનું સાચું તર્પણ છે.

પ્રભુ એમને શાંતિ અર્પો.

[૨૬-૯-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૧

સ્વ૦ સાકરલાલ દવે

શ્રી. સાકરલાલ અમૃતલાલ દવે ઓચિંતા, તા. ૧૮–૧૨–'૫૫ના રોજ હૃદય બંધ પડતાં, ૭૦ વર્ષની વયે દેવલોક પામ્યા, તેની નોંધ લેતાં દુ:ખ થાય છે.

શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં તે સારી પેઠે જાણીતા હતા. સરકારી શિક્ષણખાતામાં લાંબી અને યશસ્વી નોકરી પૂરી કરી, ત્યાંથી નિવૃત્ત થઈ, અમદાવાદમાં રહેતા હતા અને સાહિત્ય તથા સમાજસેવાનાં કામોમાં રસ લેતા હતા.

હમણાં થોડા માસ પર ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા.

ભાષા અને વ્યાકરણ તેમના ખાસ વિષય હતા. તેનાં પાઠ્યપુસ્તકો પણ તેમણે લખ્યાં છે. ટૉલ્સ્ટૉયના એક ગ્રંથનો તેમનો અનુવાદ — 'જીવન-સિદ્ધિ' તથા પ્રો. બેઈનની બે કથાઓનો તેમનો અનુવાદ સાહિત્યક્ષેત્રે જાણીતા ગ્રંથ છે.

તે એક અચ્છા શિક્ષક હતા. એમના જવાથી ગુજરાતના શિક્ષણ-જગતે એક વિદ્યાર્થી-વત્સલ અને વિદ્યાપ્રેમી શિક્ષક ખોયો છે.

પ્રભુ એમને શાંતિ બક્ષો.

[૨૨-૧૨-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૨

મૌલવી શ્રી. નદવી સાહેબ

મૌલવી શ્રી. અબુલ જફર નદવી બિહારમાં ઓચિંતા તા. ૨૮–૫–'૫૮ના રોજ ગુજરી ગયાની ખબર જાણીને, જેઓ નદવી સાહેબને જાણે છે તે સૌને દુ:ખ પહોંચ્યું હશે.

તે સ્વભાવે ખૂબ સરળ અને પ્રેમાળ હતા. કોમી એકતાભાવ એમને સહજ હતો.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ કે તરત ગાંધીજીએ દેવબંધની મુસ્લિમ અકાદામીના અધ્યક્ષ સ્વ૦ શ્રી. સુલેમાન નદવીને વિનંતી કરી કે, મારે એક અરબી ફારસી અને ઉર્દૂના અધ્યાપક ગૂજરાત વિદ્યાપીઠને માટે જોઈએ; કેમ કે, ત્યાં હિંદી-હિંદુસ્તાનીનું ફરજિયાત શિક્ષણ તેની નાગરી અને ઉર્દૂ બંને લિપિઓ દ્વારા દેવાનો પ્રબંધ કરવો છે.

મૌલાના સુલેમાન નદવીએ પોતાના સગા અને એક ઉમદા વિદ્યાર્થી શ્રી. અબુલ જફર નદવીને આપ્યા. એમ શ્રી. નદવી સાહેબ ગુજરાતમાં આવ્યા અને ત્યારથી આજ સુધી ગુજરાતમાં અધ્યાપનકાર્ય કરતા રહ્યા.

વિદ્યાપીઠે પુરાતત્ત્વ મંદિર શરૂ કર્યું તેમાં પણ તે કામ કરતા. એમ તે શ્રી. રસિકલાલ પરીખ, સ્વ૦ રામનારાયણભાઈ પાઠક વગેરે વિદ્વાનોના પરિચયમાં આવ્યા.

થોડાં વર્ષ વિદ્યાપીઠમાં કામ કર્યા બાદ, નદવી સાહેબ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં જોડાયા અને ત્યાં આજ સુધી તે ફારસી અરબીના વિદ્વાન અધ્યાપક તરીકે કામ પર હતા.

રજાઓમાં તે બિહાર પોતાને વતન ગયા હતા. આમ કેટલાક વખતથી ઉંમરની નબળાઈ અને હૃદયની કાંઈક પીડા હતી; તે અત્યારે બિહારમાં પડવા લાગેલી અતિ ગરમીથી ઓચિંતી વધી પડી અને તે ગુજરી ગયા.

પ્રભુ એમને શાંતિ આપો.

[૯-૬-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૩

હૃદયશક્તિનો ચમત્કાર

[બૂકર ટી. વૉશિંગ્ટન]

અમેરિકન સાહિત્યકાર માર્ક ટ્વેઈનનું એક વાકય છે કે, "ઓગણીસમી સદીનાં બે આશ્ચર્યો છે: એક નેપાલિયન અને બીજું હેલન કેલર." બે સાવ ભિન્ન પ્રકૃતિ—અને ભિન્ન જીવનકાર્ય—વાળાં આ બે મહામાનવોને ભેગાં વર્ણવવામાં અમુક વિચિત્રતા ઉઘાડી છે. એક મહા માનવતાવાદી સ્ત્રીરત્ન; બીજો મહા યુદ્ધકળાવીર પુરુષસિંહ. એકની વિભૂતિ માનવહૃદયને મૃદુતા અને પ્રેમદયાથી જીતવાની; તેને માટેના વ્યૂહ એક જાતના. બીજાની વિભૂતિ માનવ રાષ્ટ્રોને પદાક્રાન્ત કરવાની; તેના વ્યૂહ નિરાળા. છતાં બંનેમાં એક ગુણની સમાનતા રહેલી છે ખરી અને તે અતિ પ્રબળ ઈચ્છાશકિત અને મહા પરાક્રમી પુરુષાર્થની તમન્ના. બંને માનવરત્નમાં આ ગુણ સમાન હતો. કુ૦ હેલન કેલરનો અહિંસાગુણ જ વિજય પામ્યો અને આજે તે પૃથ્વીનો જય કરે છે. નેપોલિયને પોતે તો જીવન જીત્યું, પણ તેનાં કાર્યોમાં હાર્યો, કારણ હિંસાગુણની અચૂક ફલશ્રુતિ એ છે.

હેલન કેલરની જીત પોતાની અપંગતા ઉપર હતી. જેમણે તેમની આત્મકથા 'અપંગની પ્રતિભા' વાંચી હશે, તેમને આ જીતની ભગીરથકથાની ખબર છે. અપંગતા તે કેવી! બાલ્યાવસ્થાથી જ અંધ ઉપરાંત બહેરાંમૂંગાં તે હતાં. રહી માત્ર બે ઈંદ્રિયો: શ્રાવણ અને સ્પર્શ. આ બે ઈંદ્રિયો આંખ-કાન-જીભના અભાવે, કેવી તેજ કે તીવ્ર બને છે અને નવાઈભરેલું કામ આપે છે, એ એમનાં લખાણોમાંથી જાણવા મળે છે.

તેમણે એક પોતાના પુસ્તકનું નામ 'ધી સીઈંગ હૅન્ડ' (દેખતો હાથ) આપ્યું છે. અને નાકની ઘ્રાણેન્દ્રિય વિષે તો તે એમ કહે છે કે, ખરેખર તમે આંખોવાળા લોકો નાક વગરના છો; નાકવાળી ખરેખર તો હું છું. નાક દ્વારા તે પદાર્થોની ગંધ પરથી તેના રંગ ઈ૦ જાણી શકે છે. તેવું જ સ્પર્શનું છે. પગરવ પરથી તે કોણ છે એ જાણી શકે છે. ગળે કે હોઠ પાસે હાથ રાખીને સાંભળી શકે છે. હવે તો તે બોલે છે અને લખે પણ છે. કવિ છે. ફિલસૂફ છે. માનવ શરીરની અપંગતા પર આવો વિજય મેળવવો, એ ખરેખર આપણી દુનિયાનો ચમત્કાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને જ મળતો પણ જુદી અપંગતાનો ચમત્કાર જોવો હોય તો બૂકર ટી. વૉશિંગ્ટન. માર્ક ટ્વેઈને જો બે વ્યક્તિઓને વિશેષ સમાનતાથી ભેગાં કરવાં હોય તો તેણે તેના દેશનાં આ બે જણને ઉલ્લેખવા જેવાં હતાં.

બૂકર હબસી ગુલામ હતો; તેમાંથી તે જગતનો એક મહા મોટો નામાંકિત અમેરિકન ગણાયો. કાળી ચામડીવાળો હોવા છતાં તેવો ગણાયો, એ ધ્યાનમાં લેવા જેવું છે.

ગુલામી એટલે શારીરિક નહીં પણ પૂરેપૂરી સામાજિક અપંગતા. આ અપંગતા કેવી કરુણ અને દારુણ છે, તે બૂકરની આત્મકથા વાંચનારને ખબર છે. હબસી ગુલામની દશા પાળેલા પશુ જેવી હતી. તેને લાગણી કે આત્મા ન હોય એમ મનાતું. એવી સામાજિક અપંગતામાંથી એ માણસે કેલરને મળતાં જ મહા ઈચ્છાશકિત અને બુદ્ધિબળ દાખવી, પોતાનું જીવન ધન્ય કર્યું એટલું જ નહીં, પોતાના જેવા અનેક હબસી ગુલામોની એ અપંગતા દૂર કરવાનો મુકિતમાર્ગ ખોળ્યો, યોજ્યો, અને સંગઠિત કરીને હબસી જગતને ભેટ આપ્યો, — જેમ હેલન કેલરે પોતાના જેવાં અપંગોને માટે કર્યું તેમ.

બૂકર ટી. વૉશિંગ્ટન જગતનો એક મહાન કેળવણીકાર છે. તેણે સ્વાવલંબી શિક્ષણની શોધક રી, કે જેને મળતી વસ્તુ ગાંધીજીએ આપણને પાયાની કેળવણી-ના મંત્રમાં કહી છે. આ શોધ દ્વારા એણે હબસી ગુલામ જગતને સ્વમાનભેર સ્વતંત્ર જીવન જીવવાની મુકિતદીક્ષા આપી. પોતાની કોમનો એ તારણહાર બન્યો; અને તે શસ્ત્રથી નહીં, પણ શાંતિ અને સબૂરીનાં અહિંસક સાધનોથી.

બૂકરની આ મહાન કામગીરી વિષે જાણવા માટે તેની આત્મકથાના બે ભાગ જોવા જોઈએ. તેમ જ હેલન કેલરની આત્મકથાના તેવા જ બે ભાગ છે. તેય જોવા જોઈએ. જગતના આત્મકથાસાહિત્યના એ અમર ગ્રંથો છે. બંનેમાં એક પ્રકારનું ગૂઢ સામ્ય રહેલું છે; અને તે એ કે, બેઉમાં અપંગની પ્રતિભા, માનવ ચિત્ત તથા હૃદયની ઈશ્વરદત્ત શક્તિ વડે, કેવું અદ્‌ભુત પરાક્રમ કરી શકે છે!

દુનિયાના મહાપુરુષોમાં આ બે અપંગ વિભૂતિઓની જીવનસિદ્ધિ ખરેખર મોટો ચમત્કાર છે. તેને માટે અમેરિકા ગૌરવ ધરાવી શકે છે, — બૂકર ટી. વૉશિંગ્ટન હબસી હોવાથી, વિશેષે કરીને.

[૧૬-૩-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૪

પ્રો. હેરોલ્ડ લાસ્કી

૫૬ વર્ષની નાની વયે આ નામાંકિત અંગ્રેજ અધ્યાપક ગયા મહિનાના અંત ભાગમાં ગુજરી ગયાની ખબર વાંચી દિલગીરી થાય છે.

આ અધ્યાપક જબરા માનવતાભક્ત હતા. પછાત પીડિત દબાયેલી પ્રજાઓના એ ખેરખાં હતા; અચૂક એમની તરફેણમાં એ પોતાનો અવાજ ઉઠાવતા. અને તેમના અવાજમાં નિષ્ઠા અને શ્રદ્ધાનું જોર હોઈ, જગત તેને સાંભળતું હતું.

એ હિંદના મિત્ર હતા. હિંદને સ્વતંત્રતા મળે એ સારુ આ અધ્યાપકે વિલાયતમાં રહીને સારું પ્રચારકાર્ય કર્યું હતું. તે લંડન સ્કૂલ ઑફ ઈકૉનૉમિકસમાં એક પેઢીથી કામ કરતા. તે અગાઉ તેમણે અમેરિકાની તથા બીજી યુનિવર્સિટીઓમાં કામ કર્યું હતું. તેમની પાસે અનેક હિંદી નવજુવાનો ભણીને આ દેશમાં આવ્યા છે. તે બધાએ પોતાના આ ગુરુજનના જવાનો શોક ખરા દિલના શબ્દોથી બતાવ્યો છે.

તેમનો ખાસ વિષય રાજ્યશાસ્ત્ર હતો. એમાં એમણે મૌલિક કામ કરી બતાવ્યું છે. તે વિષય ઉપર એમણે અનેક ગ્રંથો લખ્યા છે. એમની વિશેષતા એ છે કે, પ્રો. લાસ્કીએ પોતાની રીતે ગાંધીજીના સત્યાગ્રહ જેવી વસ્તુને રાજકારણમાં પ્રમાણી છે. તે કહે છે કે, પ્રગતિને માટે કાનૂનભંગ પણ અમુક પ્રસંગે વિહિત છે; નહિ તો માનવસમાજ ગુલામ કે જડ બની જાય. પોતાના 'ડેન્જર્સ ઓફ ઓબિડિયન્સ' ગ્રંથમાં તે કહે છે:

> "આપણે સમુદાયમાં રહીએ છીએ એટલે ખાસ પુરુષાર્થ વગર વૈયક્તિક મુક્તિની ખાતરી ન રાખી શકાય. આપણે ફરજ બજાવીએ તે કોઈ પણ વાતને તપાસીને, નહિ કે તેને વશ થઈને; તેના સત્યને માટે આગ્રહ રાખીને, નહિ કે સૌની એકરૂપતા સધાય એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહથી. સામાન્ય જનતાના જીવનમાં પોતાનું જીવન ભેળવી દઈ આપણું વ્યક્તિત્વ ગુમાવવું અને અંતરમાં પોતાને કિંમત વિનાનાં નમાલાં લાગે એવાં પ્રમાણ સ્વીકારવાં,—એમ કરવાનો હક, એક સ્વતંત્ર આધ્યાત્મિક વ્યક્તિ તરીકે, આપણને કદી ન મળી શકે. . . . નીતિમય ગણાવાના હકવાળું આજ્ઞાપાલનમાત્ર એક વાત પર આધાર રાખે છે કે, જે હેતુ આપણી સામે હોય તેમાં આપણે જ્ઞાનપૂર્વક સંમત હોઈએ. તે સિવાયનું બીજું કોઈ પણ આજ્ઞાપાલન આત્મવંચના જ છે; અને જ્યારે આપણને પ્રતીત થતું સત્ય જતું કરીએ છીએ, ત્યારે તે વંચનાથી આપણે સંસ્કૃતિના ભવિષ્યને પણ દગો દઈએ છીએ. . . ."

આ એમનો વિચાર તેમણે પોતાના જીવનમાં અમલમાં પણ મૂકી બતાવ્યો હતો. જેમ કે, પોતાની શરૂની કારકિર્દીમાં પ્રો. લાસ્કી અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં હતા, ત્યાં અમુક તાત્ત્વિક વિચારભેદ થતાં તેમણે તે સંસ્થા છોડી, પણ પોતે જેને અસત્ય માન્યું તેની આગળ માથું ન નમાવ્યું.

વિચારમાં તે ઉદાર સમાજવાદી હતા. શરૂમાં તે લિબરલ મતના રાજકારણી હતા; પરંતુ ધીમે ધીમે તે સમાજવાદ તરફ ઢળ્યા અને વિલાયતના મજૂરપક્ષમાં જોડાયા. ઈ. સ. ૧૯૪૫માં મજૂરપક્ષ સત્તા પર આવેલો ત્યારે તે એ પક્ષના પ્રમુખ પણ ચૂંટાયા હતા. પક્ષના નેતાવર્ગમાં એમનું માન ભારે હતું. આમ, તે કેવળ પોથીપંડિત નહોતા, પણ વિદ્યા દ્વારા સેવા કરનારા વિદ્વાન અને જાગ્રત નાગરિક હતા. રાજકારણની વિદ્યાને એમના જવાથી જબરી ખોટ પડી; એ હવે તો એમનો અક્ષરદેહ જ ભાંગી શકે.

[૯-૪-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૫

જગતનો મહાન વિદૂષક

[જ્યૉર્જ બર્નાડ શૉ]

અંગ્રેજીના મહાન સાહિત્યકાર શ્રી. જ્યૉર્જ બર્નાડ શૉએ ૯૪ વર્ષની પાકી વયે ટૂંકી માંદગી પછી શાંતિથી દેહ છોડી. જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા ચાલે છે— અને દુનિયામાં કેટલા બધા પ્રદેશોમાં તે ચાલે છે!—ત્યાં બધે આ મહાન વિચારક અને લેખકનું નામ જાણીતું છે.

એ ધંધે સાહિત્યસેવક હતા. મોટે ભાગે એમણે નાટકો લખ્યાં છે. પરંતુ પ્રખર અને તલસ્પર્શી વિચારક હોઈને, તે એટલા જ મોટા નિબંધકાર હતા. દરેક નાટક જોડે તેની પ્રસ્તાવના રૂપે એમણે નિબંધ લખીને જોડયો છે.

એમની કલમમાં જોમ હતું, વિચારમાં પ્રભાવ હતો, અને અસરમાં તે કલમ અસ્રા જેમ અજ્ઞાન, દંભ, છળ કે માયાના ઘૂંઘટ-પટને મૂંડી નાંખે એવી ધારદાર હતી. અંગ્રેજી વાચકોના વિચાર પર કોઈ ક્રાંતિ એમણે નિર્માણ કરી એમ લાગતું નથી; પરંતુ એમના શબ્દો ઝીલવાને માટે અંગ્રેજી જગત એટલું તો આતુર રહેતું કે, સાંભળ્યું છે કે, પાછળના ભાગમાં તો પ્રકાશકો શબ્દે ગિની આપીને તેમનાં લખાણો છાપવા માટે લેતા ને તેમાંય પડાપડી થતી.

તે જન્મે આયરલૅન્ડના હતા. પણ આખો જન્મારો તેમણે ઈંગ્લન્ડમાં જ કાઢયો. શરૂનો અર્ધો ભાગ તેમણે ઠીક ઠીક પ્રવૃત્તિમાં યોજ્યો ગણાય. તે ફૅબિયન મંડળ (કે જેને વિલાયતમાં સમાજવાદ અને મજૂરપક્ષનું બળ જન્માવવાનો યશ મળી શકે) તેના સંસ્થાપકોમાંના એક ગણાય. કવિ વિલિયમ મોરીસ, સમાજ-સેવક ચાર્લ્સ બૂથ, વેબ-દંપતી, મૅકડોનાલ્ડ, લૅન્સબરી, વગેરેના એ સહકાર્યકર્તા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછીના જીવનમાં એ આ બધી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ શાંત સાહિત્ય-જીવનમાં ગોઠવાયા અને અંતકાળ સુધી એમાં લાગ્યા રહ્યા. એમનું સાહિત્ય એટલે જીવનમાં અનુભવેલાં કેટલાંક મહા ઊંડાં તત્ત્વોનું નાટકીય નિરૂપણ. વિનોદ, કટાક્ષ, કાંઈક આખાબોલાપણું, એમની શૈલીમાં ઓત-પ્રોત રહેતાં. ઓછા શબ્દોમાં ઘણું કામ લેવું, એ એમને રમત હતી. વિચારોને ઘૂંટી ઘૂંટીને ચિંતનથી પકવ્યે રાખતા પુરુષોને થોડા શબ્દોમાં વિશાળ અર્થ ભરવાની આવી વિભૂતિ મળી શકે. શૉ એવા પુરુષ હતા.

આખા જગતના જીવનની નાડ પર એમનો હાથ રહેતો. રોગચાળો જોયો ને લાગ મળ્યો કે પોતાનું નિદાન આપી દેતા.. પણ તે વૈદ નહોતા. રોગના ઈલાજ માટે તે કહેવું હોય તે કહી છૂટે; એવા દર્શનવીર એ હતા; તે કર્મવીર નહોતા. તેથી જ આખી જિંદગી તે વિલાયતમાં રહેવા છતાં બ્રિટિશ સામ્રાજ્યને એવા ન નડયા કે જેવા ગાંધીજી.

શૉને હાથે કોઈ વ્યકિત ચડે અને એમના દર્શન-અસ્ત્રાથી તેને મૂંડી ન નાંખે એવી થોડી જ વ્યકિતઓ હશે. પ્રાચીન વિદૂષકની કોટીના તે હતા. રાજાઓને પણ મધુર, મજાકી અને ટચાક ભાષામાં જેવું હોય તેવું પર-ખાવવું, એ સાચા વિદૂષકનો ધર્મ છે. તે કળા બહુ અઘરી છે. અને રાજાને કોઈ પણ કહી કે પૂછી શકે તો તેનો મિત્ર-સચિવ-અને-સ્નેહી એવો વિદૂષક જ.

શૉએ જગતની ભલભલી વ્યકિતઓને રોકડું પરખાવ્યું છે; જગતની ભલભલી વાતોનો ભેદ ઉઘાડો કરી આપ્યો છે. આ એમની સેવાને માટે અંગ્રેજી સાહિત્ય એમનું સદાનું ઋણી રહેશે.

આ લખતાં ખ્યાલ આવે છે તે પરથી કહું છું કે, શૉએ ટૉલ્સ્ટૉય, ગાંધીજી અને લેનિન સ્ટાલીન વિષે અમુક માઝા હમેશ રાખી છે. ટૉલ્સ્ટૉય પર તે ખુશ હતા. શેકસપિયર જગત-સાહિત્યના દરબારમાં ત્રીજા દરજ્જાના સાહિત્યકાર ગણાય એમ ટૉલ્સ્ટૉયે કહ્યું. આ કેવી ભયંકર સાહિત્યિક નાસ્તિકતા ગણાય? શૉએ એ મતમાં ટેકો આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે તો કહેતા કે, મારાં નાટકો જ હવે વાંચોને! ગાંધીજી માટે તેમને આદર હતો. સ્ટાલીનની રશિયાની સેવાથી તે ખુશ લાગે છે.

ગુજરાતીમાં શૉને કોઈએ ઉતાર્યા હોય તો ખબર નથી. તેમનાં નાટકોની વાતો — લૅમ્બે શેકસપિયરની આપી એમ — ગુજરાતીમાં ઊતરે તો આ મહાન લેખકનો પરિચય ગુજરાતને મળે. શૉ એક ઋષિને ઘટે તેવું શાંત એકાંત ચિંતનપરાયણ જીવન ગાળતા. આજની ધમાલ-ભરી યુરોપીય દુનિયામાં એ પણ એક શૉ જેવા જ કરી શકે એવો જીવન-જાદુ છે.

તે નિરામિષાહારી હતા. સાધુજીવનને જાણે વરેલા ન હોય, એવી એમની જીવનપ્રણાલી હતી. યુરોપને આજે આવી પ્રકૃતિના કર્મવીરોની બહુ જરૂર છે. તે વિના જગતમાં શાંતિની આશા વ્યર્થ લાગે છે.

શૉ માનવ જગતમાં સુખ અને સુલેહશાંતિ ચાહતા અને તેની સેવામાં આજીવન પોતાની સાહિત્યશક્તિ ખરચીને ગુજર્યા. એવાના આત્માને શાંતિ જ હોય છે.

[૨૨-૧૧-'૫૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૬

ખેત-મજૂરની પ્રતિભા

[અર્નેસ્ટ બેવિન]

ઇંગ્લંડના નામાંકિત પરદેશમંત્રી શ્રી. અર્નેસ્ટ બેવિન થોડા દિવસ પર ગુજરી ગયા. તે પહેલાં થોડા જ વખત પર તે, માંદગીને લઈને, પરદેશખાતાના મંત્રીપદેથી નિવૃત્ત થયા હતા. તે વખતે તે દેશના બધાય રાજકીય પક્ષોએ પોતાનું દુઃખ બતાવ્યું હતું, અને એમના સ્વર્ગવાસથી શોક પ્રગટ કર્યો છે.

પરદેશમંત્રીના એમના કામથી તે દેશના બધા પક્ષો રાજી હતા. અને ચર્ચિલ જેવાએ પણ તેનાં મુક્ત કંઠે વખાણ કર્યા હતાં; એટલું જ નહિ તેણે જ બેવિનને ૧૯૪૦માં એમની શકિત અને કાબેલપણું જોઈને, પોતાની કૅબિનેટમાં મજૂરખાતાના પ્રધાન તરીકે પસંદ કર્યા હતા.

બ્રિટનના આ મહાન પરદેશમંત્રીની જીવનકથા જાણવા જેવી છે. ગાંધીજી જેને આજીવન ચાલનારું એવું પ્રૌઢ કે ઉત્તર-બુનિયાદી શિક્ષણ કહેતા અથવા તો સરદાર સાહેબ જેને જીવનની વિદ્યાપીઠના ગ્રૅજ્યુએટનું શિક્ષણ કહેતા, તે શ્રી. બેવિને મેળવ્યું હતું. યુનિવર્સિટી તો શું, સારી એવી હાઈસ્કૂલ પણ તેમણે દેખી નહોતી. એક સાદાસીધા ખેત-મજૂરમાંથી તે દુનિયાના એક પ્રખર પરદેશ મંત્રીપદે પહોંચ્યા હતા. એમનું જીવન આપબળની એવી બોધભરી કહાણી છે.

બેવિનના પિતા એક ખેત-મજૂર હતા. બેવિનનો જન્મ ૧૮૮૧ના માર્ચની ૯મીએ વિલાયતના એક ગામડા ગામમાં થયો હતો. જન્મ પહેલાં થોડા જ માસ પર પિતા ગુજરી ગયા હતા. માતા તેમને ૭ વરસના નાના મૂકીને મરી ગઈ. ૧૧ વરસની ઉંમરે બેવિનને જગતની વિશાળ વિદ્યાપીઠમાં દાખલ થવાનું થયું. બે વરસ એણે પાસેના એક ખેતરમાં મજૂરીમાં કાઢયાં. ખેતરવાળો સોટી અને ગાળોથી કામ લેનારો કપરો માણસ હતો. એની બરદાસ કરે એવો બેવિન નહોતો. તે એ કામ છોડીને પાસેના બ્રિસ્ટલ શહેરમાં ભાગી ગયો. બેવિનના સ્વતંત્ર જીવનવિકાસની કથા આ શહેરમાંથી શરૂ થાય છે.

બ્રિસ્ટલમાં પહેલું કામ એને વાસણ માંજવાનું મળ્યું. રોજની એક શિલિંગ મજૂરી મળતી. એમ કરતાં એને પહેલવહેલું કાંઈક સ્થિર કામ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યું તે માલ ખેંચવાને માટેનો ઘોડાનો ખટારો હાંકવાનું. અઠવાડિયે ૧૫ શિલિંગનો પગાર હતો. ઉપરાંત માલ વેચાય તે ઉપર તેને કમિશન પણ આપવામાં આવતું. ત્યારે તેની ઉંમર પંદર વર્ષની હતી. આ કમાણી ઉપર તે આગળ વધ્યો. એમાંથી એ ભણ્યો, દેશના પ્રશ્નનો વિચાર કરતો થયો; અને પરણીને જાહેરજીવનમાં પણ ડોકિયું કરવા લાગ્યો.

પોતાના જેવા મજૂરોનાં મંડળોની સેવાથી તેણે જાહેરજીવન શરૂ કર્યું. બ્રિસ્ટલના બેકારોની મંડળીનો તે પ્રથમ મંત્રી બન્યો, અને તેમને કામ આપો એવી ચળવળ તેણે જગાવી. તે સારુ તેણે શહેરની સુધરાઈ પાસે ત્યાંના એક મોટા બાગમાં તળાવ ખોદવાનું કામ ઉઘડાવ્યું. આ તળાવને ત્યારથી આજ સુધી ત્યાંના લોકો 'બેવિન-તળાવ' જ કહે છે.

૧૯૧૮માં તે પાર્લમેંટમાં જવા ઊભો થયો, પણ હાર્યો. પણ પછી બે જ વરસમાં આખા દેશમાં તેની નામના ફેલાય એવું કામ એને હાથે થયું. ગોદી કામદારોના એક ઝઘડામાં તે મજૂર અદાલતમાં તેમના વતી વકીલ તરીકે ઊભો રહ્યો, અને જીત્યો. આથી મજૂરોનાં મહાજનોમાં તેની કીર્તિ વધી, અને અનેક નાનાં મહાજનોએ મળી તેના મંત્રીપદે એક મોટું મહાજન રચ્યું. અને ત્યારથી એક પ્રખર મજૂર મહાજન કાર્યકર્તા તરીકે તેની નામના આખા દેશમાં થઈ.

ઉપર જોયું કે, ૧૯૪૦થી એની પાર્લમેન્ટરી કારકિર્દી શરૂ થઈ. ચર્ચિલના રાષ્ટ્રીય પ્રધાનમંડળમાં તે મજૂરખાતાનો પ્રધાન બન્યો. અને પછી ઍટલીની સાથે પરદેશમંત્રી બન્યો. તે તરીકે તેનું મોટું કામ એ હતું કે, સામ્યવાદ સામે પશ્ચિમ યુરોપને ટટાર ઊભો રહી શકે તેવો સધ્ધર કરવો. તે માટે તેણે અમેરિકા સાથે મળીને કામ લીધું. અને તેમાં ઠીક ઠીક ફાવ્યો, એમ સૌ કબૂલ કરે છે.

આવી કારકિર્દીનો યશ બેવિનને વ્યક્તિગત તો છે જ. પરંતુ ઈંગ્લંડના પ્રજાશાહી લોકાચાર અને જબરદસ્ત સમાજશિક્ષણ તંત્રને પણ આભારી છે. બેવિનની અથાક મહેનત, કામ કરવાની તમન્ના, તે માટે જરૂરી આવડત મેળવી લેવાની તત્પરતા, વગેરે ગુણો જો હોય, તો તે વડે લોકશાહી સમાજમાં કેવું શિક્ષણ, કેવી તાલીમ મેળવીને પોતાનો વિકાસ સાધી રાષ્ટ્રની સેવા કરી શકાય, તેના નમૂનારૂપ બેવિનનું જીવન છે.

[૧૯-૪-'૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૭

મૅડમ મૉન્ટેસોરી

૮૧ વરસની પાકી ઉંમરે યુરોપનાં આ મહાન કેળવણીકારે થોડા દહાડા ઉપર દેહ છોડયો. છેવટ સુધી એ પોતાનું કામ કરતાં રહ્યાં. આટલી બધી કાર્યશક્તિ એમના અમર સંદેશમાંથી એમને મળતી હતી. જીવવું એટલે કેળવવું અને કેળવાવું, એ એમની ધગશ હતી.

યુદ્ધ દરમ્યાન તે હિંદમાં નજરકેદ હતાં, કેમ કે હિંદ અને એમનું વતન ઈટાલી ગયા યુદ્ધમાં સામસામે હતાં. છતાં તેમને સરકારે બાળશિક્ષણના વર્ગો લેવા પૂરી છૂટ આપી હતી. તેવો એક વર્ગ તેમણે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં લીધેલો, તે અત્યારે યાદ આવે છે. ત્યારની બાળ-માનસની એમની ચર્ચા સાંભળવી એ એક લહાવો જ હતો.

યુરોપના કેળવણીના ઈતિહાસમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યનો યુગ પહેલા વિશ્વ-યુદ્ધ પછી બેઠો, એમ કહી શકાય. મૅડમ તેનાં એક મહા ધુરંધર સમાં હતાં. તે જ યુગમાં હિંદમાં બે પુરુષો પણ પોતાની રીતે આ જ સંદેશો આપી રહ્યા હતા — ગાંધીજી અને ટાગોર.

ટાગોરે રાષ્ટ્રપૂજા સામે ચેતવ્યા, અને માનવતાનો ધર્મ આગળ કર્યો. ગાંધીજીએ માનવતાની વિશાળ ભૂમિકામાં છતાં રાષ્ટ્રની સ્વતંત્રતા કેમ કરતાં માનવતાના જ બળે મેળવી શકાય, એ કેળવણી આદરી. મૅડમ મૉન્ટેસોરીએ પોતાના કેળવણી-કાર્યને રાષ્ટ્ર કે રાજકારણથી અલગ રીતે ભાળ્યું અને દેશદેશાવર જઈ, બાળક એ દેવ છે એમ પિછાનો ને તેને સંભાળો, એવો મંત્ર આપ્યો. આજે આપણે જોઈએ છીએ કે, બાળક એક માનવ-બાળ છે અને તેની સ્વતંત્રતા એક વસ્તુ છે; પણ તે ઉપરાંત આપણે અનુભવે સમજ્યા છીએ કે, તે સમાજ-બાળ પણ છે અને તેની સ્વતંત્રતાના સાચા વિનિયોગનું અધિષ્ઠાન છેવટે જઈને સમાજ છે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ખરું છે. અને જેટલે અંશે કેળવણી એ એક સામાજિક પ્રક્રિયા છે, તેટલે અંશે આ બીજો વિચાર વધુ ધ્યાનને પાત્ર બને છે.

મૅડમ મૉન્ટેસોરીએ માનવ-બાળનાં સાવ શરૂનાં વરસો કેટલી બધી કેળવણીથી ભરપૂર છે, તે જોયું, જાણ્યું અને જગતને જણાવ્યું. એ દર્શનમાં રહેલું એમનું માતૃહૃદય જોઈએ તો એક જ ઉદ્‌ગાર નીકળે છે, ધન્ય છે એ માતાને કે જેણે બાળકો પર સાચો પ્રેમ કરવો એમાં જ એનું શિક્ષણ છે એમ બતાવ્યું; પણ એ પ્રેમ કરવાની રીત શાસ્ત્ર-શુદ્ધ હોવી જોઈએ અને તે આ છે, કે જે મૅડમ મૉન્ટેસોરી લોકોને જીવનભર સમજાવવા મથ્યાં. એમના કાર્યનો સારભાગ જગતમાં અમર રહેશે.

છેવટમાં એક વસ્તુ આપણે યાદ રાખવા જેવી તે એમનો માતૃભાષા-પ્રેમ. તે પોતાની ભાષા ઇટાલિયનમાં જ બોલતાં. જગતભરમાં કામ કરતાં છતાં એમાં એમણે ન વાંધો જોયો કે ન મુશ્કેલી માની. હિંદમાં આજે આ વસ્તુ આપણા સાંસ્કૃતિક અને લોકશાહી વિકાસને માટે ખાસ વિચારવા જેવી છે.

મૅડમ મૉન્ટેસોરી ભાષા વિષેનું આ સત્ય બાળ-માનસના એમના મૌલિક અભ્યાસમાંથી પામ્યાં હશે, એમ માનું છું. મનુષ્યને માટે તેની ભાષા પણ એ એક માતા જ છે, કેમ કે તે દ્વારા એ શબ્દ-બ્રહ્મમાં જન્મે છે.

મૅડમનો માતૃભાષાપ્રેમ આપણે માટે ભારે બોધપાઠરૂપ ગણાય.

[૨૩-૫-'૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૮

આઇન્સ્ટાઈન

ડૉ. આલ્બર્ટ આઈન્સ્ટાઈન ગઈ ૧૮મી એપ્રિલે પોતાના અપનાવેલા નગર પ્રિન્સ્ટનના (ન્યૂજર્સી, યુનાઈટેડ સ્ટેટ્સ) એક દવાખાનામાં અવસાન પામ્યા.

તેઓ દુનિયાના સૌથી મહાન ગણિતશાસ્ત્રી અને પદાર્થવિજ્ઞાનવેત્તા હતા. માંદગીને કારણે, થોડા જ દિવસ અગાઉ એ મહાન પંડિત દવાખાનામાં દાખલ થયા હતા. દાકતરોની માન્યતા પ્રમાણે તેમની માંદગી બહુ ગંભીર પ્રકારની નહોતી. એથી કરીને એમનું અવસાન બહુ જ અણધાર્યું હતું; તેમના મિત્રોને પણ એની ખબર નહોતી. કહે છે કે, એમના અવસાન વખતે માત્ર એક નર્સ જ ત્યાં હાજર હતી. એ વખતે તેમની પુત્રી એ જ દવાખાનાના બીજા એક ભાગમાં હતી અને રાંઝણના દરદના ઉપચાર કરાવી રહી હતી. તેમના અવસાનના ઓચિંતા સમાચારથી દુનિયા આશ્ચર્યમાં ડૂબી ગઈ.

તેઓ ૧૮૭૯ના માર્ચની ૧૪મી તારીખે જર્મનીમાં જન્મ્યા હતા. નાનપણમાંથી જ ગણિતને માટેની પોતાની નૈસર્ગિક પ્રતિભાનું પારખું તેમણે આપ્યું હતું. પોતાના પાછળના જીવનમાં એનાથી તેમણે દુનિયાને આશ્ચર્યચકિત કરી મૂકી.

તેમના આ મનગમતા વિષયના અભ્યાસમાં જ તેમણે પોતાનું આખું જીવન ગાળ્યું. એને સારુ એમણે ઈઝરાયલ રાજ્યના પ્રથમ પ્રમુખ વિઝમૅનના અવસાન પછી તેના પ્રમુખ થવા માટે તેમને કરવામાં આવેલી દરખાસ્ત જેવા ભારે માનનો પણ ત્યાગ કર્યો હતો.

આપણે જાણીએ છીએ કે, તેઓ યહૂદી હતા. હિટલરના અમલ દરમ્યાન તેઓ પોતાના વતનમાં મુશ્કેલીમાં આવી પડ્યા. પોતાનું ઘરબાર તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલમિલકત નાઝીઓના હાથમાં છોડીને ૧૯૩૩ની સાલમાં તેમને ત્યાંથી ભાગી છૂટવું પડ્યું. ત્યાં સુધીમાં તેઓ સાપેક્ષતાના તેમના મહાન સિદ્ધાંતના શોધક તરીકે દુનિયાભરમાં મશહૂર થઈ ચૂક્યા હતા; ૧૯૨૧માં વિજ્ઞાન માટેનું નોબેલ ઇનામ તેમને મળ્યું હતું, તથા વિજ્ઞાનના ક્ષેત્રમાં બીજાં અનેક માનપાન મેળવ્યાં હતાં. પણ આ બધું તેમને નાઝીઓના દમનમાંથી બચાવી શક્યું નહીં. તેમણે તેમને દેશવટો આપ્યો એટલું જ નહીં, પણ તેમના માથાને માટે વીશ હજાર માર્કનું ઇનામ જાહેર કર્યું.

આઇન્સ્ટાઈન કેવળ વિજ્ઞાનવેત્તા જ નહોતા. તેઓ એક મહાન માનવતાવાદી તથા માણસ માટે સ્વતંત્રતા અને સુલેહશાંતિના ચાહક હતા. માણસના ગૌરવનું નિદર્શક અને માનવને યોગ્ય પ્રગતિની એકમાત્ર બાંયધરી સમાન વ્યક્તિસ્વાતંત્ર્યના તેઓ ચાહક હતા.

આવી જાતની સ્વતંત્રતાની જરૂર વિષે તેઓ એટલા બધા ઉત્સુક હતા કે, 'જ્યાં સુધી મારા હાથમાં પસંદગી કરવાની હોય ત્યાં સુધી, જ્યાં આગળ રાજકીય સ્વતંત્રતા, સહિષ્ણુતા અને કાયદા સમક્ષ સઘળા નાગરિકોની સમાનતા વર્તતાં હોય, એવા દેશમાં જ રહીશ.' એવું તેમણે એક વાર કહ્યું હતું.

હમણાં થોડા સમયથી યુનાઈટેડ સ્ટેટ્સમાં સામ્યવાદ-વિરોધી ઝનૂની આંદોલન ચાલી રહ્યું છે, ત્યારે આપણે જર્મનીના એ મહાન નિર્વાસિતને તેની સામે પોતાનો અવાજ ઉઠાવતા અને પોતાની પ્રામાણિક માન્યતાને કારણે જેમનું દમન કરવામાં આવતું હતું તેમની પડખે ઊભા રહેતા જોયા હતા.

જીવન પ્રત્યે તેમને ભક્તિ હતી, અને અજ્ઞેયવાદી હોવા છતાં તેઓ નમ્ર અને ભાવનાશીલ હતા અને પરમ તત્ત્વમાં માનતા હતા. પોતાના વિજ્ઞાનના અભ્યાસથી તેઓ એ માન્યતા તરફ પ્રેરાયા હતા. ભૌતિક સૃષ્ટિના પાયાના સંશોધન જેટલા એ વિચારો ઊંડા અને મૌલિક હતા.

આ વિશાળ સંશોધન માટેનું તેમનું સાધન શુદ્ધ ગણિત હતું. અને સ્થળનાં ત્રણ પરિમાણ તથા કાળના ચોથા પરિમાણમાં એકસાથે આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તતાં દેખાતાં માલ ('માસ') અને શકિતના સ્વરૂપને વિષે તેમણે એક સૂત્ર આપણને આપ્યું. એક જ સર્વસ્પર્શી વિશાળ કલ્પનામાં સમગ્ર દૃશ્ય જગતને — માલ, શકિત, જડતા, ગતિ, સ્થળ અને કાળ વગેરે — અભ્યાસના એક જ સમગ્ર વિષય તરીકે તેમણે સમેટી લીધું અને ભૌતિક જગતનો એક સાંગોપાંગ સિદ્ધાંત, તેની ભૂમિતિ અને તેનું પદાર્થવિજ્ઞાન આપણને આપ્યાં. હિંદના સાંખ્યો અને વૈશેષિકોના કાર્ય સાથે તુલના કરી શકાય એવું તેમનું કાર્ય હતું. સાંખ્યો તથા વૈશેષિકોએ ભૌતિક સૃષ્ટિનું પૃથક્કરણ કરીને તેનું મૂળભૂત પદાર્થોમાં વર્ગીકરણ કર્યું અને છેલ્લે જેનો પાર પામી ન શકાય એવા પરમ તત્ત્વનું સૂચન કરીને તેઓ અટકયા. એવા જ પોતાના ઊંડા અનુભવો આઇન્સ્ટાઈને નીચે પ્રમાણે વર્ણવ્યા છે:

'આપણો સૌથી સુંદર અને સૌથી ઊંડો અનુભવ ગહનતાનો અનુભવ છે. સઘળા સાચા વિજ્ઞાનની પાછળ રહેલું એ બળ છે. એવા પ્રકારની ભાવનાના અનુભવથી જે અજાણ છે, જે આશ્ચર્યચકિત થઈ શકતો નથી, તે મુડદા જેવો છે. આપણે માટે જે અકળ છે તેની ખરેખર હસ્તી છે; સર્વોચ્ચ પ્રજ્ઞા તરીકે, આપણી પ્રાકૃત જ્ઞાનેંદ્રિયો જેને તેના અતિશય પ્રાકૃત સ્વરૂપમાં જ ગ્રહણ કરી શકે એવા પરમ ઉજ્જવળ સૌંદર્ય તરીકે તે વ્યકત થાય છે એમ જાણવું — આ જ્ઞાન, આ ભાવના સાચી ધાર્મિકતાના મૂળમાં રહેલી હોય છે.'

એથી કરીને એક વખત તેમણે જાહેર કર્યું હતું કે,

'વિશ્વવસ્પર્શી ધર્માનુભવ એ વિજ્ઞાનના સંશોધક માટેનું સૌથી સબળ અને સૌથી ઉમદા પ્રેરક બળ છે.' 'મારો ધર્મ, આપણા દુર્બળ ક્ષુલ્લક ચિત્ત દ્વારા જે આપણે કળી શકીએ છીએ તે નાની નાની વિગતોમાં પોતાને વ્યકત કરતા અપરિમિત ચૈતન્ય પરત્વેનો નમ્રતાપૂર્વકનો ભકિતભાવ છે. અગમ અગોચર વિશ્વમાં વ્યકત થતી ઉચ્ચતર ચિત્તશકિતની હસ્તી વિષેની ઊંડી શ્રદ્ધા એ મારી ઈશ્વર વિષેની કલ્પના છે.'

એથી કરીને તેમણે કહ્યું છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું માનવમાત્રના એકરાગમાં વ્યક્ત થતા સ્પિનોઝાના ઈશ્વરમાં માનું છું; માણસનાં કર્મો અને તેના ભાવિની ચિંતા કરનાર ઈશ્વરમાં નહીં.'

પરમ તત્ત્વ તેમ જ આપણી હસ્તીના સાક્ષાત્ સ્વાનુભવને જ કારણે એ મહાન વિજ્ઞાનશાસ્ત્રી માનવજાતના તથા આ ધરતી પર સુલેહશાન્તિના ચાહક બનવાને પ્રેરાયા હતા.

દુનિયા જાણે છે કે, માલ-શકિત-સંબંધના તેમના ગણિતના સૂત્ર દ્વારા જ, પરમાણુને ભેદી શકાય એવો જવલંત તર્ક — ના, એવી ખાતરીપૂર્વકની આગાહી કરવાને તે પ્રેરાયા હતા. પરંતુ તેઓ એ દિશામાં એથી આગળ ન વધ્યા. અને લડતી ઝઘડતી દુનિયા ગણિતની આ જવલંત કલ્પનાનો માનવ-જાતના સંહારના દુષ્ટ હેતુને માટે ગેરલાભ ઉઠાવવાને તત્પર થઈ, ત્યારે સદૈવ તેઓ એનો વિરોધ કરતા રહ્યા અને તેમની મહાન વૈજ્ઞાનિક બુદ્ધિશકિતની ઈશ્વરી ભેટનો, એમાં કોઈ પણ રીતે મદદ કરીને તેમણે દુરુપયોગ ન કર્યો.

એ મહાન વૈજ્ઞાનિક-માનવતાવાદી પોતાની આ ઉમદા ખાસિયતને કારણે ગાંધીજી તેમ જ હિંદ પર અપાર પ્રેમ રાખતા હતા. ગાંધીજીના નિર્વાણ પછી તેમણે જે હૃદયસ્પર્શી વાણીમાં તેમને અંજલિ આપી હતી તે આપણે જાણીએ છીએ. શાન્તિ માટેના જવાહરલાલજીના કાર્યની તેઓ ઊંડી કદર કરતા હતા અને એમાં તેમને સફળતા મળે એમ ઇચ્છતા હતા.

તેઓ સાચા જ્ઞાની હતા, આડંબરમાત્રને તેઓ ટાળતા હતા અને વિશ્વના સ્વરૂપ તથા તેનાં ગહન રહસ્યોના ઊંડા ચિંતનમાં સતત નિમગ્ન રહીને સાદું જીવન જીવતા હતા. તેમાંથી તેમણે દુનિયાને જણાવ્યું કે, પ્રકૃતિએ અદભુત પરમાણુંમાં પૂરી રાખેલી અપાર શકિત મુક્ત કરી શકાય છે. 'હિંદુ' પત્રમાં (એપ્રિલ ૨૦, ૧૯૫૫) એક લેખક જણાવે છે તેમ,

'મહાત્મા ગાંધીના જેટલા જ ઉત્કટ શાન્તિવાદી આઈન્સ્ટાઈન જીવલેણ અણુબોમ્બ બનાવવાનું ચક્ર ગતિમાન કરવામાં જવાબદાર બન્યા એ વિચિત્રતા જ છે. ૧૯૩૯ના ઑગસ્ટમાં પ્રેસિડેન્ટ રુઝવેલ્ટ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખેલા પત્રમાં તેમણે એવી ચેતવણી આપી હતી કે, પરમાણુ અંગેનું સંશોધન અણુબૉમ્બ બનાવી શકાય એટલી હદે પહોંચ્યું છે. અને એ ક્ષેત્રમાં જર્મની બીજાઓથી એટલું બધું આગળ છે કે, નાઝીઓ થોડા જ વખતમાં એવો બૉમ્બ તૈયાર કરી શકશે. એ પત્રથી રુઝવેલ્ટ કાર્ય કરવાને પ્રેરાયા અને તેમાંથી જાપાન પર નાખવામાં આવેલો અણુબૉમ્બ પરિણમ્યો. આ દિશામાં પગલાં ભરાવવામાં પોતે કારણભૂત બન્યા તેને માટે તેમ જ માનવજાતને પરમાણુનું રહસ્ય આપવા માટે આઈન્સ્ટાઈન હમેશાં અફસોસ કરતા હતા. પરમાણુની શક્તિ માનવ-જાત માટે આશીર્વાદરૂપ થવાને બદલે તેને માટે જોખમકારક થઈ પડી છે, એ જોઈને તેમને ભારે આઘાત લાગ્યો હતો.'

પણ એમાં તેઓ કશું કરી શકે એમ નહોતું. પરમાણુમાં રહેલી જે શક્તિનું તેમણે પ્રથમ દર્શન કર્યું હતું તે હવે આગેકૂચ કરવા લાગી હતી અને એ પાગલ દોડ આજે ચાલી રહી છે. સામાન્યપણે આખી દુનિયા અને ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ પરમાણુ-રહસ્યના શોધક ઈચ્છતા નહોતા તે રીતે તેનો ઉપયોગ કરવાનો ઈન્કાર કરીને જ એ પરલોકવાસી શાન્તિવાદી વૈજ્ઞાનિકને અંજલિ આપી શકે. તેઓ એમ માનતા હતા કે, સામા પક્ષ તરફથી એવી અપેક્ષા રાખ્યા વિના પણ યુનાઈટેડ સ્ટેટ્સે એમ કરવું જોઈએ, કે જે વાત શ્રી. રાજગોપાલાચાર્ય અમેરિકાને જોરશોરથી આજે કરે છે.

તેમના આત્માને શાંતિ મળો.

[૨૫-૪-૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૯

રાજા જ્યૉર્જ

ઈંગ્લંડના રાજા છઠ્ઠા જ્યૉર્જ ઊંઘમાં જ ઓચિંતા શાંત થઈ ગયા. એક રીતે જોતાં એ સુખી મરણ ગણાય. પરંતુ આમ ઓચિંતું બન્યું એ દુઃખદ છે. આથી આખી દુનિયા દુઃખી થઈ, તે એ રાજાની લોકપ્રિયતા અને સુજનતા બતાવે છે. હિંદે પણ દુઃખ અનુભવ્યું; સરકારે શોક પાળ્યો.

આપણે એ રાજાને ખાસ યાદ રાખીશું તે એ માટે કે, તેની કારકિર્દીમાં હિંદ બ્રિટિશ સામ્રાજ્યમાંથી મુક્ત થયું. પોતે હિંદના શહેનશાહ હતા, તે મટીને બ્રિટિશ રાજ્ય-મંડળના પ્રમુખ બન્યા. એટલે બ્રિટનની રાણી બીજી ઈલિઝાબેથ જે હવે ગાદીએ આવી તે હિંદનો તાજ હવે નહિ પહેરે. હિંદ અને બ્રિટન મિત્રભાવે સ્વતંત્ર રાષ્ટ્ર બન્યાં, એનો યશ રાજા જ્યૉર્જ કમાયા, એ નાનીસૂની વાત નથી.

સ્વર્ગસ્થ રાજાને પ્રભુ પરમ શાંતિ આપો.

[૨૧-૨-'૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૦

સર મૉરિસ ગ્વાયર

સર મૉરિસ ગ્વાયરના અવસાનથી આપણે એક મોટો કાયદાશાસ્ત્રી તથા કુશળ કેળવણીકાર ગુમાવ્યો છે.

'હિંદ છોડો'ની ચળવળ દરમ્યાન હિંદમાં જે અતિ રોમાંચક અને કપરી પરિસ્થિતિ પેદા થવા પામી હતી, એવે સમયે ઘટનાઓ તથા પ્રસંગોનું તટસ્થતાપૂર્વક સમતોલન કરી શકે એવા જૂજ અંગ્રેજોમાંના એક તરીકે હિંદ તેમને સદા યાદ કરશે.

દિલ્હી યુનિવર્સિટીના વાઈસચાન્સેલર તરીકેનું તેમનું કામ સુવિદિત છે.

એમને વિષે યોગ્ય જ કહેવામાં આવ્યું છે કે, તેના વહીવટી વડા તરીકેના પોતાના કામથી તેમણે દિલ્હી યુનિવર્સિટીને હિંદના ઉચ્ચ શિક્ષણના નકશા પર સ્થાન અપાવ્યું હતું.

ઈશ્વર એમને શાંતિ આપો.

['હરિજનબંધુ', ૧૬-૧૦-'પર]

[તા. ક., હિંદ સ્વતંત્ર થયા પછી સ્વદેશ જવાને બદલે હિંદમાં જ ઘર કરીને રહેવાનું તેમણે પસંદ કર્યું હતું. —સં.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૧

સૂમી યુકુહીરો

આ એક જાપાની છોકરીનું નામ છે. ૧૩ વર્ષની વયે તેનું મૃત્યુ હમણાં થોડા વખત ઉપર થયું, તેની નોંધ વિલાયતના એક શાંતિપ્રેમી પત્રે લીધી છે. તે કહે છે, "જોકે તે મરી ગઈ હમણાં જ થોડા વખત ઉપર, પરંતુ એક નવજુવાન વિમાનીએ તેને ૧૯૪૫ના ઑગસ્ટની ૬ઠ્ઠીએ મારી નાંખેલી."

આ તારીખ એટલે જાપાનમાં હિરોશીમા અને નાગાસાકી પર આણ્ણુ-બૉમ્બ નંખાયો તેની છે. પહેલો બૉમ્બ હિરોશીમા પર નંખાયો, તેમાં તેના એક જ ધડાકે ૭૮,૧૫૦ માણસ મર્યાં. ત્રણ દિવસ પછી નાગાસાકી પર પડયો, તેણે ૭૩,૮૮૪ને પૂરાં કર્યાં.

આ તો એક ઝટકે પૂરા થયા તેનો આંકડો છે. પરંતુ એ બૉમ્બની અસરના વિશાળ પરિઘમાં સપડાયેલા અનેક જીવો રિબાઈ રિબાઈને જાત જાતના રોગથી મરતા ગયા. આ આંકડો નાનોસૂનો નથી.

સદરહુ વિલાયતી પત્ર ('પીસ ન્યૂસ'—લંડન) કહે છે કે, ઉપરનો આંકડો બેવડાય એટલી મોટી એ સંખ્યા — ૩ લાખ — થાય! સૂમી યુકુહીરો જેવાં અસંખ્ય બાળકો એ ભસ્માસુરની ગરમીમાં બફાઈ મર્યાં હશે.

અને આ બૉમ્બ જો હાઈડ્રોજનનો હોત, તો આ ત્રણ લાખની હોના-રત ઓછામાં ઓછી દસ ગણી થાત, એમ એ પત્ર બતાવે છે. હવે પછીની લડાઈમાં એ બૉમ્બ ફૂટવાનો વારો હશે.

શસ્ત્રાસ્ત્રો યોજનારા અને વાપરવાનો હુકમ છોડનારા લોકો આ જાતની ખબરો જાણતા હશે? યા વિચારતા હશે? જગતના સામાન્ય લોકોએ દેશ દેશમાં એમને આ વિષે સભાન કરવા ઘટે. તે વગર આ ક્રૂર કરપીણ શસ્ત્રો રોકાઈ શકે એમ નથી.

[૧૯-૮-'૫૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GURUKULA LIBRARY HARDWAR

૧૦૨

ઈમર નાઝનો દેહાંત-દંડ

યુરોપમાં હંગરી દેશના રાષ્ટ્રીય નેતા શ્રી. ઈમર નાઝને ત્યાંની સામ્યવાદી હકૂમતે દેહાંતદંડ આપ્યો, તે ખબરથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ઠીક ઠીક ઊહાપોહ જાગ્યો છે. હિંદમાં પણ એ વિષે વાદવિવાદ ઊઠયો છે.

થોડા માસ ઉપર હંગરીમાં આંતર-વિગ્રહ થયો ત્યારે ઈમર નાઝ ત્યાં વડા પ્રધાન હતા. આંતરવિગ્રહમાં સામ્યવાદી પક્ષ કાંઈક પાછો પડતો હશે કે શું, રશિયાએ ત્યાં આ કે તે રીતની કુમક મોકલીને પાછી સામ્યવાદી હકૂમતને સ્થિર કરી. આ સંજોગોમાં શ્રી. નાઝે હંગરીમાં યુગોસ્લાવિયાના એલચીઘરમાં શરણ લીધું. ત્યાંથી તે સામ્યવાદી હાથમાં ઝડપાયા અને અમુક અદાલતી કારવાઈ બાદ ઝટપટ તેમને (અને બેએક તેમના સાથીઓને) દેહાંત-દંડ અપાયો.

ઉપરની હકીકત સામાન્ય રૂપરેખા જ છે, એમ માનવાનું છે. તેનો ચોક્કસ ચિતાર મેળવવો અઘરો છે. પરંતુ છાપાંની ખબરો પરથી આછા-પાતળા રૂપમાં આ કરુણ ઘટના આ પ્રકારની લાગે છે.

અમેરિકાએ આ બનાવ પરથી એકદમ જણાવ્યું કે, "આ તો ખૂન કહેવાય; એ સંજોગોમાં રશિયા જોડે અણુ-યુદ્ધ-વિરામ અંગે વાતચીત કરવા સર્વોચ્ચ પરિષદ મેળવવાનું તો હવે રહ્યું જ ક્યાં?"

હમણાં હમણાં રશિયામાં કાંઈક ઉદારમતી આવતી જાય છે, અને તે લોકશાહી દૃષ્ટિ તરફ વળશે, એવી વાત કેટલાક કરતા હતા, તેમનાં મોં ઉપરની ઘટનાથી કાંઈક બંધ થઈ ગયાં.

શ્રી. જવાહરલાલજી અને રાજાજી જેવાએ કહ્યું, આ ઘટના દુઃખદ જરૂર છે; પરંતુ તેથી શાંતિ માટે વિચારણા કરવા મળનારી સર્વોચ્ચ પરિષદ શું કામ ન મળવી જોઈએ? રાજાજીએ તો એમેય કહ્યું કે, "હિંદમાં અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશભક્તોને અંગ્રેજ સરકારે મારી નાંખેલા, તે છતાં અમેરિકા બ્રિટન જોડે સારાસારી રાખતું હતું ને?"

રશિયાએ અણુબૉમ્બના પ્રયોગ કરવાનું બંધ કરી તે દ્વારા જે આબરૂ મેળવેલી, અને ત્યારે અમેરિકા બ્રિટને તેમાં સામેથી ના જોડાઈ શકવાથી જે આબરૂ ખોયેલી,—એનો ડંખ પણ અત્યારે પીડા કરતો હોય તો નવાઈ નહીં. આ રીતે રશિયાને બદનામ કરવાનો અમેરિકાને લાગ મળ્યો! રશિયાથી બોલાય એવું છે નહીં. ખેર. એ વળી બીજી વાત થઈ.

હિંદના સામ્યવાદી પક્ષની દશા કફોડી થઈ છે. તેના કેટલાક નેતાને આ અંગે અંગત રૂપે અભિપ્રાય દર્શાવવો પડે છે. તેઓ તદ્દન વખોડી ન શકે કે તદ્દન તેનો બચાવ પણ ન કરી શકે, એવી સૂડીસોપારી-દશા એમની થયેલી લાગે છે. કારણ કે, આ પક્ષે હવે હિંદમાં શાંત લોકશાહીની રીત ગ્રહણ કરી છે, એમ તે જણાવે છે.

લોકશાહી મત તો સાફ કહે છે કે, નાઝને મારી નાંખવામાં, માનો કે, દગો ન હોય, તોપણ ન્યાય નથી. એટલે ભારતના સામ્યવાદીની સ્થિતિ એવી છે કે, આવા લોકશાહી મતમાં હાજિયો પૂરવા છતાં, રશિયાનું ઘસાતું પણ ન કહેવું જોઈએ; કેમ કે છેવટે ગમે તેમ કહો-કરો તોપણ, સામ્યવાદનું પિયર રશિયા છે, અને એ તો અટળ વફાદારી માગે જ. આમ હિંદમાં સામ્યવાદી મિત્રો આજે મુશ્કેલીમાં મુકાયા લાગે છે. તેમનો પક્ષ આ નાઝ-દેહાંત-દંડ પરત્વે પોતાનો વિચાર કરવા થોડા વખત પછી મળવાનો છે.

વાત સાવ સરળ છે: રાજ્યસંસ્થા આખરે જોતાં દંડ-જીવી છે—ચાહે તો લોકશાહી ઢબની હો કે સરમુખત્યાર-શાહી ઢબની હો. ફેર એ જગ્યાએ પડે છે કે, રાજ્યની સરકાર સામે વિરોધ જાગે ત્યારે તે કેવી રીતે વર્તે છે. કુલસત્તાવાદી કે એકમાત્ર-પક્ષીય સરકાર વિરોધને સાંખી જ શકતી નથી; તે એનો સંહાર જ તાકે છે. એ સિવાય બીજો રસ્તો તેની પાસે છે જ નહીં; તે માનતી પણ નથી.

જગતનો 'સામ્યવાદી વિચાર આ રીતે આગળ ચાલ્યો છે. 'આવી કડકતામાં કાંઈક નરમાશ રાખીને ચાલીએ તો હવે વાંધો નહીં આવે.'—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી કાંઈક ઝાંખી હમણાં હમણાં તેને થવા લાગી હતી. આંતરરાષ્ટ્રીય સહભાવનું પંચશીલ તત્ત્વ સ્વીકારીને એવું વલણ રશિયાએ બતાવ્યું હતું. શ્રી. નાઝની ઘટનાએ આ બાબતમાં ઘા કર્યો કહેવાય. તે બતાવે છે કે, આખરે કુલ-સત્તાવાદ એ અનિવાર્ય સંહારનીતિ પર જ પહોંચશે; તેની પાસે બીજો માર્ગ નથી.

હિંદનો સામ્યવાદી પક્ષ હમણાં કેટલાક વખતથી લોકશાહીની વાત કરે છે. અને સામે જઈને બીજાને એ વિષે શિખામણ આપવા સુધીની ધૃષ્ટતા કરવા લાગ્યો છે. નાઝ-કિસ્સાથી તેમાં શંકા લાવનારને પૂરું કારણ મળે છે. જોકે, વાત તો એમ છે કે, બિલ્લી કાશી જઈ આવે તેથી ઉંદર પર દયા રાખશે, કે ચિત્તો ગંગાજળથી નહાય તો તેનાં ચાંદાં જતાં રહેશે, એમ માની ન શકાય.

સામ્યવાદ એમ માને છે કે, અમુક તત્ત્વવિચાર કે સત્ય અચળ છે જ; એને સાધવાને માટે જે સાધન ખપનું લાગે તે ખરું છે. અને તે કહે છે કે, વ્યક્તિ અને વ્યષ્ટિ કે સમૂહ એ બેમાં મૂળ સત્ય વ્યષ્ટિ કે સમૂહ છે; એટલે એની સત્તા સાચી નીતિરીતિ છે. વ્યક્તિ ત્યાં આગળ તુચ્છ છે,—વચ્ચે આવતી લાગે તો તેનું નિકંદન કરવામાં લોકહિત હોઈ શકે છે.

લોકશાહી એથી ઊલટી શ્રદ્ધાનો સામાજિક સિદ્ધાંત છે. તે કહે છે કે, વ્યકિત સમાજનું મૂળ દૈવત છે; તેના ચિત્તનો સ્વતંત્ર વિકાસ થાય એમાં સમૂહની મૂળ સિદ્ધિ અને સાચી સમૃદ્ધિ છે. તેથી સ્વતંત્રતાના વાતાવરણમાં સમૂહ-વિચારણા કરીને સત્ય શોધવું અને તે મુજબ વ્યવહાર ચલાવવા સદા તત્પર રહેવું અને નમ્રતાપૂર્વક તેનો આચાર કરતાં સુધારવા જેવું લાગે તે સુધારતા જવું,—સમાજજીવન પરત્વે આ પ્રકારની સત્યપરાયણ, સત્યશોધક, અને છતાં ઉદારતાભરી નમ્ર ગતિશીલતા એ લોકશાહીનું સત્ત્વ છે; અને તેથી વ્યક્તિ અવધ્ય છે એટલું જ નહીં, તેના વિકાસની રક્ષા એ સમૂહનું કર્તવ્ય છે.

સામૂહિક કે સામુદાયિક અથવા સામાજિક જીવનનું આ ચેતન સત્ય હોઈને જ, કુલસત્તાવાદ કે સામ્યવાદ પણ સાવ વ્યક્તિને ઇન્કારી શકતો નથી. પરંતુ તેની તાત્ત્વિક દૃષ્ટિ જ જુદી હોઈને અને પોતાનો પક્ષ જ એકમાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યપક્ષ છે એવી મૂળ ગાંઠ મનમાં પડેલી હોઈને, વિરોધને જ્યારે અસહ્ય હદે જતો જુએ, એટલે કે, એટલો બધો અસરકારક એ બને કે સામ્યવાદી પક્ષ પર જોખમ આવે, તેવે વખતે, તે પોતે માનેલા સત્યને નામે અને કશા ક્ષોભ વિના અને ઠંડે કાળજે વિરોધી વ્યક્તિ કે વ્યક્તિઓનું નિકંદન કરે છે.

ગયાં ૪૦ વરસનો રશિયન ઈતિહાસ આના દાખલાથી ભરપૂર છે. જેમ પેટ સાફ કરવા અમુક વખતે વચ્ચે વચ્ચે જુલાબ લેવો પડે છે, તેમ સમાજશરીરનો 'કચરો' કાઢવા વચ્ચે વચ્ચે આવા 'પર્જ'—જુલાબ સામ્યવાદી રાજ્યમાં આપવા પડે છે. એટલે ઈમર નાઝનું નિકંદન લોકશાહી માનસને કંપાવે, છતાં સામ્યવાદી માનસમાં તેવી અસર નથી થતી.

આ કિસ્સો અમુક અંશે હંગરી દેશનો આંતરિક કહેવાય કે ગણાય. એમ છતાં, આજે દુનિયા એવી બનતી જાય છે કે, રાષ્ટ્રોના પ્રશ્નો સાવ આંતરિક જ નથી રહેતા. તે તે રાષ્ટ્રોના શત્રુઓ તથા મિત્રો તેમનાં સુખ-દુઃખમાં પોતપોતાની રીતે રસ લે છે; અને રાષ્ટ્રીય સ્વાર્થો, ઈર્ષા, અસૂયા, લોભ વગેરે ગુણોથી આંતરરાષ્ટ્રીય વ્યવહાર કોયડો બની જાય છે. જેમ કે, જુઓ હાલમાં લેબેનૉનનો કિસ્સો. નાઝ-કિસ્સા અંગે પણ એ જાતની વસ્તુ-સ્થિતિ જોવા મળે છે.

હિંદે આ ઉપરથી સામ્યવાદની સાચી પ્રકૃતિ કેવી છે તે વિષે પાઠ લેવો જોઈએ. આજે કૉંગ્રેસના કેટલાક લોકો પણ સામ્યવાદી પક્ષતંત્રની સ્તુતિ કરી તેનો ધડો લેવા કૉંગ્રેસીઓને કહેવાની ભૂલ કરે છે. આવી વાતોથી સાવધ રહેવા જેવું છે. સત્ય પરત્વે નમ્ર શોધક દૃષ્ટિ એ લોકશાહીનો પ્રાણ છે. સત્ય તો આ છે, અને તે મુજબ અમે યેન-કેન-પ્રકારેણ ચાલીશું અને નિષ્ઠુર અડગતાથી વર્તીશું,—એ નિષ્ઠા સામ્યવાદની છે: વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ એ સમાજનું સાચું દ્રવ્ય છે; આ લોકશાહી નિષ્ઠા છે. સામ્યવાદી ફિલસૂફી આવા ચેતનવાદનો ઇન્કાર કરે છે; તે જડવાદી છે અને તેનો અમુક બુદ્ધિવાદ રચીને તે ચાલે છે. 'હા' અને 'ના' જેવા ભેદવાળી બે જુદી જ ફિલસૂફીઓ તે છે. હવે સ્વરાજ્ય આવ્યે હિંદમાં તેમની વચ્ચેનો ગજગ્રાહ શરૂ થયો છે.

[૧-૭-'૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૩

સર જ્યૉર્જ ગ્રિયર્સન

છાપાંમાંથી જાણવા મળે છે કે, મહાન ભાષાશાસ્ત્રી સર જ્યૉર્જ અબ્રહામ ગ્રિયર્સન લગભગ ૯૦ વર્ષની પાકી વયે ગુજરી ગયા.

એ એવા પુરુષ છે કે જેમનું ઋણ હિંદ હમેશ યાદ કરશે. કેટલાકને ખબર ન હોય કે, હિંદની રાષ્ટ્રીય મહાસભા જેવું સ્થાપવાનો પ્રથમ ખ્યાલ કરનાર એક હ્યૂમ સાહેબ સિવિલિયન હતા. સર જ્યૉર્જ એમનાથી નાના હતા, એમના જ લગભગ સમકાલીન કહેવાય. એમની નિમણૂક બિહાર પ્રાંતમાં થઈ હતી. તે વેળાએ એ પ્રાંત બંગાળ પ્રાંત સાથે જોડેલો હતો.

સર જ્યૉર્જે એક જગાએ લખ્યું છે કે, 'હું હિંદને શી રીતની મદદ કરી શકું? સમ્રાટની સેવામાં ગયેલા આપણે પશ્ચિમવાસીઓએ પોતપોતાની રીતે આનો ઉત્તમ ઉત્તર આપવા પ્રયત્ન કર્યો છે.' સર જ્યૉર્જે એ પ્રશ્નનો ઉત્તર હિંદની ભાષાઓનું સેવાક્ષેત્ર પસંદ કરવા દ્વારા આપ્યો છે. તેનું કદાચ પહેલું કામ, એમણે ઈ. સ. ૧૮૮૫માં 'બિહારનું ખેડૂતજીવન' એ નામથી ગ્રંથ બહાર પાડ્યો, તે છે. એ મુખ્યત્વે ભાષાગ્રંથ છે. બિહારના તિરહૂત વિભાગના ખેડૂતોની તળપદી ભાષાના શબ્દો તેમના પ્રત્યક્ષ જીવનમાંથી વીણીને એ ગ્રંથમાં એકઠા કર્યા છે.

આ પ્રકારનો એમનો શોખ અને શક્તિ જોઈને જ કદાચ, હિંદી સરકારે જ્યારે ૧૮૯૪માં હિન્દની ભાષાઓની તપાસ કરવાનું ઠરાવ્યું, ત્યારે તે કીમતી ને જવાબદાર કામ સર જ્યૉર્જને સોંપ્યું. એ કામ કેવું પ્રચંડ છે એ થોડાક પરથી પણ જણાશે. તે કામને અંગે શ્રી. જ્યૉર્જે લગભગ ૧૮૦ વ્યવસ્થિત ભાષાઓ અને ૪૮૦ જેટલી બોલીઓની તપાસ કરી. આ તપાસમાં તેમણે બ્રહ્મદેશ અને દ્રાવિડી ભાષા-પ્રદેશ છોડી દીધો હતો. આટલી ભાષાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવી, જાણવી, અને તેમની વિદ્વત્તા-ભરી સમાલોચના કરવી, એ નાનુંસૂનું કામ નથી.

આ કામનું મૂર્તરૂપ તે એમની આ તપાસના હેવાલના ૧૦ દળદાર મોટા ગ્રંથો. ખંત, મહેનત, અને પાંડિત્યપૂર્ણ ઝીણવટની સાથે શાસ્ત્રીય શુદ્ધતા વગર આવાં કામો નથી થઈ શકતાં. અને એક બે પાંચ વર્ષ સુધી એવું કામ કરનારા કદાચ મળી આવે. સર જ્યૉર્જે આ કામને પોતાનાં પૂરાં ૩૦ વર્ષ આપ્યાં છે! 'હિંદની ભાષાઓની તપાસ'નો પહેલો ગ્રંથ લગભગ ૧૯૦૩ના અરસામાં પ્રગટ થયો, ત્યાર બાદ થોડાં વર્ષોમાં તેના ૧૦ ગ્રંથો બહાર પડચા. અને એ બધાના તારણરૂપ ઉપોદ્‌ઘાત-ગ્રંથ ૧૯૨૪માં પૂરો થયો ને ૧૯૨૭માં બહાર પડ્યો. તેની પ્રસ્તાવનામાં ગ્રિયર્સન લખે છે, 'ત્રીસ વર્ષ ઉપર કલમ હાથમાં લીધી તે આ પ્રસ્તાવના પૂરી થયે નીચે મૂકું છું, ત્યારે આવડા વિસ્તારવાળું કામ હું પૂરું કરી શક્યો એ બદલ એક પ્રકારની કૃત-કૃત્યતાની લાગણી અનુભવું છું. આ તપાસની ખામીઓ મારાથી કોઈ વધારે નથી જાણતું, એ હું કોઈ ખાલી વિવેકને સારુ નથી કહેતો. તેમ જ આ ગ્રંથોએ હિંદને માટે જે કામ કર્યું છે, તેવું કામ દુનિયાના બીજા એકે દેશમાં નથી થયું, એવો હું દાવો કરું, તો તેમાં હું મિથ્યાભિમાનનો ગુનો કરું છું એમ પણ નથી.'

સાચે જ, આ એક મહાભારત કામ હતું અને તે કરીને ગ્રિયર્સને દેશના અનેક લોકોને આભારી કર્યા છે. તેમની તપાસમાં આપણી ગુજરાતી ભાષા પણ આવી જાય છે, અને એ ભાગ ગુજરાતીમાં મોડો મોડો પણ હવે ઉતારવામાં આવ્યો છે, એ હર્ષની વાત છે.

દુઃખની વાત એટલી જ છે કે, ઈ. સ. ૧૯૦૫ બાદનાં વર્ષોમાં સિવિ-લિયનોએ ગ્રિયર્સન જેવાઓનો પંથ છોડ્યો છે. છતાં એમના જેવા એક પણ એ આજે બહુ ટીકાપાત્ર ને વગોવાતા વર્ગમાં થઈ ગયા છે, તે પૂરતી એ ટીકા ને વગોવણીની ધાર જરૂર ઓછી થાય છે.

[એપ્રિલ, ૧૯૪૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૪
બુદ્ધજયંતી

(૧)

ભગવાન બુદ્ધ સ્વતંત્ર ભારતમાં તેના નવે યુગે નવદર્શન પ્રેરતા પાછા પધારે છે, એમ કહેવાય. બૌદ્ધધર્મ ભલે ભારતમાંથી પૂર્વ અને અગ્નિ-એશિયા વગેરેમાં ગયો, પરંતુ બુદ્ધને અવતાર તરીકે હિંદુઓએ માની રાખ્યા હતા. હિંદુધર્મના આ પુનરુત્થાનકાળે એમની જીવનદૃષ્ટિની કદર થવા લાગી છે.

બુદ્ધ અને શંકર હિંદના પરમ અને અતિ સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા મહાપુરુષો છે. અર્ધ-ઐતિહાસિક સમજ એવી છે કે, એ બે વચ્ચે વિરોધી ધર્મદર્શન રહેલું હતું. આ સમજ હવે શુદ્ધ કરવા અને થવા કાળ આવ્યો છે. બોધ-ગયા પાછું નવતીર્થ બનવા લાગ્યું છે. વિનોબાએ તેમના કાર્યના કેન્દ્ર તરીકે, આ બે દર્શનોના અને સમગ્ર માનવજીવનના સમન્વય માટે, ત્યાં આશ્રમ સ્થાપવાનું જાહેર કર્યું છે. સ્વતંત્ર ભારતે બુદ્ધજયંતીને રાષ્ટ્રીય તહેવાર જાહેર કર્યો છે. એ નિમિત્તે બૌદ્ધ દર્શનનો પુનરુદ્ધાર હિંદમાં થવો ઘટે છે.

અને જગતે પણ આજે આ મહાન જીવનદ્રષ્ટા પાસેથી પ્રેરણા મેળવવા જેવી છે. છઠ્ઠી બૌદ્ધ વિશ્વ પરિષદ આ ૨૫૦૦મી બુદ્ધજયંતીને શુભ મુહૂર્ત રંગૂનમાં મળે છે; બે વરસ તે ચાલશે. તે આ કામ જગતને માટે કરે એવી આશા રાખીએ.

સમસ્ત વિશ્વની આ છઠ્ઠી બૌદ્ધ મહાપરિષદ છે. તેનું શાસ્ત્રીય નામ ‘સંધાયન’ છે. પહેલું સંધાયન ભગવાનના નિર્વાણ પછી તરત મળેલું. છેલ્લું પાંચમું ૧૮૭૧માં માંડલેમાં મળ્યું હતું. આ છઠ્ઠું છે. તે બૌદ્ધ ધર્મ-વિચારને અર્વાચીન યુગફેર મુજબ ફરી સંસ્કારીને જગતને આપવા મળે છે.

જગતને આજે અવૈરના પાઠની બહુ જરૂર છે. અપરિગ્રહનો ધર્મ ફરી સમજાવવા જેવો છે. અસૂયા-ત્યાગ શાંતિપ્રેરક છે,' એ કહેવાની જરૂર ઊભી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ છે. શસ્ત્રાઘાતથી સંગીન એવું કાંઈ વળતું નથી, એ ફરી જણાવવા જેવું છે. કરુણા એ નિર્બળતા નથી, પણ માનવ ક્લેશ, વેરઝેર વગેરેની રામબાણ દવા છે અને શીતળ મલમ છે, એ ગળે ઉતારવા જેવી સમજ છે.

વિશ્વપરિષદમાં હિંદના પ્રતિનિધિ ગયા હશે માનું છું. રાષ્ટ્રપતિએ સંદેશો મોકલીને આ દેશની પ્રજા વતી આ બૌદ્ધ મહાસભાને આવકાર આપ્યો છે. તેમાં તેમણે કહ્યું છે :—'ફરી પાછી સંઘની આ મહાબેઠક વેરવિખેર હાલતમાં આવેલી માનવતાને શાંતિ અને સુમેળનો સંદેશો આપશે.'

આપણા દેશમાં આ સંદેશો પાછો જાગતો કરવાની આપણી ફરજ છે. તે અર્થે બૌદ્ધ તથા જૈન જીવનદર્શન, તથા ઈતિહાસનું અધ્યયન આપણી વિદ્યાપીઠોમાં એક વિશેષ વિષય તરીકે હવે ચાલવું જોઈએ.

[૧૮-૫-'૫૪]

(૨)

બોધગયામાં આવતે વરસે ભગવાન બુદ્ધની ૨૫૦૦મી (વૈશાખી પૂર્ણિમા) જયંતી ૮ કરોડના ખર્ચે ઊજવાશે. આ દિવસ બુદ્ધ ભગવાનનો જન્મ-દિન, બોધિદિન તથા નિર્વાણદિન પણ મનાય છે. આ એક સુંદર વસ્તુ છે.

આવતે વરસે આ દિવસે મોટો આંતરરાષ્ટ્રીય જલસો થશે, તેમાં મુખ્યત્વે બૌદ્ધ રાષ્ટ્રો જોડાશે.

એ નિમિત્તે મુખ્ય ચાર બૌદ્ધ ધામોનો જીર્ણોદ્ધાર થશે — લુંબિની (જન્મસ્થાન), બોધગયા (બોધિસ્થાન), સારનાથ (પ્રથમ ઉપદેશસ્થાન), કુશિનારા (નિર્વાણસ્થાન).

મહાજયંતી ગયામાં ઊજવાશે. તેનું સ્થાન ગયે વરસે ગયામાં સર્વોદય પરિષદ મળેલી તે રાખવાનું ઠર્યું છે. ત્યાં જ પાસે વિનોબાએ સ્થાપેલો સમન્વયાશ્રમ પણ છે.

સમન્વયાશ્રમ શાંકર અને બૌદ્ધ તત્ત્વની સમન્વિત કે પરિપૂર્ણ ફિલસૂફી વિચારવા માટે છે. પરિષદને નિમિત્તે આ વિચાર વધારે છણાશે એમ માનીએ. બીજી રીતે પણ આજે આ વસ્તુ ચર્ચામાં જાગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદમાં બૌદ્ધ ધર્મ પેદા થયો, પણ વિકસ્યો અને ટકયો બહાર. શંકરાચાર્યના યુગથી તે હિંદમાં મટયો. પરંતુ તેથી કાંઈ બૌદ્ધ સંદેશ હિંદે છોડયો હતો એમ નહોતું. અનેક દૃષ્ટિઓ તથા સાધનાઓના સંમેલનરૂપ હિંદુધર્મે તેને પોતામાં ગોઠવી લીધો. હવે પાછું જગત અનુભવે કરીને અહિંસાને યાદ કરે છે, ત્યારે હિંદ તેના સ્થૂલ કેન્દ્ર સમાં ચાર ધામોનો જીર્ણોદ્ધાર કરે છે, એ ઘણી રૂડી વાત છે.

ચીન, જાપાન, કંબોડિયા, બ્રહ્મદેશ, સિલોન ઈ૦ દેશો રાજ્યક્ષેત્રમાં પણ હિંદના સાથી મિત્રો છે, એ આ મહાઉત્સવની સફળતામાં ભારે રંગ પૂરશે.

બુદ્ધ ભગવાનના નામે મળતાં સૌ રાષ્ટ્રો વૈયક્તિક મારનો નિર્વાણ જ નહીં, પણ યુદ્ધરૂપી મહામારીનો નિર્વાણ પણ વિચારશે ને તેનાં પણ આર્યસત્યો ને અષ્ટાંગ માર્ગ જગતને આપશે, એવી આશા રાખીએ. હિંદની એમાં જવાબદારી મોટી છે, કેમ કે તેના રાષ્ટ્રપિતા ગાંધીજી છે.

[૧૮-૫-'૫૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૫
ગુરુ નાનક જયંતી

અમદાવાદ શહેરમાં, કદાચ પહેલી જ વાર, બાબા નાનકની ૪૭૧મી વર્ષગાંઠ ઊજવાઈ, અને તેમાં સર્વ ધર્મના લોકોએ શ્રોતા તથા વ્યાખ્યાતા તરીકે ભાગ લીધો. આ ઉત્સવ ગોઠવવાનું માન શહેરની શીખ સંગત સભાના પ્રમુખ અને અહીંની કૉમર્સ કૉલેજના આચાર્ય શ્રી. ગુરુમુખ નિહાલ-સિહને મળે છે. શ્રી. માવલંકર સભાના પ્રમુખ હતા.

સભામાં શહેરનાં શીખ ભાઈબહેનોની સારી સંખ્યા હાજર હતી. કોઈ પણ માણસને જોતાં દેખાય એવો હર્ષ એમના ચહેરા ઉપર હતો. તેમને જાણે એમ લાગતું હતું કે, અમારે ઘેર શહેરના નાગરિકો પધાર્યા છે. ગાંધીજી સર્વ ધર્મો પ્રત્યે જે સમભાવ અને આદર ચાહે છે તે જો દેશમાં જન્મે, તો સૌ કોમોનાં સામાન્ય સ્ત્રીપુરુષોના ચહેરા કેવા આનંદમય અને આભાર-નમ્ર બને, તે આ સભામાં આવેલાં શીખ ભાઈબહેનોના ચહેરા ઉપરથી કલ્પીએ, તો તે ખોટું ન કહેવાય.

વ્યાખ્યાતાઓમાં હિંદુ, મુસલમાન તથા પારસી ભાઈઓ હતા. તેમણે નમ્રતાપૂર્વક બાબા નાનક વિષેનો પોતાનો આદરભાવ રજૂ કર્યો. તે પુરુષે હિંદના ઈતિહાસમાં જે અનોખું મહત્ત્વ મેળવ્યું છે તે બતાવ્યું.

આ પ્રસંગ પર, અમૃતસરની ખાલસા કૉલેજના અધ્યાપક સંતસિંગને નોતરવામાં આવ્યા હતા. તેમણે આજ શીખો કઈ જાતની ભાવનાઓ સેવે છે તેનું નિરૂપણ કર્યું. અને રાષ્ટ્રના ભાવી ઘડતરમાં શીખપ્રજા પોતાનાં અન્યધર્મી ભાઈબહેનોની સાથે રહી પોતાનો ભાગ ભજવશે એવી ખાતરી આપી.

આ સભા પૂરી થયા પછી એક મિત્રે કહ્યું, ‘આજે જે વાતો થઈ તેમાંનું કશું ઈતિહાસમાં તો મળતું નથી!’ સાચી વાત છે. શીખ ધર્મ સ્થાપનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે નામ આપવા ઉપરાંત, શાળામાં ચાલતા ઈતિહાસ નાનક વિષે કશું વધારે કહેતા નથી. ગુરુ નાનકનો જમાનો કેવો હતો, તે વેળાએ રાજવ્યવસ્થા તથા લોકસ્થિતિ કેવી હતી, એ વિષે કશું જાણવાનું મળતું નથી. હિંદના ઈતિહાસનું આખું મહત્ત્વ જાણે અંગ્રેજો આવ્યા પછી જ જામ્યું, એવી છાપ પડે છે. આ ખામી નાનીસૂની નથી.

અમદાવાદમાં ઊજવાયેલી જયંતી જેવા પ્રસંગો આ ખામી તો દૂર ન કરી શકે; છતાં લોકને તે આજે અતિ આવશ્યક સંસ્કાર આપે છે, એમ કહેવું જોઈએ. ગુરુ નાનકનો વિશેષ પરિચય મેળવવા ઈચ્છનારને નવજીવન પ્રકાશન મંદિરે પ્રસિદ્ધ કરેલી ગુરુ નાનક કૃત 'જપજી' ચોપડીનો અનુવાદ જોવા ભલામણ છે.

[ડિસેમ્બર, ૧૯૪૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૬

હિંદની સંજીવની

[શ્રી રામકૃષ્ણ પરમહંસ]

હિંદના અર્વાચીન ઈતિહાસનાં છેલ્લાં ૭–૮ સૈકાં તપાસતાં એક વસ્તુ આજે પણ બોધક થઈ પડે એવી તરી આવે છે. આ સૈકાં એટલે બે જુદા ધર્મો માનનારી પ્રજાઓનું હિંદમાં આગમન. એક ઈસ્લામ, બીજો ખ્રિસ્તી. બેઉ ધર્મીઓ અન્યધર્મીઓને વટલાવવામાં માને. બેઉ પોતાના ધર્મની સર્વશ્રેષ્ઠતામાં ઓછીવત્તી છતાં ઝનૂની આસ્થા રાખે. બેઉ ધર્મીઓ હિંસાના ઉપયોગમાં માને છે. બેઉ એકેશ્વરની માન્યતાવાળા ધર્મો. બેઉ હિંદમાં ચાલતી મૂર્તિપૂજાને હસનાર કે ધુત્કારનાર. અને આ ઢબનાં બીજાં પણ નાનાં મોટાં સામ્ય-બિંદુઓ કદાચ હશે. આટલાંય ધ્યાનપાત્ર છે.

પહેલા આવ્યા ઈસ્લામીઓ. તેઓ ચડાઈ કરતા આવ્યા. શરૂમાં લૂંટથી તૃપ્ત થઈ ચાલ્યા જતા. તેમાંથી રાજ્ય સ્થાપીને રહ્યા ને દેશના બન્યા. આ કાળ એટલે ૧૨–૧૩મા સૈકાનો કાળ. ઈતિહાસ જોતાં, જાડી નજરે એક સામાન્ય મોટી વસ્તુ એ દેખાય છે કે, આ કાળમાં હિંદુધર્મમાં એક પ્રકારની આધ્યાત્મિક અરાજકતાની દશા હતી. વાડાબંધી, ઊંચનીચભાવ, અને તેમાંથી જન્મતી પામર ક્ષુદ્રતા આ વખતમાં બતાવી શકાય. તેનાં સૂચક લક્ષણ જાણે ન હોય એમ, રાજકીય એકતા આ કાળે રહી નથી, અને અધ્યાત્મક્ષેત્રમાં અનેક દેવદેવીઓની જડ કે તામસ પૂજા ચાલે છે. આને જ ઈસ્લામીઓ બૂતપરસ્તી કહે છે અને તે સામે બૂત-પરસ્તી-નિવારણનું જ નવું બૂત ઊભું કરી બેસે છે.

આ દશા એક મોટી ક્રાંતિની જ છે. તેમાં સમાજજીવનનાં આધ્યાત્મિકથી માંડીને આર્થિક, રાજકીય ને સામાજિક બધાં અંગો સંડોવાય છે. બધે અજંપો અને અસ્થિરતાનો પરિતાપ વ્યાપે છે. સહૃદય જીવો આ જોઈ વ્યાકુલ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; તેમનામાં ઊંડે ઊંડે, આ બધું જોઈને, દયા અને દુ:ખનું વલોણું જાગે છે. પરિણામે હિંદના એ આધ્યાત્મિક અરાજકના ઉકેલ રૂપે, અનેક સંત-ભક્તો પાકે છે, જેઓ એક રામ-રહીમની સાદી ભક્તિ અને સરળ મહેનતુ જીવન ઉપદેશે છે. તેઓ બધા લોકની ભાષામાં અને તેમની વચ્ચે રહી કામ કરે છે, ને તેઓ મોટે ભાગે સામાન્ય લોકમાંથી પાકેલા છે.

આમ પાટે ચડાવેલું લોકજીવન ઔરંગઝબના કાળમાં પાછું જોખમાય છે. તે પાછો ઝનૂની ધર્મકારણ જગવે છે. લશ્કરને જોરે અને લાંબા આયુષ્યના સદ્ભાગ્યે, આખા દેશમાં એ પહોંચાડે છે. બીજું તો કાંઈ નહિ, તેને તોડવું તો જોઈએ જ; પરિણામે મોગલ સામ્રાજ્ય પર મરાઠા અને શીખના હલ્લા થાય છે. અને સામ્રાજ્યની સત્તા માટે માંહોમાંહે મુસલમાનોમાંય કુસંપના ઝઘડા જાગે છે. પરસ્પર દ્રેષ અને વિરોધના આ અંધકાર-યુગમાં પાછી આધ્યાત્મિક અરાજકની દશા આવી લાગે છે. એના સૂચક ચિહ્નરૂપે હોય એમ, ૧૮મા સૈકામાં ભાગ્યે જ કબીર નાનક આદિ જેવો એકે સંત યુગપ્રવર્તન કરનારો પાકે છે. આ સૈકું એ રીતે ખાલી જાય છે.

અને એ જ સૈકામાં અંગ્રેજો વેપારીમાંથી રાજકર્તા થઈ જાય છે. હિંદીઓ એક નથી; તેઓ પોતપોતાનાં અલગ ક્ષુદ્ર દેવદેવીઓ ભજે છે. એમની તુલનામાં અંગ્રેજો એક વેપારદેવના પૂજકો તો ખરા જ. અને ખ્રિસ્તીઓ પણ મિશનો સ્થાપી હિંદના આધ્યાત્મિક મૂળને પડકાર કરે છે. હિંદની ખાસિયત છે કે, આવા વિષમ કાળે સંતો પેદા થઈ સમન્વય અને પુનર્જીવનનો નવમંત્ર શોધી આપે છે. ૧૯મા સૈકાના પ્રારંભમાં જ આના દ્રષ્ટાઓ પાકતા જોવા મળે છે. દેવેન્દ્રનાથ, કેશવચંદ્ર સેન, સ્વામી દયાનંદ, રામકૃષ્ણ પરમહંસ બંગાળમાં પેદા થાય છે. તેમણે શરૂ કરેલી પરંપરામાં આપણો દેશ આગળ વધ્યો છે.

આ વિકાસનો પાઠ સ્પષ્ટ છે. હિંદમાં ક્ષુદ્ર વાડાબંધી કે સ્વાર્થની સાઠમારીના મૂળમાં આધ્યાત્મિક અરાજક કે નાસ્તિકતા હોય છે. તે દૂર કરવા દ્વારા જ હિંદના આત્માને જગવી શકાય છે. આજે યુરોપના દેશો રાષ્ટ્રધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સમાજવ્યવસ્થાના અમુક કે તમુક વાદરૂપી ભૂતોને વળગ્યા છે. ઈસ્લામના જન્મકાળે અરબસ્તાનની ટોળીઓ જેવો જ યુરોપનો ઘાટ આજે છે. એમાં ઈશુ ખ્રિસ્તને સ્થાન નથી; માનવકુટુંબની એકતાને માન નથી. નર્યું इदमद्य मया लब्धम् इमं प्राप्स्ये मनोरथम् – ન્યાયે જનમતું લોભ અને મદનું અરાજક છે.

રામકૃષ્ણના કાળનો જ યુગ નવે અવતારે આજે આવ્યો છે. તે કાળે હિંદના આત્માને માત્ર અંગ્રેજ પડકારતો હતો; આજે આખી ગોરી સંસ્કૃતિનો પડકાર આવી રહ્યો છે. ઈતિહાસને પૂછીએ ને અત્યારનો જેટલો પણ અનુભવ છે તે જોઈએ, તો લાગે છે કે, આધ્યાત્મિક નવ-મંત્રની એ જ જૂની સંજીવની હિંદને સદશે અને કામ દેશે. હિંદે તેના સંતપુરુષોના અમર સંદેશને આજે જીવી બતાવવો જોઈએ.

શ્રી રામકૃષ્ણ પરમહંસની જયંતી વખતે આ આપણા ઈતિહાસનો પાઠ યાદ કરવા જેવો છે.

[૧૦-૩-'૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

વિવિધ વ્યક્તિઓનો જીવનકાળ

[વિશેષનામની આગળના શ્રી૦, સ્વ૦, ડૉ૦, આચાર્ય, શેઠ વગેરે ઉલ્લેખો વિના મૂળ વિશેષનામ (દેશી પદ્ધતિએ) કક્કાવારીના ક્રમે જોવાં.]

નામ	સમય	પૃષ્ઠ
અબુલ કલામ આઝાદ	(જુઓ મૌલાના સાહેબ)	
અબુલ જફર નદવી	(જુઓ નદવી સાહેબ)	
અખંડાનંદજી	૧૮૭૪–૧૯૪૨	૧૬૧
અમૃતલાલ ઠક્કર	(જુઓ ઠક્કરબાપા)	
અમૃતલાલ શેઠ	૧૮૮૫–૧૯૫૪	૧૯૬
અરવિંદ ઘોષ	૧૮૭૨–૧૯૫૦	૩૪
અર્નેસ્ટ બેવિન	૧૮૮૧–૧૯૫૧	૨૪૫
અંબાલાલ જાની	૧૮૮૦–૧૯૪૨	૨૩૧
આઈન્સ્ટાઈન	૧૮૭૯–૧૯૫૫	૨૪૯
આનંદશંકર ધ્રુવ	૧૮૬૯–૧૯૪૨	૨૧૬
ઈમર નાઝ	–૧૯૫૮	૨૫૭
ઈશ્વરલાલ માસ્તર	૧૮૯૮–૧૯૫૩	૧૯૧
ઈશ્વરલાલ વ્યાસ	–૧૯૪૫	૧૮૨
એન૦ એમ૦ જોષી	૧૮૭૯–૧૯૫૫	૧૧૪
એન્ડ્રૂઝ	૧૮૭૧–૧૯૪૦	૧૧૯
કામાક્ષી નટરાજન	૧૮૬૯–૧૯૪૮	૮૧
કાયદે આઝમ ઝીણા	૧૮૭૬–૧૯૪૮	૮૮
કાશીબહેન ગાંધી	૧૮૮૩–૧૯૫૯	૨૦૧
કિશોરલાલભાઈ	૧૮૯૦–૧૯૫૨	૧૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે૦ ટી૦ શાહ	–૧૯૫૩	૧૬૭
ખાનસાહેબ	૧૮૮૩–૧૯૫૮	૯૪
ગાંધીજી	૧૮૬૯–૧૯૪૮	૩,૧૨,૨૨
ગોપબંધુ ચોધરી	–૧૯૫૮	૧૭૪
ચમનલાલ વૈષ્ણવ	૧૮૯૮–૧૯૪૦	૧૭૮
ચંદ્રશંકર શુકલ	૧૯૦૧–૧૯૫૩	૧૬૫
ચિત્તરંજન દાસ	૧૮૭૦–૧૯૨૫	૫૩
ચિમનલાલ સેતલવાડ	૧૮૬૪–૧૯૪૭	૧૦૩
છોટાલાલ વ્યાસ	–૧૯૫૮	૧૭૪
છોટુભાઈ પુરાણી	૧૮૮૪–૧૯૫૦	૧૬૨
જગદીશચંદ્ર બોઝ	૧૮૫૮–૧૯૩૭	૨૧૨
જદુનાથ સરકાર	૧૮૭૦–૧૯૫૮	૨૨૬
જમનાદાસ ગાંધી	–૧૯૪૯	૧૮૪
જમનાલાલજી	૧૮૮૯–૧૯૪૨	૧૪૨
જયકર	૧૮૭૩–૧૯૫૯	૧૧૫
જાજૂજી	–૧૯૫૫	૧૪૪
જાવડેકર	–૧૯૫૫	૨૨૫
જીવરામભાઈ કોઠારી	–૧૯૪૧	૧૭૯
જ્યૉર્જ એરુન્ડેલ	૧૮૭૮–૧૯૪૫	૧૪૮
જ્યૉર્જ ગ્રિયર્સન	૧૮૫૧–૧૯૪૧	૨૬૧
જ્યૉર્જ બર્નાર્ડ શૉ	૧૮૫૬–૧૯૫૦	૨૪૨
જ્યૉર્જ રાજા	(જુઓ રાજા જ્યૉર્જ).	
ઠક્કરબાપા	૧૮૬૯–૧૯૫૧	૧૨૧
તિલક	(જુઓ લોકમાન્ય તિલક)	
તેજબહાદુર સપ્રુ	૧૮૭૫–૧૯૪૯	૭૮
ત્રિવેદીસાહેબ	૧૮૮૬–૧૯૪૧	૧૬૩
દયાળજીભાઈ	–૧૯૪૨	૧૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
GURUKULA KANGRI LIBRARY HARDWAR

દીવાન સાહેબ	–૧૯૫૨	૧૬૮
દુર્ગાબહેન	૧૮૯૧–૧૯૫૫	૧૯૯
દેસાઈભાઈ પટેલ	૧૮૯૪–૧૯૫૪	૧૯૫
નટેસન	૧૮૭૩–૧૯૪૯	૭૮
નદવી સાહેબ	૧૮૮૯–૧૯૫૮	૨૩૭
નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ	૧૮૭૪–૧૯૪૫	૧૫૪
નરહરિભાઈ પરીખ	૧૮૯૧–૧૯૫૭	૧૩૮
નરીમાન	૧૮૮૫–૧૯૪૮	૧૦૫
નરેન્દ્રદેવજી	૧૮૮૯–૧૯૫૬	૧૦૨
નાનક	૧૪૬૯–૧૫૩૯	૨૬૬
પાઠકસાહેબ	૧૮૮૭–૧૯૫૫	૨૨૨
પાંડીચેરીના યોગીરાજ	(જુઓ અરવિંદ ઘોષ)	
પેરીનબહેન કૅપ્ટન	–૧૯૫૮	૧૫૩
ફીરોઝશાહ મહેતા	૧૮૪૫–૧૯૧૫	૫૨
બ૦ ક૦ ઠા૦	૧૮૭૦–૧૯૫૨	૨૨૧
બાબા રાઘવદાસજી	–૧૯૫૮	૧૭૫
બાળાશંકર	૧૮૫૮–૧૮૯૮	૨૨૦
બાળાસાહેબ ખેર	૧૮૮૮–૧૯૫૭	૧૦૭
બુદ્ધ	ઈ. સ. પૂ. ૫૪૪–ઈ. સ. પૂ. ૪૬૪	૨૬૩
બૂકર ટી. વૉશિંગ્ટન	૧૮૫૯–૧૯૧૫	૨૩૮
બ્રેલ્વી સાહેબ	–૧૯૪૯	૧૫૨
ભૂલાભાઈ દેસાઈ	૧૮૭૭–૧૯૪૬	૭૧
મણિભાઈ દ્વિવેદી	૧૮૫૮–૧૮૯૮	૨૨૦
મણિલાલ ઇચ્છારામ દેસાઈ	૧૮૮૦–૧૯૪૨	૨૩૨
મ૦ પ્ર૦ તિ૦ આચાર્ય	–૧૯૫૪	૨૨૭
મહેરઅલી	૧૯૦૬–૧૯૫૦	૧૦૬
માનવેન્દ્રનાથ રૉય	૧૮૯૯–૧૯૫૪	૧૦૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલવીયજી	૧૮૬૧–૧૯૪૬	૫૯
મિરઝા ઈસ્માઈલ	૧૮૮૯–૧૯૫૯	૧૧૨
મૅડમ મૉન્ટેસોરી	૧૮૭૧–૧૯૫૨	૨૪૭
મોરારભાઈ પટેલ	–૧૯૫૩	૧૯૮
મૉરિસ ગ્વાયર	–૧૯૫૨	૨૫૫
મૌલાના સાહેબ	૧૮૮૮–૧૯૫૮	૯૬
રજબઅલી લાખાણી	–૧૯૪૬	૧૭૦
રત્નમણિરાવ	૧૮૯૫–૧૯૫૫	૨૩૫
રફી અહમદ કિડવાઈ	–૧૯૫૪	૧૦૯
રમણ મહર્ષિ	૧૮૭૯–૧૯૫૦	૩૩
રમણલાલ દેસાઈ	૧૮૯૨–૧૯૫૪	૨૩૪
રવીન્દ્રનાથ ઠાકુર	૧૮૬૧–૧૯૪૧	૩૧
રાજા જ્યૉર્જ	૧૮૯૫–૧૯૫૨	૨૫૪
રામકૃષ્ણ પરમહંસ	૧૮૩૬–૧૮૮૬	૨૬૮
રામદાસ ગુલાંટી	૧૮૯૫–૧૯૫૫	૧૯૭
રામદેવજી	–૧૯૪૦	૧૭૩
રામનારાયણ વિ૦ પાઠક	(જુઓ પાઠકસાહેબ)	
રામુભાઈ	–૧૯૫૨	૧૭૭
રાવજીભાઈ ના૦ પટેલ	૧૮૯૯–૧૯૫૯	૨૦૭
લક્ષ્મીશંકરભાઈ પાઠક	–૧૯૪૭	૧૮૫
લિયાકત અલીખાન	–૧૯૫૧	૧૧૧
લોકમાન્ય તિલક	૧૮૫૬–૧૯૨૦	૩૯
વલ્લભભાઈ ઝ૦ પટેલ	૧૮૭૫–૧૯૫૦	૪૪
વસંતરાવ હેગિષ્ટે	–૧૯૪૬	૧૭૦
વાલચંદ હીરાચંદ	૧૮૮૨–૧૯૫૩	૧૮૯
વિદ્યાબહેન નીલકંઠ	૧૮૭૬–૧૯૫૮	૨૦૪
વેણીલાલ બૂચ	૧૮૯૯–૧૯૪૫	૧૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેલાંબહેન આસર	–૧૯૫૯	૨૦૪
શિવાનંદજી	–૧૯૫૧	૧૮૮
શ્યામાપ્રસાદ મુકરજી	૧૯૦૧–૧૯૫૩	૧૦૦
શ્રીનિવાસ શાસ્ત્રિયાર	૧૮૬૯–૧૯૪૬	૬૧
સત્યપાલ	–૧૯૫૪	૧૭૬
સંતોકબહેન ગાંધી	–૧૯૫૯	૨૦૩
સાકરલાલ દવે	૧૮૮૬–૧૯૫૫	૨૩૬
સાને ગુરુજી	૧૮૯૯–૧૯૫૦	૧૬૯
સી૦ વાય૦ ચિંતામણિ	૧૮૮૧–૧૯૪૧	૮૪
સુભાષ બાબુ	૧૮૯૭–૧૯૪૫	૮૭
સૂમી યુકુહીરો	૧૯૪૧–૧૯૫૪	૨૫૬
સોમનાથ દવે	૧૯૦૭–૧૯૫૯	૨૦૫
સ્વામીનારાયણ સાહેબ	૧૮૮૪–૧૯૪૧	૨૩૦
હરજીવન સોમૈયા	૧૯૦૮–૧૯૪૨	૨૩૩
હરિપ્રસાદ દેસાઈ	૧૮૭૯–૧૯૫૦	૧૫૮
હેરોલ્ડ લાસ્કી	૧૮૯૩–૧૯૫૦	૨૪૦
હૉર્નિમૅન	૧૮૭૩–૧૯૪૮	૧૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષનામોની સૂચિ

[જેમને વિષે પુસ્તકમાં પ્રકરણ છે, તેમનાં નામોને જ અટક તથા વિશેષનામ એ બંને ક્રમે ગોઠવ્યાં છે. બાકીનાં ઉલ્લેખાયેલાં નામો, જે રીતે પુસ્તકમાં વપરાયેલાં છે, તે ક્રમે જ છે. સર, ડૉ., સ્વામી, શ્રી. વગેરે બાદ કરીને તે નામ કક્કાવારીમાં જોવાં.]

અખંડાનંદજી, ભિક્ષુ ૧૬૧
અજમલખાન, હકીમ ૯૭,૧૧૯
અનસારી, ડૉ. ૨૨
અબુલ કલામ આઝાદ ૯૬–૯૯
અબુલ જફર નદવી (જુઓ નદવી સાહેબ)
અબ્દુલ ગફારખાન ૯૪–૫
અબ્બાસ તૈયબજી ૧૧૬
અશ્રામા ૧૯૩
અમૃતલાલ ઠક્કર (જુઓ ઠક્કરબાપા)
અમૃતલાલ શેઠ ૧૯૬
અરવિંદ ઘોષ ૨૬, ૩૩, ૩૪–૮, ૫૪–૫, ૧૬૨
અર્નેસ્ટ બેવિન ૨૪૫
અલીભાઈઓ ૯૪,૯૭
અલ્લામા મશરકી ૯૫
અશો જરથુષ્ટ્ર ૧૬
અશ્વિનકુમાર દત્ત ૫૬
અંબાલાલ બુ૦ જાની ૨૩૧
અંબાલાલ સાકરલાલ, દી૦ બ૦ ૧૪૧, ૧૫૮

આઇન્સ્ટાઈન, ડૉ. આલ્બર્ટ ૯, ૨૪૯–૨૫૩
આચાર્ય નરેન્દ્રદેવજી (જુઓ નરેન્દ્રદેવજી)
આચાર્ય, મ૦ પ્ર૦ તિ૦ (જુઓ મ૦ પ્ર૦ તિ૦ આચાર્ય)
આચાર્ય રામદેવજી (જુઓ રામદેવજી)
આચાર્ય રુદ્ર ૧૧૯
આનંદ, સ્વામી ૧૬૫
આનંદમોહન બોઝ ૫૪
આનંદશંકર ધ્રુવ, આચાર્યશ્રી ૭૧, ૨૧૬–૯
આપ્પાસાહેબ પટવર્ધન ૧૩૮
આયર, વી. કૃષ્ણસ્વામી ૬૭
આયર, શિવસ્વામી ૬૭
આસર, વેલાંબહેન (જુઓ વેલાંબહેન)
આંબેડકર ૯૩

ઇચ્છારામ સૂર્યરામ ૨૩૨
ઇલિઝાબેથ, બીજી ૨૫૪
ઈંદુલાલ યાજ્ઞિક ૧૨૮

ઈમર નાઝ ૨૫૭–૨૬૦
ઈશુ ખ્રિસ્ત ૭, ૮, ૯, ૧૫, ૨૪, ૨૭, ૧૧૯, ૨૭૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરલાલ ૧૮૧
ઈશ્વરલાલ માસ્તર ૧૯૧–૪
ઈશ્વરલાલ વ્યાસ ૧૮૨

એચ. પી. મોદી, સર ૫૨
એટલી ૪૨, ૨૪૬
એન. એમ. જોષી ૧૧૪
એની બેસંટ ૫૫, ૧૪૮
એન્ડ્રૂઝ, દીનબંધુ ૯૭,૧૧૯–૨૦, ૧૫૫
એરુન્ડેલ, જ્યૉર્જ ૧૪૮

ઔરંગઝેબ ૮૯ (નોંધ),૯૨, ૨૬૯

કનૈયાલાલ મુનશી ૧૨૮
કબીર ૧૩૦, ૨૬૯
કમુબહેન ૧૮૮
કર્ઝન, લૉર્ડ ૫૪
કર્વે, ડૉ. ૧૧૫
કસ્તૂરબા ૧૯, ૨૦૧–૨
કાકાસાહેબ ૧૩૮–૯, ૧૬૫
કામાક્ષી નટરાજન (જુઓ નટરાજન)
કાયદે આઝમ ઝીણા (જુઓ ઝીણા)
કાશીબહેન ગાંધી ૨૦૧
કિચલું, ડૉ. ૧૭૬
કિડવાઈ (જુઓ રફી અહમદ કિડવાઈ)
કિશોરલાલભાઈ મશરૂવાળા ૧૨૨–૩૭, ૧૪૦, ૧૪૫–૬, ૧૮૦, ૨૨૭
કૃપાલાનીજી ૭૨, ૧૬૯
કૃષ્ણ ૧૭
કે. ટી. શાહ ૧૬૭
કેપ્ટન, પેરીનબહેન (જુઓ પેરીન બહેન કેપ્ટન)
કેશવચંદ્ર સેન ૨૬૯
કેશુભાઈ ૨૦૩
કે૦ હ૦ ધ્રુવ ૨૨૨
કોઠારી, જીવરામભાઈ (જુઓ જીવરામભાઈ કોઠારી)
ક્રાઇસ્ટ (જુઓ ઈશુ ખ્રિસ્ત)

ખાનબંધુઓ ૯૭
ખાનસાહેબ, ડૉ. ૯૪–૫
ખેર સાહેબ ૧૦૭

ગાંધી, કાશીબહેન (જુઓ કાશીબહેન)
ગાંધી, જમનાદાસ (જુઓ જમનાદાસ ગાંધી)
ગાંધીજી ૩–૩૦, ૩૩, ૩૬, ૪૧–૩, ૪૫–૯, ૫૧, ૫૮, ૬૧–૨, ૬૪–૬, ૬૮–૭૦, ૮૨, ૮૫, ૮૮, ૯૦, ૯૩, ૯૬, ૯૮, ૧૦૪, ૧૧૧, ૧૧૬–૭, ૧૧૯, ૧૨૪–૩૫, ૧૩૮, ૧૪૨, ૧૭૯, ૧૮૧, ૧૮૫, ૧૯૦, ૧૯૭, ૧૯૯, ૨૧૮, ૨૨૮, ૨૩૭, ૨૪૩, ૨૪૪, ૨૪૭, ૨૬૫
ગાંધી, સંતોકબહેન (જુઓ સંતોકબહેન)
ગિદવાણીજી ૭૩
ગુરુદેવ (જુઓ ટાગોર)
ગુરુમુખ નિહાલસિંહ ૨૬૬
ગુલાંટી, રામદાસ ૧૯૩
ગોખલે ૬૧, ૬૪–૯, ૮૫, ૯૦, ૧૧૬, ૧૨૧, ૧૨૭
ગોડસે ૬
ગોપબંધુ ચોધરી ૧૭૪
ગોમતીબહેન ૧૨૪
ગ્રિયર્સન, સર જ્યૉર્જ ૨૬૧–૨
ગ્રુન્ડવિક ૨૯

ઘનશ્યામદાસ ૧૨૬
ઘોષ, શ્રી અરવિંદ (જુઓ અરવિંદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચમનલાલ વૈષ્ણવ ૧૭૮, ૧૮૫
ચર્ચિલ ૪૨, ૮૮, ૨૪૬
ચંદ્રનગર ૩૬
ચંદ્રશંકર શુક્લ ૧૬૫
ચાર્લ્સ બૂથ ૨૪૨
ચાર્લ્સ બ્રેડલો ૧૫૬
ચિત્તરંજન દાસ ૩૫, ૫૩–૮, ૭૬, ૧૧૬
ચિમનલાલ સેતલવાડ, સર ૧૦૩
ચિંતામણિ, સર સી. વાય. ૮૪–૬
ચૂનીલાલ બારોટ ૭
ચોધરી, ગોપબંધુ (જુઓ ગોપબંધુ ચોધરી)

છગનલાલ ગાંધી ૨૦૧, ૨૦૩
છોટાલાલ વ્યાસ ૧૭૪
છોટુભાઈ પુરાણી ૧૬૨

જગદીશચંદ્ર બોઝ ૨૧૨
જદુનાથ સરકાર ૨૨૬
જમનાદાસ ગાંધી ૧૮૪
જમનાલાલજી ૧૪૨–૩, ૧૪૫–૬
જયકર ૭૩, ૧૧૫–૮
જરથુષ્ટ્ર (જુઓ અશો જરથુષ્ટ્ર)
જવાહરલાલજી ૫૭, ૬૯, ૯૮, ૧૬૭, ૨૫૨, ૨૫૭
જાજૂજી ૧૪૪–૭
જાની, અંબાલાલ બુ૦ (જુઓ અંબાલાલ બુ૦ જાની)
જાવડેકર ૨૨૫
જીજીબા ૧૫૬
જીવણજી ૧૨૩
જીવરામભાઈ કોઠારી ૧૭૯–૮૧
જોષી (એન. એમ.) ૧૧૪, ૧૨૭
જ્યૉર્જ એરુન્ડેલ (જુઓ એરુન્ડેલ)
જ્યૉર્જ ગ્રિયર્સન (જુઓ ગ્રિયર્સન)
જ્યૉર્જ, છઠ્ઠા ૨૫૪
જ્યૉર્જ બર્નાર્ડ શૉ ૨૪૨–૪

ઝીણા, કાયદે આઝમ ૭૨–૩, ૮૮–૯૩, ૯૭, ૧૧૧–૨, ૧૫૦

ટાગોર, રવીન્દ્રનાથ (જુઓ રવીન્દ્રનાથ)
ટિળક ૧૦, ૨૬, ૩૬, ૩૯–૪૩, ૪૫, ૬૪, ૬૮–૯, ૯૦, ૨૩૦
ટૉલ્સ્ટૉય ૧૩૭, ૨૩૬, ૩૪૩

ઠક્કરબાપા ૬૫, ૧૨૧, ૧૨૭–૮, ૧૯૭
ઠાકુર, રવીન્દ્રનાથ (જુઓ રવીન્દ્રનાથ)

ડાયર જનરલ ૫૬, ૧૭૬
ડાર્વિન ૧૫૬
ડાહીબહેન ૨૦૮

તિલક (જુઓ ટિળક)
તેજબહાદુર સપ્રૂ (જુઓ સપ્રુ)
ત્રિવેદી સાહેબ ૧૬૩–૪

દયાનંદ ૨૬૯
દયાળજીભાઈ ૧૬૧
દવે, સાકરલાલ (જુઓ સાકરલાલ દવે)
દવે, સોમનાથ (જુઓ સોમનાથ દવે)
દાદાભાઈ નવરોજી ૫૩, ૯૦, ૧૫૩
દાસ, ચિત્તરંજન (જુઓ ચિત્તરંજન દાસ)
દીનબંધુ ઍન્ડ્રૂઝ (જુઓ ઍન્ડ્રૂઝ)
દીવાનસાહેબ ૧૬૮
દુર્ગાબહેન ૧૯૯-૨૦૦
દેથલી ૨૧૦
દેવદાસ ૧૩૮
દેવધર ૧૨૭
દેવેન્દ્રનાથ ૨૬૯
દેશબંધુ (જુઓ ચિત્તરંજન દાસ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેસાઈભાઈ પટેલ ૧૯૫
દેસાઈ, ભૂલાભાઈ જીવણજી (જુઓ ભૂલાભાઈ જીવણજી દેસાઈ)
દેસાઈ, મણિલાલ ઇચ્છારામ (જુઓ મણિલાલ ઇચ્છારામ દેસાઈ)
દેસાઈ, મહાદેવભાઈ (જુઓ મહાદેવભાઈ દેસાઈ)
દેસાઈ, રમણલાલ ૨૩૪
દ્વિવેદી, મણિભાઈ (જુઓ મણિભાઈ દ્વિવેદી)

ધીરુભાઈ દેસાઈ ૨૦૮
ધોત્રે ૧૮૦
ધ્રુવ, આનંદશંકર (જુઓ આનંદશંકર ધ્રુવ)

નટરાજન, કામાક્ષી ૮૧–૩
નટેસન, જી. એ. ૬૫, ૭૮
નદવી સાહેબ ૨૩૭
નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ ૧૫૪–૭
નરસિંહરાવ દિવેટિયા ૨૨૨
નરહરિભાઈ પરીખ ૧૩૮–૧૪૧
નરીમાન, વીર ૧૦૫, ૧૫૦
નરેન્દ્રદેવજી, આચાર્ય ૧૦૨
નવલરામ ૧૪૧
નાથજી, શ્રી. ૧૩૧
નાથાકાકા ૨૦૮
નાનક ૨૬૬–૭, ૨૬૯
નાનાભાઈ ભટ્ટ ૧૮૫
નારણદાસ ગાંધી ૨૦૧
નારાયણ ૨૦૦
નીલકંઠ, વિદ્યાબહેન (જુઓ વિદ્યાબહેન નીલકંઠ)
નેપોલિયન ૨૩૮
નોબેલ ૨૫૦

પટેલ, દેસાઈભાઈ (જુઓ દેસાઈભાઈ પટેલ)
પટેલ, નરસિંહભાઈ ઇશ્વરભાઈ (જુઓ નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ)
પટેલ, મોરારભાઈ (જુઓ મોરારભાઈ પટેલ)
પટેલ, રાવજીભાઈ નાથાભાઈ (જુઓ રાવજીભાઈ નાથાભાઈ પટેલ)
પરસદરાય શાસ્ત્રી ૨૧૦
પરાંજપે, ડૉ. ૧૧૮
પરીક્ષિતલાલ ૧૨૧
પરીખ, નરહરિભાઈ (જુઓ નરહરિભાઈ પરીખ)
પંડિત, મદનમોહન માલવીયજી (જુઓ માલવીયજી)
પાઠક, રામનારાયણ વિશ્વનાથ (જુઓ પાઠકસાહેબ)
પાઠક, લક્ષ્મીશંકરભાઈ ૧૮૫
પાઠકસાહેબ ૨૨૨–૪, ૨૩૭
પુરાણી, છોટુભાઈ (જુઓ છોટુભાઈ પુરાણી)
પૃથ્વીરાજ ૨૦૪
પેરીનબહેન કૅપ્ટન ૧૫૩
પોટ્ટી રામુલુ ૧૭૭
પોલાક, શ્રી. હેન્રી ૨૨

ફિશર, લૂઈ ૨૨ ૬૦
ફીરોઝશાહ મહેતા ૫૨
ફૂલચંદભાઈ ૧૮૫
ફેનર બ્રોકવે ૨૨૮
ફ્રેન્ક જોનસન, કર્નલ ૫૬

બ૦ ક૦ ઠા૦ ૨૨૧
બજાજ, જમનાલાલજી (જુઓ જમનાલાલજી બજાજ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર્ટ્રાન્ડ રસેલ ૨૯
બલુભાઈ ૧૯૮
બા (જુઓ કસ્તૂરબા)
બાપા (જુઓ ઠક્કરબાપા)
બાપુ (જુઓ ગાંધીજી)
બાબા રાઘવદાસજી ૧૭૫
બાબુભાઈ ૧૮૮
બારડોલી ૭૬, ૧૩૮–૯, ૧૪૧, ૧૪૧, ૨૨૪
બાલુભાઈ ૧૨૭
બાળાશંકર ૨૨૦
બાળાસાહેબ ખેર (જુઓ ખેરસાહેબ)
બી. ડી. બસુ ૨૨૬
બિહાર ૧૭૭, ૨૩૭, ૨૬૧
બુદ્ધ ૭, ૧૭, ૨૪–૫, ૨૭, ૩૩, ૧૩૩, ૨૬૩–૫
બૂકર ટી. વૉશિંગ્ટન ૨૩૮–૯
બૂચ, વેણીલાલ (જુઓ વેણીલાલ બૂચ)
બેઈન, પ્રો. ૨૩૬
બેવિન, અર્નેસ્ટ (જુઓ અર્નેસ્ટ બેવિન
બોઝ, જગદીશચંદ્ર (જુઓ જગદીશચંદ્ર બોઝ)
બોસ, સુભાષચંદ્ર (જુઓ સુભાષબાબુ)
બૉસ્વેલ ૯૧
બ્રેલ્વી સાહેબ ૧૫૨
ભિક્ષુ અખંડાનંદજી (જુઓ અખંડાનંદજી)
ભુબનમોહન દાસ ૫૩
ભૂલાભાઈ જીવણજી દેસાઈ ૭૧–૭૭, ૨૧૭
મગનભાઈ દેસાઈ ૧૨૩
મગનલાલ ગાંધી ૧૪૬, ૧૮૫, ૨૦૧, ૨૦૩
મણિબહેન ૪૮
મણિભાઈ દ્વિવેદી ૨૨૦
મણિલાલ ઇચ્છારામ દેસાઈ ૨૩૨
મદનમોહન માલવીયજી (જુઓ માલવીયજી)
મ૦ પ્ર૦ તિ૦ આચાર્ય ૨૨૭–૯
મરૂવાળા (જુઓ કિશોરલાલભાઈ)
મહમદ ગઝની ૮૯
મહાદેવભાઈ ૮, ૪૦, ૧૨૪–૫, ૧૪૦, ૧૬૫, ૧૯૯
મહાવીર ૧૭
મહેરઅલી ૧૦૬
માધવલાલ–દંપતી ૨૦૯
માનવેન્દ્રનાથ રૉય ૧૦૮
માર્ક ટ્વેઈન ૨૩૮
માલવીયજી ૫૯–૬૦
માવલંકર ૨૬૬
'માસ્તર' ૧૯૧
મિરઝા ઇસ્માઈલ ૧૧૨–૩
મિલ ૬૭
મુકરજી, ડૉ. શ્યામાપ્રસાદ (જુઓ શ્યામાપ્રસાદ મુકરજી)
મૃણાલિની દેવી ૩૬
મૅકડોનાલ્ડ ૨૪૨
મૅકલિન ૫૩–૪
મૅડમ મૉન્ટેસોરી (જુઓ મૉન્ટેસોરી)
મોતીભાઈ અમીન ૧૫૪
મોતીલાલજી પં., ૫૭, ૭૬
મૉન્ટેસોરી, મૅડમ ૨૯, ૨૪૭
મોરારભાઈ પટેલ ૧૯૮
મૉરિસ ગ્વાયર, સર ૨૫૫
મોલવી શ્રી. નદવી સાહેબ (જુઓ નદવી સાહેબ)
મૌલાના મહમદઅલી ૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૌલાના સાહેબ (જુઓ અબુલ કલામ આઝાદ)

યુધિષ્ઠિર ૮

રજબઅલી લાખાણી ૧૭૦
રણજિતરામ વાવાભાઈ ૧૨૮
રત્નમણિરાવ ૨૩૫
રફી અહમદ કિડવાઈ ૧૦૯–૧૧૦
રમણ મહર્ષિ ૩૩
રમણલાલ દેસાઈ ૨૩૪
રવીન્દ્રનાથ ૩૧–૨, ૫૪, ૧૧૯, ૨૪૭
રસિકલાલ પરીખ ૨૩૭
રાઘવદાસજી, બાબા (જુઓ બાબા રાઘવદાસજી)
રાજગોપાલાચારી ૧૦૯ (જુઓ રાજાજી પણ)
રાજાજી ૫૭, ૭૪, ૨૫૭
રાજા જ્યૉર્જ (જુઓ જ્યૉર્જ છઠ્ઠા)
રાધાકૃષ્ણન ૧૬૬
રામ ૧૭
રામકૃષ્ણ પરમહંસ ૬૫, ૨૬૮–૭૦
રામદાસ ગુલાંટી ૧૯૭
રામદેવજી, આચાર્ય ૧૭૩
રામનારાયણ ના૦ પાઠક ૧૮૬
રામનારાયણભાઈ વિ૦ પાઠક (જુઓ પાઠકસાહેબ)
રામભાઈ ૧૮૬
રામુબહેન ૧૬૫
રામુલુભાઈ ૧૭૭
રાવજીભાઈ ના. પટેલ ૨૦૭–૧૧
રુઝવેલ્ટ ૨૫૨
રૉય, માનવેન્દ્રનાથ (જુઓ માનવેન્દ્રનાથ રૉય)

લક્ષ્મીદાસ પુ૦ આસર ૨૦૪
લક્ષ્મીશંકરભાઈ પાઠક ૧૮૫
લાલા લજપતરાય ૫૬
લાસ્કી, હેરોલ્ડ (જુઓ હેરોલ્ડ લાસ્કી)
લિયાકત અલીખાન ૯૫, ૧૧૧
લેનિન ૨૪૩
લૅન્સબરી ૨૪૨
લેલે ૩૫
લોકમાન્ય (જુઓ ટિળક)

વલ્લભભાઈ ૩૪-૫, ૪૪-૫૧, ૫૭, ૧૨૧, ૧૪૦, ૧૫૪, ૧૬૮, ૧૮૯, ૨૨૪
વસંતરાવ હેગિષ્ટે (જુઓ હેગિષ્ટે)
વસિષ્ઠ ૧૬
વાડિયા ૧૪૮
વાલચંદ હીરાચંદ, શેઠશ્રી ૧૮૯
વિજ્યાબહેન ૧૮૫
વિઝમૅન ૨૪૯
વિઠ્ઠલદાસ કોઠારી ૧૮૨
વિઠ્ઠલભાઈ પટેલ ૫૭
વિદ્યાબહેન નીલકંઠ ૨૦૪
વિનોબા ૧૪૪, ૧૪૫, ૨૬૩–૪
વિલિયમ જેમ્સ, પ્રો. ૮૭
વિલિયમ મોરીસ ૨૪૨
વિલિંગ્ડન, લૉર્ડ ૧૫૦
વિવેકાનંદ, સ્વામી ૬૫
વિશ્વામિત્ર ૧૬
વેણીલાલ બૂચ ૧૮૨
વેબ–દંપતી ૨૪૨
વેલાંબહેન આસર ૨૦૪
વૈકુંઠભાઈ મહેતા ૮૨
વૈષ્ણવ, ચમનલાલ (જુઓ ચમનલાલ વૈષ્ણવ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાસ, ઈશ્વરલાલ (જુઓ ઈશ્વરલાલ વ્યાસ)
વ્યાસ, છોટાલાલ (જુઓ છોટાલાલ વ્યાસ)

શબ્બીર અહમદ ઉસ્માની, મૌલાના ૯૨
શંકર ૨૬૩
શંકરરાવ જાવડેકર (જુઓ જાવડેકર)
શંકરાચાર્ય ૨૬૫
શંભુશંકર ત્રિવેદી ૧૮૫
શાસ્ત્રિયાર, નામ૦ શ્રીનિવાસ (જુઓ શ્રીનિવાસ શાસ્ત્રિયાર)
શાહ, કે. ટી. (જુઓ કે. ટી. શાહ)
શિવાનંદજી ૧૮૮
શીલર ૧૫૪
શુક્લ, ચંદ્રશંકર (જુઓ ચંદ્રશંકર શુક્લ)
શેક્સપિયર ૨૪૩
શેઠ, અમૃતલાલ (જુઓ અમૃતલાલ શેઠ)
શૉ, જ્યૉર્જ બર્નાર્ડ (જુઓ જ્યૉર્જ બર્નાર્ડ શૉ)
શૌકતઅલી ૯૭
શ્યામાપ્રસાદ મુકરજી ડૉ. ૧૦૦-૧
શ્રદ્ધાનંદજી, સ્વામી ૧૧૯, ૧૭૩
શ્રીનિવાસ શાસ્ત્રિયાર ૬૧-૭૦, ૨૨૮

સત્યપાલ, ડૉ. ૧૭૬
સપ્રુ, સર તેજબહાદુર ૭૯–૮૦, ૧૧૭
સરકાર, જદુનાથ (જુઓ જદુનાથ)
સરદારશ્રી (જુઓ વલ્લભભાઈ)
સરદેસાઈ ૨૨૬
સહજાનંદ સ્વામી ૧૨૬
સંતસિંગ ૨૬૬
સંતોકબહેન ગાંધી ૨૦૩
સાકરલાલ દવે ૨૩૬
સાને ગુરુજી ૧૬૯
સિદ્ધાર્થ (જુઓ બુદ્ધ)
સી. વાય. ચિંતામણિ (જુઓ ચિંતામણિ, સર)
સુભાષ બાબુ ૮૭
સુરેન્દ્રનાથ બૅનરજી ૫૪
સુલેમાન નદવી ૨૩૭
સુશીલા નય્યર ૪૮
સૂમી યુકુહીરો ૨૫૬
સેતલવાડ, સર ચિમનલાલ (જુઓ ચિમનલાલ સેતલવાડ)
સૈયદ અબ્દુલા બ્રેલ્વી (જુઓ બ્રેલ્વી સાહેબ)
સૈયદ અહમદ, સર ૯૨
સૉક્રેટીસ ૭-૮
સોમનાથ દવે ૨૦૫-૬
સોમૈયા, હરજીવન (જુઓ હરજીવન સોમૈયા)
સ્ટાલીન ૨૪૩-૪
સ્પિનોઝા ૨૫૨
સ્પેન્સર ૬૭
સ્વામી આનંદ ૧૬૫
સ્વામીનારાયણ સાહેબ ૨૩૦

હકરલી ૬૭, ૧૫૬
હરજીવન સોમૈયા ૨૩૩
હરિપ્રસાદ દેસાઈ ૧૫૮-૬૦
હંગરી ૨૫૭
હાર્વે ૧૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિટલર ૨૪૯
હીરાબહેન ૨૨૨
હેગિષ્ટે, દાદા વસંતરાવ ૧૭૦-૧૭૨
હેમુભાઈ ૧૮૬
હેરોલ્ડ લાસ્કી ૨૪૦-૧
હેલન કેલર ૨૩૮
હૉર્નિમૅન ૧૫૦.૧
હ્યૂમ ૨૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મગનભાઈ દેસાઈનાં અન્ય પુસ્તકો

[ગુજરાતી]

અપંગની પ્રતિભા	૧.૫૦
અંગ્રેજી અને સાંસ્કૃતિક સ્વરાજ	૦.૩૭
આપણા દેશમાં આપણું રાજ્ય	૦.૪૪
આપણું પરમ યંત્ર	૦.૩૭
ઈસપ અને તેની વાતો – ભા. ૧–૩ (દરેકના)	૦.૪૦
ઈસપ અને તેની વાતો – ભા. ૪	૦.૫૦
કળા એટલે શું?	
કુંવરબાઈનું મામેરું	૧.૦૦
કેનોપનિષદ	૧.૭૫
જગતનો આવતીકાલનો પુરુષ	
જપજી	
જંગલમાં મંગળ	૦.૩૫
જેકિલ અને હાઈડ	૦.૭૫
નળાખ્યાન	૩.૦૦
માંડૂક્યોપનિષદ	૧.૭૫
મુંડકોપનિષદ	૨.૦૦
યોગ એટલે શું?	૩.૨૫
રાજા રામમોહન રાયથી ગાંધીજી	૧.૫૦
રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦.૩૭
વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦.૩૭
સત્યાગ્રહની મીમાંસા	૩.૦૦
સત્યાગ્રહની સપ્તપદી	૨.૦૦
સુખમની	૨.૦૦
સુદામાચરિત	૦.૮૭
સુદામાજીના કેદારા	૦.૦૯
સ્વરાજ એટલે શું	૦.૪૪
હિંદની અંગ્રેજ વેપારશાહી	૪.૦૦
હિંદી-ગુજરાતી કોશ	૬.૦૦
હિંદીપ્રચાર અને બંધારણ	૦.૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar